
કુમાર

સંસ્થાપક
રવિશંકર રાવળ

જાપાનની કલામય
વાંસગૂંથણીના ત્રણ નમૂના.
જુઓ આ અંકમાં
'વાંસ'નો લેખ.





સળંગ અંક
૫૬૪
આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૪૭મું · અંક ૧૨મો · માહે ડિસેમ્બર · ઈ. સ. ૧૯૭૦
તંત્રી · બચુભાઈ રાવત

કુમાર

ડિસેમ્બર ૧૯૭૦ • અંક ૫૬૪

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ: રૂ. ૨૮; શિ. ૩૦; ડૉ. ૪. છૂટક નકલ: રૂ. ૧-૭૫.

વાચકો લખે છે

'કુમાર'ના ગ્રાહકો તરફથી નવવર્ષાભિનંદન

ॐ

नववर्ष-मंगलम्

सौमनस्यं सदा चित्ते प्राणानां मुदिता तथा
कारुण्यं भावसंशुद्धिः वाचां भूयाद् विदग्धता।
वर्धतां तपसः सिद्धिः भक्ति वै चन्द्रशेखरे
प्रज्ञाया दीपिका पुण्या भासतां शील-चंद्रिका।
मोदता भारती भव्याकल्याणीस्वास्थ्य संपदा
मंगलं सर्व लोकानां भूयाद् वै शरदां शतम्।

—विद्यालंकारः शंकरदेवः

બને અમાસ દિવાળી શ્રદ્ધાના દીવડા થકી
આપણી રાત આ એવી બનો પ્રકાશપર્વણી

(અમદાવાદ) —સ્નેહરશ્મિ

નેહનાં હામી સાંભરે લહું પળ એ ભીની ગાત,
ખટતૂરાં કૈં આંબેરણમાં સાખની નોખી જાત;
સ્નેહનાં સંગી સાંભરે વરસે સૂરજ વાદળ ગૂઢ,
ધૂળના કણ પરાગતા, કૉળે કાળ જે કોઠારૂઢ;
નેહનાં બેલી સાંભરે, નડે નહિ વાડો કે વાડ,
હેમટાઢાં જળ રેલીએ, આંખેરણીએ આભઉઘાડ.

(અમદાવાદ) —વ્રજલાલ દવે

હર્યુંભર્યું અંતર રાખનારો
મળ્યા કરો મંગલ એ પ્રસાદ!

(ગાંધીનગર) —હરિકૃષ્ણ પાઠક

હૃદયનાં શુચિ સ્મિત મુદાભર્યાં
નયનમાં અમ બિંબિત સર્વદા,
વિભુ, હજો શુભ પર્વતણા દિને
મુજ સ્પૃહા વધુ ના, બસ એટલી!

(ગાંધીનગર) —શંભુપ્રસાદ જોશી

અંદરની દીપાવલિ જંતર દિયે
લિયો લિયો શબ્દસૂરનો લાભ રે;
આપણે જાગીને જગતને જગવીએ,
મનખ્યાનો બેઠો સામે સા'બ રે,
અખંડ અચલ નવલખ આભ રે;

(પોરબંદર) —સુધાંશુ

અમે તમે નહિ જુદાં
સાથી! અમે તમે નહિ જુદાં.
ચેતનદોરે પરોવાયલા જુદા જુદા મણકા
માળામહીં સૌ એક બનીને કરતા રમણે રણકા
તમે ન જુદાં, અમે ન જુદાં,
જલનાં જ્યમ બુદ્‌બુદો જુદાં, ટીપે ટીપાં જુદાં
ફૂટી જલમાં હળીમળી સૌ એક રૂપે અવતરતાં
નહિ એ જુદાં, નહિ તે જુદાં
અમે તમે નહિ જુદાં,
લહર જુદી, વંટોળ જુદો, સુસવાટા જુદા જુદા
ગીત જુદાં પણ એક સૂરથી વાયુમહીં વિસ્તરતો
એક સહુકો', લાગે જુદાં;
અમે તમે નહિ જુદાં

(કલકત્તા) —જયંતીલાલ શાહ

સ્વ. કવિશ્રી 'પતીલ'

ન'તું કલ્પ્યું કદી કો'એ નિધન કરુણાભર્યું,
તથાપિ એ હતું સાચું—અનિચ્છાએ મનાવવું.
સાદાઈમાં જીવ્યા કિન્તુ રહ્યા સ્વમાનથી સદા,
પ્રતીતિ એ થઈ, છોડી શાળાની 'માસ્તરી' તદા!
અન્નના કોળિયા માટે વલખાં જિંદગી લગી-
કર્યાં, તો યે ન લંબાવ્યો સ્વમાની હાથને કદી.
પ્રતો ને પુસ્તકો વેચી, લાંઘણો યે કંઈ કરી,
ચણા ને મમરા ખાઈ વિતાવ્યા દિન કૈં કવિ.
મિત્રભાવે અરે! કોઈ મદદે આવતું કદા,
તો તમે ગર્વથી કહેતા: 'હું તો ધનિક છું સદા.'
ધન્ય હો એ જનેતાને, ધન્ય છે તમને વળી-
જ્યાં હો ત્યાં પણ એ રીતે સ્વમાને જીવજો, કવિ!

(અમદાવાદ) —ચિનુ શાહ (ચંદ્રક)

ઑગસ્ટના 'કુમાર'ના પૂઠા ઉપર જે ચિત્ર આપે સાદર કર્યું છે તે માત્ર રમ્ય જ નહિ પણ સ્વાતંત્ર્યપર્વનું દ્યોતક છે. ૧૫મી ઑગસ્ટની સ્વાતંત્ર્યદાત્રી મધ્યરાત્રીનું એ પ્રેરક આકાશ છે. 'હંસ' નક્ષત્રના ગાંધી તારક (ડેનેબ)નું તેમાં કેવું સુરેખ અને અદ્‌ભુત દર્શન થાય છે! આજુબાજુ અભિજિત, શ્રવણ અને બીજા તારાઓ, કિરીટ, ગરુડ, ભીમ ઇત્યાદિ નક્ષત્રોથી ઘેરાએલો ઉત્તરીય વધસ્તંભ (Northern Cross)ના શિરોભાગે આવેલો ગાંધીતારો, બલિદાન-ભાવનાનો પ્રેરક બની, ઘણીઘણી વણકહી વાતો કહી જાય છે.

આજના અવકાશયુગના સંદર્ભમાં આવું સમર્થ અને ભાવવાહી ચિત્ર આપવા બદલ અભિનંદન.

(બૅંગલોર) —પ્રતાપરાય મહેતા

ફા૦ વાલેસનું લખાણ 'વિનંતી' ('કુમાર' અંક ૫૬૦) ખરા અર્થમાં 'પ્રાર્થના' વિષેનું લખાણ છે. પ્રાર્થનામાંની ગાંધીજીની શ્રદ્ધાથી કોઈ ભાગ્યે જ અજાણ હોય. એ વિષેનાં ગાંધીજીનાં મંતવ્યોનું સંકલન કરવા જેવું છે.

'Prayer is the first and the last lesson in learning the noble and brave art of sacrificing self in the various walks of life......... Properly understood and applied, it is the most potent instrument of action' અને 'Prayer is heart search......a call of humility...a call of self purification' વળી, એમના પોતાના જ અનુભવમાંથી In spite of despair staring me in the face on the political horizon, I have never lost my peace...That peace comes from prayer. ને where there seems to be no helper and no comfort in the wide wide world His name inspires us with strength and puts all despair to flight.

શ્રી પ્યારેલાલનું Mahatma Gandhi the Last Phase (I & II) વાંચતો હતો. બંને ગ્રંથ ખરા અર્થમાં સર્વાંગ સુંદર છે. પણ એમાં ગાંધીજીના જીવન સાથેનું રાજકારણ પણ ઘણું વણાએલું છે. વાંચતાં વાંચતાં, અને વાંચ્યા પછી, એક લાગણી એ થઈ કે આ બંને ભાગનો સંક્ષેપ કરીને જો એક મોટો ગ્રંથ બનાવી શકાય તો ખૂબ વિશાળ વાચકસમુદાય એનો સહજ સરળતાથી લાભ લઈ શકે. આ સૂચન એને યોગ્ય સ્થળે પહોંચી શકે ખરું? આ બાબતમાં મને રીડર્સ ડાઈજેસ્ટનાં સંક્ષિપ્ત પુસ્તકોનો ખયાલ આવે છે. એમાંનો સંક્ષેપ એવી ચોકસાઈથી થએલો હોય છે કે મૂળ પુસ્તકના વસ્તુકથન કે રસને પણ હાનિ પહોંચતી નથી.

કાવ્યોના પાના પર એક નવો ચહેરો જોઇને ખૂબ આનંદ થયો.'–કદીક પગલાં ખખડે!–કદીક સાંકળ ખખડે!' પીયૂષ પારાશર્યને આવકાર અને અભિનંદન! તમે democratic નથી એવો આક્ષેપ કરવા નથી માગતો; પરંતુ કાવ્યોનો તદ્દન ટૂંક પરિચય આપવાનું ઘણાની વિનંતી છતાં કેમ નહિ બનતું હોય તેની વિમાસણ થાય છે. એથી 'કુમાર'ની મૂળભૂત ભાવનાને ફાયદો જ થશે એટલું તો ચોક્કસ.

(વડોદરા) —'નિશીથ'

મારા ઉપર બે ત્રણ કાગળો દ્વારા અને મોઢામોઢ પૃચ્છા થઈ છે કે સપ્ટેમ્બર અંકમાં આપણે ત્યાંથી જે મૂર્તિઓ વગેરેની ચોરી થઈ છે થાય છે, એની વિગતો ક્યાંથી લાવ્યા? એના, જવાબમાં જણાવવાનું કે 'વસંતવિલાસ'ની વાત તો જગજાણીતી છે. અસલ 'જન્મભૂમિ'માં મેઘાણીભાઇએ પણ સખત લેખ લખ્યો હતો: ૧૯૩૮–'૩૯માં. એ ઉપરાંત વધારે વિગતો જાણવી હોય તો શ્રી બાબુરાવ પટેલ સંપાદિત 'મધર ઇન્ડિયા' ૧૯૬૯ ફેબ્રુ. (અંક ૨–વૉ. ૩૫) વાંચો. એમાં આ સંબંધી પારલામેન્ટમાં પુછાએલા સવાલોની પણ નોંધ છે.

(વડોદરા) —ચન્દ્રવદન મહેતા

ઑગસ્ટ, ૧૯૭૦ના અંકમાં પૃ. ૩૦૩ ઉપર બીજી લીટીમાં 'વિદ્યાપીઠની સ્થાપનાની તારીખ ૧૫ નવેમ્બર ૧૯૨૦ છે. અમે ૧૮મી ઑક્ટોબર ૧૯૨૦ને સ્થાપનાદિન ગણીએ છીએ.'

'...ગુજરાત વિદ્યાપીઠનું બંધારણ રચી સં. ૧૯૭૬ના આસો સુદ ૭, તા. ૧૮-૧૦-૧૯૨૦ ને દિને એની સ્થાપના કરી, અને એના પ્રથમ નિયામકો તરીકે એ સમિતિના ચાલુ સભ્યોની નિમણૂક કરી...' એવો ઉલ્લેખ શ્રી વિઠ્ઠલદાસ કોઠારી કૃત 'કેળવણી વડે ક્રાંતિ' (પૃ. ૭)માં છે. જોકે પ્રાણલાલ કિરપારામ દેસાઈએ પણ વિદ્યાપીઠની સ્થાપના નવેમ્બર ૧૯૨૦માં થઈ એમ નોંધ્યું છે. (જુઓ શંકરરાય અમૃતરાય સંપાદિત 'અમદાવાદનો જીવનવિકાસ' પૃષ્ઠ ૧૩૯). વિદ્યાપીઠમાં તો ૧૮મી ઑક્ટોબર જ સ્થાપનાદિન તરીકે ઊજવાય છે.

(અમદાવાદ) —મોહનભાઈ પટેલ

[* વિદ્યાપીઠનું બંધારણ રચાઈને સમિતિસભ્યોની નિમણૂક થયાની દૃષ્ટિએ આપ તા. ૧૮–૧૦–'૨૦ને સ્થાપનાદિન તરીકે ઊજવતા હો એ બરાબર છે. પણ 'કુમાર'માં આવેલું વર્ણન સ્થાપના પ્રસંગે યોજાએલા ઉદ્ઘાટન સમારંભનું હોઈ તેના સંદર્ભમાં ૧૫મી નવેમ્બર લખી છે તે ઉચિત લાગે છે. 'ગાંધીજીની દિનવારી'માં પૃ. ૧૧૩ ઉપર ગુજરાત મહાવિદ્યાલયની સ્થાપના પ્રસંગે પ્રવચન એવી નોંધ છે, એટલે એ પ્રસંગને 'વિદ્યાપીઠ'ની નહિ પણ 'મહાવિદ્યાલયની' સ્થાપનાનો, લેખવો જોઇએ એવો ઝીણો ભેદ, અલબત્ત, પાડી શકાય. બાકી લોકસંદર્ભમાં તો એ પ્રસંગ જ વિદ્યાપીઠની સ્થાપના તરીકે ગણાએલો. -તંત્રી]

अप्रेल '७० के कुमार के 'वाचको लखे छे' स्तम्भ में श्री चिमनलाल सोमपुरा ने शिव-पार्वती के विवाह के अवसर पर पुत्र गणपति की हाजिरी के बारे में शंका-समाधान चाहा है। एलोरा की कैलासगुफा में कलाकार के द्वारा विवाह-मंडप में गणपति को दिखाना कलाकार की भूल नहीं है।

इस सम्बन्ध में तुलसीदासजीने 'रामचरित मानस–बालकांड' के दोहा सं. १००में लिखा है कि विवाहमंडप में आने पर मुनियोंकी आज्ञासे शिवजीऔर पार्वतीजी ने गणेशका

पूजन किया। मन में देवताओं को अनादि समझ कर कोई इस बात को सुनकर शंका न करे।

मुनि अनुसासन गनपतिहि
पूजेउ संभु भवानि।
कोउ सुनि संसय करै जनि
सुरअनादि जिय जानी॥

देवताओं का अनादित्व दिखाना ही कलाकारा क ध्येय है।

हाँसी (हिसार) —दयानन्द नारायण

∞

સપ્ટેમ્બર અંક ૫૬૧ના પાછળના પૂઠામાં 'ગાંધર્વ' કાષ્ઠશિલ્પનો ઉલ્લેખ છે. તેના વિવેચનમાં મૃણ્ (માટીના) મૂર્તિ વિષે ઉલ્લેખ છે. તેમાં 'ટેરાકોરા'*ને બદલે 'ટેરાકોટા' હોવો જોઇએ. બીજું, મૃણ્મૂર્તિ કાચી માટીની હોઈ શકે. તેને પકવવામાં આવે ત્યારે તે 'તેરાકોત્તા' કહેવાય. મૂળ ઈટાલિયન શબ્દ terra એટલે માટી; cotta એટલે આગમાં પકવેલી. સંસ્કૃતમાં (સપ્તશતી) 'कृत्वा मूर्ति महिमयीम्'—માટીની મૂર્તિ બનાવીને—એવો ઉલ્લેખ કર્યો છે.

(વનસ્થલિ વિદ્યાપીઠ) —ચન્દ્રેશ્વર શુકલ

[*વાસુદેવશરણ અગ્રવાલે ટેરાકોટા માટે સર્વત્ર 'મૃણ્મય મૂર્તિ' શબ્દ વાપર્યો છે (ઉ. ત. જુઓ 'ભારતીય કલા' પૃ. ૩૭૪)]

∞

અંક ૫૬૧માં 'મનોમંથન'માં કાકાસાહેબે ટસ્કેગી ઇન્સ્ટિટ્યૂટના સ્થાપક તરીકે બુકર ટી. વૉશિંગ્ટનનું નામ બતાવેલું છે, જે ખરેખર જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર જોઇએ. અગાઉ ૧૯૪૭ના 'કુમાર'માં તેનું ચરિત્ર આવી ગયું છે. તો ચકાસી લેવા વિનંતી છે.

(રાણાવાવ-૨) —પ્રવીણ શેઠ

[*આપ ભૂલો છો. 'કાર્વર' કૃષિવૈજ્ઞાનિક, તે જુદો. આ બુકર ટી. વૉશિંગ્ટન, હબસી શિક્ષણશાસ્ત્રી (૧૮૫૮-૧૯૧૫) ૧૮૮૧માં ઝૂંપડા જેવી ટસ્કેજી શાળામાં નિમાયો અને ૨૦ વર્ષમાં તો તેણે એને ૧૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓથી ધમધમતી જગકીર્તિત સંસ્થા બનાવી દીધી. કાર્વરનું ચરિત્ર આપ લખો છો તેમ ઈ. ૧૯૪૭માં નહિ પણ માર્ચ ૧૯૪૮ના અંકમાં આવેલું.]

∞

'કુમાર' ૫૬૧મા અંકમાં સર ફિરોઝશાહ મહેતાના પરિચયમાં 'એ પછી ચૌદ વર્ષે ૧૮૫૪ માં ગ્રાન્ટ-ઈન-એઈડ કોડની પણ સખત શબ્દોમાં ઝાટકણી કાઢેલી.' એમ છે. તેમાં 'ઇ. ૧૮૫૪ની સાલ બરાબર નથી લાગતી. એમના જન્મના વર્ષ ઈ. ૧૮૪૫ સાથે પણ મેળ ખાતો નથી. ઈ. ૧૮૯૮ પછીનું કોઈ વર્ષ હોવું જોઇએ.

શ્રી એ. પી. ગજ્જરના પરિચયમાં-માધ્યમિક શિક્ષણ કડોદમાં નહિ, પરંતુ કઠોરમાં લીધેલું. કનૈયાલાલ સોની કઠોરમાં ચિત્રશિક્ષક છે. (શ્રી સોની અને હું સાથે ભણેલા.)... કરાચીના સ્વ. ગુલામહુસેન મુસ્તુફાનો પરિચય ગયે વર્ષે આપેલો. તેમાં તેમના વતન તરીકે નાના વરાછાનો ઉલ્લેખ હતો. તેમનું વતન મોટા વરાછા છે.

(અમરેલી) —ભૂપેન્દ્ર વકીલ

∞

સપ્ટે.' ૭૦ના અંકમાં 'એક વાચકે' કરેલું સૂચન 'કુમાર'માં આવતાં ફોટો-ચિત્રો ઓછાં કરો ને કિંમત ઘટાડો એવું વાંચ્યું અને દુઃખ થયું. 'કુમાર'ના ફોટાઓ અને ચિત્રો કેટલાં બહુમૂલ્ય હોય છે તેનો એમને ખયાલ નથી. હું તો 'કુમાર'નો શરૂથી ગ્રાહક છું અને 'કુમાર'માં આવેલાં ચિત્રો અને ફોટાઓનો મેં સંગ્રહ કર્યો છે, જેને હું કલાનો અમૂલ્ય ખજાનો માનું છું. આશા રાખું છું કે 'એક વાચકે' કરેલા સૂચન ઉપર ધ્યાન ન આપતાં આપ ચિત્રો અને ફોટાઓથી વધુ ને વધુ સમૃદ્ધ 'કુમાર'ને કરતા રહેશો. બીજું, કુમારમાં અવારનવાર ચિત્રકારો-કલાકારોના પરિચય આવે છે. તો તેમના બહાર પડેલા ચિત્રસંગ્રહોની માહિતી તથા તે મળવાનું સ્થળ પણ લખવામાં આવે તો મારા જેવા ચિત્રસંગ્રાહકને તે ઉપયોગી થઈ શકે.

(મુંબઇ) —પ્રાણલાલ શેઠ

∞

I should want to have pen-friends in French in English with boys and girls aged from seventeen to twenty years.

I am seventeen years old and I am a student. I am interested in reading literature and collecting stamps. My address is: Miss Sudha Jayantilal C/o Nimchand fils B. P. No. 195, Diego-Suarez, Madagascar.

∞

ઑક્ટો. અંકમાં પૃ. ૩૮૯ની સામેના 'વિક્રમ-ઉર્વશી' ચિત્રની સમજણમાં मयूरः परभृता-વાળા શ્લોકના ભાષાંતરમાં सरित कुरंगमः— જે છે તેમાં કુરંગ—નો અર્થ કિરણ નહીં પરંતુ 'હરણ' થવો ઘટે... મુદ્રારાક્ષસ હોય તો કહેવાય નહિ.

(રાજકોટ) —અરવિન્દ મ. ધોળકિયા

∞

અંક ૫૫૫ના 'જીવનપટનાં સ્મૃતિચિત્રો'માં નીચે મુજબ વાકય છે: 'શહેરના ભજનિકોની નાની મંડળીઓને તેમના તંબૂરા, કાંસિયાં, પખવાજ, મંજીરાં વગેરે સાથે.' પણ આપણા ગુજરાતી ભજનમાં મુખ્યત્વે તંબૂર નહિ પણ 'રામસાગર' વગાડે છે; અને તાનપુરાને તંબૂર

કહે છે. બાજુના ચિત્રમાં પણ બે રામસાગર દેખાય છે. કે પછી મારી ભૂલ થાય છે?
(નાઈરોબી) —મણિલાલ ગોહિલ

[* એ તંતુવાદ્ય 'તંબૂર' અને 'તંબૂરો' બંને નામે ઓળખાય છે. 'તાનપુરો' ને 'રામસાગર' એનાં અનુક્રમે શિષ્ટ અને પુનિત નામ છે.]

ઑક્ટોબર અંક પૃ. ૪૨૬ પર ઈરાનની ફતેહ-ખાન મસ્જિદની કલાકણિકા જોઈ. ઈરાન તો ખૂબ દૂર છે. હું આપણા ગુજરાતની વાત કહું. ખંભાતમાં ધનજીશેઠના ચકલામાં આવેલી કાજીવાડાની મસ્જિદમાં ઉપર્યુક્ત જેવી જ કલાકણિકા છે. નેમહેરાબ યા મીમ્બર પર જડાએલી હશે; આજે તો છૂટી પડેલી છે. એ જાતની કલાકૃતિ આજ સુધી મેં જોઈ નથી. ખંભાતમાં વસતા કોઈ વાચક એને આલેખી કે છબિ ઉતારી કુમાર પર મોકલી આપે તો વાચકોને એક સુંદર કલાકૃતિ જોવાનો લહાવો મળે.
(નડિયાદ) —ફૂ. ભા. વૈદ્ય

રાગસારણી (ગયા અંકના અનુસંધાને ચાલુ) આ સારણીમાં આપેલા આરોહાવરોહ સ્વરૂપ સંગ્રાહકે પ્રાપ્ય સામગ્રી પરથી ઉદ્ધૃત કરેલાં હોઈ તેમાં મતમતાંતરને અવકાશ છે. વર્જ્ય સ્વરોમાં જે સ્વરો કૌંસમાં મૂક્યા છે તે એ રાગમાં લેવા વિષે બે મત દર્શાવે છે. સંગીતની સ્વરલિપિને તેની કેટલીક વિશિષ્ટ સંજ્ઞાઓને કારણે અહીં છાપકામમાં ઉતારવી અગવડભરી હોઈ આ સારણીમાં કોમળ સ્વરોને 'બ્લૅક' (ઘેરા) ટાઈપમાં લીધા છે. તારષડ્જ તથા તીવ્ર મધ્યમ અને તાર સપ્તકના સ્વરોને તેની પાસે લોપકચિહ્ન મૂકીને (આ રીતે સા' અને મ'), કોમળ સ્વરો આમ, **રે ગ ધ નિ**; મંદ્ર સ્વરો સ્વરની ઉપર મીંડું મૂકીને આમ, **નિં** (કોમળ મંદ્ર નિ) દર્શાવેલ છે.

પ્રેષક: **કનૈયાલાલ રામાનુજ–'પર્ણ'**

ક્રમ	રાગનું નામ	થાટ	જાતિ	વાદી	સંવાદી	કોમળ–તીવ્ર	વર્જિત સ્વરો આરોહ	વર્જિત સ્વરો અવરોહ	આરોહ	અવરોહ	ગાવાનો સમય
૮૭	પરજ	પૂર્વી	સંપૂર્ણ	સા	પ	રે ધ અને બન્ને મ	૦	૦	નિસાગ મ'પધનિસા'	સા' નિધપ મ'પ મગ રેસા	રાત્રીનો છેલ્લો પ્રહર
૮૮	પટબિહાગ	બિલાવલ	ષાડવ સંપૂર્ણ	પ	સા	બન્ને નિ	ધ	૦	સા રે ગ મ પ ધ નિ સા'	સા'નિધપ નિધપ મગરેસા	રાત્રીનો પ્રથમ પ્રહર
૮૯	પહાડી	બિલાવલ	ઔડવ	સા	પ	૦	મ નિ	મ નિ	સા રે ગ પ ધ સા'	સા'ધપ ગપ ગરેસા	સર્વકાલિક
૯૦	પટમંજરી(બિલાવલ)	બિલાવલ	સંપૂર્ણ	સા	પ	૦	(ધ)	૦	સારેગમ પધપ મપનિસા'	સા'નિધ નિપ મગરેસા	મધ્ય રાત્રી
૯૧	પટમંજરી(કાલિંગડા)	કાફી	સંપૂર્ણ	સા	પ	ગનિ બન્ને	(ગ ધ)	૦	સા રે ગ મ પ ધ નિ સા'	સા'નિધપ મગરેસા	દિવસે ત્રીજો પ્રહર
૯૨	પીલૂ	કાફી	સંપૂર્ણ	ગ	નિ	ગધનિ બન્ને	૦	૦	સા રેગ મપધપ નિધપસા'	નિધપમગ નિસા	દિવસે ત્રીજો પ્રહર
૯૩	પૂર્વી	પૂર્વી	સંપૂર્ણ	ગ	નિ	રે ધ અને બન્ને મ	૦	૦	સા રે ગ મ'પ ધ નિસા'	સા'નિધપ મ' ગ રે સા	દિવસે છેલ્લો પ્રહર
૯૪	પૂરિયા	મારવા	ષાડવ	ગ	નિ	રે મ	પ	પ	નિરેસા ગ મ'ધ નિરે'સા'	સા' નિ ધ મ'ગ રેસા	સંધિપ્રકાશ કાળ
૯૫	પૂર્યા	મારવા	ષાડવ	ગ	નિ	રે મ' અને બન્ને ધ	પ	પ	નિરેધસા રેગમ' ધસા'	સા' નિધ મ'ગરેસા	સંધ્યાકાળ
૯૬	પૂર્વે કલ્યાણ	મારવા	સંપૂર્ણ	રે	ધ	રે મ'	૦	(પ)	સારેગમ' પધનિસા'	સા'નિધપ મ'ગરેસા	સંધ્યાકાળ
૯૭	પૂર્યા ધનાશ્રી	પૂર્વી	સંપૂર્ણ	પ	રે	રે ધ મ'	૦	૦	નિરે ગમ'પ ધપ નિસા'	રે' નિધપ મ'ગ મ'રેગરેસા	સંધ્યાકાળ
૯૮	પંચમ	મારવા	ષાડવ	મ	સા	રે અને મ બન્ને	પ	પ	સામ મ'ગ મ'ધનિધ સા'	સા'નિધ મ'મગ મ'ગરેસા	ઉત્તર રાત્રી
૯૯	પ્રદીપકી (પટદીપકી)	કાફી	ઔડવ સંપૂર્ણ	સા	મ	નિ અને બન્ને ગ	રે ધ	૦	સાગ મપ નિસા'	સા'નિધપ મગમપ ગરેસા	દિવસનો ત્રીજો પ્રહર
૧૦૦	પ્રભાત	ભૈરવ	સંપૂર્ણ	મ	સા	રે ધ, બન્ને મ	૦	૦	સારેગમ પધનિસા'	સા'નિધપ મમ' ગરેસા	પ્રાતઃકાળ
૧૦૧	બહાર	કાફી	ષાડવ	મ	સા	ગ અને બન્ને નિ	રે	ધ	સા ગમ પગમ નિધનિસા'	સા' નિપમપ ગમ રેસા	મધ્ય રાત્રી
૧૦૨	બરવા	કાફી	ષાડવ સંપૂર્ણ	રે	પ	ગ, નિ બન્ને	ગ	૦	સારે મપ ધ નિસા'	સા'નિ ધપ મપ ગરેગસા	દિવસનો બીજો પ્રહર
૧૦૩	બડહંસ સારંગ	કાફી	ઔડવ	રે	પ	બન્ને નિ	ગ ધ	ગ ધ	સા રે મ પ નિ સા'	સા' નિ પ મ રે સા	દિવસનો બીજો પ્રહર
૧૦૪	બાગેશ્રી	કાફી	ઔડવ સંપૂર્ણ	મ	સા	ગ નિ	રેપ	૦	સા મગ મધનિ સા'	સા' નિધમગ મગરેસા	મધ્ય રાત્રી
૧૦૫	બિલાસખાની તોડી	ભૈરવી	સંપૂર્ણ	ધ	ગ	રે ગ ધ નિ	(મનિ)	૦	સારે ગમગ પધ નિસા'	સા'નિધમ ગમગરેસા	દિવસે બીજો પ્રહર
૧૦૬	બિલાવલ	બિલાવલ	સંપૂર્ણ	ધ	ગ	૦	૦	૦	સારેગમ પધનિસા'	સા'નિધપ મગ રેસા	પ્રાતઃકાળ
૧૦૭	બિહાગ	બિલાવલ	ઔડવ સંપૂર્ણ	ગ	નિ	૦	રે ધ	૦	સાગ મપ નિસા'	સા' નિધપ મગ રેસા	રાત્રીનો બીજો પ્રહર
૧૦૮	બિહાગડા	બિલાવલ	ષાડવ સંપૂર્ણ	મ	સા	બન્ને નિ	(રે)	૦	સાગ મપ ધનિ સા'	સા'નિધપ મગરેસા	રાત્રીનો પ્રથમ પ્રહર
૧૦૯	બંગાળ ભૈરવ	ભૈરવ	ષાડવ	ધ	રે	રે ધ	નિ	નિ	સારે ગમ પ ધ સા'	સા'ધ પ મપગમ રેસા	પ્રાતઃકાળ
૧૧૦	ભટિયાર	મારવા	સંપૂર્ણ	મ	સા	રે અને બન્ને મ	(નિ)	૦	સાધ પ ધમપગ મ'ધસા'	રે'નિ ધપમ પગ રેસા	રાત્રીનો છેલ્લો પ્રહર
૧૧૧	ભવાની	બિલાવલ	ચતુસ્વરી	મ	સા	૦	ગપનિ	ગપનિ	સા રે મ ધ સા'	સા' ધપ રેસા	મધ્ય રાત્રી
૧૧૨	ભિન્નષડ્જ	બિલાવલ	ઔડવ	મ	સા	૦	રે પ	રે પ	સાગ મધ નિસા'	સા' નિધ મગ સા	મધ્ય રાત્રી
૧૧૩	ભીમપલાસી	કાફી	ઔડવ સંપૂર્ણ	મ	સા	નિ ગ	રે ધ	૦	નિં સાગમ પ નિસા'	સા' નિધપમ ગરેસા	દિવસનો ત્રીજો પ્રહર
૧૧૪	ભૂપાલ તોડી	ભૈરવી	ઔડવ	ધ	ગ	રે ગ ધ	મ નિ	મ નિ	સારેગપ ધસા'	રે'સા ધપ ગ પગરેસા	પ્રાતઃકાળ
૧૧૫	ભૂપાલી	કલ્યાણ	ઔડવ	ગ	ધ	૦	મ નિ	મ નિ	સારેગપ ધસા'	સા' ધપ ગરેસા	રાત્રીનો પહેલો પ્રહર



યહૂદી મેનુહિન (ફોટો : સ્વ. જે. એન. ઊનવાલા. જુઓ આ અંકની કલાવાર્તા) આ જગવિખ્યાત વાયોલિન-વાદકનો જન્મ ઈ. ૧૯૧૬ની ૨૨ એપ્રિલે ન્યૂ યૉર્કમાં થએલો. સાન ફ્રાંસિસ્કો, રુમાનિયા, પારી(સ), સ્વિટ્ઝર્લૅન્ડ વગેરેમાં મોટા ઉસ્તાદો પાસે સંગીતની તાલીમ લીધી. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકન અને સાથી રાજ્યો તથા રેડક્રૉસના લાભાર્થે એમણે ૫૦૦ જેટલા સંગીત કાર્યક્રમો આપેલા. ખાસ આમંત્રણથી એમણે મૉસ્કોમાં પણ પોતાનું સંગીત રજૂ કરેલું અને ઇઝરાએલ તથા જાપાનમાં પણ. ૧૯૫૨માં સ્વ. પં. નેહરુના આમંત્રણથી પહેલી વાર ભારત આવેલા. ૧૯૫૫માં અમેરિકા અને રશિયા વચ્ચેના સાંસ્કૃતિક વિનિમયમાં એમનો ઘણો મોટો હિસ્સો હતો. ૧૯૫૭માં સ્વિટ્ઝર્લૅન્ડમાં એમણે પોતાના જ સંગીતનો એક મોટો કાર્યક્રમ યોજેલો. દર વર્ષે તેઓ વિશ્વપ્રવાસ કરતા રહે છે. 'સ્ટેજ ડોર કૅન્ટિન' અને મૅજિક બૉ' નામની એમની બે ફિલ્મ પણ ઊતરી છે. 'હિઝ માસ્ટર્સ વૉઇસ' પર એમના વાદનની ઘણી રેકૉર્ડ્સ ઊતરેલી છે. અમેરિકા અને બ્રિટનના ટેલિવિઝન કાર્યક્રમો પર પણ અનેક વાર આવતા રહે છે. ફ્રાંસે એમને 'લીજીઅન ઑવ ઑનર'ના, બેલ્જિયમે 'ઑર્ડર ઑવ લીઓપૉલ્ડ'ના, પ. જર્મનીએ 'ઑર્ડર ઑવ મેરિટ'ના બહુમાનથી નવાજ્યા છે. છેલ્લે આંતરરાષ્ટ્રીય સદ્ભાવ માટેનું આ વર્ષનું નેહરુ પારિતોષિક આપીને ભારતે પણ એમનું બહુમાન કર્યું છે.

બ્લૉક : ગુજરાત રાજ્ય માહિતી ખાતાના સૌજન્યથી



વટેમાર્ગુ · ચિત્રકાર: કનૈયાલાલ યાદવ. ગુજરાત રાજ્ય માહિતી ખાતાના સંગ્રહમાંથી

ભીનું સમયવન / જયંત પાઠક

· શિખરિણી ·

સ્મરું ભીના ભીના [સમયવનની એ ભીની ક્ષણો:
ગરે પર્ણોમાંથી ટપ ટપ ભીના વાદળકણો,
અને આખો મારો મઘમઘી ઊઠે કોશ મનનો;
હું ભીના રોમાંચે લથપથ, તમારા સ્મરણનો
શિરાઓમાં રક્તે પ્રસરી વહતો કૈફ મયનો;
તમે મારું ભીનું સમયવન, મારી ભીની ક્ષણો.

મીચ્યાં નેણે જોઉં ક્ષિતિજતટ ખુલ્લે શઢ છૂટી
અજાણી કો નૌકા સરતી અનુકૂલ પ્રવહમાં
ભણી મારા, લાવે અહીં લગણ વાતા પવનમાં
ખજાના ખુશ્બૂના, પરિચિત કશી ગીતકડીઓ;
હવામાં આછેરો કળી ય શકું સ્હેરો પરિચિત,
અતીતે હેરેલું અમલ જલ-કન્યા તણું સ્મિત.

હવે સંકેલાતું સકલ મુજ અસ્તિત્વ મનમાં:
હું અર્ધો જીવું છું સ્મરણ મહીં, અર્ધો સપનમાં.

તું આવ્યાનાં ફૂલ / નિરંજન યાજ્ઞિક

· ગાન ·

આંગણની કૂંપળને ફૂટયાં તું આવ્યાનાં ફૂલ,
હસી ઊઠયાં શેરીનાં તારી પદરજ લઈને ધૂલ.

ફળિયાની ધૂળેથી ફૂટી બાળપણાની ભાત્યું,
ઉંબર પરથી ફૂટી કૈં કૈં દાદાજીની વાત્યું;
મોભારેથી ખરી પડી કૈં પળની ઝીણી ઝૂલ,
આંગણની કૂંપળને ફૂટયાં તું આવ્યાનાં ફૂલ.

આ જ દીવાલોની વચ્ચેથી જોબનગાણાં જાગ્યાં,
અહીં જવારા પૂજી પૂજી તેં ડોલર-વર માગ્યાં;
એક વેણનું પંખી ઊતર્યું લઈને તારાં મૂલ,
આંગણની કૂંપળને ફૂટયાં તું આવ્યાનાં ફૂલ.

બારસાખ પાસેના થાપા હજીય ભીના ભીના,
હજી ય ઘરમાં પડઘાયે છે ગીતો ધીમાંધીમાં;
હજી ય જાણે પૈ' સિંચાતાં, પાદર ઊડે ધૂલ,
આંગણની કૂંપળને ફૂટયાં તું આવ્યાનાં ફૂલ!

બે સૉનેટો / ઉશનસ્

૧ અપરાધ

· હરિણી ·

ઘર ભીંતની જ્યાં રહેલી-હેલી ચણી દીધ ભીંત મેં,
તકતી મૂકીને નાચી ઊઠી હતી જયહીં સભ્યતા,
કરણી થઈ હા ત્યારે હુંથી અઘોર અધર્મની,
સકલ અવકાશોનો ગુનો અક્ષમ્ય, અસીમનો!

પછીની સદીઓમાં આ છિદ્રે અનર્થ વધ્યે ગયો;
મગન અડતી દીવાલો પે દીવાલ ચણ્યે ગયો!
તરડ પડતી તો યે જાગ્યો નહિ—ચણતો ગયો!
કૂંપળ ફૂટતાં કાષ્ઠ-દ્વારો ભડોભડ ભીડી દૈ
અયસની બધે જાળી આડી-ઊભી વણતો ગયો!

ઊકલી ગઈ રે ખુલ્લાશોની ધીમે ધીમે પડી હતી ટેવ જે,
સરસ રજનીઓ, તારાઓ ખચ્યો અવકાશ આ!
સરસ ઊંઘતાં મેદાનોની હવા; બધું યે મૂકી
બહિર જરી કૈં ડોકાઈ, દૈ ભડોભડ બારણાં
બહિર મૂકીને આનંત્યોને ખૂણા ખણતો રહ્યો.

૨ આભાર

· શિખરિણી ·

અમે તો આકાશો ભણી પીઠ કરી'તી ભીંત ચણી;
અરે, સારું છે કે હજી પણ અમારા ઘર મહીં
ઘણે ઊંડે ઊંડે ઊડતી ઊડતી આવી ભીતરે
ગૂંથે છે માળાઓ કબૂતર, કપોતો, ચકલીઓ;
લઈ આવે થોડું મગન ઘરમાં એ મિષ વળી;
અમો સૌનાં ઋણી: નભતી ઘરમાં જેથી નભતા;

હજી સારું છે કે શિર પર રસોડે તણખલાં,
ઝીણી ચીંચીં, ટહૌકા, મલમલી પીંછાઓ ખરી રહે;
હજી યે આવે છે વનની લીલી કુહેવા પરીકથા
હવામાં આઘેનું પરણ મનમાં છેક ખરતું;

હજી તો સારું છે: ભીંત-તરડમાં માથું ઊંચકી
વિના પૂછ્યા-ગાછ્યા તૃણ નીકળતું 'કુક્ક' કહીને;
ભલું કે મિટ્ટીમાં હજી વન તણાં આદિમ મૂળો;
હજી વાડા-છોડે નથી ઊઘડતાં પ્લાસ્ટિક ફૂલો.

પીછાં / મનોજ ખંડેરિયા

· ગઝલ ·

અનુભવ થઈ ગયો એવો મને એક વાર પીછાંનો,
પહાડોથી વધુ લાગી રહ્યો'તો ભાર પીછાંનો.

જગા એક્વેંત પણ જોકે નથી આંગણમાં રોકી, પણ
ગગન સમજે છે, શું હોઈ શકે વિસ્તાર પીછાંનો.

પળેપળ નીડમાં અકળાતી એકલતા પૂછી રહી છે;
અહીં ક્યારે ફફડશે મખમલી આકાર પીછાંનો.

બરાબર યાદ છે કે એક એનું રોમ ખેંચ્યું ત્યાં—
દિશાઓ ચીરતો ઊઠયો હતો ચિત્કાર પીછાંનો.

વનેવનની ભીની લીલાશ તરવરતી હથેળીમાં,
હવે હર ટેરવામાંથી ઊઠે દ્હુકાર પીછાંનો.

ખુમારી / આઝમ કરીમી

· ગઝલ ·

ભાગ્યરેખાને સુધારી તો જુઓ!
આયના પર હાથ મારી તો જુઓ!

ધૂળ બનવું તો નજીવી વાત છે;
સ્પર્શ પામ્યાની ખુમારી તો જુઓ!

વિસ્મૃતિનું રૂપ જોવાશે નહિ;
યાદના સૂરજને ઠારી તો જુઓ!

ઘરની દીવાલો ભલે ઊંઘી ગઈ;
કોઈની સૂની પથારી તો જુઓ!

અર્થ પણ ના નીકળે, સમજાય ના;
કંઈક એવું પણ વિચારી તો જુઓ

મીનાક્ષી દોશી
નીતર્યાં જળે
બિંબ: વહેતી હવા
ભૂંસવા મથે.

રાજેન્દ્ર દેસાઈ
સર્જન દીઠું
ભમરીનું શિવની
મૂર્તિ ઉપરે.

એ આવતાં—/ભાનુપ્રસાદ પંડ્યા

·વસંતતિલકા—સૉનેટ·

ના માર્ગને કંઈ રહ્યું અવ ચીંધવાનું
બાકી, જૂનું વજન વાયસના અવાજે
દીધું ગુમાવી! પ્રહરો સુધી બારસાખે
ઝૂકેલ વેલ ખસતી, નિતનો હિસાબ
જે ટેરવે દિવસમાં અણુથભ થાતો
તે યે ગયો અટકી! શુક સમો અજંપો
જંપ્યો જઈ નીરવની નિજ વાસયષ્ટિ!

એ આવતાં—ત્વરિત હાથ પ્રસારી દ્વાર
ઊભાં, અચાનક હસ્યું જૂઈ માંડવાની
નીચે બીજું ફૂલ નવું! ધૂળ આંગણાની
આંકે ઉમંગ ડગલે ડગલે, ચઢી ગે–
શીબાઢઆપગથિયેપગલાંમૂક્યાંત્યાં!
હંમેશ જે બદલતી પડખાં, હવે તે–
રાત્રિ થઈ હીંચતી રોજ ધસી હિંડોળે!

વિદાય વૃક્ષની/હરિકૃષ્ણ પાઠક

·મિશ્ર·

જુઓ હવે વૃક્ષ વિદાય લૈ રહ્યું...
આ ડાળ ને થડ હળુહળુ રુક્ષ થૈ રહ્યાં
ને પાન પાનખરમાં અદકાં ખરે છે;

હા એમ તો ગઈ વસંત મહીં ગએલાં ફૂટી
કંઈક ભૂલથી.... તે ય ઓછાં...
કોઈ વિહંગ વળી બાંધતું નીડ તે યે
છેલ્લો કદાચ...બસ મોસમ વીતી જાતાં
ના ફૂંકશે પંખ ફરીથી કોઈ...

છાંયો થયો જીર્ણ, હવે અજાણ્યાં
ઢોરાં ય ઝાઝું અહિયાં નવ બેસતાં ને
બળ્યાઝળ્યા દિન સમો બસ કોઈ વેળા
આવી ચડે એકલ કોઈ પંથી
એ યે વિમાસે મનમાં ઘડી ઘડી–
શીળાં લઈને જળ બેસતી'તી
ખુલ્લી અહીં–પરબડી–સ્થળ એ જ આ કે!

ડાળાં હવે તો પડશે; પડ્યાં કે
આછો હવાનો હળવોક ઠેલો પૂરો પડે;
પાંદ તણી પથારીનો આ સાથરો
પાથરીને ખડું છે...ને રાહ જોતું,
બસ રાહ જોતું...

પાતળથી વ્યોમ લગી/ ધીરુ પરીખ

·મનહર·

પાતાળથી મૂગું મૂગું ફૂટ્યું ગાન
કોશ તણા કિચૂડાટે લાધ્યું;
થાળા મહીં ઠલવાઈ
ધોરિયામાં ખળખળ વાધ્યું.

શ્વાસશ્વાસ રહેંસ્યું ગાન
મૂળમૂળ સીંચ્યું;
ફાટફાટ ઊંબી મહીં
ભીનલ સોડમ ભરી
હળુહળુ હીંચ્યું.

ચાડિયાની આંખ સામે
ચાંચે ગાન ચણી લીધું;
ટહુકાની પાંખે ચડી
આખું યે આકાશ ભરી દીધું.

પાતાળથી વ્યોમ લગી
વ્યાપી વળ્યું ગાન;
અણુ અણુ જડને યે
ફૂટ્યા આજ અગણિત કાન!

સાંભળો એ!/ યૉસેફ મેકવાન

·પરંપરિત મનહર·

અહીં આજે ધરા પરે
જડ મનમગ્યું ઊગે,
દિવસની ક્ષણ ક્ષણ ચૂગી
લોહ અને સિમેન્ટના
એમ અહીં
નિવાસનાં વન ઊગ્યાં!
ભીતરનાં રૂપ લઈ
આકાર શા જગ્યાં!
એની ચારે કોર,
ચણી લીધા કોટ,
(રખે કદી નજર
ના બહાર જાય ભાગી!)
ભર્યાં ભર્યાં વેલા-વાડ-ઝાડ,
એની વધી સુંવાળવી છાંય
નિવાસ ને કોટ વિશે
પથરાય લચી લચી!
આયનાના જેવી કોઈ
સુકાએલી આંખ બે*
છાયા એની ગમતી
ને તો ય—કાપી જાય,
એટલા જ વેગથી એ
ફરી છલકાય...
સકલ આ ઢાંકવાને જાય...
ફરીથી કપાય...
અને એમ નહિ એનો અંત
સાંભળો એ કવિ અને સંત!

*જડ માનવી

મલક મારો..../માધવ રામાનુજ

·ગાન·

મલક મારો ધૂળિયા મનેખનો મેળો!

વાદળિયાવૈભવનોઅઢળકવિસ્તારએનીસીમાડેસીમાડેછાયા,
વેડ્યાં વેડાય નહિ વ્હાલપનાં વંન, એનીપાનપાનપાંગરતી કાયા!
ચીલાના ચકરાવે ગાડે સવાર, ક્યાંક મારગ વચ્ચેય થાય ભેળો!
મલક મારો ધૂળિયા મનેખનો મેળો!
આભનાં ઊંડાણભર્યું હૈયું ને પાંપણમાં સાગરની સાયબીનું પૂર,
ખેડાતી વેળાનો મબલક રે ફાલ, મારી ઊગમણી ધરતીનું નૂર!
પાંચે આંગળીઓનું પોંખામણ, દીવાનાઅજવાળેઆંખ્યુંનોમેળો!
મલક મારો ધૂળિયા મનેખનો મેળો.

શબદ.../લાભશંકર પી. દવે

·ગઝલ·

ક્યાંથી કોઈ પામી શકે પાર શબ્દનો!
ઇશ્વરના જેટલો જ છે વિસ્તાર શબ્દનો!

સાચા અર્થમાં એ બહાર આવતો નથી,
જે નીકળે છે એ છે વહેવાર શબ્દનો.

એને નહિ નડે પછી અર્થોનું આવરણ,
થઈ જાય પરિચય જો કોઈ વાર શબ્દનો!

હાસ્ય કે રુદન રૂપે એ બ્હાર આવશે,
જીરવી નહિ શકે હૃદય જો ભાર શબ્દનો.

આ કોણ આવા શબ્દો અહીં વેરતું ગયું!
મ્હેકી રહ્યો છે જાણે કે ગુલઝાર શબ્દનો!

એ વાત છે જુદી કે તમે સાંભળો નહિ,
નહિતર સતત થયા કરે સંચાર શબ્દનો.

અજંપ/માણેકલાલ પટેલ

·વસંતતિલકા·

હ્યાં પારણે શિશુક શ્વાસ વ્યથા ઘુરંટે,
તાવે ધખી થથરતું ગૃહ. શાંતિ ચીખે!
ઊના થતા રુધિરનાં ભ્રમણો સકંપ,
વાત્સલ્યના સળવળાટ મહીં ન જંપ!

એકત્વની સુભગરેખ સમા મિલાપે
બેઠાં અમે ફફડતું ફૂલ લૈ ઉચાટે!
તીણો થતો પ્રહર, ભીતર સ્વપ્ન ભાગે,
સાન્નિધ્યનો તિમિર સ્પર્શ ફીકો જ લાગે!

ઊંઘે અરૂપ ઝણકંત અજંપ જાગ્યો
કે રાત્રિને સઘન નેત્ર હુતાશ લાગ્યો!

પ્રતિબિંબ

ફાધર વાલેસ

અંગ્રેજ લેખક ચેસ્ટર્ટને પોતાની એક પ્રખ્યાત કૃતિમાં કલ્પના દોડાવી છે: વહાણે ચડીને એ નવા દેશની શોધમાં ઊપડે છે. દિવસો સુધી દરિયામાં અથડાઈ, અનેક વિટંબણાઓ પછી છેલ્લે એક દિવસ દૂરથી ભૂમિ દેખાય છે ને હાશ કરીને એ તે તરફ વહાણ હંકારે છે. નવી ભૂમિમાં ઊતરે છે અને તેની તરત તપાસ કરવા માંડે છે. એનું સૌંદર્ય ને એની સમૃદ્ધિ એ આભા થઈને નિહાળે છે, ત્યાંના સરળ ને પ્રેમાળ લોકોનું આતિથ્ય માણે છે, એમનાં રીતરિવાજો ને સંસ્કાર-સભ્યતા સાચા માનથી જુએ છે. ને એમ તપાસ કરતાં કરતાં એકદમ એને ખયાલ આવે છે કે એ તો બીજો કોઈ નહિ પણ પોતાનો જ દેશ છે! પોતાની માતૃભૂમિ છે, પોતાનું વતન છે. દરિયામાં ગોળગોળ ફરીને એ નીકળ્યા હતા ત્યાં જ પાછા પહોંચે છે, ખરું પરાક્રમ કર્યું!

પણ પોતાના આ પરાક્રમનો એને ગર્વ જ છે. એથી પોતાને બમણો લાભ થયો છે. એક તો સફરનો લાભ; સાહસ, બહાદુરી, કસોટી; ને બીજો સ્વદેશ પ્રાપ્ત થયાનો પ્રબંધ: જ્યાં ચિંતા કે જોખમ કે અગવડ નથી. આ શું ઉત્તમ વીરકથા ન કહેવાય? સાહસ ને સલામતી. શોધનો રોમાંચ અને નિરાંતની હાશ. દૂર જવાનું ધૈર્ય અને ઘેર પહોંચવાની સગવડ. ખરેખર માનવજાતના ઇતિહાસની તમામ શોધકથાઓમાં મારી જ શોધ સૌથી ઉજ્જવળ ને સફળ ને મહત્ત્વની ગણાય એમ તે છાતી ફુલાવીને કહે છે — અને અલબત્ત, એ 'નવા' દેશ અને એમાં જોએલી અજાયબીઓ વિશે તે એક પુસ્તક લખવા બેસે છે. (લેખક છે ને!)

આપણી શોધકથા પણ કંઈક એવી છે. એક લાંબી, મહત્ત્વની, સાહસભરી શોધમાં આપણે ઊપડ્યા. નવા દેશની, નવી ભૂમિની સાચી જન્મભૂમિની શોધમાં નીકળ્યા, નદીની જેમ નીકળ્યા; માથી વિખૂટા પડેલા પેલા છોકરાની જેમ ઊપડ્યા. ને આપણે પણ દૂર દૂર ગયા. ભરદરિયામાં ભટક્યા. તારાઓ સુધી પહોંચ્યા ને હૃદયના ઊંડાણમાં ઊતર્યા. બ્રહ્માંડને પૂછ્યું ને દિલને પૂછ્યું. જોયાં, ઇતિહાસ ને ભવિષ્ય તપાસ્યાં, પ્રાર્થના-ધ્યાન કર્યાં. ને આમ ગોળ ગોળ ફરતાં ફરતાં દૂરથી ભૂમિ દેખાઈ. નજીક ગયા. ઊતર્યા. આસપાસ જોયું. અને વતનની લહેરીઓએ આપણું સ્વાગત કર્યું.

ભગવાન નજીક હતા, ઘેર હતા, દિલમાં હતા. ધર્મ રોજિંદા જીવનમાં હતો. કુરુક્ષેત્ર ઘરનું આંગણું જ હતું. જૂનો દેશ છે, ચિરપરિચિત ભૂમિ છે. પણ દૃષ્ટિ નવી છે, ચેતના તાજી છે. મુસાફરી નકામી નહોતી. સાધના એળે નથી ગઈ. ઘરની શોધ કરવા દૂર સુદૂર જવું જોઇએ. સ્વદેશની કદર કરવા પરદેશ જવું જોઈએ.

ને હજી ઘણી વાર નીકળવું પડશે. વહાણે ચડવું પડશે, દરિયો ખેડવો પડશે. નવી દૃષ્ટિ ફરી ફરીથી કેળવવી પડશે, માનસચક્ષુ આગળનાં પડળ ઉખેડવાં પડશે, જેથી ફરીથી દર્શન મળે, ને ભાન થાય, ને વિશ્વાસ બંધાય કે ખરેખર ઈશ્વર આપણા જીવનમાં જ છે.

કાકાસાહેબની એક કથા છે. રાજાએ ઊંચો ઊંચો મહેલ બાંધ્યો. દુનિયાની બધી કારીગરી તેમાં ઠાલવી દીધી. દેશપરદેશના લોકો મહેલ જોવા આવવા લાગ્યા. આવા અજબ મહેલનું ચિત્ર કોણ ચીતરે? દરબારના ચિતારાઓ તો મહેલની દીવાલો ચીતરતાં જ થાકી ગયા હતા. તેમના કરતાં કોઈ વધારે ભવ્ય ચિત્રકાર જોઇએ છે. ચિત્રકારોનો ગુરુ પરમ વિરક્ત લીલાધર જંગલમાં રહેતો હતો. રાજાએ બહુ માનપૂર્વક તેને બોલાવ્યો અને કહ્યું: 'મારો મહેલ જેવો છે તેવો ચીતરી આપો.'

એક મહિનામાં ચિત્ર તૈયાર થઈ આવ્યું. અરે! આ તે શું! એક વિશાળ ચિત્રપટ પર વિશાળ આકાશ અને તેમાં રંગબેરંગી વાદળાંઓની અપૂર્વ શોભા! નીચલી બાજુ પર એક બાજુએ વિસ્તીર્ણ ભૂમિભાગ છે અને તેમાંથી વહેતી એક ઐરાવતી સમી નદી ઊછળતા મહાસાગરને મળે છે. આકાશ અને ભૂમિની વચમાં એક ઉત્તુંગ પહાડ વિસ્તરેલો છે; તેની તળેટીમાં એક નાનકડા ટપકા જેવો મહેલ દેખાય છે.

રાજાએ પૂછ્યું, 'આ શું ચીતર્યું?' લીલાધરે જવાબ આપ્યો: 'રાજા, તેં કહ્યું નહોતું કે મારો મહેલ જેવો છે તેવો ચીતરો? વિશ્વપતિના વૈભવમાં નૃપતિના મહેલનું સ્થાન કેવું છે, કેટલું છે, એ ન બતાવું તો મહેલ જેવો છે તેવો ચીતર્યો કેમ કહેવાય? (ગજવામાંથી સૂક્ષ્મદર્શક કાચ કાઢીને) આ જો, તારા મહેલની કંઈ પણ વિગત કે શોભા આમાં આવવી બાકી રહી છે?'

સુંદર કથા છે. બોધક કથા છે. આપણી જ કથા છે. આપણે પણ માનતા હતા કે આપણું ચિત્ર લેવાશે, આપણા જીવનમહેલનું ચિત્ર દોરાશે ત્યારે એ આખું ચિત્રપટ રોકશે. આપણું ચિત્ર છે; જેવા છીએ તેવા મોટા, ઊંચા, ભપકાદાર આપણે એમાં દેખાવા જોઈએ. આપણી આજ્ઞાથી દોરેલું, આપણા પૈસાથી ખરીદેલું ચિત્ર છે. પણ ચિત્ર જુદું નીકળે છે. એમાં બીજું ઘણું ઘણું છે. આકાશ છે ને તારાઓ છે, વનશ્રી છે ને હિમગિરિ છે, ગંગા છે ને સમુદ્ર છે હા, ને પેલું ટપકું પણ છે. એ 'મારું જીવન, એ મારો મહેલ. એમાં મારી એકએક વિગત છે, મારા ઇતિહાસનો એકએક દિવસ છે: પણ સૂક્ષ્મદર્શક કાચ વડે જોઇએ તો જ! હું એવો નાનો છું. ચિત્રપટમાં એક ટપકું. સૃષ્ટિમાં એક બિંદુ. ને ચિત્રકાર મૂછમાં હસે છે. પોતાની લુચ્ચાઈ પર હસે છે.

પણ રાજા ગુસ્સે થતા નથી. તેની આજ્ઞાનું ઉલ્લંઘન થયું નથી — પાલન થયું છે. ને મહેલના આબેહૂબ ચિત્ર ઉપરાંત એને એક તલસ્પર્શી જીવનપાઠ મળ્યો છે. પોતાનો મહેલ નાનો છે, સાવ નાનો છે. પછી ચિંતા શાની? અભિમાન શાનું? મોહ શાનો? એ જાય તો ભલે: તૂટી પડે તો કંઈ નહિ. એનાથી મોટો મહેલ બીજો કોઈ હરીફ રાજા બંધાવે તો એથી શું થઈ ગયું? આખરે ટપકા ને ટપકા વચ્ચે જેટલો ફેર એટલો જ ફેર ને! અને ખરો મહેલ તો બીજો છે: વિશ્વપતિનો મહેલ. અને વિશ્વપતિનો એટલે માનવપિતાનો મહેલ, માટે એ આપણો જ મહેલ છે. વારસામાં એ દિવ્ય મહેલ હોય તો ટપકાનો શો મોહ! રાજા ઘણું શીખ્યા. આપણે ઘણું શીખ્યા. ધન્ય છે ચિત્રગુરુને!

રાજા ને ચિત્રકારની કથા તો કથા હશે. પણ એ યાદ કરાવે એવી એક હકીકત ઇતિહાસમાં છે. હજી આજે જોઈ શકાય એવી છે. આગ્રા શહેરમાં. તાજમહાલની સામે પણ દૂર ભવ્ય કિલ્લો બાંધેલો છે. કિલ્લામાં તાજમહાલ તરફ મુખ રાખતો એક ઝરૂખો છે (એ ઝરૂખામાં શાહજહાન રોજ બેસતા અને ત્યાંથી તાજમહાલનાં દર્શન કર્યા કરતા) ઝરૂખામાં એક નાનકડો કાચ મઢેલો છે. તેની બહારની દીવાલમાં. સાવ નાનો છે. અર્ધા ઇંચ જેટલી લંબાઈ-પહોળાઈ. પણ તે એવી ખૂબીથી ગોઠવેલો છે કે એમાં આખા તાજમહાલનું પ્રતિબિંબ પડે છે; સ્પષ્ટ, સુરેખ, આબેહૂબ. ભારતની અજાયબીઓ જોવા આવેલા આજના રસિક યાત્રાળુઓ એ જુએ છે, ને જોઇને ખુશ થાય છે.

નાનકડા કાચમાં તાજમહાલનું પ્રતિબિંબ. માનવીના જીવનમાં ઈશ્વરનાં દર્શન. સૂક્ષ્મમાં વિરાટ. બિંદુમાં સિંધુ. પિંડમાં બ્રહ્માંડ.

એ પ્રાચીન કલાકારોની ખૂબી હતી. એ ભારતના ઋષિઓની સાધના હતી. કલાની ને ધર્મની એ પરંપરા આપણે સાચવીએ.

આપણા જીવનમાં, આપણા મનના ઝરૂખામાં, આપણા હૃદયના સ્ફટિકમણિ પર આપણે ભગવાનનું પ્રતિબિંબ ઝીલતાં શીખીએ ને દુનિયાના રસિક યાત્રાળુઓની આગળ તપાડતા રહીએ.



આ સમર્થ સાહિત્યકારનું જીવન એક સફળ યુદ્ધકથા છે. જીવન જો રણભૂમિ છે, તો ઘા માટે માણસે તૈયાર રહેવું જ જોઇએ—એ છે ડિકન્સના જીવનની ફલશ્રુતિ. એની સંવેદનાપટુતા ઋજુ હોવા છતાં એ પોલાદી ઇચ્છાશક્તિનો ઇન્સાન છે. જીવનની વિટંબણાઓએ એને વિષણ્ણ કર્યો નથી, પણ વીર બનાવ્યો છે. મુસીબતોએ એના જીવનમાં માનવતાની મહેક ભરી છે. દુ:ખોએ એને દઝાડવાને બદલે દાનો બનાવ્યો છે. નિરાશાઓએ જ એને આશાનું અમૃતપાત્ર ધર્યું છે. પગલે પગલે સંકટોનો સામનો કરી એણે શ્વાસે શ્વાસે સુમન ફોરાવ્યાં છે. સતત પરિશ્રમ ને પુરુષાર્થના પારસમણિએ કથીર સરખા સંજોગોમાંથી ડિકન્સે જીવનનું કાંચન સર્જ્યું છે. સામાન્યમાંથી અસામાન્ય બનનાર આ માનવીની મૃત્યુશતાબ્દીએ એણે પ્રકટાવેલો અ-મૃત જીવનસંદેશ આપણે ઝીલીએ.

લેખક
પ્રો. ડૉ. ધીરુભાઈ પરીખ

કુમળી કિશોરવયથી ગંદા કારખાનામાં કાળી કેવળ પુરુષાર્થ વડે પ્રતિભા પ્રકટાવનાર ઇંગ્લૅંડનો નામી નવલકથાકાર

ચાર્લ્સ ડિકન્સ

'આખો ય દિવસ એ સ્થાન પર ભારે ધસારો રહ્યો.
અજાણ્યા હાથોએ ત્યાં અનેક પુષ્પો વેર્યાં;
અજાણી આંખોએ ત્યાં અવિરત આંસુ સાર્યાં.'

સત્તરમી જૂન ઈ. ૧૮૭૦ના રોજ ડીન સ્ટૅન્લીએ આ શબ્દો લખેલા. એમાં ઉલ્લેખાએલું સ્થાન તે વેસ્ટમિન્સ્ટર ઍબીનો 'પોએટ્સ કૉર્નર.' એ પ્રસંગ હતો વિખ્યાત આંગ્લ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સના મૃતદેહને પુષ્પાંજલિ ધરવાનો. તે પછી આજે સો વર્ષ બાદ પણ ડિકન્સને પ્રશંસાનાં પુષ્પોની અંજલિ અર્પતાં લોકો હજુ થાકયાં નથી એવી એની સર્વકાલીન લોકપ્રિયતા છે. આ વર્ષ એટલે એની સોમી પુણ્યતિથિનું વર્ષ. ગઈ ૯મી જૂને વિશ્વભરમાં એની મૃત્યુશતાબ્દી ઊજવાઈ.

આ લોકલાડીલા સમર્થ નવલકથાકારનો જન્મ સાતમી ફેબ્રુઆરી ૧૮૧૨ ને શુક્રવારના રોજ ઇંગ્લૅંડમાં પોર્ટ સી મુકામે થએલો. પિતા જોહ્નનાં આઠ સંતાનોમાં ચાર્લ્સ ડિકન્સે જ વંશનામ ઉજ્જ્વળ કર્યું. પુત્રની શક્તિ પિતા પારખી ગયો હોવા છતાં પરિસ્થિતિ ને પ્રકૃતિની કેટલીક પ્રતિકૂળતાઓને લીધે પોતાના આ વહાલસોયા પુત્રનો યોગ્ય ઉછેર કરી નહિ શકાયાનો એને ભારે ખટકો રહી ગયો હતો.

નૌકાદળની પગાર-કચેરીમાં સામાન્ય કક્ષાનો કારકુન પિતા પ્રકૃતિથી જ મસ્તરામ હતો. દૈવ પર આંધળી આસ્થા રાખીને આવતી કાલની ચિંતા નહિ કરનાર આ ઉડાઉ આદમી વારંવાર આફતમાં આવી પડતો. ઈ. ૧૮૦૫માં એને ઍંશી પાઉંડ પગાર મળતો હતો, તે વધીને ૧૮૨૦માં ૩૫૦ પાઉન્ડ સુધી પહોંચ્યો હતો, અને ઈ. ૧૮૨૫માં એ નિવૃત્ત થયો ત્યાં સુધી એ જ પગાર પર તે રહ્યો હતો. આઠ બાળકો અને પતિ-પત્ની મળી દસ જણનો બહોળો કુટુંબભાર તથા એના પોતાના અતિ છૂટા હાથને લઈને એ પરિવારને સતત અને સખત ગરીબાઈમાં જીવવું પડતું હતું. પોતાની મસ્ત પ્રકૃતિની દોલતથી આ દુસહ્ય દારિદ્રયને એ સહ્ય બનાવતો અને પુત્ર ચાર્લ્સ પર અમાપ મમતા વરસાવતો. પોતાના પડોશીઓ પાસે એ ચાર્લ્સની હોંશેહોંશે ચર્ચા કરતો. એ સારો વક્તા અને અજબ વાતોડિયો પણ હતો. પિતાના આ બંને ગુણો પુત્ર ચાર્લ્સમાં ઊતર્યા હતા અને પાછળથી અદ્ભુત રીતે વિકસ્યા પણ હતા.

મા એલિઝાબેથ નાજુક નમણી નારી હતી. એનો સ્વભાવ સાલસ હતો ને જીવનવ્યવહાર સરળ. 'મિમિક્રી'ની એ સારી શક્તિ ધરાવતી. ચાર્લ્સમાં તેના રૂપની નજાકત ને મિમિક્રીની આવડત બન્ને ઊતરેલાં.

આવાં માતપિતાનો આ પ્રતિભાશાળી પુત્ર માસૂમ શૈશવમાં જ મુસીબતો અને મંઝવણોનો ભોગ થઈ પડચો. નીચલા મધ્યમ વર્ગના કુટુંબમાં જન્મ અને પિતાનું અલગારીપણું! એ વખતની સંપત્તિપ્રધાન સમાજ-વ્યવસ્થામાં ગરીબ ચાર્લ્સને શું શું નહિ સહન કરવું પડચું હોય? ઈ. ૧૮૧૭માં પિતાની બદલી ચૅથામમાં થઈ. તેથી એના બાળપણનાં છ વર્ષ ચૅથામ અને કૅમડન હાઉસમાં વીત્યાં. એ માંદલો ને દુર્બળ બાળક અહીંનાં ટેકરિયાળ હવાપાણીથી ખમતીધર બન્યો. ડેઇઝી પુષ્પોનાં મેદાનોમાં હળવી રમતો રમતાં એણે પ્રકૃતિપાન કર્યું. વર્ષાઋતુમાં એ ઘરમાં ભરાઈ રહી જાદુઇ ફાનસના ખેલ કર્યા કરતો. પિતા સાથે એ કયારેક પ્રવૃત્તિથી ધમધમતા નૌકાગૃહે પણ જતો, કયારેક નૌકામાં બેસી દરિયો પણ માણતો. દરિયાના દર્શનથી એ ગેલમાં આવી


મજૂરી ખેડતાં કરજદાર પિતા-દીધી કપરી ગરીબીમાંથી આપબળે બહાર આવનાર, ને

જતો. એ સાગર.સ્મરણો એની સ્મૃતિમાં સદાને માટે જડાઈ ગયાં. અગાઉ નદીકિનારાના માણસો સાથે લલકારેલાં રમૂજી ગીતોની યાદ, એ નદી, એ કળણનો પ્રદેશ બધું જ એના કુમળા માનસમાં કંડારાઈ ગયું. આ એના મોજના દિવસો હતા. ચાર્લ્સને અહીં ખૂબ આનંદ પડયો.

સાથે સાથે એને વાચનનો નાદ પણ અહીંથી જ લાગ્યો. પિતાના નાનકડા ગ્રંથભંડારમાંથી એણે 'અરેબિયન નાઈટ્સ', 'રૉબિનસન ક્રૂઝો', 'ગિલ બ્લાસ', 'ડૉન કિહોટે', 'ટૉમ જોન્સ', 'ધ વિકાર ઑવ વેઈકફીલ્ડ', 'હમ્ફ્રી ક્લિન્ટર', 'રોડરિક રૅન્ડમ', 'પેરિગ્રાઈન પિકલ' તેમજ સ્મૉલેટ, ફીલ્ડિંગ અને ગોલ્ડસ્મિથની નવલકથાઓ વાંચી નાખી. આ વાચનથી એની કલ્પનાશક્તિને ઘણું પોષણ મળ્યું. નાની ઉંમરે એ મોટા ભાઈ સાથે 'થિયેટર રૉયલ'ની મુલાકાત લેતો થયો. ગ્રિમાલ્ડી નામક વિદૂષકને માણી એ તાળીઓ પાડી ઊઠતો; તો દસ વર્ષની કિશોર વયે 'રિચાર્ડ ત્રીજો' અને 'મૅકબેથ'નાં ક્રૂરતાભર્યાં નાટકો જોઈ ધ્રુજી પણ ઊઠેલો. પરિણામે એનામાં હાસ્ય ને ભયાનક બંને રસ પોષાયા, ને એની પ્રચ્છન્ન અભિનયવૃત્તિને ઉત્તેજન મળ્યું. આ ઉપરાંત મિ. ગાઈલ્સની શાળામાં એણે અભ્યાસનો પણ આરંભ કર્યો. ત્યાં થોડું લૅટિન શીખ્યો ન શીખ્યો ત્યાં તો અભ્યાસ પડતો મૂકવાની પળ આવી પહોંચી.

ઈ. ૧૮૨૨-૨૩માં પિતાની લંડન ખાતે બદલી થઈ. અહીં દેવું વધી ગયું. એ ભરપાઈ ન કરી શકવા બદલ કેદ થઈ. કુટુંબ આફતમાં આવી પડયું. માતા, એ વખતની કાનૂની વ્યવસ્થા પ્રમાણે, બધાં સંતાનોને લઈ પતિ પાસે જેલમાં રહેવા ચાલી ગઈ. માત્ર ચાર્લ્સ કૅમડન ટાઉનના એક માળિયામાં રહેવા ગયો. અભ્યાસ છોડી દેવો પડયો. આજીવિકા માટે એણે એક બૂટપૉલિશના કારખાનામાં અઠવાડિયે છ શિલિંગના પગારથી નોકરી મેળવી. ત્યારે એને હજુ બારમી વર્ષગાંઠ ઊજવ્યાને બે દિવસ જ થયા હતા. હંગરફૉર્ડ સ્ટૅઅર્સમાં આવેલા એ કારખાનાના ભાગ્યાતૂટયા મકાનમાં અસંસ્કારી, અસ્વચ્છ, અભણ છોકરાઓ સાથે બાર વર્ષના મહત્ત્વાકાંક્ષી ચાર્લ્સને પનારું પડયું. કેમે ય કર્યું એને અહીં ગોઠે નહિ. કોઈ સલાહ, સહાનુભૂતિ, સહકાર, કોઈ આશ્વાસન કે પ્રોત્સાહન નહિ. ગંદી ગલીઓમાં એ અર્ધભૂખી ને અસંતુષ્ટ હાલતમાં રખડતો. એ કારખાનામાં પાંચ મહિના તો એણે પરાણે પૂરા કર્યા. ત્યાંની કાળી યાતનાઓ એના જીવનની અવિસ્મરણીય યાદ બની ગઈ.

પણ એ યાતનાઓએ જ એને મરદ બનાવ્યો. એ હતોત્સાહના વાતાવરણમાં જ એનામાં મહેચ્છાઓ મહોરી. જીવનના એ ઝંઝાવાત





બાર વર્ષની વયે ડિકન્સના હસ્તાક્ષર
જમણી બાજુ; યુવાન ડિકન્સ

જીવનની યાતનાઓએ જ એને મરદ બનાવ્યો. હતોત્સાહના વાતાવરણમાં જ એનામાં મહેચ્છાઓ મહોરી. જિંદગીની મજબૂરીમાંથી જ એક મહામાનવ પ્રકટયો. કૂમળી વયે કપરી મજૂરી ખેડતો એ કારખાનામાંથી બહાર નીકળ્યો ત્યારે પેલો મુડદાલ મજબૂર માસૂમ કિશોર મૃત્યુ પામ્યો હતો, ને પ્રકટયો હતો એક અણનમ જીવનવીર યોદ્ધો.



પિતા અને માતા

દેવ પર આંધળી શ્રદ્ધા રાખતો ઉડાઉ પિતા મસ્ત પ્રકૃતિનો અને વાત-ડાહ્યો હતો. સ્વભાવે સરળ નાજુક ને નમણી માતા 'મિમિક્રી'ની સારી શક્તિ ધરાવતી. ચાર્લ્સમાં પિતાનું વક્તૃત્વ ને માતાની મિમિક્રી ઊતર્યાં

સામે ઝઝૂમી લેવાનો અફર નિર્ધાર એણે કર્યો ને એ મજબૂરીમાંથી જ મહામાનવ પ્રગટ્યો. કારખાનાને તિલાંજલિ આપી એ બહાર નીકળ્યો ત્યારે પેલો મુડદાલ મજબૂર માસૂમ કિશોર મૃત્યુ પામ્યો હતો અને પ્રગટ્યો હતો એક અણનમ જીવનવીર યોદ્ધો. આમ, આ કારખાનું એની અદમ્ય મહેચ્છા અને અખૂટ શક્તિ સામે એક પડકાર બની રહ્યું.

આ કડવા ઘૂંટડાને પચાવી જઈ એણે ફરી વિદ્યાભ્યાસ આરંભ્યો. લગભગ અઢી વર્ષ એ 'વેલિંગ્ટન હાઉસ અકાદમી' નામક શાળામાં રહ્યો. કારખાનાના કટુ અનુભવોની વાત અહીં એ કોઈને કરતો નહિ. સદા હસતો રમતો આનંદતો સમય ગાળવા લાગ્યો. ત્યાં જ મોટી મુરાદોને પાર પાડવાની તેની પ્રતિજ્ઞાને પરિસ્થિતિએ પુનઃ પડકાર કર્યો.

ઈ. ૧૮૨૭નું એ વર્ષ. પિતાની ઉડાઉગીરીએ કુટુંબને ફરી મુશ્કેલીમાં મૂકી દીધું. હવે એને સદાને માટે શાળા છોડવી પડી. લિંકન્સ ઈન, ન્યૂ સ્ક્વેરમાં મિ. મોલોયને ત્યાં એણે પ્રથમ કારકુની શરૂ કરી. ત્યાર બાદ ૧૮૨૭ના મેથી ૧૮૨૮ના નવેમ્બર સુધી 'ગ્રેઝ ઈન' ના વકીલ એડવર્ડ બ્લૅકમોરને ત્યાં કારકુન તરીકે રહ્યો. શરૂઆતમાં એને દર સપ્તાહે તેર શિલિંગ અને છ પેન્સનો પગાર મળતો તે પછીથી પંદર શિલિંગ સુધી પહોંચ્યો હતો. પરંતુ આ કમાણી અને કામગીરીથી ચાર્લ્સને હજુ પણ અસંતોષ રહ્યા કરતો હતો. એ કોઈ નવી કારકિર્દીનાં સ્વપ્નો સેવતો અને એની સિદ્ધિ માટે સતત પ્રયત્નશીલ રહેતો.

દરમિયાનમાં એણે લઘુલિપિ શીખી લીધી હતી. હવે એને ખબર-પત્રી થવાની મહેચ્છા જાગી. શરૂઆતમાં એ 'ડૉક્ટર્સ કૉમન્સ'માં જોડાયો, અને ત્યાં બે વર્ષ ખબરપત્રી તરીકે રહ્યો એટલામાં તો સારો ખબરપત્રી ગણાવા લાગ્યો. પ્રેસ ગૅલેરીમાં એને સ્થાન મળ્યું. ત્યાં વ-ચમાં જ એને પાછા અભિનેતા થવાના કોડ જાગ્યા. ભજવણી માટે થોડા પાઠ એણે મોઢે કરી લીધા, અરીસા સામે ઊભા રહી તદનુરૂપ અભિનય પણ તૈયાર કર્યો, ને 'લાયસેઅમ થિયેટર'ના રંગમંચ-વ્યવસ્થાપકને પોતાની કસોટી લેવા માટે પત્ર લખ્યો. કસોટી માટેનો દિવસ નક્કી થયો, પરંતુ તે પહેલાં જ એ શરદીમાં ઝડપાયો ને એ વાત ત્યાંથી અટકી.

ખબરપત્રીની કારકિર્દી હજી ચાલુ જ હતી. 'ટ્રુ સન' નામક પત્રમાં એ કામ કરતો ત્યારે એના જીવનમાં બે મહત્ત્વના બનાવો બન્યા. એક: પાછળથી જિગરજાન દોસ્ત બનનાર જોહ્ન ફૉસ્ટરનો પરિચય થયો; બે: સાખપડોશી અને શરાફ બિડનેલની પુત્રીના એ પ્રેમમાં પડ્યો. આ વખતે એની ઉમર ૧૭-૧૮ની; જ્યારે એની પ્રેમિકા મિસ મારિયા બિડનેલ ૧૯ વર્ષની ખૂબસૂરત યુવતી હતી. ચાર્લ્સે એને ખરા દિલથી ચાહી, પરંતુ ત્રણચાર વર્ષના પ્રેમ-સંબંધને અંતે એને સમજાયું કે એ રૂપગર્વિતા લલના હૃદયહીન છલના જ હતી. પરિણામે ૧૮૮૩માં એણે એ પ્રેમ-સંબંધને તિલાંજલિ આપી.

પછી એનો થોડો કાળ નિષ્ફળતામાં ગયો, પણ એ હિમ્મત હાર્યો નહિ. અઘોર અંધકારમાં પણ એ આત્મશ્રદ્ધાની દીવડી લઈ માર્ગ કાપતો જ રહ્યો. મુસીબતોના ઘૂઘવતા મહેરામણમાં ય એ હિમ્મતના હોડીમાં પુરુષાર્થનાં હલેસાંથી સફર ખેડતો રહ્યો. ત્યાં જ પ્રારબ્ધે એને યારી આપી. 'મિરર ઑવ પાર્લમેન્ટ' પત્રમાં રહી લોકસભાની સચોટ ને ત્વરિત નોંધો લેવા માંડી. એથી આકર્ષાઈ 'મૉર્નિંગ ક્રૉનિકલ' પત્રે એને નિમંત્ર્યો. ૧૮૩૫માં એ ત્યાં લઘુલિપિ લખનારમાંથી હવે એક સફળ ખબરપત્રી બની ગયો. ખબરો એકઠી કરવા માટે એને ચારે દિશાઓમાં રખડપટ્ટી કરવી પડતી. ત્યાં એને અઠવાડિયે પાંચ ગિની પગાર મળતો. પછી એ વધીને સાત ગિની થયો. પણ આથી કંઈ તેનું દળદર ફીટતું નહોતું. છતાં ય હામ ગુમાવે તો ચાર્લ્સ શાનો? હવે એ પોતાના ભાઈ ફ્રેડરિક સાથે 'ફર્નિવલ્સ ઈન'માં રહેવા ગયો.

અહીં હવે એને લેખક થવાના કોડ જાગ્યા. ચૅથામમાં એ રહેતો ત્યારે પોતાના વાચનના અનુકરણ જેવી કેટલીક વાર્તાઓ એણે લખેલી. પણ હવે આટલા જીવન-અનુભવના ભાથા પછી એના સર્જનમાં પ્રાણ આવ્યો. 'અ ડિનર ઍટ પૉપ્લર વૉક' એનું પ્રથમ સુફળ. આ રેખાચિત્ર ઈ. ૧૮૮૩ના 'મન્થલી મૅગેઝીન'ના ડિસેમ્બર અંકમાં પ્રગટ થયું. ત્યાર પછી તો ૧૮૩૫ સુધીમાં 'Boz'ની સહીથી એવાં નવેક રેખાચિત્રો પ્રકટ થઈ ગયાં ને તંત્રીઓ તથા પ્રકાશકોનું ધ્યાન આ નવી કલમ તરફ દોરાયું. 'મૉર્નિંગ ક્રૉનિકલે' હવે 'ઈવનિંગ ક્રૉનિકલ' શરૂ કર્યું જેમાં 'Boz'નાં નિયમિત રેખાચિત્રો આવવાં લાગ્યાં.

આ જ અરસામાં 'ચૅપમૅન ઍન્ડ હૉલ' નામની પ્રકાશક પેઢીના 'ધ સ્ક્વીબ ઍન્યુઅલ' માટે વિખ્યાત ચિત્રકાર રૉબર્ટ સીમૂર ચિત્રો કરી લાવેલો. પ્રકાશકોને લાગ્યું કે આ ચિત્રો સાથે જો એને અનુરૂપ વાર્તા હોય તો વાચકોને વધારે રસ પડે. આ વિચારથી મિ. હૉલ એક દિવસ 'ફર્નિવલ્સ ઈન'માં બૉઝ (ચાર્લ્સ ડિકન્સ) પાસે ગયા અને પેલાં ચિત્રો પરથી વાર્તા લખવાનો પ્રસ્તાવ મૂક્યો. ચાર્લ્સને તો 'ભાવતું હતું અને વૈદ્યે કહ્યું' જેવી વાત થઈ. એણે આ પ્રસ્તાવ ઊલટભેર સ્વીકારી લીધો અને ચિત્રવાર્તા શરૂ થઈ. આ વાર્તા તે જ 'પિકવિક પેપર્સ'. આગળ જતાં આ વાર્તામાં વિંકલ ને સૅમ વેલરનાં પાત્રો ઉમેરાયાં ને વાર્તાએ અનેરો રસ જમાવ્યો. સીમૂરનાં ચિત્રો તો પૂરાં થઈ ગયાં, પણ ડિકન્સની વાર્તા આગળ વધે જ ગઈ. પહેલા હપ્તે ૪૦૦ પ્રતો ખપી હતી તે પંદરમા હપ્તે ૪૦,૦૦૦ના આંકડા સુધી પહોંચી ગઈ! ડિકન્સની કીર્તિમાં હવે ભરતી આવી. 'ફર્નિવલ્સ ઈન'ના વસવાટ દરમિયાન આ 'પિકવિક' પ્રકરણ ડિકન્સના જીવનમાં પહેલું મહત્ત્વનું સીમાચિહ્ન, તો એ દરમિયાનનું બીજું સીમાચિહ્ન તે એનું બીજું પ્રણય-પ્રકરણ. અહીં જ એ હૉગાર્થ પરિવારના પરિચયમાં આવ્યો અને એ પરિચય એ પરિવાર-પુત્રી કૅથેરીનના પ્રથમ પ્રણયમાં અને પછી પરિણયમાં પરિણમ્યો.

કૅથેરીન લગભગ સુંદર યુવતી હતી. ભારે પોપચાં નીચે વિશાળ ભૂરી ઘેનલ આંખો, એ આંખો વચ્ચે સહેજ ઊંચું કહી શકાય તેવું નાક અને આંખો ઉપર વિશાળ કપાળ આકર્ષક હતાં. એમાં ય નાનું ગોળ મોં અને રાતા પરવાળા જેવા હોઠ એ આકર્ષણમાં ઓર ઉમેરો કરતાં હતાં. લજ્જાળુ સ્મિત એ આખા ય ચહેરાને જુદો જ ઓપ આપતું હતું. આવી શાંત ગંભીર અને થોડી ઉદાસ પ્રકૃતિની કૅથેરીન સાથે ડિકન્સે ૧૮૩૬ના એપ્રિલની બીજી તારીખે લગ્ન કર્યું અને 'પિકવિક'માંથી થએલી કમાણી લઈ એ મધુરજની ગાળવા ઊપડી ગયો.

'પિકવિક'ની સફળતાએ ડિકન્સની લેખિનીને પ્રોત્સાહિત કરી. એ-નામાં બેઠેલો લેખક હવે વધુ કૃતનિશ્ચયી બન્યો અને એણે ખબરપત્રી-ના વ્યવસાયને અલવિદા આપી કલમને ખોળે માથું મૂક્યું. એની અ-થાક શ્રમશીલતા અને અજોડ નિષ્ઠાથી 'ચૅપમૅન ઍન્ડ હૉલ' પેઢીએ એને ભાગીદાર બનાવ્યો. એવામાં જાન્યુઆરી ૧૮૩૭માં તે એક મિ. બેન્ટલીએ કાઢેલા 'બેન્ટલીઝ મિસેલેની' નામક માસિકના સંપાદનમાં જોડાયો અને તેને માટે એણે બીજી નવલકથાનો આરંભ કર્યો. એ નવલ-કથા તે 'ઑલિવર ટ્વિસ્ટ'. પરંતુ બે વર્ષમાં જ બેન્ટલી સાથે વિખવાદ ઊભો થતાં સંપાદનકાર્ય છોડી દીધું. પોતાના સ્વાતંત્ર્ય પરની માલિકની તરાપ સાંખી શકે એવો 'સાલસ' આ સંપાદક નહોતો. સ્વમાન અને સ્વાતંત્ર્યના ભોગે એ જીવનને સોના-રૂપાથી મઢવા નહોતો માગતો. એણે હવે 'ચૅપમૅન ઍન્ડ હૉલ' સાથે સાહિત્યિક કારકિર્દી ઘડવા પર ધ્યાન કેંદ્રિત કર્યું. 'બેન્ટલીઝ મિસૅલેની'માં 'ઑલિવર ટ્વિસ્ટ' પછી શરૂ કરવા ધારેલી કથા 'બાર્નેબી રજ' એણે 'ચૅપમૅન ઍન્ડ હૉલ'ને ૩૦૦૦ પાઉંડમાં વેચી દીધી. હવે એ આર્થિકરીતે વધુ ને વધુ સમૃદ્ધ થવા લાગ્યો.

બીજી તરફથી એનું દાંપત્યજીવન પણ પાંગરવા લાગ્યું. 'ફર્નિવલ્સ ઈન'ના ત્રણ ઓરડાના મકાનમાં એણે શરૂ કરેલા સંસારમાં એનાં દસ સંતાનોમાંનો પ્રથમ પુત્ર ઈ. ૧૮૩૭ની ૬ઠ્ઠી જાન્યુઆરીએ જન્મ્યો. આ વખતે તેની સાળી મેરી પણ ત્યાં જ રહેતી હતી. મેરીએ આ કુટુંબના એક સભ્ય તરીકે જ જાણે સ્થાન લઈ લીધું હતું. ડિકન્સનો એના પર અતિશય ભાવ હતો. પોતાના પરિવારને વધુ સુખી કરવા એણે 'ડાઉટી સ્ટ્રીટ'માં વધારે સારું મકાન રાખ્યું. પણ ત્યાં એના જીવનની એક નોંધપાત્ર અને ન ભૂલી શકાય તેવી કરુણ ઘટના બની ગઈ. એક રાત્રે મેરીએ અસ્વસ્થતાની ફરિયાદ કરી ને બીજે જ દિવસે એનું અવસાન થયું. ડિકન્સને આ આઘાત અસહ્ય થઈ પડયો. એનું ઋજુ સંવેદનતંત્ર જાણે મૂર્છિત થઈ ગયું. બે-ત્રણ માસ તો એ 'પિકવિક'ના હપ્તા પણ ન લખી શકયો. આ આઘાતમાંથી કળ મેળવવા એ હૅમ્પસ્ટેડના એક ખેતર-માં ચાલ્યો ગયો. મેરીની આ તીવ્ર સ્મૃતિ એનાં 'લિટલ નેલ', 'એગ્નિસ', 'રોઝ મેલી' અને 'લિટલ ડૉરિટ' જેવાં પાત્રોમાં જોઈ શકાય છે. દરમિ-યાનમાં બીજી બે પુત્રી પ્રાપ્ત થતાં આ મકાન નાનું પડવા લાગ્યું, એટલે ૧૮૩૯ના અંતમાં એક નાનકડો બગીચો ધરાવતા સુખસાહેબીવાળા મકાન 'ડેવનશાયર ટૅરેસ'માં એ રહેવા ગયો.

સમૃદ્ધિનાં શિખરો સર કરવા અને મનમાની મુરાદોને બર લાવવા એ એક પછી એક સાહસ કર્યે જ જતો હતો. એક નવા સાહસ તરીકે એણે 'માસ્ટર હમ્ફ્રીઝ ક્લૉક'નો આરંભ કર્યો. ૧૮૪૦ની ૪થી એપ્રિલે એનો પ્રથમ ત્રણ-પેની અંક બહાર પાડયો. ચપોચપ ૭૦,૦૦૦ નકલો ખપી ગઈ. ચોથા અંકથી એણે 'ધી ઓલ્ડ ક્યુરિયૉસિટી શૉપ' નવલ-કથા શરૂ કરી. આ રીતે એની લેખનગંગા અવિરત વહ્યા જ કરતી હતી. પણ હવે એ સતત લખાણથી થાક અનુભવતો હતો એટલે આરામ માટે છએક માસ અમેરિકા જવાનો એણે નિર્ધાર કર્યો. આમે ય અમે-રિકાની લોકશાહી અને સ્વાતંત્ર્યપ્રિયતાથી એ આકર્ષાયો જ હતો.


એટલે, ઈ.સ. ૧૮૪૨ના જાન્યુઆરીમાં એ પત્ની સાથે અમેરિકા જવા ઊપડયો. ત્યાં બૉસ્ટનમાં એને અત્યંત ઉષ્માભર્યો આવકાર મળ્યો. સ્વા-તંત્ર્યપ્રિય અમેરિકનોએ ડિકન્સમાં લોકશાહીનો એક જોરદાર હિમાયતી જોયો અને એને રાજાશાહી માન આપ્યું. એના સત્કારમાં ઠેરઠેર સંસ્થા-ઓએ સમારંભો યોજ્યા. પરંતુ હર્ટફર્ડમાં એને વિપરીત અનુભવ થયો. અમેરિકન પ્રકાશકોની આંધળી લૂંટ પર એણે પ્રહારો કર્યા તેથી વર્તમાન-પત્રોમાં વિરોધના વંટોળ ઊઠયા. અને જ્યારે દક્ષિણ અમેરિકાની ગુલામીનું એને પ્રત્યક્ષ દર્શન થયું ત્યારે તો અમેરિકા વિષેના એના





તરુણ ત્રિપુટી-જમણી બાજુથી : ડિકન્સ, તેની પત્ની કૅથેરીન ને તેની સાળી મેરી. કલાકાર ડૅનિયલ મૅકલાઇસે ઈ. ૧૮૪૨-માં કરેલો સ્કેચ. નીચે: ડાબી બાજુ-મારીઆ બિડનેલ, ડિકન્સની પ્રથમ પ્રિયતમા, જેના ઉપરથી 'ડેવિડ કૉપરફીલ્ડ' નવલકથામાંની ડૉરાનું પાત્ર સર્જાયું. નીચે જમણી બાજુ-મેરી હૉગાર્થ: સત્તર વર્ષની વયે ગુજરી ગએલી, ડિકન્સને ખૂબ વહાલી તેની સાળી (જુઓ ઉપરનો સ્કેચ) જેના ઉપરથી તેનું અત્યંત લોકપ્રિય બનેલું લિટલ નેલનું પાત્ર સર્જાયું.

સઘળા ઊંચા ખયાલો વરાળ થઇને ઊડી ગયા. છતાં ય અમેરિકા એણે જોવાય તેટલો જોયો. વૉર્સેસ્ટર, સ્પ્રિંગફીલ્ડ, ન્યૂ હૅવન, ન્યૂ યૉર્ક, ફિલા-ડેલ્ફિયા, વૉશિંગ્ટન, રિચમન્ડ, બાલ્ટિમોર, પિટ્સબર્ગ, નાયગ્ર, વગેરેની એણે મુલાકાત લીધી. કૅનેડામાં પણ ટૉરોન્ટો, કિંગ્સ્ટન અને મૉન્ટ્રી-અલમાં કેટલાક નાટયપ્રયોગો કર્યા. છતાં છ માસમાં તો એને ઘરની યાદ સતાવવા લાગી અને ૮મી જૂન ૧૮૪૨ના રોજ એ વતન પાછો ફર્યો. અમેરિકાનાં પોતાનાં આ સંસ્મરણો એણે સાહજિક, સરસ અને હૃદયદ્રાવક શૈલીમાં 'અમેરિકન નોટ્સ'માં આપ્યાં છે.

અમેરિકાથી પાછા ફર્યા પછી એણે 'અમેરિકન નોટ્સ'નો કેટલોક ઉપયોગ કરીને 'માર્ટિન ચઝ્લ્વિટ' નામક નવલકથા લખી. પરંતુ એનું વેચાણ સંતોષકારક ન રહ્યું. એમાં ડિકન્સે 'ચૅપમૅન ઍન્ડ હૉલ'ની અણ-આવડત ને બેદરકારી જોયાં. આથી સંબંધો તંગ બન્યા ને છેવટે ઝઘડો





ડાબી બાજુ: 'નં ૩૮૭ માઈલએન્ડ ટેરેસ' લૅન્ડપોર્ટ, પોર્ટ સી — ડિકન્સના જન્મસ્થાનનું ઘર; જમણી બાજુ: ૯મી જૂન ૧૮૭૦ના રોજ ડિકન્સના મૃત્યુને જ દિવસે વિખ્યાત કલાકાર સર લ્યૂક ફીલ્ડ્ઝે કરેલું તેના લેખનખંડનું ચિત્ર.

થતાં એ પેઢી છોડી પોતાનાં પુસ્તકોનું પ્રકાશન એણે 'બ્રેડબરી અને ઇવાન્સ'ને સોંપ્યું. વળી પાછો તે આર્થિક સંકડામણમાં આવી પડયો. આથી ખર્ચ પર કાપ મૂકવા એણે પોતાનું 'ડેવનશાયર ટેરેસ' પેટા ભાડે આપ્યું ને છ બાળકોના પરિવાર સાથે ૧૮૪૪માં ઇટલી ગયો, જ્યાં જિનોઆની પડોશમાં મોટો ભાગ પસાર કર્યો. ત્યાં રોમ, નેપલ્સ, વેનિસ વગેરે સ્થળોની મુલાકાત પણ લીધી. એની આ પ્રવાસનોંધ 'પિક્ચર્સ ફ્રૉમ ઇટલી'માં આપી છે. ૧૮૪૫માં એ ત્યાંથી પાછો ફર્યો.

પણ હજુ ય એનો તરવરાટ શમ્યો નહોતો. નવા લેખકો અને કલાકારોના પ્રોત્સાહન માટે 'ગિલ્ડ ઑવ લિટરેચર ઍન્ડ આર્ટ'ની સ્થાપના કરી, ને 'ડેઈલી ન્યૂસ' પત્રની સ્થાપના કરી તંત્રીપદ સંભાળ્યું. પણ ત્યાં ય માલિકની અનુચિત દરમિયાનગીરીથી પોતાની સ્વતંત્રતા હણાતી લાગી એટલે તે તંત્રીપદ છોડી દીધું. ગમે તેટલા ઊંચા સ્થાન કે ગમે તેટલી સંપત્તિ માટે એ પોતાની સ્વતંત્રતા અને સ્વમાન કદાપિ વેચતો નહિ એનું આ બીજું ઉદાહરણ એના ચારિત્ર્યનું દ્યોતક છે.

હવે એણે ફ્રાંસનો પણ ટૂંકો પ્રવાસ કર્યો. પારી(સ)માં એ સમર્થ નવલકથાકાર વિક્ટર હ્યુગો અને નાટકકાર વિલ્કી કૉલિન્સને મળ્યો. કૉલિન્સના આ ગાઢ પરિચયે એની નાટકપ્રવૃત્તિને ખૂબ જ ઉત્તેજી. ત્યાંથી પાછા ફર્યા પછી એણે બેન જૉનસનના 'એવ્રી મૅન ઈન હિઝ હ્યુમર', શેક્સપિયરના 'ધ મેરી વાઈવ્ઝ ઑવ વિન્ડસર', લિટનના 'નૉટ સો બૅડ ઍઝ વી સીમ' તથા કૉલિન્સના 'ધ લાઈટ હાઉસ' નાટકોનું સફળતાથી સંચાલન કર્યું. ડિકન્સનાં આ વર્ષો એટલે પ્રવૃત્તિઓનો પારાવાર.

એના આ પ્રવૃત્તિમય જાહેર જીવન દરમિયાન એના અંગત જીવનમાં ત્રણ દુઃખદાયક ઘટના બની. એક તો નાની પુત્રી ડોરાનું માબાપની ગેરહાજરીમાં અવસાન; બીજી ઘટના તે વહાલસોયી, શાણી ને સંગીતજ્ઞ બહેન ફૅનીનું ક્ષયથી મૃત્યુ; ને ત્રીજી ૧૮૫૧માં પિતા જૉહ્નનું મૃત્યુ. આ ત્રણ મૃત્યુએ એના હૈયા પર વજ્રઘાત કર્યો હોવા છતાં ય ડિકન્સ હિમ્મત હાર્યો નહોતો. એની મહત્ત્વાકાંક્ષાઓ હજુ એટલી જ ઉત્કટ હતી. ૧૮૫૧માં એણે 'ટૅવિસ્ટૉક સ્ક્વૅર'માં ઘણું મોટું મકાન ખરીદ્યું અને ત્યાં રહેવા ગયો. પણ એના અંગત જીવનમાં હવે સહુથી વધુ ક્લેશકર પ્રસંગ ઊભો થયો—ને તે તેની પત્ની સાથે મતભેદ અને મનભેદ.

આમે ય એને ઘણા વખતથી લાગ્યા કરતું હતું કે પત્ની સાથે પોતાનો મેળ બેસતો નથી. છતાં એણે આટલાં વર્ષો ખેંચ્યે રાખેલાં. પણ હવે એ વિરોધ ઉગ્ર બન્યો. પરિણામે અસંતુષ્ટ દાંપત્યજીવનનું દુઃખ ભૂલવા એ નાટ્યપ્રવૃત્તિ તરફ વધુ ને વધુ આકર્ષાતો ગયો. કૉલિન્સનું સનસનાટીભર્યું નાટક 'ધ ફ્રોઝન ડીપ' લંડન અને માન્ચેસ્ટરમાં અત્યંત સફળતાપૂર્વક ભજવ્યું. એમાં રિચાર્ડ વૉર્ડરના કરુણ પાત્રમાં એણે હૃદયવેધક અભિનય આપ્યો. પરિણામે આ ભજવણીથી એ શરીરે ને શક્તિએ ખૂબ ભાંગી પડયો. છતાં ૧૮૫૩માં એણે એક નવી પ્રવૃત્તિનો આરંભ કર્યો. પોતાની જ કૃતિ 'ક્રિસ્ટમસ કૅરોલ'માંથી બર્મિંગહામ ખાતે સફળ નાટ્યાત્મક વાચન કર્યું. 'ક્રિકેટ ઑન ધ હાર્થ'માંથી પણ એવું જ સફળ વાચન કર્યું. સંગીત ને નૃત્યમાં પણ તે ભાગ લેવા લાગ્યો. આમ અસંતુષ્ટ લગ્નજીવનનો પ્રત્યાઘાત એને માટે પ્રગતિની નવી નવી ક્ષિતિજો ઉઘાડતો ગયો ને આ રીતે એણે અસંતોષને પણ ઓપાવ્યો.

ત્યાં એક બીજી મહત્ત્વાકાંક્ષા પાર પાડવાનો અકસ્માત સર્જાયો. ઈ. ૧૮૫૫માં 'ગેડ્ઝ હિલ પ્લેઈસ' નામે ભવ્ય મકાન વેચવાની જાહેરાત થઈ. છેક બાળપણમાં એ મકાન જોયું ત્યારથી તેને પોતાનું કરવાના અરમાન ડિકન્સના દિલમાં જાગેલા. પિતાએ એ વખતે ટકોર કરેલી: 'બેટા, સખત પરિશ્રમ કરીશ તો તે યે પ્રાપ્ત કરી શકીશ.' આજે ડિકન્સનું એ અરમાન સાકાર થયું. ૧૮૫૬ની ૧૪મી માર્ચે ૧૭૯૦ પાઉંડમાં એણે 'ગેડ્ઝ હિલ' ખરીદી લીધું; બીજા થોડા પૈસા ખર્ચી એને મનપસંદ મોડ આપ્યો ને ૧૮૫૭ની ૭મી મેએ વાસ્તુ કરી ૧લી જૂને સપરિવાર રહેવા ગયો. એના પુરુષાર્થે શૈશવની રોમાંચક કલ્પના-મહેલાતને વાસ્તવિક બનાવી.

પણ પત્ની સાથેના સંબંધો હવે અસહ્યતાની પરાકાષ્ઠાએ પહોંચ્યા હતા. દરમિયાનમાં 'ધ ફ્રોઝન ડીપ'ની માન્ચેસ્ટર ખાતેની ભજવણીમાં પોતાની સાથે અભિનય આપી રહેલી અભિનેત્રી ઍલન ટર્નન સાથે એ પ્રેમમાં પડયો. એના આ પ્રણય-સંબંધ પાછળ કોઇ સ્થૂલતાની બદબો નહોતી પણ સૂક્ષ્મતાની સુવાસ હતી. કોઈ માનસિક હૂંફભર્યો સહચાર એ વર્ષોથી ઝંખી રહ્યો હતો. ઍલનમાં એ મળ્યો અને તેના તરફ એ ઢળ્યો. પત્નીની પાસે પણ એણે નિખાલસ ભાવે કબૂલાત કરી કે પોતે એમાં લગ્નની પવિત્ર પ્રતિજ્ઞાનો ભંગ કર્યો નથી. પણ પત્ની કૅથેરીન ન માની અને પતિપત્નીનાં બંધનોનો કરુણ અંત આવ્યો. ૧૮૫૮ના મેની ૨૯મી તારીખે એણે આ અલગતાની જાહેરાત કરી. કૅથેરીનને રહેવા માટે સ્વતંત્ર મકાન અને જીવનવ્યવહાર માટે ખોરાકીની મોટી રકમ ડિકન્સે આપવી એમ નક્કી થયું. લંડનના સાહિત્યિક વર્તુળમાં હોહા મચી ગઈ. છાપાંઓએ ઝાટકણી કાઢી. ડિકન્સે એનો જાહેરમાં ખુલાસો કરી પોતાની નિર્દોષતા ને મજબૂરી પ્રગટ કર્યાં.



ડાબી બાજુ: ડિકન્સની ઉત્તર-જીવનની પ્રેયસી ઍલન ટર્નન
જમણી બાજુ: તેનો પરમ મિત્ર અને ચરિત્રલેખક જૉન્હ ફૉર્સ્ટર


આટલા માનસિક પરિતાપમાં યે ડિકન્સે પોતાની કોઈ પ્રવૃત્તિ અટકવા દીધી નહોતી. ૧૮૫૦માં શરૂ કરેલું સાપ્તાહિક 'હાઉસહોલ્ડ વર્ડ્ઝ' એ નિયમિત ચલાવતો. ત્યાં 'બ્રૅડબરી ઍન્ડ ઇવાન્સ' સાથે સંબંધો બગડતાં 'ઑલ ધી ઈયર રાઉન્ડ' શરૂ કર્યું, ને ૧૮૫૯માં એ પત્રમાં એની વિખ્યાત નવલકથા 'અ ટેઇલ ઑવ ટુ સિટીઝ'નો આરંભ કર્યો. એ પહેલાં જ ૧૮૫૮ના એપ્રિલની ૨૯મી તારીખે પોતાની કૃતિઓમાંથી અસરકારક દશ્યોનાં જાહેર નાટ્યાત્મક વાચનની પ્રવૃત્તિ એણે શરૂ કરી દીધી હતી. આનો પ્રથમ પ્રયોગ એણે સેન્ટ માર્ટિન્સ હૉલમાં કર્યો. એના વાચનને સારો એવો આવકાર મળ્યો, અને એણે ઈંગ્લૅંડ, આયર્લૅન્ડ અને સ્કૉટલૅન્ડમાં જાહેર વાચનના સફળ કાર્યક્રમો કર્યા.

આમ છતાંય એને ઊંડે ઊંડે કંઈક હતાશા વ્યાપતી હોય એમ લાગતું હતું. આનાં અનેક કારણો હતાં. ઍલન ટર્નનના હૃદયને એ જીત્યો હતો પણ શક્તિઓ ક્ષીણ થતાં જાણે જીવન-સુખ સરી જતું લાગ્યું. એમાં ય એની આસપાસની દુનિયાનું દર્શન પણ દુઃખકર જણાતું હતું. ક્રીમિયાનું યુદ્ધ, ૧૮૫૭નો ભારતીય બળવો, અમેરિકાનો આંતરવિગ્રહ, ફ્રાન્સમાં નેપોલિયન ત્રીજાનો ઊંડો અસંતોષ, આયર્લૅન્ડમાં વ્યાપેલી અવ્યવસ્થા, એ બધાંથી એને લાગ્યું કે આ સઘળાં પરિબળો ઉગ્રતર ફ્રેન્ચ ક્રાંતિના પુનર્જન્મની નિશાની રૂપ છે. તો અંગત જીવનમાં ગ્લાનિ ઊપજાવે તેવી ઍંધાણીઓ દેખાવા લાગી. લાડીલી પુત્રી કેટી ૧૮૬૦માં પરણી ગઈ ને પિતૃહૃદયમાં વિરહની ચિર જ્વાલા મૂકતી ગઈ. પુત્રો પોતાની પ્રતિભાને ઉજાળે તેવા જણાતા નહિ. આથી નીપજતી નિરાશાને હાંકી કાઢવા એણે જાહેર વાચનનો કાર્યક્રમ ચાલુ રાખ્યો. એ વાચન એના ભગ્ન દિલને કરાર અને અશાંત મનને શાંતિ આપતું.

ત્યાં ફરી પાછી ૧૮૬૪માં એની તબિયત લથડી. વારંવાર શરદી અને છાતીમાં દુખાવો થઈ આવતાં. એ નાતાલમાં તો એનો એક પગ પણ સૂજી ગયો. પરંતુ એ બેદરકાર રહ્યો. પરિણામે સંધિવાનો હુમલો થયો અને પગે લંગડાશ આવી. છતાંય સતત પ્રવૃત્તિશીલ રહેતો ચાર્લ્સ બીજે વર્ષે મે મહિનાના અંતમાં એક અઠવાડિયું પારી(સ) ગયો. ત્યાંથી ૯મી જૂને પાછા ફરતાં તેને અને ઍલનને હોડીમાં અકસ્માત નડ્યો. સદ્-ભાગ્યે એ બચી તો ગયાં, પણ એ હોનારતે ભારે ચોટ મારી. એ વખતે બીજા ઘણા માણસોને એણે બચાવેલા ને સહાય કરેલી. અહીં આપણને એની માનવતા અને શીઘ્ર સ્થિરબુદ્ધિનાં દર્શન થાય છે. હેમખેમ પાછા ફરીને એણે બીજી જાહેર વાચનશ્રેણી શરૂ કરી. આ વખતે પણ એ સફળ રહ્યો, છતાંય જાણે જીવનશક્તિનો પરાજય થતો હોય એમ એને લાગ્યું. અંતે નાદુરસ્ત તબિયત અને અતિશય પરિશ્રમને લઇને ૧૮૬૭ના મે માસના અંત સુધીમાં તો એ તદ્દન નંખાઈ ગયો.



વિવિધ વયે ડિકન્સ



મિત્ર ફૉર્સ્ટર પરના પત્રમાં ડિકન્સના હસ્તાક્ષર તથા સહી

પણ હાર કબૂલ કરે એવા જીવનયોદ્ધો એ નહોતો. એણે વાચન માટે અમેરિકાનો બીજો પ્રવાસ ખેડવાનો નિર્ણય જાહેર કર્યો. ડૉક્ટરો, મિત્રો, સ્નેહીઓ—સૌની ના છતાંય એણે અમેરિકા જવાનો પોતાનો નિર્ધાર અવિચલિત રાખ્યો અને ૧૮૬૭ની નવમી નવેમ્બરે એ બૉસ્ટન જવા ઊપડચો. ત્યાં એને ખૂબ જ ઉમળકાભર્યો આવકાર મળ્યો. એના વાચનની ટિકિટો મેળવવા આઠસો આઠસો માણસોની કતાર જામતી ને એનાં ધૂમ કાળાં બજાર થતાં. વ્યવસ્થા જાળવવા માટે પોલીસની મદદ લેવામાં આવતી. અહીં ભાવવિભોર વાચનના પરિશ્રમથી એના સ્નાયુ-ઓ શિથિલ પડી જતા અને એ વધુ નિર્બળતા અનુભવવા લાગતો. આ પ્રવાસનો બધો જ ખર્ચ બાદ કરતાં એ ૨૦,૦૦૦ પાઉંડ કમાયો.

અમેરિકાથી વતન પાછા ફરતાં જહાજમાં જે આરામ મળ્યો તેથી એનો જુસ્સો બમણો વધ્યો. છતાંય એ ઉનાળો એણે ગેડ્ઝ હિલમાં શાંતિથી ગાળ્યો. પણ ૧૮૬૮માં ફરીથી જાહેર વાચન શરૂ કર્યું. માન્ચે-સ્ટરમાં વાચન કર્યા પછી એને વધુ ને વધુ થાક જણાવા લાગ્યો. તોપણ એણે પ્રતિજ્ઞા કરી હતી કે ફરી સો વાચન કરવાં. અમેરિકામાં પોતે ૭૬ વાચન કર્યાં હતાં, એ વિક્રમ એને તોડવો હતો. એની વિખ્યાત નવલ-કથા 'ઑલિવર ટ્વિસ્ટ'માંથી સાઈક્સ નાન્સીનું ખૂન કરે છે એ દૃશ્ય એણે ખૂબ આવેગથી વાંચ્યું. તેની એના જ્ઞાનતંતુઓ પર ખૂબ માઠી અસર પડી. એના એ વાચન વખતે પ્રેક્ષકગૃહની સ્ત્રીઓ તો મૂર્છિત થઈ જતી! આવા આવેગપૂર્ણ વાચનથી ડિકન્સની અનિદ્રા, દુખાવો અને લંગ-ડાપણું વધી પડચાં. એનું ડાબું પડખું જાણે જૂઠું પડી જતું જણાયું. પક્ષા-ઘાતની અસર સ્પષ્ટ થતી જતી હતી. બે વાર તો એ વાચન કરતાં કરતાં પડી પણ ગયો. આથી એપ્રિલ માસમાં લિવરપૂલમાં ડૉક્ટરે વાચનની સ્પષ્ટ મના ફરમાવી. ત્યારે એણે ત્રીજી વારનાં ૭૪ વાચન પૂરાં કર્યાં હતાં. હજી અમેરિકાનો વિક્રમ તોડવાની ઇચ્છા ઊભી હતી. આથી તબિયત થોડી સુધરતાં એણે ડૉક્ટરને વધુ વાચન માટે વિનંતી કરી. મિત્ર ફૉર્સ્ટરે ખૂબ સમજાવ્યો, પણ એ ન માન્યો. આખરે ડૉક્ટરને એની જિદ્દ પાસે નમતું જોખવું પડચું, અને માત્ર ૧૨ વાચનો કરવાની એને છૂટ મળી.

૧૮૬૯માં એનો ડાબો પગ ફરી દુખવા લાગ્યો. પાટો બંધાવ્યો અને સાજો થયો. વળી પાછો એનો એ જ જુસ્સો! ૧૮૭૦ના જાન્યુઆરીમાં એણે હાઇડ પાર્ક પ્લેઇસમાં એક મકાન ભાડે રાખ્યું કે જેમાં એની છેલ્લી અધૂરી રહી ગએલી નવલકથા 'ધ મિસ્ટરી ઑવ એડવિન ડ્રૂડ'નાં પ્રકરણો એ લખતો હતો. ૧૧મી જાન્યુઆરીએ એણે પોતાની ચોથી ને છેલ્લી વાચનશ્રેણી આરંભી. વાચનમાં એનો જુસ્સો વધતો જ જતો અને એની નાડીના ધબકારા વધી જતા. ૧૫મી માર્ચે એના છેલ્લા વાચનને તો લોકોએ તાળીઓના અભૂતપૂર્વ ગડગડાટથી વધાવી લીધું. ડિકન્સનો ઉત્સાહ અને આનંદ માતો નહોતો. આ જાહેર વાચનશ્રેણી એના જીવન-નો મહત્ત્વનો ઇતિહાસ છે. ત્યારે એ અર્થપ્રાપ્તિ માટે નહિ આત્માનંદ માટે વાંચતો હતો. એ કહેતો કે જાહેર વાચન પોતાની ને પ્રજાની વચ્ચે લાગણીનો, આત્મીયતાનો એક પ્રકારનો સેતુ રચી આપતું. આ વાચને ભલે એના તનને હંફાવ્યું પણ મનને તો મહોરાવ્યું જ હતું.

હવે એને મૃત્યુનો ઓછાયો સ્પષ્ટ દેખાતો હતો. આથી જ એણે ૧૮૭૦ના મેમાં વસિયતનામું કરી નાખ્યું. છેલ્લી નવલકથા 'એડવિન ડ્રૂડ'ના લેખનમાં એ ડૂબેલો હતો. પણ તબિયત અસ્વસ્થ જણાતાં એ ત્રીજી જૂને ગેડ્ઝ હિલમાં પાછો ફર્યો. ૮મી જૂને આખો ય દિવસ 'એડ વિન ડ્રૂડ' લખ્યા જ કરી. પણ સાંજે વાળુ વેળાએ સાળી જ્યૉર્જિનાએ ડિકન્સના ચહેરા પર અકળ દુ:ખની છાયા જોઈ. ડિકન્સે જણાવ્યું : મને ચેન નથી. એકાએક ભોજન છોડી, ખુરશીમાંથી લથડિયાં ખાતે ખાતો એ ઊભો થઈ ગયો. જ્યૉર્જિનાએ એને ફરસ પર બેસાડવામાં મદદ ન કરી હોત તો એ ફસડાઈ પડચો હોત. તાબડતોબ ડૉક્ટરોને બોલાવવામાં આવ્યા. એમણે કહ્યું કે પક્ષાઘાતનો હુમલો છે.

એનાં ચાર સંતાનો ઈંગ્લૅંડમાં જ રહેતાં હતાં તે બીજે જ દિવસે ગેડ્ઝ હિલ આવી પહોંચ્યાં. પિતાની પથારી પાસે સૌ સૂમસામ બની બેસી રહ્યાં. ૯મી જૂને સાંજે છ વાગ્યે ડિકન્સનો શ્વાસોચ્છ્વાસ ધીમે પડી ગયો. છ અને દસ મિનિટે એ કણસ્યો અને એક દીર્ઘ નિશ્વાસ નાખી સદાને માટે સિધાવી ગયો. એના મૃત્યુના સમાચારથી દેશ વિદેશના એના વાચકોએ આંચકો અનુભવ્યો. એની ઇચ્છા તો હતી કે પોતાને પોતાના માનીતા ગેડ્ઝ હિલમાં જ દફનાવવામાં આવે. પણ લોકલાગણી જીતી ગઈ. ૧૫મી જૂને 'વેસ્ટમિન્સ્ટર ઍબી'ના 'પોએટ્સ કૉર્નર'માં અસંખ્ય લોકોએ ચોધાર આંસુએ એની દફનવિધિમાં હાજરી આપી. આમ ડિકન્સ મરીને પણ જીવનને તરી ગયો. એના મૃત્યુમાં પણ એક જીવનવીરના વિજયની ઝલક છે. છેલ્લી ઘડી સુધી પ્રવૃત્તિમાં રહી એણે મુસીબતોનાં ઝાડીઝાંખરાં કાપ્યે જ રાખ્યાં હતાં. એક પછી એક મુશ્કેલીને મહાત કરતો, હતાશાને હંફાવતો, દુ:ખોને દબાવતો પોતાના કીર્તિમંદિર પર ઉપરાઉપરી સિદ્ધિના સુવર્ણકળશ તે ચઢાવતો જ ગયો.

જગતના આ વિખ્યાત નવલકથાકારની સાહિત્યસેવા પણ માન ઉપજાવે તેવી છે. 'સ્કેચીઝ બાઈ બૉઝ'થી શરૂ કરીને 'એડવિન ડ્રૂડ' સુધીમાં એણે અનેક નવલકથાઓ, વાર્તાઓ ને રેખાચિત્રો આપ્યાં છે. એણે વિવિધ સામયિકોનું સરસ સંપાદન કર્યું છે. એણે કેટલાંક નાટકોનું સફળ સંચાલન અને દિગ્દર્શન કર્યું છે. 'સ્કેચીઝ' પછી એની પ્રથમ અને કીર્તિદા કૃતિ તે 'પિકવિક પેપર્સ'. એ કૃતિનાં અતિશયોક્તિભર્યાં ઠઠ્ઠાચિત્ર જેવાં પાત્રો અમર થઈ ગયાં છે. એ વખતે એ પાત્રોએ પ્રજામાનસ પર એવી પકડ જમાવેલી કે પિકવિક સિગાર ને પિકવિક હૅટ જેવી ચીજો ચલણી બનેલી. રમૂજભર્યા એ પ્રસંગોમાં ય માનવતાની મીઠી મહેક છે. એમાં ઇષ્ટાનિષ્ટ વચ્ચેના સંઘર્ષો નિરૂપાયા છે.

એની બીજી નવલ 'ઑલિવર ટ્વિસ્ટ' પણ એવું જ આકર્ષણ જમાવી રહી. પિકવિક અને સામ વેલરને જેટલા સ્નેહથી લોકો ચાહતા તેટલા જ તીવ્રતાથી 'ટ્વિસ્ટ'માં આવતા ફૅગિન ને બમ્બલને ધિક્કારવા લાગ્યા. 'નિકોલસ નિકલ્બી'માં યૉર્કશાયર શાળાના જુલ્મો અને એ વખતની અમાનુષી શિક્ષણપ્રથા પર સારા પ્રહારો છે. 'ધી ઓલ્ડ ક્યુરિયૉસિટી શૉપ'માં કિડ સ્વીવેલર અને ડૅનિયલ ક્વિલ્પની કૉમેડીને પડછે નાની નેલના મૃત્યુની કરુણતા ઘણાની આંખ ભીંજવે છે.

હાસ્યરસ સાથે સાથે ડિકન્સ હવે કરુણરસ પર પણ પોતાનો કાબૂ દર્શાવતો જાય છે. 'માર્ટિન ચઝલ્વિટ'માં અમેરિકાની 'લોકશાહી' પરના કટાક્ષો અને ત્યાંના ચાંચિયાઓનાં અતિશયોક્તિભર્યાં ઠઠ્ઠાચિત્રોએ તે વખતે અમેરિકામાં ખૂબ વિરોધ જગાવેલો. મિસિસ ગૅમ્પ અને પેકસ્નિફ જેવાં એ કથાનાં પાત્રો એનાં કેટલાંક અમર પાત્રોની યાદીમાં આવે તેવાં છે. નાતાલની વાર્તા 'કૅરોલ'માં ડિકન્સનું ઊંડું જીવનદર્શન છતું થાય છે. માણસ માણસ વચ્ચે કેવા સહાનુભૂતિ અને સ્નેહભર્યા સંબંધો હોવા

જોઇએ એની વાત એમાં કરી છે. ભૌતિક લોભલાલચોમાં આળોટતા કંજૂસ સ્કૉર્જનું પાત્ર આલેખી તેણે એ વખતના સમાજની એ માન્યતા પ્રત્યે ઉગ્ર તિરસ્કાર દર્શાવ્યો છે. આમ એ કૃતિ સામાજિક સુધારણાની વાત કરતી હાસ્ય-કરુણના મિશ્રિત પ્રકાર જેવી છે. નાતાલની બીજી વાર્તા 'ધ ચાઈમ્સ' તો 'કૅરૉલ' કરતાં ય વધુ પ્રસિદ્ધિ પામી. એના સ્ક્રૂજના પાત્રમાં સામાજિક નિર્દયતા પર તીવ્ર કટાક્ષો કરેલા છે. ક્રૂર ઍલ્ડરમૅન, ઉદાર જોસેફ અને ભૌતિકવાદી ફાઈલર આનાં મુખ્ય વેધક પાત્રો છે.

'ડૉમ્બી ઍન્ડ સન' નવલકથાનો પ્રારંભ એણે પારી(સ)માં કરેલો. એ વાર્તા ડિકન્સની પરિપક્વતાની પ્રથમ કૃતિ છે. વ્યક્તિગત દુષ્ટતાના પરિણામે અનિષ્ટ અને યાતના આવી પડે છે એવું એ આમાં માનતો નથી; પરંતુ સામાજિક વ્યવસ્થા અને બદલા તથા વેચાણની પ્રથાને લઇને વ્યક્તિ યાતનાનો ભોગ થઈ પડે છે એમ એનું કહેવું છે. આ કથાનું મુખ્ય પાત્ર ડૉમ્બી ગરીબોના કલ્યાણ પ્રત્યેની ઉદાસીનતાનું પ્રતીક બનીને આવે છે. સમાજના ધનિક ધુરંધરો જ સમાજની અવદશા માટે જવાબદાર છે એ વાત પર એણે એમાં ભાર મૂક્યો છે. 'ડેવિડ કૉપરફીલ્ડ' આત્મકથાત્મક કૃતિ છે. પોતાના શૈશવ અને યુવાનીના કટુ અનુભવોનો એણે એમાં નાટ્યાત્મક ઉપયોગ કર્યો છે. ડિકન્સનાં ચારિત્ર્ય ને કારકિર્દીની એ ઘડતરકથા છે અને 'ડિકન્સ'ને સમજવામાં એનું મોટું મહત્ત્વ છે.

'બ્લીક હાઉસ'માં એ વખતની સત્તાશાળી સ્વાર્થી સમાજરચના પર પ્રતીકાત્મક પ્રહારો કર્યા છે. મિસિસ જેલિબી અને મિસિસ પાર્ડિગલની ખોટી દાનવૃત્તિ, ચેડબૅન્ડનો ધાર્મિક દંભ, ચેઝની વૉલ્ડનો વર્ગ-હુંકાર, કૂડલ અને ખુડલના લોકસભાના ભ્રષ્ટાચારો વગેરે દ્વારા તત્કાલીન સમાજનું એણે અહીં અચ્છું વિશ્લેષણ કર્યું છે; તો 'હાર્ડ ટાઇમ્સ'માં યાંત્રિક ઉદ્યોગો પર પ્રહારો થયા છે. રાજકીય અર્થતંત્રના કાયદા-કાનૂનો શ્રમજીવી ગરીબોની વિરુદ્ધ વપરાતા હતા તેના પર એણે એમાં આકરા ચાબખા માર્યા છે.

'લિટલ ડૉરિટ' માર્શલસી કેદખાનાની ભૂમિકા પર રચાએલી, આખી માનવજાતને કેદ કરતી સમાજની કલંકિત અન્યાયી સામાજિક વ્યવસ્થા પ્રત્યે ઘૃણા પ્રગટ કરતી કૃતિ છે. 'અ ટેઈલ ઑાવ ટુ સિટીઝ' ફ્રાન્સની ક્રાંતિને કેન્દ્રમાં રખાએલી ઐતિહાસિક રસકથા છે. 'ગ્રેઈટ એક્સપેક્ટેશન્સ' પણ એની પરિણત પ્રજ્ઞાનું ફળ ગણાય છે. હેવિશામ દ્વારા વેર અને પ્રોવિસ દ્વારા ઉપકારના નિરૂપણની આ કથા છે. આ બન્ને પ્રવાહો એના કેન્દ્રસ્થ પાત્ર પિપને અસર કરે છે. 'અવર મ્યુચ્યુઅલ ફ્રેન્ડ'ની સફળતા પણ કંઈ ઓછી નહોતી. એની પહેલી પ્રતની ૩૦,૦૦૦ નકલો ત્રણ જ દિવસમાં ખપી ગઈ હતી.

આવું વિપુલ સાહિત્યસર્જન કરનાર ડિકન્સે સાહિત્યને સમાજસુધારણાના એક સાધન તરીકે અપનાવ્યું હતું. એણે પોતાની કૃતિઓમાં 'જીવન ખાતર કલા'નો મહિમા કર્યો છે. આથી નવલકથાના શુદ્ધ સાહિત્યસ્વરૂપની કસોટીએ એની નવલકથાઓ ભલે ઊણી ઊતરે, પણ માનવીય મૂલ્યોની મહત્તા ગાતી એની કૃતિઓ ચિરંજીવ રહેવા સર્જાએલી છે. એ વખતની અન્યાયી સમાજવ્યવસ્થા, સડી ગએલી શિક્ષણપ્રથા, માનવતાનો હ્રાસ કરતાં કેદખાનાં જેવાં કારખાનાંઓ, સ્વાર્થ અને સત્તાપિપાસુ રાજકીય વાતાવરણ, ભૌતિક સમૃદ્ધિના કીચડમાં આળોટતી માનવજાત, ગરીબોના ગંદા વસવાટો—આ બદીઓ ડિકન્સના સંવેદનતંત્રને ઝણઝણાવી ગઈ. એમાંથી જન્મ્યો એક ક્રાંતિકારી સમાજસુધારક ચાર્લ્સ ડિકન્સ. એની આવી કૃતિઓનાં પ્રકાશન પછી કેટલા ય અમાનુષી કાયદા-કાનૂનો સુધર્યા અને સમાજ ઊર્ધ્વ ગતિ તરફ વળ્યો એ એના સાહિત્યની ઓછી દેણગી નથી! એના સાહિત્યસર્જન પાછળ એક પ્રકારની નિષ્ઠા અને ચોક્કસ નીતિનાં દર્શન થાય છે. પોતાની કૃતિઓને એ સનાતન



ડિકન્સના મિત્રો અને સમકાલીન સાહિત્યકારોનો ફોટો-મૉન્ટાજ : બેઠેલા ડાબી બાજુથી–વિલિયમ થૅકરે, લૉર્ડ મૅકૉલે, લૉર્ડ બુલ્વર લિટન, ટૉમસ કાર્લાઈલ અને ચાર્લ્સ ડિકન્સ; પાછળ ઊભેલા : જી. મૅકડોનલ્ડ, જેમ્સ ફ્રાઉડ, વિલ્કી કૉલિન્સ અને ઍન્થની ટ્રોલોપ.

સંપત્તિ ગણતો. એને ઊતરતી કક્ષાનો સાહિત્યકાર—કલાકાર—કહેનારાઓને વિલિયમ અર્નેસ્ટ હેન્લીએ પોતાની કૃતિ 'ધ ફૉલ્ટ્સ ઑાવ ડિકન્સ' માં રદિયો આપ્યો છે: 'If he sinned, it was unadvisedly and unconsciously; if he failed it was because he knew no better.' G. K. Chesterton પણ લખે છે: 'Dickens did not write what the people wanted; Dickens wanted what the people wanted.'

સાહિત્યકાર તરીકે ડિકન્સ અમર રહેશે એના અદ્ભુત પાત્રસર્જન માટે. ડિકન્સની એક આગવી જ પાત્રસૃષ્ટિ છે. એ અમર પાત્રોનો સમર્થ સર્જક છે. આ બાબતમાં ક્વિલર કૂચ એને શેક્સપિયરથી બીજા નંબરે મૂકે છે. એ લક્ષણપાત્રો (types) હોવા છતાં ડિકન્સની કલમના જાદૂએ એમને જીવંત બનાવ્યાં છે. જ્યાં સુધી ડિકન્સનાં પાત્રો પ્રજા-હૃદયમાં જડાએલાં છે ત્યાં સુધી ડિકન્સનું સ્થાન અવિચલિત જ છે.

આવા સમર્થ સાહિત્યકારનું જીવન એક યુદ્ધકથા છે. જીવન જો રણભૂમિ છે તો ઘા માટે માણસે તૈયાર રહેવું જ જોઇએ, તે છે ડિકન્સના જીવનની ફલશ્રુતિ. એની સંવેદનપટુતા ઋજુ હોવા છતાં ય એ પોલાદી ઇચ્છાશક્તિનો ઈન્સાન છે. જીવનની વિટંબણાઓએ એને વિષણ્ણ કર્યો નથી, પણ વીર બનાવ્યો છે. મુસીબતોએ એના જીવનમાં માનવતાની મહેક ભરી છે. દુ:ખોએ એને દઝાડવાને બદલે દાનો બનાવ્યો છે. નિરાશાઓએ એને આશાનું અમૃતપાત્ર ધર્યું છે. સતત પરિશ્રમ ને પુરુષાર્થના પારસમણિએ કથીર શા સંજોગોમાંથી ડિકન્સનું જીવનકાંચન સર્જ્યું છે. પગલે પગલે સંકટોનો સામનો કરી એણે શ્વાસેશ્વાસે સુમન ફોરાવ્યાં છે. સામાન્યમાંથી અસામાન્ય બનનાર આ માનવીની મૃત્યુ-શતાબ્દીએ એણે પ્રગટાવેલ અ-મૃત જીવનસંદેશ આપણે ઝીલીએ તે જ એને સાચી અંજલિ હો. □

અંગ્રેજી સાહિત્યમાં શેક્સ્પીઅરના જેટલું જ વિશિષ્ટ સ્થાન ધરાવનાર નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સની જાણીતી નવલકથાનો સંક્ષેપ · જેમાં તેના શૈશવ ને યુવાવસ્થાનું ચિત્રણ છે.

ડેવિડ કૉપરફીલ્ડ

સંક્ષેપ: પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

મારી જીવનકથાનો આરંભ મારો જન્મ થયો ત્યારથી જ કરું. શુક્રવારે રાતે બાર વાગ્યે 'બ્લન્ડર સ્ટોન'માં મેં આ જગતનું પ્રથમ વાર દર્શન કર્યું. મેં આ પૃથ્વી પર આંખો ઉઘાડી તેના છ માસ અગાઉ જ મારા પિતાની આંખ મીંચાઈ ગઈ હતી.

મારા પિતાના મૃત્યુ પછીના એક શુક્રવારે મારી મા શગડી પાસે બેસીને તાપતી હતી. એના મુખ પર ચિંતા અને ઉદાસી હતી. અચાનક એક વિચિત્ર પોશાક પહેરેલી કોઈ સન્નારી સીધી જ ઘરમાં મારી મા પાસે ચાલી આવી. એ મારા પિતાની ફોઈ–મારી મોટી ફોઈ–હતી. એની વાત કરવાની રીત ટેડી હતી. મારી માને એ ફોઈબાની–એમનું નામ મિસ બેટ્સી ટ્રૉટવૂડ—આડીતેડી ટીકાઓ ગમી નહિ. અચાનક ફોઈબાએ કહ્યું: 'બેબી જ અવતરશે; ને એ છોકરી જન્મે ત્યારથી જ...' માએ તરત વિરોધ કરતી હોય તેમ કહ્યું: 'કદાચ બાબો આવશે...'

'નહિ...' ફોઈબાએ જરા સખ્તાઈથી કહ્યું: 'મેં કહ્યું ને, કે બેબી આવશે! ખોટી રકઝક નહિ જોઇએ! અને છોકરી જન્મે ત્યારથી જ હું તેની મોટી અમ્મા થવા માગું છું. તું એ બેબીનું નામ બેટ્સી રાખજે.'

આ વાતચીત દરમ્યાન જ મારી માને અચાનક બેચેની લાગવા માંડી. અમારી કામવાળી છોકરી પેગોટી, મારી માની નાજુક તબિયત પલકારામાં પામી ગઈ ને તત્કાળ ડૉક્ટરને તેડી લાવી. મધરાતે મારો જન્મ થયો. ડૉક્ટરે મોટાં ફોઈબાને વધામણી આપી: 'બાબો આવ્યો!'

ફોઈબા સાંભળી રહ્યાં. અને થોડી વાર પછી એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના ચાલતાં થઈ ગયાં, ને ત્યાર પછી ક્યારે ય અમારે ત્યાં દેખાયાં નહિ.

મારા બચપણના દિવસોનું સ્મરણ કરું છું ત્યારે મારી નજર સમક્ષ પહેલવહેલી પ્રગટે છે મારી મા, અને બીજી અમારી કામવાળી છોકરી પેગોટી...ધીમે ધીમે ચિત્રો સરતાં જાય છે. એક પ્રસંગ ચમકી રહે છે. પેગોટીની સાથે હું બેસીને વાંચું છું. આંખમાં ઊંઘ ભરાવા માંડે છે.

'ભાગ્યનું પીછું ફરે એટલી વાર છે'
એ મિ. મિકૉબરનું માનીતું સૂત્ર હતું



ત્યાં બહારથી મારી મા આવે છે. એના મુખની સુંદરતા અને ઝલક હું જોઈ રહું છું. માની સાથે કોઈક સજ્જન છે. એ મને થાબડવાનો પ્રયત્ન કરે છે. ન જાણે કેમ મને એ માણસ પ્રત્યે અભાવ થાય છે. મારી માને તે અડકે છે એની મને ઈર્ષા આવે છે.

બીજા રવિવારે એ સજ્જન ફરી વાર અમારે ત્યાં દેખાય છે. એનું નામ હવે હું જાણી ચૂક્યો છું: મિ. મર્ડસ્ટોન. એ ત્યાર પછી અવારનવાર મારી માને મળવા આવે છે. હું એને ઓળખી ગયો છું.

એક દિવસની વાત. પેગોટી મને કહે: 'ડેવી, હું મારા ભાઇને ઘેર પંદર દિવસમાટે જાઉં છું.તારે આવવું છે મારીસાથે? તને ત્યાં ખૂબ ગમશે.'

મેં કહ્યું: 'હું આવીશ, મા હા પાડશે તો.' પેગોટીએ ખાત્રી આપી: 'મા હા પાડશે જ.' અને સાચે જ માએ અમને તરત સંમતી આપી.

પેગોટીને ગામ અમે પહોંચ્યાં. એક નાનકડી બોટમાં, દરિયાકાંડે, કોરી કાઢેલું એનું ઘર જોઈ હું અજાયબ થઈ ગયો. મને ખૂબ મઝા પડી. પેગોટીના ભાઇએ મને ભાવપૂર્વક સત્કાર્યો. સાંજ સુધીમાં તો હું એમના કુટુંબમાં હળી ગયો. એમાં વસતી નાનકડી સુંદર એમિલી મને ખૂબ ગમી ગઈ. અમે કલાકોના કલાકો સાથે ઘૂમવામાં ગાળતાં. અમે પ્રેમી બની ગયાં. પંદર દિવસ ક્યાં સરકી ગયા તેની ખબરે ન પડી. મારે જવાનો દિવસ આવ્યો. એમિલી ઉદાસ હતી; હું ય બેચેન હતો. મેં પત્ર લખવાનું વચન આપ્યું. અમે વિખૂટાં પડ્યાં. હું ને પેગોટી ઘેર આવ્યાં ત્યારે મને જરા વિચિત્ર લાગ્યું. બારણે મને તેડવા મારી મા નહોતી. એક અજાણ્યો નોકર હતો. મને આશ્ચર્ય થયું. મેં પેગોટીને પૂછ્યું. 'મા...કેમ નથી?' પેગોટીએ મારો હાથ પકડ્યો. મને અંદર લઈ જતાં જરા કંપ સાથે કહે: 'ડેવી, મા તારે માટે 'પા' લાવી છે.'

અમે અંદર ગયાં. શગડી પાસે એક તરફ મા હતી, બીજી બાજુ મર્ડસ્ટોન. મને જોઈ મા ઉતાવળે ઊઠવા ગઈ પણ ભીરુતાથી અટકી ગઈ.

મર્ડસ્ટોને માને સૂચના આપી: 'આવી અધીરાઈ શી?' મને કહે: 'કેમ ડેવી, મઝામાં?' મારી મા મને ચૂમી લઈ, જરા થાબડી પાછી કામ પર બેસી ગઈ. હું મા કે પા સામે મીટ માંડી શક્યો નહિ. પા અમને બંનેને તીરછી નજરે નિહાળી રહ્યા હતા. લાગ મળતાં જ હું ત્યાંથી છટક્યો. ઉપર ગયો. મારો સૂવાનો ઓરડો બદલાઈ ગયો હતો: મારે માટે દૂરનો ખંડ નક્કી કરવામાં આવ્યો હતો. હું એક ખૂણામાં ભરાયો અને ઊંઘ આવી નહિ ત્યાં સુધી મન મૂકીને રડ્યો.

કોઈકનો અવાજ સાંભળીને હું જાગી ગયો: 'અરે, આ તો અહીં ઊંઘી ગયો છે!' મારી મા અને પેગોટી મને શોધતાં આવ્યાં હતાં.

'ડેવી,બેટા!' મારી માનો કંઠ રુંધાયો. મેં મારાં આંસુ સંતાડ્યાં. માને હું જરાક વળગ્યો ત્યાં કોકનો કઠોર હાથ મારા ખભાને અડક્યો. મર્ડસ્ટોન આવીને ઊભા હતા. માને કહે: 'આ બધું શું, ક્લેરા? આવી વેવલાઈ? તને કેટલી વાર કહેવાનું? જા, તું નીચે જા; હું ડેવીને લઈને આવું છું.'

હું ને પા એકલા રહ્યા. તેમણે બારણું વાસ્યું. સ્થિર નજરે મારી સામે જોઈ રહ્યા. મારા હૃદયના ધબકારા વધી ગયા. મને કહે: 'ડેવિડ, મારે જક્કી ઘોડાને કે કૂતરાને સીધોદોર કરવાનો હોય તો હું શું કરું, કહે જોઈએ?' 'મને ખબર નથી.' મેં કહ્યું.

'હું એને બરાબર ફટકારું ને એને ઠેકાણે લાવી દઉં, સમજ્યો? હવે તારું મોં ધોઈને ચૂપચાપ ચાલ નીચે મારી સાથે.'

અમે ત્રણે મૂગાંમૂગાં જમ્યાં. થોડીવારમાં કોઈકની ગાડી દરવાજે આવીને ઊભી. એમાંથી એક બાઈ ઊતરી. તે મારા 'પા'ની મોટી બહેન હતી: મિસ મર્ડસ્ટોન. તે અમારી સાથે રહેવા (અનુસંધાન પૃષ્ઠ ૪૯૭)

૧ ઑલિવર ટ્વિસ્ટ

તત્કાલીન સમાજનાં દૂષણો ઉપર કટાક્ષ કરતી કથા

પાત્રો

ઑલિવર ટ્વિસ્ટ—અનાથ વાર્તાનાયક
બમ્બલ—અનાથાશ્રમનો ક્રૂર સંચાલક
શ્રીમતી મૅન—અનાથાશ્રમની શાખાની નિર્દય દંભી સંચાલિકા
સૅાઅરબેરી—મસાણી   નોહ—સૅાઅરબેરીનો નોકર
જૅક ડૉકિન્સ—યુવાન ખિસ્સાકાતરુ
ફૅગિન—લુચ્ચો વૃદ્ધ યહૂદી; ખિસ્સાકાતરુઓની ટોળીનો નાયક
ચાર્લી બેઈટ્સ—ફૅગિનની ટોળીનો બીજો ખિસ્સાકાતરુ
બિલ સાઈક્સ—ફૅગિન સાથે સંકળાએલો ઘરફાડુ
ટૉબી ક્રેકિટ—સાઇક્સનો સાથીદાર
નાન્સી—ટોળીમાં ફસાએલી સ્ત્રીગુનેગાર
શ્રીમતી મેલી—વૃદ્ધ, ધનવાન, ભલી સ્ત્રી
કુ. રોઝ મેલી—શ્રીમતી મેલીની સુંદર યુવાન ભત્રીજી
મૅાક્સ—ઑલિવરનો દુષ્ટ ઓરમાન ભાઈ
શ્રીમાન બ્રાઉનલો—વૃદ્ધ, ઉદાર સજ્જન
શ્રીમતી બેડવિન—બ્રાઉનલોનું ઘર સંભાળનાર વૃદ્ધ બાઈ
શ્રીમાન ગ્રિમવિગ—બ્રાઉનલોનો વૃદ્ધ ધૂની મિત્ર

લંડનથી લગભગ પંચોતેર માઈલ દૂર આવેલા એક અનાથાશ્રમમાં ઑલિવર ટ્વિસ્ટને જન્મ આપી એની માતા મૃત્યુ પામી ત્યારે એ બાઈ વિષે કોઈ પણ માહિતી નહોતી. આથી એને આઠ-દસ મહિના દૂધની શીશી પર ઉછેરવામાં આવ્યો. પછી ત્રણેક માઈલ દૂર આવેલી, અનાથાશ્રમની શ્રીમતી મૅન સંચાલિત એક શાખામાં એને મૂકયો. અહીં બાળકોના ઉછેર માટે આપવામાં આવતાં સરકારી નાણાં હડપ કરી જતી શ્રીમતી મૅનની બેદરકારી નીચે અપૂરતા અને અ-પોષણયુક્ત આહારથી અર્ધભૂખી અવસ્થામાં એણે આઠ વર્ષ પસાર કર્યાં. ત્યાં એક દિવસ મુખ્ય અનાથાશ્રમના સંચાલક મિ. બમ્બલ તેને પોતાની દેખરેખ નીચે લઈ ગયા. ત્યાં પણ એ જ સ્થિતિ! ત્રણચાર માસ પછી એક દિવસ એણે બીજા કિશોરો વતી વધારે કાંજીની માગણી કરી એટલે એને પૂરી દેવામાં આવ્યો, અને એને પાંચ પાઉન્ડે વેચવા કાઢી તેની જાહેરાત અનાથાશ્રમના દરવાજે ચોંટાડવામાં આવી. થોડાં અઠવાડિયાં પછી સૅાઅરબેરી નામનો એક મસાણી ઑલિવરને પોતાને ત્યાં નોકર તરીકે લઈ ગયો. ત્યાં એક દિવસ બીજો નોકર નોહ ઑલિવરની માતા વિષે એલફેલ બોલ્યો. આથી ઉશ્કેરાઈ જઈ તેણે નોહને સખત માર્યો. પરિણામે સૅાઅરબેરીની પત્નીએ એને ભોંયરામાં પૂરી દીધો અને જ્યારે સૅાઅરબેરીએ બહારથી આવી આ જાણ્યું ત્યારે તેણે એને વધુ ફટકાર્યો અને માળિયા પર સૂઈ જવા ધકેલી દીધો. સવાર થતાં પહેલાં તો ઑલિવર ત્યાંથી નાસી છૂટચો.

સાત દિવસે એ થાકયોપાકયો લંડનના એક પરામાં પહોંચ્યો. ત્યાં 'લુચ્ચા ડૉજર'ને નામે ઓળખાતા જૅક ડૉકિન્સનો એને ભેટો થઈ ગયો. એ એને લંડન શહેરમાં લઈ ગયો અને ફૅગિન નામના એક વૃદ્ધ, કંજૂસ અને ક્રૂર યહૂદી ખિસ્સાકાતરુને સોંપ્યો. બીચારો ઑલિવર! પેલા વૃદ્ધે એને ખિસ્સાકાતરુની તાલીમ આપવા માંડી. એક દિવસ એ ટોળકીના બે શાગિર્દ પેલો ડૉજર અને ચાર્લી બેઈટ્સ ઑલિવરને લઇને એક પુસ્તકવિક્રેતાની દુકાન પાસેથી પસાર થયા. ત્યાં એક વૃદ્ધના ખિસ્સામાંથી પેલા બે શાગિર્દોએ હાથરૂમાલ સરકાવી લીધો. ઑલિવરે આ



ફરી પાછો ટ્વિસ્ટ ફૅગિનના હાથમાં ઝડપાઈ ગયો.

જોયું અને હેબતાઈ ગયો. ભયનો માર્યો એ મૂઠીઓ વાળીને નાઠો; પણ થોડી જ વારમાં પોલીસને હાથે ઝડપાઈ ગયો અને એને ન્યાયાધીશ સમક્ષ ખડો કરવામાં આવ્યો, જ્યાં પેલા પુસ્તકવિક્રેતાની સાક્ષીથી ન્યાયાધીશે એને નિર્દોષ ગણાવી છોડી મૂકયો અને જેમનો હાથરૂમાલ ગયો હતો તે ભલા પુરુષ મિ. બ્રાઉનલો દયા ખાઈ એને પોતાને ઘેર લઈ ગયા. ત્યાં એમનું ઘર સંભાળનાર બાઈ શ્રીમતી બેડવિન એની પ્રેમપૂર્વક સંભાળ લેવા લાગી. જોકે બ્રાઉનલોના મિત્ર ગ્રિમવિગે તો ઑલિવરને રાખવા સામે ચેતવણી જ આપી, છતાં બ્રાઉનલોએ ઑલિવરને થોડાં પુસ્તકો અને પાંચ પાઉંડ આપી પેલા પુસ્તકવિક્રેતાને ત્યાં મોકલ્યો. એ પાછો નહિ ફરે એમ ગ્રિમવિગે છાતી ઠોકીને કહ્યું, અને બ્રાઉનલોના આશ્ચર્ય વચ્ચે એમ જ બન્યું.

પરંતુ ઑલિવર નાસી નહોતો ગયો. પેલી ખિસ્સાકાતરુ ટોળકીના બે સભ્યો–કુ. નાન્સી અને બિલ સાઇક્સ એને ઉઠાવી ફૅગિનને ત્યાં પાછો લઈ ગયા હતા. હવે ફૅગિન એને પોતાના ફંદામાં ફસાવવા મથી રહ્યો. દરમિયાનમાં ચૅર્ટસીમાં એક ઘર ફોડવાની યોજના ઘડાઈ ગઈ. ઑલિવરે પણ એમાં ભાગ લેવાનો હતો. બિલ સાઈક્સ, ટૉબી ક્રેકિટ અને ઑલિવરની ત્રિપુટી નીકળી પડી પેલું ઘર ફોડવા. ત્યાં નાની બારી વાટે ઑલિવરને ઘરમાં પ્રવેશવું પડયું. પણ ત્યાં જ નોકરો જાગી ગયા. એક ધડાકો થયો ને ઑલિવર ઘવાયો. એને લઈ બિલ અને ટૉબી પલાયન થઈ ગયા, પણ એને અધવચ જ એક ખાડામાં નાખીને નાસી છૂટચા. બીજે દિવસે ભાનમાં આવેલો ઑલિવર લથડિયાં ખાતો ખાતો જે ઘર ફોડયું હતું ત્યાં જ અકસ્માત જઈ પહોંચ્યો. ત્યાં ઘરમાલિક શ્રીમતી મેલી અને એમની દત્તક પુત્રી કુ. રોઝે ઑલિવરની દુઃખભરી દાસ્તાન સાંભળી અને એમનાં દિલ દ્રવી ઊઠયાં. મેલીના ડૉક્ટર લૅાસબર્ને ઑલિવરને પોલીસ તપાસમાંથી બચાવી લીધો.

આ તરફ ફૅગિન અને એનો એક સાથીદાર મૅાક્સ ઑલિવરને આજીવન ગુનેગાર રાખવાની મસલત કરી રહ્યા હતા. એ વાર્તાલાપ નાન્સી છાનીમાની સાંભળી ગઈ અને નિર્દોષ ઑલિવર તરફની સહાનુભૂતિથી પ્રેરાઈ કુ. રોઝને એણે બધી બાતમી આપી દીધી. પછી જો જરૂર પડે તો રવિવારે લંડન પુલ પર રાત્રે ૧૧ થી ૧૨ વચ્ચે પોતે રોઝને મળવા આવશે એમ નક્કી કર્યું. ઑલિવરને તો હવે પાછો પેલા બ્રાઉનલોને સોંપવામાં આવ્યો હતો. એમનું મિલન અત્યાનંદપ્રેરક હતું.

નક્કી કર્યા પ્રમાણે બીજા રવિવારે નાન્સી લંડન પુલ પર રોઝ અને



ભલી ધનવાન શ્રીમતી મેલીના ઘરમાં ટ્વિસ્ટ આશ્રય પામ્યો ત્યાં પણ ફગિન હજી એનો પીછો છોડતો નથી.

બ્રાઉનલોને મળી અને પેલા મૅાક્સ વિશેની બધી જ માહિતી આપી દીધી. મિ. બ્રાઉનલોએ નાન્સીને સહીસલામત રીતે પોતાને ત્યાં રહેવા જણાવ્યું. પણ બિલના પ્રેમાકર્ષણને લઈને નાન્સીએ આ કૃપા નકારી. થયું એવું કે આ બધી ગુફ્તેગો ફગિનની ટોળીમાં ભળેલો નવો ગઠિયો નોહ સાંભળી ગયો હતો. ફગિને એને એ માટે જ મોકલ્યો હતો. એણે નાન્સીના આ વર્તનની વાત ફગિન અને પછી બિલને કરી. બિલ ઉશ્કેરાઈ ગયો અને નાન્સીનું કરપીણ ખૂન કર્યું, ડરનો માર્યો એ ભાગ્યો અને પરાંઓમાં રખડતો રખડતો એક ગામડાની ધર્મશાળામાં પહોંચ્યો. ત્યાં એણે જાણ્યું કે પોતે નાન્સીના ખૂની તરીકે ઓળખાઈ ગયો છે અને એને પકડવા આકાશપાતાળ એક કરવામાં આવી રહ્યાં છે. એ ખૂબ અકળાયો. નાન્સીનું ભૂત જાણે એના મનનો પીછો કરી રહ્યું હતું. આ પરિતાપથી બચવા તે ફરી લંડન પહોંચ્યો ને જૅકબ્ઝ આઇલૅંડ પર જઈ એક મકાનમા રહ્યો. ત્યાં એનો જૂનો સાથી ચાર્લી બેઈટ્સ એને ઠપકો આપવા ગયો એટલે બિલે એને એક કોટડીમાં પૂરી દીધો. બેઈટ્સે ધમાલ અને બુમરાણ મચાવી તેથી શેરીમાં પોલીસ અને લોકો એકઠા થઈ ગયા. જાન બચાવવા બિલ એ મકાનની પાછળની બારીએ દોરડાનો ગાળિયો લટકાવી નાસી જવા જતો હતો ત્યાં જ એ ગાળિયામાં પોતે ફસાઈ ગયો અને મૃત્યુ પામ્યો. દુષ્કૃત્યનો કેવો દૈવન્યાય!

દરમિયાનમાં મિ. બ્રાઉનલોએ મૅાક્સને શોધી કાઢયો હતો. એને પોલીસમાં સોંપવાની ધમકી આપી એની પાસેથી બધી વાત કઢાવી લીધી. મૅાક્સનું ખરું નામ હતું એડવર્ડ લીફોર્ડ. એના પિતાનું નામ પણ એ જ હતું. એ તો મિ. બ્રાઉનલોના મિત્ર નીકળ્યા, એ મૅાક્સના પિતા લીફોર્ડ પત્ની સાથે અણબનાવ થતાં છૂટા પડેલા, એટલે મૅાક્સ પોતાની ત્યક્તા માતા સાથે રહેવા લાગેલો. દરમ્યાન પિતા લીફોર્ડ ઇંગ્લૅંડ ગયા અને પાછળથી એક નિવૃત્ત નૌકા-અધિકારીની ૧૭ વર્ષની પુત્રીના પ્રેમમાં પડયા. તેને એક બીજી ત્રણ વર્ષની નાની બહેન પણ હતી. પેલી સગર્ભા બની. પણ એમનાં લગ્ન થાય એ પહેલાં જ લીફોર્ડને અનિવાર્ય કારણસર રોમ જવું પડયું. ત્યાં એ માંદો પડયો ને મૃત્યુ પામ્યો. પેલી સગર્ભા છોકરી ગભરાઈ ગઈ. એ આબરૂ બચાવવા નાઠી ને બમ્બલના અનાથાશ્રમમાં ઑલિવરને જન્મ આપી સદાને માટે પોઢી ગઈ. એની પેલી નાની બહેન તે કુ. રૅાઝ, ને ઑલિવર તે મૅાક્સનો ઓરમાન ભાઈ.

ઉડાઉ મૅાક્સ હવે ઘસાઈ ગયો હતો. અને ઑલિવરનો ભાગ પચાવી પાડવા માગતો હતો. એણે બમ્બલની પત્નીને લાંચ આપી ઑલિવરની માતાએ મૂકેલાં વીંટી અને બાજુબંધ લઈ લીધાં અને એ પુરાવા નદીમાં પધરાવી દીધા. એણે જ ઑલિવર જિંદગીભર ગુનેગાર રહે એ માટે ફગિનને પણ લાંચ આપી હતી. મૅાક્સની આ વાતથી બ્રાઉનલો અને રૅાઝનું વ્હાલ ઑલિવર પ્રત્યે વધી પડયું. હવે મૅાક્સ પિતાની મિલકતનો સરખો ભાગ ઑલિવરને આપી ચાલ્યો ગયો. ફરી મૅાક્સ પૈસેટકે ઘસાઈ જતાં ગુનેગારની જિંદગી ગુજારવા લાગ્યો અને એક જેલમાં મરણને શરણ થયો.

ત્યાં પોલીસે હવે ફગિનને પકડી લીધો હતો. એના અનેક ગુનાઓ હતા. એના પર મુકદ્દમો ચાલ્યો ને મોતની સજા થઈ. લોકોએ એ સાંભળી આનંદની ચિચિયારીઓ પાડી. જેલની કાળી કોટડીમાં પોતાનાં પૂર્વજીવનનાં પાપોથી પીડાતો ફગિન પાગલ જેવો બની ગયો અને અંતે ન્યૂગેટ પાસે એને જાહેરમાં ફાંસીને માંચડે લટકાવવામાં આવ્યો.

આ તરફ શ્રી બ્રાઉનલોએ ઑલિવરને દત્તક લઈ લીધો અને ચૅરટસીમાં મેલી પરિવારની પડોશમાં એઓ રહેવા ગયા. આ પાલક પિતાની વત્સલ હૂંફ નીચે ઑલિવરે સુખના શ્વાસ ભરવા માંડયા. એક ભદ્ર અને પ્રામાણિક પુરુષ થવા એણે આત્મશિક્ષણ આરંભ્યું. દૈન્ય અને દુ:ખના દિવસો પૂરા થયા અને સત્‌નો અસત્‌ પર વિજય થયો!


૨ નિકોલસ નિકલ્બી

અમાનુષી શાળાઓ ને શિક્ષણ પર કટાક્ષ કરતી કથા

પાત્રો

ગૉડફ્રે નિકલ્બી – રાલ્ફ અને નિકોલસના પિતા તેમજ વાર્તાનાયકના દાદા
રાલ્ફ – ગૉડફ્રેનો મોટો પુત્ર નિકોલસ – ગૉડફ્રેનો નાનો પુત્ર
નિકોલસ નિકલ્બી – રાલ્ફના નાના ભાઈ નિકોલસનો સમનામી પુત્ર
કેઇટ – નિકોલસની બહેન અને રાલ્ફની ભત્રીજી
સ્કવીઅર્સ – શાળાનો માલિક શિક્ષક
ન્યૂમૅન નૅાગ્ઝ – રાલ્ફનો જૂનો કારકુન
ફ્રાન્ક ચીઅરીબલ – ભલો વેપારી ચાર્લ્સ ચીઅરીબલ – ફ્રાન્કનો ભાઈ
મેડેલાઇન – બેની પુત્રી; ચાર્લ્સની પ્રેયસીની પુત્રી
સ્માઇક – એક નિર્દોષ બાળક

લંડનવાસી ગૉડફ્રે નિકલ્બી ઓછી આવક છતાં યે પરણ્યો અને બે પુત્રો થતાં વધુ કફોડી સ્થિતિમાં મુકાયો. સદ્‌ભાગ્યે કાકા તરફથી પાંચ હજાર પાઉન્ડનો વારસો મળ્યો અને ડેવનશાયરમાં નાનકડું ઘર ખરીદી શાંતિમય જીવન ગુજારતાં ગુજારતાં એ પંદર વર્ષે મૃત્યુ પામ્યો.



નિર્દોષ સ્માઇક પરનો જુલમ સહી ન શકવાથી નિકોલસ શાળામાલિક સ્કવીઅર્સ પર તૂટી પડયો.

તેનો નાનો પુત્ર નિકોલસ પ્રામાણિક, પ્રશાંત અને પરગજુ હતો; જ્યારે મોટો રાલ્ફ ચાલાક, ચંચળ અને ચાલબાજ હતો. બન્ને ભાઇઓ અલગ થઈ ગયા. પછી નિકોલસ એક પુત્ર અને એક પુત્રીનો પિતા બન્યો. પુત્રનું નામ પણ નિકોલસ. પૈસાની ખેંચ પડતાં એણે સટ્ટો ખેલ્યો અને હતું તે પણ ગુમાવ્યું. આ આઘાતથી તે મૃત્યુ પામ્યો. તેની પત્નીએ પત્ર લખી જેઠ રાલ્ફને સમાચાર આપ્યા. નિરાધાર ભાભી, ભત્રીજા અને ભત્રીજીની વ્યવસ્થા કરવા એ એમને ત્યાં પહોંચી ગયો.

કાકાએ ભત્રીજા નિકોલસને સ્કવીઅર્સની શાળામાં વાર્ષિક પાંચ પાઉન્ડના પગારથી મદદનીશ શિક્ષકની નોકરી અપાવી. બીજે જ દિવસે ૨૦૦થી પણ વધારે માઈલની મુસીબતભરી મુસાફરી કરી યૉર્કશાયરમાં સ્કવીઅર્સની શાળામાં એ પહોંચ્યો. શાળાનું મકાન અસ્વચ્છ, અગવડ-ભર્યું, અંધારિયું અને અવ્યવસ્થિત હતું. નિકોલસને માટે રહેવાની કોઈ ખાસ વ્યવસ્થા નહોતી. ગમે ત્યાં એને પડચા રહેવું પડતું. આવા સં-જોગોમાં શાળાનાં બાળકોની વ્યવસ્થા વિષે તો પૂછવું જ શું ? એક પથારી-માં એકથી વધારે બાળકોને સૂવાનું. ભણાવવાનું પણ એવું જ. શિક્ષકે મરજી ફાવે તેમ અને ત્યારે થોડુંઘણું ભણાવી નાખવાનું. બાળકોનાં મા-બાપ તરફથી આવતા પૈસા પણ આ સ્કવીઅર્સ દંપતી હજમ કરી જતાં. એમને ખાવાનું પણ ઓછું આપતાં. માબાપે મોકલાવેલાં નવાં કપડાં શ્રીમતી સ્કવીઅર્સ પોતાનાં સંતાનો માટે રાખી લેતાં અને એમનાં ઊત-રેલાં કપડાં વિદ્યાર્થીઓને પહેરાવતાં. પરિણામે વિદ્યાર્થીઓ શાંત અને ગરીબડા, નિસ્તેજ અને નિર્જીવ જણાતા. વાતાવરણ પણ ગમગીન અને ગંગળામણુ હતું. છોકરાઓને કંઇ ને કંઇ મજૂરી કરવી પડતી. આ ક્રૂર અને કરુણ કેળવણી પ્રથાથી નિકોલસ નિરાશ થઈ ગયો. આવા વાતાવરણમાં ત્યાં અભ્યાસ કરતો એક નિખાલસ ને નિર્દોષ બાળક સ્માઈક નિકોલસને સ્પર્શી ગયો. આ તરફ રાલ્ફે ભત્રીજી કેઇટને એક કપડાં બનાવનારની દુકાનમાં નોકરી અપાવી અને લંડનના પોતાના એક જૂના મકાનમાં એ મા-દીકરીને રહેવાની પણ વ્યવસ્થા કરી આપી.

નિકોલસ તો હવે નૈરાશ્યથી નીરસપણે શિક્ષણકાર્ય કર્યે જતો હતો. એ સ્માઈકની પૂરતી દેખરેખ રાખતો. પણ આથી તો સ્માઇકને શિક્ષક સ્કવીઅર્સ તરફથી વધારે માર પડતો. અમાનુષી અત્યાચારોથી તંગ આવી જઈ એક જાન્યુઆરી માસમાં એ શાળા છોડીને નાસી ગયો. ચોવીસ કલાકની સતત શોધ પછી સ્માઇકને પાછો પકડી લાવવામાં આવ્યો. એને હવે નેતરની સોટીથી સ્કવીઅર્સે બરાબરનો ફટકારવા માંડયો. નિકોલસ આ ત્રાસ જોઈ ન શકવાથી વચ્ચે પડયો અને સ્કવીઅર્સને મૂઢ માર મારી બેહોશ બનાવી દીધો. દરમિયાનમાં સ્માઇક નાસી છૂટયો હતો. હવે તો નિકોલસ પણ કંટાળ્યો હતો. એ પણ આ અત્યાચારના અડ્ડા જેવી નિશાળને છેલ્લી સલામ કરી ચાલી નીકળ્યો. લંડન જતાં રસ્તામાં જ એને સ્માઇકનો ભેટો થઈ ગયો. બન્ને જણ લંડન પહોંચ્યા અને રાલ્ફના કારકુન ન્યૂમૅન નૉગ્ઝના ઘરે ગયા. ત્યાર પછી નિકોલસ માતા અને બહેનને મળ્યો અને સ્કવીઅર્સના જુલ્મોની અથેતિ વાત કરી.

પણ નિકોલસ સ્માઇકને પોતાના મિત્ર સ્કવીઅર્સ પાસેથી છોડાવી લાવ્યો હતો એ રાલ્ફને ગમ્યું નહિ અને એનો વિરોધી બની ગયો. નિકોલસે હવે લંડનમાં નવી રોજગારી શોધવા માંડી; પરંતુ ક્યાંય પત્તો ન લાગતાં એ સ્માઇક સાથે લંડન છોડી ચાલી નીકળ્યો. થોડા દિવસ બાદ એને એક નાટક મંડળીમાં કામ મળ્યું. પણ એટલામાં જ ન્યૂમૅન નૉગ્ઝનો પત્ર આવ્યો અને પોતાના કુટુંબની વ્યવસ્થા કરવા એને લંડન પાછા ફરવું પડયું. એણે પોતાના કુટુંબને કાકા રાલ્ફના ઘરમાંથી એક કુ. ક્રીવીના ઘરમાં ખસેડયું ને આખો પરિવાર ત્યાં ઠરીઠામ થયો.

નોકરીની શોધમાં નીકળેલા નિકોલસને રોજગાર–વિનિમયની કચેરી પાસે એક ભલા ગૃહસ્થ મિ. ફ્રાન્ક ચીઅરીબલનો ભેટો થઈ ગયો. નિકોલસ-



ચીઅરીબલે નિકોલસને પોતાની પેઢી પર રાખી લીધો

નો પૂર્વવૃત્તાંત સાંભળી તેના પર એમને લાગણી થઈ આવી અને પોતાની પેઢી પર વાર્ષિક ૧૨૦ પાઉન્ડના પગારથી કારકુનની નોકરી પર રાખી લીધો. મિ. ચીઅરીબલના ભાઈ ચાર્લ્સ ચીઅરીબલે પણ નિકોલસ પ્રત્યે મમતા વ્યક્ત કરી અને પોતાનું એક મકાન ઓછા ભાડે રહેવા કાઢી આપ્યું. નવાં આશા અને ઉત્સાહમાં નિકોલસના પરિવારે જીવન શરૂ કર્યું.

એક દિવસ વિશ્વાસુ નિકોલસને ચાર્લ્સ ચીઅરીબલે પોતાની મૃત પ્રેયસીની પુત્રી કુ. મેડેલાઇનને ત્યાં એક કામે મોકલ્યો. મેડેલાઇન પોતાના પિતા બ્રેને ત્યાં રહેતી હતી ને આજીવિકા માટે ચિત્રકામ ને ભરતકામ કરતી હતી. પણ બ્રે ચાર્લ્સને ધિક્કારતા હતા. નિકોલસે તેનાં ચિત્રો અને ભરત ચાર્લ્સ વતી ઊંચી કિંમતે ખરીદી લેવાનાં હતાં, જેથી મેડેલાઇનને આર્થિક મદદ થાય. આ યોજના પ્રમાણે નિકોલસ મેડેલાઇન પાસેથી બે ચિત્રો ખરીદી લાવ્યો. મેડેલાઇન સાથેની એની આ પ્રથમ મુલાકાત.

આ દરમિયાન એક વાર રાત્રે સાડા આઠના શુમારે સ્માઇક ઘેર પાછો ફરતો હતો ત્યારે સ્કવીઅર્સ અને એના પુત્રે એને પકડી લીધો. એઓ લંડનમાં જ્હૉન બ્રૉડીના લગ્નની મિજબાનીમાં આવ્યા હતા. સ્માઇકને પકડીને એમણે એક મિ. સ્નૉલીના મેડા ઉપર પૂરી દીધો. વાતવાતમાં મિ. બ્રોડીને આની જાણ થઈ. સૌ સ્નૉલીને ત્યાં ગયા. પોતાની તબિયત બરાબર નથી એવું બહાનું કાઢી બ્રૉડી ઉપર ગયો, ને ખૂબીથી સ્માઇકને ત્યાંથી નસાડી મૂક્યો. ને સ્માઇક હેમખેમ નિકોલસ પાસે પહોંચી ગયો.

એક રાત્રે જ્યારે ઘરમાં બધાં આનંદથી જમતાં હતાં ત્યારે પોતાના મિત્ર(અને નિકોલસના કાકા)રાલ્ફ તથા સ્નૉલીને લઈ સ્કવીઅર્સ ત્યાં આવી ચડયો અને સ્માઇકને પાછો સોંપવાની માગણી કરતાં કહ્યું કે સ્માઇક સ્નૉલીનો પુત્ર છે. પરંતુ સ્માઇકે તેમની સાથે જવાની ના પાડી એટલે નિકોલસે સ્પષ્ટ ઇન્કાર કર્યો અને પેલાઓ વીલે મોઢે પાછા ફર્યા.

બીજી બાજુ મેડેલાઇનનો પિતા બ્રે, ગ્રાઇડ નામના એક સુંદર યુવાન શરાફના દેવામાં ડૂબી ગયો હતો. ગ્રાઇડ આ પરિસ્થિતિનો લાભ લઈ કુ. મેડેલાઇન સાથે લગ્ન કરવા માગતો હતો. આ બાબતમાં એણે રાલ્ફની મદદ માગી. રાલ્ફ પણ મિ. બ્રેની પાસે પૈસા માગતો હતો. તેણે સોદો કર્યો કે જો બ્રે પાસેનું પોતાનું લહેણું ગ્રાઇડ ભરપાઈ કરી આપે અને ઉપરથી થોડી રકમ આપે તો પોતે તેને મદદ કરે. ગ્રાઇડ કબૂલ થયો અને એ બંને જણ બ્રેને ત્યાં પહોંચ્યા. રકઝકને અંતે પિતા-પુત્રી લગ્ન માટે સંમત થયાં. પણ ત્યાં કબાટ પાછળ છુપાઈ રહેલો ન્યૂમૅન આ યોજના સાંભળી ગયો. એને મેડેલાઇનના ભાવિ માટે દયા ઊપજી અને નિકોલસને બધી વાત કરી. લગ્નના આગલે દિવસે જ નિકોલસ બ્રેના ઘેર પહોંચ્યો


અને ત્યાં આવેલા રાલ્ફ તથા આઇડને પાછા કાઢ્યા. ત્યાં જ મેડા પર એ અચાનક મૃત્યુ પામ્યો અને મેડેલાઇન બેભાન બની ઢળી પડી. નિકોલસ એને ગાડીમાં નાખી પોતાને ત્યાં લઈ આવ્યો અને આમ આઇડની દુષ્ટ યોજના ભાંગી પડી.

નિરાશ થએલો રાલ્ફ આથી હવે ઉશ્કેરાયો અને પોતાના કામમાં આડે આવતા નિકોલસ પર વેર લેવાની વૃત્તિ એને થઈ આવી. એણે ચિઠ્ઠી લખી સ્ક્વીઅર્સને બોલાવ્યો અને આઇડ તેમ જ મેડેલાઇનનાં લગ્ન કેવી રીતે ભાંગી પડયાં એ વાત કરી. એણે એમ પણ કહ્યું કે મેડેલાઇનનો મોટો વારસો આઇડને મળવાનો છે અને એ વસિયતનામું એક ઘરડી બહેરી બાઈ ચોરી ગઈ છે. જો સ્ક્વીઅર્સ એ કાગળિયાં તફડાવી લાવે તો તેને સો પાઉંડ આપવામાં આવશે. લોભિયો સ્ક્વીઅર્સ પેલી બાઈને ત્યાં ગયો; પરંતુ ફ્રાન ચીઅરીબલ અને ન્યૂમૅન નૉગ્ઝ ત્યાં પહોંચી ગયા એમણે સ્ક્વીઅર્સના હાથમાંથી પેલાં કાગળિયાં પડાવી લીધાં અને ચોરીના આરોપસર સ્ક્વીઅર્સને જેલ થઈ. આ બાજુ એમની શાળામાં હવે દબાયેલા કચડાયેલા છોકરાઓએ બળવો પોકાર્યો અને શાળા બંધ પડી. આમ એક કરુણ કારાગારનો અંત આવ્યો!

દરમ્યાન સ્માઇક હવે ખૂબ બીમાર પડી ગયો હતો. દિવસે દિવસે તેનું શરીર ઘસાતું જતું હતું. નિકોલસ એની પૂરી દેખભાળ રાખતો હતો છતાં ય એક પાનખરમાં તે મૃત્યુ પામ્યો. રાલ્ફ પણ લંડનમાં દુઃખીદુઃખી થઈ ગયો. એણે સંપત્તિ અને સત્તા ગુમાવ્યાં હતાં અને એના મિત્રો એને છોડી ગયા હતા. છેવટે બ્રૂકરે ભંડો ફોડયો કે સ્માઇક તો રાલ્ફનો જ પુત્ર હતો અને પોતે કાવતરું કરીને એને સ્ક્વીઅર્સની શાળામાં મૂકી આવ્યો હતો! રાલ્ફને આથી વધારે ઊંડો આઘાત લાગ્યો. ધનની પાછળ આંધળી દોટ મૂકી પોતે બધું જ ગુમાવ્યું છે એ વાતનો પશ્ચાત્તાપ થતાં એણે પોતાના મેડે જઈ ગળે ફાંસો ખાધો!

આ તરફ નિકોલસ અને મેડેલાઇન હવે પરણી ગયાં અને નિકોલસની બહેન કેઈટનાં લગ્ન ફ્રાન્ક ચીઅરીબલ સાથે થઈ ગયાં. મેડેલાઇનને મળેલો વારસો ચીઅરીબલની વ્યાપારી પેઢીમાં રોકવામાં આવ્યો અને નિકોલસ હવે એ પેઢીનો ભાગીદાર બન્યો. આ રીતે ઘણાં ઘણાં કષ્ટસહનને અંતે નિકોલસ સુખી જીવન પામ્યો.

એક ગ્રામ યુવકની મુરાદોની મહેલાતોના પતનોત્થાનની-વેર અને વહાલની હર્ષશોકભરી કથા



પિપને ધમકી આપીને એણે કહ્યું.

લંડનમાં પિપ ભદ્રલોકનું જીવન જીવવા લાગ્યો.

૩ મોટી મોટી મુરાદો

પાત્રો

પિપ—વાર્તાનાયક; જો ગાર્ગેરીનો સાળો
જો ગાર્ગેરી—પિપનો ગરીબ પણ પ્રેમાળ બનેવી
હેવિશામ—સુંદર, સમૃદ્ધિવાન, સ્વપ્નભગ્ના સ્ત્રી
એસ્ટેલા—હેવિશામની દત્તક પુત્રી; પિપની સ્વપ્નસુંદરી
પ્રોવિસ—નાસતો ફરતો વૃદ્ધ ગુનેગાર કેદી; ખરું નામ ઍબલ મૅગવિચ
કૅમ્પેસન—લગ્નને દિવસે જ હેવિશામનો ત્યાગ કરનાર દુષ્ટ પ્રેમી
બેન્ટલી ડ્રૂમલ—લંડનમાં પિપનો સહાધ્યાયી
હર્બર્ટ પૉકેટ—હેવિશામનો દૂરનો ભત્રીજો, પિપનો જિગરજાન દોસ્ત
જૅગર્સ—મિતભાષી સજ્જન વકીલ
બિડી—શ્રીમતી ગાર્ગેરીની અસ્વસ્થ તબિયતમાં ઘર સંભાળનાર છોકરી

લંડનથી થોડે દૂર સાગરકાંઠાના એક નાના ગામડામાં મા-બાપ વિહોણો પિપ પોતાનાં બહેન-બનેવીને ત્યાં ઊછરતો હતો. તેની બહેન શ્રીમતી ગાર્ગેરી ક્રૂર અને કર્કશા હતી. તેનો બનેવી જો ગાર્ગેરી સીધો સાદો ગામઠી લુહાર હતો, પણ પિપ પર ખૂબ હેત રાખતો.

એક દિવસ નાતાલની સાંજે પિપ પોતાની માની કબર પાસે બેઠો હતો ત્યાં પગમાં લોખંડી સાંકળવાળો કોઈ વિચિત્ર કદાવર અજાણ્યો માણસ આવી ચડયો. એ ભાગી છૂટેલો કેદી હતો. પિપને ધમકી આપી એણે થોડો ખોરાક અને કાનસ લઈ આવવા કહ્યું. પિપે એ લાવી આપ્યાં એટલે જતાં જતાં એણે પિપને વચન આપ્યું કે પોતે આ ઉપકારનો બદલો કોઈક દિવસ જરૂર ચૂકવશે.

પિપના ઘરથી થોડે અંતરે એક વિચિત્ર મકાનમાં કુ. હેવિશામ નામની રિદ્ધિ-સિદ્ધિવાળી એક રહસ્યમયી સ્ત્રી રહેતી હતી. એક દિવસ પિપને ત્યાં રમવા જવાનું કહેણ આવ્યું. પિપ ગયો. મકાન આલીશાન પણ અંધારિયું ને ઉમદા પણ ઉદાસ હતું. હેવિશામના પ્રેમીએ લગ્નના દિવસે જ એને દગો દીધો હતો, એટલે લગ્નના એ સમયે જ ત્યાંનાં બધાં ઘડિયાળો બંધ કરી દેવામાં આવ્યાં હતાં! (અનુ. પૃ. ૫૦૨)






ઉપરઃ ગોપિત સૌંદર્ય
ડાબી બાજુ : લજ્જાભાર
સ્વ. ઊનવાલાનાં બે ફોટો-સર્જન



શુષ્કની શોભા
ફોટોકલાકાર: સ્વ. ઝીનવાલા

સ્વ. નાલાવાલાનું ફોટોસર્જન
પ્રાતઃપ્રાર્થના



શૂરવીરોની વીરગતિથી માંડી અવગતિયાઓના મોત સુધીનો અનેકરંગી ઇતિહાસ સાચવતા

પાળિયા

લેખક· મણિલાલ વોરા



૧૭ થી ૧૯મી સદીના પાળિયા ને તેના પરની છત્રીઓ · ભુજ-કચ્છ

બહાદુરી અને કુરબાની માણુસ-જાતના વિશિષ્ટ ગુણો છે. એ ગુણોને કારણે વીરપૂજા જગતમાં જ્યાંજ્યાં માનવ વસે છે, ત્યાંત્યાં વિવિધ રૂપે દેખાય છે. આપણે આંગણે સુરધન સ્મારકો–પાળિયા–એ વીરપૂજાનાં પ્રતીકો છે. પૂજાની પાછળ સ્નેહ, શ્રદ્ધા, ભક્તિ, બલિદાન-ની કદર તેમજ ભય પણ હોય છે. સ્વધર્મ સાચવવા વીર પૂર્વજોએ આપેલાં બલિદાનો સમાજને અખૂટ શ્રદ્ધા, શૌર્ય અને નરવાઈ સમર્પે છે. ધર્મકર્મમાં ખપી જનાર સ્વજનને આપણે કુળદેવને સ્થાને અભિષિક્ત કરી પૂજીએ છીએ.

માનવજાતનો સ્વધર્મ યુગના રંગે રંગાતો રહ્યો છે. સમય અને સ્થાન પ્રમાણે આ રંગ વિવિધતા પામે છે. આથી વીરગતિ પામેલાઓ-ના હેતુઓ યુગે યુગે નિરાળા દેખાય તે સમજી શકાય તેમ છે; છતાં નિઃસ્વાર્થ વૃત્તિ, ધર્મ કાજે ફના થવાની તાલાવેલી, સમાજને દુષ્ટ હેતુ-ઓથી રક્ષવાની નીતિ–આ બધાંમાંથી ફલિત થતી વીરતા તો સર્વદા સર્વત્ર સામાન્ય છે અને વીરગતિ પામનાર નરનારી પૂજાને પાત્ર ઠરે છે.

આ વીરપૂજા, એ જાતિ માટે અગત્યની બાબત છે, પ્રજાની એ સંજીવની અને સાત્ત્વિક વૃત્તિ છે. સુરધન અને સતીઓ આપણાં કુટુ-મ્બનું ભલું કરે છે, આફતમાં રક્ષા કરે છે, માટે તેમને પ્રસન્ન રાખવાં, પૂજા કરવી, એ રાજસ વૃત્તિ થઈ. દેવને રાજી નહિ રાખીએ તો એ કોપશે, આપણને દુઃખ દેશે, આ તામસી ભાવ થયો. આમ વીરપૂજામાં પણ ત્રિગુણી માયા તો છે જ.

આ વીરપૂજામાં તેલ, સિન્દૂર, ધૂપ, નૈવેદ્ય ધરાવાય, બાધાઓ રખાય, જાગ મંડાય, ચોક્કસ તિથિએ અને મુકરર સમયે વીરસ્મારકોની પૂજા થાય, વરકન્યાની છેડાછેડી પણ ઘણી વાર આ પૂર્વજો પાસે છૂટે.

સૌરાષ્ટ્રમાં સુરધનના પાળિયાઓને અને સતી આઈની દહેરીઓ તથા પાળિયાઓને ધૂપ-સિન્દૂર કરી ગોળધાન જુવારવાનું હોય છે. કુટુમ્બ-નાં આવી શકે તે સૌ ગાડાં જોડીને માનતા પૂરી કરવા કુળદેવને થાનકે આવે છે. ઘણી વાર આવી નૈવેદ્ય-પર્વણીમાં સંખ્યાબંધ માણસો જાય છે અને ત્યાં પડાવ નાખી મેળા જેવો ઉત્સવ કરી મૂકે છે.

નૈવેદ્યમાં જુદીજુદી જાતોમાં જુદીજુદી વાનીઓ હોય છે. નાળિ-યેર, કુલેર, તલવટ, ચોખા, લાપસી મુખ્યત્વે સૌ ધરે છે. વડાં, ઢોલો, ઢેઠવા, ઘુઘરી પણ કોઈ કોઈ દેવને ધરાવાય છે અને કોઇના કુળદેવતા પશુબલિ પણ માગે છે.

હોળીનો આજો પડવો અને કાળીચૌદશ કુળદેવ માટે લેખાય છે. બરડા પંથકમાં આજા પડવાને દિવસે અવગતે ગએલાના નવા પાળિયા પણ ઊભા કરાય છે. ત્યારે ડાકલાં વાગે છે, ભૂવા ધૂણે છે, નવા ભૂવા સ્થપાય છે, જુવારણાં થાય છે અને પ્રસાદી વહેંચાય છે. સામાન્ય રીતે ગામને પાદરે કે ગ્રામદેવતાના થાનક પાસે આવા પાળિયા હોય છે. નવા પાળિયા પણ જૂના પાળિયાઓના સમૂહમાં જ ઊભા કરાય છે. કાળક્રમે જૂના પાળિયા ભૂલાતા–ભૂંસાતા અને ઊખડતા જાય છે.

વીરગતિ પામી દેવ થએલાંઓના પાળિયાઓની કોતરણીમાં મંદિર-ની ભાવના દેખાય છે. ઉપરના ત્રિકોણાકાર ભાગમાં મંદિરનું શિખર અને બે બાજુ સૂર્ય-ચંદ્ર હોય છે. કોઈ કોઈ સ્થળે સુશોભનમાં કાંગરી, પોપટ, મોર પણ મૂકેલાં હોય છે. બાજુમાં સ્તંભ જેવી કોત-રણી કરી, કલાકાર શિલ્પી વેલ વગેરે પણ મૂકે છે. વચ્ચેના ચોરસ



ડાબી બાજુથી: બરડાઈ બ્રાહ્મણનો શૂરોપૂરો (પોરબંદર પાસે છાયા મુકામે–૧૭મી સદી), ઢાંકનો રાજપૂત સુરધન (૧૯મી સદી) અને બરડા પંથકના બેલાડ (જોડી) ઘોડેસવાર (કાંટેલા-૧૭મી સદી)ના પાળિયા. ત્રણે પરની કોતરણીનો તફાવત લાક્ષણિક છે.






ડાબી બાજુથી અનુક્રમે : કુછડી-ખીમેશ્વર મંદિરનાં યજમાન પતિ-પત્નીના ભાસ્કર્યવાળો ૧૪મી સદીનો પાળિયો. મેખડી (માધવપુર ઘેડ)નો ૧૨-૧૩મ સદીનો એક પાળિયો. એમાં મથાળે શિવમંદિરનું ને તેની નીચે કદાચ તેને માટે લડનાર કોઈ યોદ્ધાનું આલેખન છે. છાયા ગામના ૧૭મી સદીન પાળિયા. ટેક ખાતર કમળપૂજા (સ્વેચ્છાએ માથું ઉતારી આપવાનું આત્મબલિદાન) કરનાર કોઈ પતિપત્ની હોવાની તેના પર શિલ્પનોંધ ર્દ ભાણવડનો સત્તરમી સદીનો કોઈ સતીનો પાળિયો ને તેના પરની દે'રી.

ભાગમાં વીરગતિ પામેલાંનાં પ્રતીક—ઘોડો અને સવાર—કંડારેલાં હોય છે. સામાન્ય રીતે ઊગમણી કોર મોઢાં રાખી ખોડેલી ખાંભીઓમાં ઘોડો અને સવારનાં મુખ ઉત્તર-ધ્રુવ તરફ હોય છે. છેલ્લાં ચારસો વરસથી ઊભાડેલાં ઘણાખરા પાળિયા આ પ્રકારના છે. મરનાર ગમે તે કારણે મરાયો હોય પણ તેના સ્મૃતિ-ચિહ્નમાં ઘોડેસવાર જ મુકાય છે. આયુધમાં તીરકામઠું, ભાલું, તલવાર, ઢાલ અને પોશાકમાં ખુકાનીદાર કે સાદી છોગાળી પાઘડી, જામો, સુરવાલ વગેરે રાજપૂત ઢબે કોતરાય છે. આ વીરપૂજા મધ્યકાલીન રાજપૂત યુગને વિશેષ આભારી છે.

રબારી ને ભરવાડના પાળિયાઓમાં ઘોડાને બદલે ઊંટ ને સવાર હોય છે. તેના શણગાર પણ તે જાતિને અનુરૂપ હોય છે. સિંહ-દીપડા સાથે ઝપાઝપીમાં ખપી ગએલા માણસના પાળિયામાં એ હિંસક પ્રાણીને માણસ ઉપર હુમલો કરતું કંડારેલું હોય છે. સર્પદંશથી મરેલને માં એ પ્રતીક દર્શાવાય છે. ઘણા પાળિયાઓમાં સોળે કળાએ શિ ખીલેલું હોય છે, જ્યારે ઘણામાં ઘોડેસવારની માત્ર આકૃતિ કંડા ખાંભો ઊભો કરી સિન્દૂર લગાડી દેવાય છે.

કોઈ સ્થળે વાહનમાં બે અથવા ચાર પૈડાંવાળું વેલડું ને તેમ બેઠેલી સ્ત્રી, તો કોઈ સ્થળે ઘોડા પર બેઠેલાં સ્ત્રીપુરુષ પણ દેખાય છે ધુમલીમાં સોન કંસારીનાં દહેરાં પાસેના પાળિયા ઘોડેસવાર યુગલ છે, જેને લોકો હલામણ-સોનના પાળિયા કહે છે. કોઈ સ્થળે પાળિયામ ગાડું અને પાસે વલોણું પણ હોય છે. વણઝારા-ઓપ-જાતિના આ પાળિયા ટંકારા પાસે તેમજ ઝાલાવાડમાં મળે છે.

સતીના પાળિયામાં મોટે ભાગે તેના શરીરને નહિ આલેખતાં મા

નીચે : બરડા પંથકના કાંટેલા ગામનો ૧૭મી સદીનો પાળિયો, જેના પર સતીના વરદ હાથને બદલે તેનું પૂરું આલેખન છે. (વચ્ચે) એ જ ગામ ૧૮-૧૯મી સદીના રબારીના પાળિયા. ઘોડેસવારને બદલે તેના પર સાજ સજેલા ઊંટસવાર છે. ત્રીજો પાળિયો એ જ પંથકના મિયાણી ગામને ૧૪મી સદીનો છે. એના પરનું બીભત્સ આલેખન 'ગધેડે ગાળ' કહેવાય છે. બરડામાં આવા પાળિયાને 'ગધે ખાંભો' કહે છે.







ાળિયાઓનું વૈવિધ્ય દર્શાવતાં રેખાંકનો : ઉપર ડાબી બાજુથી અનુક્રમે : સતીના થાપા (વાછોડા-પોરબંદર, ૧૯મી સદી); સતી અને શૂરવીર (નાગના-ારબંદર, ૧૮મી સદી); ગોચરનો પાળિયો (૧૯મી સદી) · ઘેડ-માધવપુર અને રાપર-કચ્છમાં આવા ઘણા પાળિયા મળે છે; ભેટિયો (સ્થાપક યજમાન-ઙમી સદી, કચ્છ, ગોહિલવાડ ને સોરઠ); ભૂજ કચ્છના ૧૯મી સદીના બે પાળિયા—જેના પર રાજા અને રાણીનું આલેખન છે; ટંકારા-ઝાલાવાડનો ૧૭-૧૮મી સદીનો ગાડાના આલેખનવાળો વણઝારાનો પાળિયો અને બરડા પંથકનો ૧૭મી સદીનો સતી આઈનો એક પાળિયો.

મણા હાથને જ બતાવવામાં આવે છે. કોણીથી આગળનો ચૂડાવાળો ભય મુદ્રામાં કંડારાતો આ હાથ સતી આઈનાં ખમૈયાં કરે છે. ત્રેવડ-ળા માણસો પોતાના કુળની સતીના પાળિયા ઉપર દહેરી ચણાવે છે. મનગર, વઢવાણ, હળવદમાં આવી દહેરીઓ છે.

સાધુના પાળિયા પણ હોય છે. તેમાં શિવલિંગ અથવા ત્રિશૂળ ડારેલાં જોવા મળે છે. પોરબંદર પાસે ચાડેશ્વર મહાદેવના મંદિર ાગળ આવો એક પાળિયો છે. કોઈકમાં બે ઘોડેસવાર સાથેસાથે કે ાગળપાછળ દેખાય છે, તો કોઈકમાં ઘોડેસવાર સાથે સતીનો હાથ પણ ોય છે. બેવડા ઘોડેસવારના પાળિયા કુછડી અને કાંટેલાનાં પાદરે છે.

જૂના પાળિયાઓમાં શૂરવીર ઊભેલા—પાળા—હોય છે, ઘોડો હોતો થી. આવા પાળિયા બારમી, તેરમી અને ચૌદમી સદીના વિશેષ છે. ૌદમી-પંદરમી સદીના પાળિયામાં ઘોડાના બખ્તર અને સાજ સહિતના ુંદર ઘોડેસવારો દેખાય છે, ધ્રુમલી અને આજક પાસે આવા પાળિયા છે.

બ્રાહ્મણો પણ કોઈ સ્થળે વા'રની સામે થઈ ફના થયા છે તો કોઈ થળે બે અનાડી જૂથોની તકરારમાં વચ્ચે પડીને, અનીતિને અટકાવવા તાં તેમણે જાન-કુરબાની કર્યાના દાખલા છે. ભાઈ માટે બહેને અથવા બહેન માટે ભાઈએ પ્રાણ આપ્યા હોય એવાં સુરધન પણ ઘણાં ગામે છે. કાટવાણા, વિસાવદરમાં આવા પાળિયા છે.

ગોરબાપા, સાધુ અને ચારણના પાળિયા ઘણી વાર ત્રાગાં કરી મરેલા-ઓની પાછળ ઊભા કરાયા હોય છે. ડૂબી મરેલાના પાળિયા પણ હોય

ડૂબેલા વહાણ કે એના ખલાસીઓની યાદમાં પણ પાળિયા સ્થપાયા છે. નીચેનો પાળિયો કદાચ લડીને વીરગતિ પામેલા ખલાસીઓની યાદમાં હશે.

ભૂજના સંગ્રહસ્થાનમાં સંઘરા-યેલો ૧૨-૧૩મી સદીનો એક વહાણનો પાળિયો



છે. જાન કે આખી ઝોકને સાફ કરી નાખેલી હોય તો તેના પાળિયા સમૂહમાં ઊભા કરાય છે. સાગરકાંઠે સફરમાંથી પાછા નહિ ફરેલા ખલાસીઓના પાળિયા વહાણ સહિત કંડારીને મુકાય છે. છેલ્લે તો સાઇકલ પર જતા યુવાનની કંડારેલી ખાંભી પણ અસ્તિત્વમાં છે. આવા પાળિયા મિયાણી અને માધવપુર વચ્ચે દરિયાકાંઠે પુષ્કળ છે. આ જોતાં પાળિયા માત્ર શૂરવીરો કે નીતિધર્મ સાચવતાં શહીદ થએલા માટે જ મુકાયા હોય એમ નથી. અવગતિયાંઓ માટે પણ ખાંભીઓ ખોડાય છે.

આગળ જોયું તેમ દેવસ્થાન પાસે કે ગામને પાદરે પાળિયા ઊભા કરાય છે પણ અવગતિયો જીવ કોઈના પિંડમાં આવી એ માગે તે સ્થળે તેની ખાંભી નંખાય છે. આટકોટ પાસે આવેલો લાખા ફુલાણીનો પાળિયો, સોમનાથના આંગણામાં આવેલા હમીરજી ગોહેલ તથા વેગડા ભીલના પાળિયા, ઘોઘા પાસે મોખરાજી ગોહેલની ખાંભી, આ બધાં સ્થાપિત પાળિયા-ખાંભીઓ છે; જ્યારે રણખાંભીઓ તો જે સ્થળે શૂરવીર મરાયા હોય તે જ સ્થળે મુકાય છે અને તે આકૃતિરહિત માત્ર ત્રિકોણાકાર ટોચવાળા પથ્થરની હોય છે. બરડામાં વાછોડાના પાદરે મૂળુ-માણેકની ખાંભી, ભાણવડ પાસે રખાયલ બાબરિયાની ખાંભી અને રાવલ પાસે ખીમરાની ખાંભી વગેરે આવી ખાંભીઓ છે.

અંધાધૂંધીના મધ્યકાળમાં ગોવાતી મરદો દૂર હોય ત્યારે નેસમાંની સ્ત્રીઓએ પોતાનો ધરમ સાચવવા દેહ છોડયા હોય એમની ખાંભીઓ, સતીઓ તરીકે પૂજાતી. આવી ખાંભીઓ કોઈ વગડાઉ ઝાડ નીચે કે નદીના ભાઠા ઉપર, સમૂહમાં જોવા મળે છે. ગડગડીઆ ગોળાકાર પથ્થરનું પીઠક બનાવી, ઉપર નાના ત્રિકોણાકાર પથ્થરો ખોડી સિન્દૂર લગાવીને પણ આવાં સ્થાનક રચાય છે. જામજોધપુર પાસે બાવીસી કોટડાનું બાવીસી આઇઓનું સ્થાનક આવું છે. આવા આઇઓના થડા પશ્ચિમ કાંઠે ઘણા છે.

આયુધો સાથેના પગપાળા પુરુષ કંડારેલ હોય તેવા પાળિયા પણ ઘણા મળે છે. એ ઘણી વાર દાનવીર પુરુષનાં સ્મૃતિ-પ્રતીકો પણ હોય છે અથવા ધર્મસ્થાનને સહાય કરનાર યજમાન પતિપત્નીના હોય છે. કદવારના કુંડ ઉપર, ઓડદરના સૂર્યમંદિર પાસે, ખીમેશ્વરના દહેરામાં, પોરબંદર ઝૂંડેશ્વરમાં, બોરિચામાં અને મેખડીમાં આવા પાળિયા છે.

અમુક પાળિયાઓમાં માત્ર ઢોર જ કંડારેલાં હોય છે. ગાયોના ખાંભા ગોચર માટે રક્ષિત ભૂમિ દર્શાવે છે. કોઈ તો માનીતાં પ્રાણીઓનાં સ્મારક અર્થે પણ હોય છે. આલેચના ડુંગરમાં બોચવડી વાવ ઉપર બોચિયા કૂતરાને કંડારેલો છે. જ્યાં પાળિયામાં ગધેડાનું બીભત્સ આલેખન કંડારેલું હોય છે તે 'ગધેડે-ગાળ' કહેવાય છે. બરડામાં તેને ગધેખાંભો કહે છે. ચાડેશ્વર, મિયાણી, માધવપુર, મોઢવાડા, કિન્દરખેડા વગેરે સ્થળે આવા ખાંભા જોવા મળે છે. ધર્મના સ્થાનમાં આ પ્રતીક એ માટે મુકાતું કે જેથી કોઈ એ સ્થાન પર હાથ નાખે નહિ.

પાળિયા મૂકવાની પ્રથા ક્યારે અને કયા સંજોગોમાં ઊભી થઈ તથા સૌરાષ્ટ્રમાં પ્રથમ ક્યારે પાળિયા નંખાયા એ સંશોધન માગે છે. ભારતભરમાં વીરપૂજા પ્રચલિત છે. પ્રાચીનકાળમાં લષ્ઠિઓ ઊભી કરવામાં આવતી તેમાં વીર કૃત્યને તત્કાલીન લિપિમાં લખવામાં આવતું. આવી પથ્થરની લષ્ઠિઓ કચ્છ, દ્વારકા અને ઊના પાસે દ્રોણેશ્વરમાં છે. દક્ષિણ ભારતમાં વીરગળ, મધ્ય ભારતમાં અને પૂર્વ રાજસ્થાનમાં લષ્ઠિ અને કેતન તેમ જ દેવલીઓ પૂર્વજોની વીરપૂજાનાં પ્રતીકો છે. આપણે ત્યાં સૌરાષ્ટ્ર, કચ્છ અને પશ્ચિમ રાજસ્થાનમાં પણ રાજપૂત યુગની શૌર્ય શહીદીની નિશાનીઓનો પાર નથી.

રાજસ્થાનમાં તો સાતમી સદીના અંતથી સ્મારકો મુકાએલાં છે, જેમાં સ્ત્રીઓ 'પતિવ્રતા પરલોકવાસી થઈ' તેમ લખેલ છે. સતી થઈ હોય છતાં પાળિયા પરના લખાણમાં 'સતી' શબ્દનો અભાવ છે. અમુક પુરુષની 'પત્ની', અમુક 'દેવી ઉપગતા' લખેલું હોય છે. કોઈ કોઈ સ્થળે અમુક પુરુષની 'પુત્રી' એવું લખેલ પણ દેખાય છે. ઓસિયામાં નવમી સદીનો સતીસ્તંભ છે, જેને 'દેવકુલિકા' કે 'દેવલી' કહે છે. રાજસ્થાનમાં અને અર્બુદક્ષેત્રે દસમી અને અગિયારમી સદીનાં વીર સ્મારકો વિશેષ છે. સૌરાષ્ટ્રમાં પણ અગિયારમી સદીના પાળિયા કોઈ કોઈ સ્થાને જોવા મળે છે. એ પ્રતિહાર ઢબના છે. બારમી સદીનો એક પાળિયો જેમાં 'સુહાગરાષણ' (અર્થાત્ સુહાગના રક્ષણ અર્થે) વંચાય છે. તેરમી, ચૌદમી સદીમાં થએલી દેવલીઓ રાજપૂત સત્તાના સર્વપ્રદેશોમાં દેખાય છે. કોઈ સ્થળે 'ગાયની રક્ષા કરતાં વીરગતિ પામ્યા' અથવા 'વા'રની સામે કામ આવ્યા' કે 'ધારાતીર્થે પામ્યા' એમ લખેલું મળે છે. કોઈ લડતાં, ઝઘડતાં મર્યા હોય તેમનાં પાદચિહ્નો સ્મૃતિ કાજે બતાવાતાં. આપણાં ઘણાં મ્યૂઝિયમોમાં અગિયારથી અઢાર સદીના પાળિયા સંગ્રહાએલાં છે.

સ્તંભો, દેવલીઓ, છત્રીઓ, પાળિયા વગેરેનો અભ્યાસ જે તે વખતની ઘણી બાબતો ઉપર પ્રકાશ પાડી શકે છે. સૌરાષ્ટ્રમાં પ્રતિહારો અને ગુર્જરોના અનુકરણે આ સ્મારકોની પ્રથા ચાલુ થઈ હોય એમ માની શકાય. જુદીજુદી રાજપૂત જાતિઓ અને ઇતર કાંટિયા વર્ણોનું આવવું, અથડાવું, સ્થિરતા મેળવવી અને શૌર્ય તથા સ્વધર્મરક્ષા એ સમાજ માટેની પ્રવૃત્તિ હતી. મુશ્કેલીઓ સામે ધર્મને સાચવવા શૌર્ય દાખવી ખપી જનાર વ્યક્તિઓની આ પ્રતીકો દ્વારા પૂજા થઈ હોય છે.

સૌરાષ્ટ્ર-કચ્છમાં તેરમી-ચૌદમી સદીના જે પાળિયા જોવા મળે છે તે મોટે ભાગે પાળા છે. સત્તરમી-અઢારમી સદીના પાળિયા ઠેર ઠેર સાંપડે છે ને ઓગણીસમી સદીના પાળિયા તો લગભગ ગામેગામ છે. અગાઉ આવાં સ્મારકો, ખરાં વીર નરનારી માટે જ રચાતાં પણ પાછળથી તો ગમે તે કારણે માણસ મૂઓ હોય, તો પણ પાળિયા ઊભા કરી દેવામાં આવ્યા છે.

ઘણા જૂના પાળિયામાં માત્ર ચાંદા, સૂરજને બે વર્તુલો ઉઠાવેલાં હોય છે. પછીથી સમયની રીતરસમ પ્રમાણે સાજ વગેરે પથ્થરમાં કોતરાવા લાગ્યાં. દરેક શુભ પ્રવૃત્તિ પાછળ લોકો જેમ આંધળી દોટ મૂકે છે, તેમ આવાં સ્મારકો ઊભાં કરવામાં પણ બન્યું લાગે છે. આથી સાચાં શૂર અને અવગતિયાં વચ્ચેનો ભેદ પારખવો પણ આજે મુશ્કેલ બન્યો છે.

હળવદ, જામનગર, પાંચાલ કે ઝાલાવાડમાં ઓખા-બરડા કે નાઘેર-કાઠિયાવાડમાં, શિહોર પંથક કે કચ્છમાં—સર્વ સ્થળે સતીની દહેરીઓ, રાજાની છત્રીઓ અને શૂરાપૂરાના પાળિયાનો પાર નથી. વલભીપુરથી સોમનાથ, કચ્છથી હિંગળાજ, અણહિલવાડ પાટણથી વઢવાણ, થાનથી દ્વારકા, જૂનાગઢથી ઢાંક થઈ ધુમલી, જૂનાગઢથી સોમનાથ, માંગરોળ થઈ સુદામાપુરી અને દ્વારકા—આ જૂના જમાનાના મુખ્ય માર્ગો ઉપર અનેકવિધ પાળિયા જોઈ શકાય છે. આ બધા સમૃદ્ધ પ્રજાના સ્વર્ગસ્થ પૂર્વજોનાં સ્મૃતિચિહ્નો છે, પ્રજાને એની પ્રાચીન અસ્મિતાનું ભાન કરાવનાર કીર્તિસ્તંભો છે, તો સાથે સાથે અવગતિએ ગએલાં એટલે કે મરાઈ ગએલાં, વગર મોતે મરેલાં, કરડાએલાં કે ડૂબેલાં માનવીઓની મેલી ચ દ રૂપે હોઈ પ્રજામાનસની નબળાઈના સૂચક પણ છે. લોકકથાનો અઢળક ભંડાર આ ખાંભીઓમાં ભરેલો છે.

સૌરાષ્ટ્ર, ભારતમાતાની જમણી કૂખે બેઠેલું વહીલું બાળક. એણે ભારતમાતાની તડકીછાંયડી જોઈ જીરવી છે. તેણે પોતાનો ઇતિહાસ માતાના ઇતિહાસમાં ઘડયો છે. જેમ ભારતમાં તેમ જ સૌરાષ્ટ્રે રાજપૂત યુગનો વાવડો વાયો છે. વટ અને ટેકની દિશા સૌરાષ્ટ્રની પ્રજાએ મૂકી નહિ. પરિણામે અસ્તિત્વમાં આવ્યા આપણા પાદર અને પથ પરના પાળિયા. ☐

[આ લેખ સાથેનાં ચિત્રાંકનો માટે કલાકાર શ્રી દેવજીભાઈ વાજાનો તથા ફોટોગ્રાફ્સ માટે શ્રી નરોત્તમ પલાણ, શ્રી કેશુભાઈ ડોડિયા તથા પોરબંદર પુરાતત્ત્વ સંશોધન મંદિરનો આભારી છું. —લેખક]

કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજકાળનાં સંસ્મરણો મનોમંથન

૭ રૅંગલર પરાંજપે અને બુદ્ધિવાદ

અંગ્રેજી બીજી ભણતો ત્યારથી મારામાં ગણિત પ્રત્યે આકર્ષણ વધવા લાગેલું. પરીક્ષાના એક વિષય તરીકે નહિ, પણ 'સૃષ્ટિના વ્યાકરણ' તરીકે. તે દિવસથી મારો ગણિતાનંદ ધીરે ધીરે વધવા લાગ્યો. શાળાના ગણિતના શિક્ષકો મારા કરતાં એ વિષયમાં વધારે જાણે ખરા, પણ મારો ગણિતાનંદ એમના કરતાં નોખો અને ઉચ્ચ. અંગ્રેજી છઠ્ઠી અને સાતમીમાં ચંદાવરકર જેવા ગણિતના રસિયા શિક્ષક મળ્યા. એ મારો મોટો લાભ.

હું ફર્ગ્યુસનમાં દાખલ થયો. ત્યાં જાણ્યું કે અમારા નવા પ્રિન્સિપલ તો ગણિતાનંદી રૅંગલર પરાંજપે છે! એમણે વિલાયતમાં નામના મેળવી હતી, એટલે કૉલેજમાં અને વિદ્વત્સમાજમાં એમની પ્રતિષ્ઠા ભારે.

મારો વિશેષ આનંદ ભૂમિતિમાં. બીજગણિત અને ત્રિકોણમિતિ પ્રત્યે આકર્ષણ ખરું, પણ કાંઈક ગૌણ. નવરાશના વખતમાં ઉચ્ચ ગણિત પણ લઇને બેસું. પરીક્ષા માટે કેટલું જોઇએ છે એ હું જાણતો. પણ આનંદ ખાતર આગળની ઉચ્ચ ભૂમિતિમાં હું ઊતર્યો. ભૂમિતિના અઘરામાં અઘરા દાખલા 'કેસી'ની ચોપડીમાં Sequel to Euclid હતા. એમાં મને વિશેષ આનંદ આવતો.

સ્વાભાવિકપણે આવા અઘરા દાખલા લઈ પ્રિન્સિપલને ઘેર પૂછવા જતો. મારો રસ જોઈ તેઓ રાજી થતા. ખુશીથી મને વખત આપે. બે દિવસની મથામણને અંતે પણ જે દાખલાનો ઉકેલ જડે નહિ તેવો જ દાખલો લઈ પ્રિન્સિપલ પાસે જાઉં. અને તેઓ ઝટ દઇને એનો ઉકેલ આપી દે ત્યારે એમના ભેજા વિષે આદર તો થતો જ, પણ આટલો સહેલો ઉકેલ મને કેમ ન સૂઝ્યો એની ફજેતી લઇને પાછો આવતો.

એક-બે વાર જે દાખલા હું લઈ ગયો તેણે પરાંજપેની પણ કસોટી કરી. દાખલા પર એમણે બે-ત્રણ બાજુએથી હુમલો ચલાવ્યો; રસ્તો ખૂલ્યો નહિ. આપેલો વખત પૂરો થવા આવ્યો. ભાઈસાહેબના કપાળ પર પરસેવાનાં ટીપાં દેખાયાં. એટલામાં ખુરશી ઉપરથી એકદમ કૂદ્યા અને કહે: I have got it! (જડચો જવાબ!) અને પછી એટલી ઝડપથી ક્રમસર એ ઉકેલ ગોઠવતા ગયા કે અમે બંને જણ ખુશખુશ થઈ ગયા. તે દિવસે પરાંજપેના મોં ઉપર ગણિતાનંદનાં પૂરાં દર્શન મને થયાં. સ્વાભાવિકપણે જ મારા પ્રત્યે તેઓ આકર્ષાયા.

એક દિવસે વર્ગ શરૂ થતાં પહેલાં, કાળા પાટિયા ઉપર બીજગણિતનો એક અઘરો દાખલો મેં લખી કાઢ્યો અને ચૂપચાપ મારે ઠેકાણે બેસી ગયો. વખત થતાં પ્રિન્સિપલ આવ્યા. ખુરશી પર બેસવાની એમને ટેવ જ ન હતી. આવે કે સીધા જાય બ્લૅક બોર્ડ પાસે અને તે દિવસનો પાઠ સમજાવવા માંડે. આજે એમણે પાટિયા ઉપર દાખલો જોયો. બધા વિદ્યાર્થીઓ આગળ મોં ફેરવીને પૂછવા લાગ્યા: 'Who—who wants it?' પહેલાં તો મારી હિંમત ન ચાલી. પણ જ્યારે ચારેકોર પોતે જોવા લાગ્યા ત્યારે મેં શરમાળપણે હાથ ઊંચો કર્યો. એમણે કહ્યું: 'આ દાખલો તમારા અભ્યાસક્રમની બહારનો છે. એ તમારે માટે નથી.' પછી જાણે પડકાર મળ્યો હોય અને શૂર ચડચું હોય તેમ એમણે કહ્યું: 'ભલે, કાંઈ નહિ; ગણી આપીશ.' એક પાટિયું ભરાયું એ એમણે ઉપર ખસેડચું; બીજું પાટિયું અર્ધું ભરાયું, પણ કાંઈ ઉકેલ નજીક આવ્યાનાં ચિહ્નો દેખાયાં નહિ. પોતાની જાત પર ચિડાયા અને ખુરશી પર બેસી આખો દાખલો જોવા લાગ્યા. બધા વિદ્યાર્થીઓને મઝા પડી. એટલામાં ગણિતદેવી એમને પ્રસન્ન થઈ. ઝટ ઊઠીને ડસ્ટર હાથમાં લઈ પોતે લખેલું ભૂંસી કાઢ્યું; ફક્ત દાખલો રહેવા દીધો. અને પછી દાખલાના ઉકેલનો પ્રવાહ ચાલ્યો. સમજાવતા જાય અને લખતા જાય. દાખલો પૂરો થયો ત્યારે કલાકમાં દસ મિનિટ બાકી હતી. હસતાં હસતાં કહે: 'હવે આજના પાઠ માટે સમય રહ્યો નથી. આજે આટલું બસ.' કૂદ્યા અને ચાલ્યા ગયા.

આવા એ પરાંજપે પ્રત્યે મારું આકર્ષણ વધે એમાં આશ્ચર્ય શું? વિદ્યાર્થીઓની ચર્ચાસભામાં કોકવાર અધ્યક્ષ હોય; કોકવાર કૉલેજ જોવા આવેલા મોટા મહેમાનોનો પરિચય કરાવે; કોકવાર અમસ્તી ચર્ચા ઊભી થાય. બોલવાની ને વિદ્યાર્થીઓ સાથે વાતો કરવાની એમની ઢબ બિલકુલ અંગ્રેજો જેવી. વિદ્યાર્થીઓ પ્રત્યે જાણે આદર બતાવતા હોય એમ ઠાવકાઇથી બોલે.

મેં જોયું કે તેઓ પ્રખર બુદ્ધિવાદી છે. ધર્મમાં માનતા નથી. ઇશ્વરને એમણે ક્યારની રજા આપી દીધી છે. ગૂઢવાદ, ચમત્કાર ને ધર્મની સર્વમાન્ય વાતો ગમે તે હોય, પોતાના બુદ્ધિવાદનો અસ્ત્રો એના પર ચલાવે જ! તેઓ જે બોલે તે મને સાચું લાગે. નાનપણથી આદર સાથે જે વિચારો ને ભાવનાઓ મેં કેળવ્યાં હતાં તે બધાં હવે સાવ છીછરાં લાગવા માંડયાં.

એ જ અરસામાં અમારી ડિબેઇટિંગ ક્લબમાં એક ખાસ ચોપડી ઉપર અંગ્રેજીમાં વ્યાખ્યાનો ગોઠવવામાં આવ્યાં: હર્બર્ટ સ્પેન્સર કૃત On Education. બીજા બે જણ સાથે મેં પણ એ વિષય પર બોલવાનું નક્કી કર્યું. પછી બજારમાંથી ચોપડી આણી વાંચવાનું શરૂ કર્યું. ચોપડી સરસ હતી, પણ એની ભૂમિકા બુદ્ધિવાદી. સ્પેન્સર એક મોટો તત્ત્વજ્ઞ ગણાતો હતો. અમે અમારા નિબંધો વાંચ્યા તે દિવસે સંજોગવશાત્ પરાંજપે અધ્યક્ષ ન હતા. તત્ત્વજ્ઞાનના પ્રોફેસર માટે હતા.

પરાંજપેનાં વ્યાખ્યાનો સાંભળવાથી અને R. P. A. સીરીઝનાં પ્રકાશનો વાંચવાથી બુદ્ધિવાદ મારા ઉપર સવાર થયો, પછી ડિબેઇટિંગ ક્લબમાં અને ખાનગી ચર્ચામાં બુદ્ધિવાદના પક્ષમાં મેં કોણ જાણે કેટલાં વ્યાખ્યાનો આપ્યાં હશે.

ધર્મના ક્ષેત્રમાં નાનપણથી જ હું સંતોનો ભક્ત હતો. વિશેષ સમજ્યા વગર સ્વામી વિવેકાનંદનો 'રાજયોગ' વગેરે મરાઠીમાં જોયા હતા. સાધુપુરુષોને મળ્યો હતો. પણ સામાજિક બાબતમાં મારા વિચારો સુધારાવાદી ખરા. લોકમાન્ય તિલકના રાજદ્વારી વિચારો મને ગમતા, પણ સામાજિક બાબતમાં જૂના રિવાજોનું એમનું સમર્થન ગમતું ન હતું.

યથાકાળે ક્રાંતિકારી લોકોમાં પણ હું ભળ્યો. પણ એની વાત તો આગળ જતાં કાંઈક વિસ્તારથી કરવાની રહેશે.

૮ સૂર્યગ્રહણની રજા?

મેં કહ્યું જ છે કે હું પૂના ભણવા ગયો ત્યારે એ રાજનૈતિક અને સામાજિક પક્ષાપક્ષીનો જબરદસ્ત અડ્ડો હતો. રાજનીતિમાં હું તિલક પક્ષનો, પણ સામાજિક બાબતોમાં ઘણે અંશે સુધારક પક્ષ સાથે મળતો. બંને પક્ષના નેતાઓ વિષે ઠીકઠીક આદર, પણ જ્યાં મતભેદ થાય ત્યાં એમનો વિરોધ કરતાં સંકોચ ન કરું. એવામાં એક મજાનો પ્રસંગ ઊભો થયો.

આ પૃથ્વી પર માણસજાત પેદા થઈ તે પહેલાં પણ પૃથ્વી સૂરજની આસપાસ ફરતી હતી, અને કોણ જાણે કેટલા લાખ કે કરોડ વર્ષ પહેલાં તેમાંથી એક મોટો કટકો અલગ થઈ આપણા ચંદ્રના રૂપમાં પૃથ્વીની આસપાસ ફરવા લાગ્યો. આકાશની જ્યોતિના નિયમ પ્રમાણે સૌ ફર્યા કરે. કોક વખતે ચંદ્ર અમાસને દહાડે બરાબર સૂરજની આડે આવે. એ થતું સૂર્યગ્રહણ. અને કોક પૂર્ણિમાએ પૃથ્વીની છાયા ચંદ્ર પર પડે, એનું નામ ચંદ્રગ્રહણ. આ તો કુદરતના નિયમ પ્રમાણે થતું આવ્યું છે. માણસ-

જાત જ્યારે જન્મી જ ન હતી ત્યારના અસ્તિત્વ ધરાવતાં સૂરજ, પૃથ્વી અને ચંદ્રને માણસજાત સાથે શી લેવાદેવા હોઈ શકે?

પણ માણસે કુદરતના બનાવો જોઈ ચકિત થઈ કલ્પના ચલાવી. કુદરતની શક્તિઓમાંથી એણે કલ્પનાબળે જાતજાતનાં દેવદેવીઓ ઉપજાવ્યાં અને એમના સ્વભાવો કલ્પ્યા. એમને રાજી કરીએ તો આપણું ભલું થાય, અને એ નારાજ થાય તો આપણું સત્યાનાશ વાળે.

હવે અમાસને દિવસે કોકવાર થોડોક વખત સૂરજ ઢંકાઈ જાય અને પૂર્ણિમાની રાત્રે ચંદ્રનો આખો કે થોડો ભાગ ખવાઈ જાય એ જોઈને માણસ બીવા લાગ્યો. આ કેમ થતું હશે? સાચું કારણ માણસ જાણે તે પહેલાં એણે રાહુ અને કેતુ ઉપજાવ્યા ને તેમનાથી સૂરજને અને ચંદ્રને બચાવવા અપવાસ કરો, બ્રાહ્મણને દાન આપો વગેરે વાતો જોરથી ચાલી.

આગળ જતાં માણસનું જ્યોતિષશાસ્ત્ર વધ્યું અને સાચાં કારણો એ સમજી ગયો; પણ સામાન્ય ભોળા માણસને એ બધું સમજાવે કોણ? અને એ સમજતા થાય તો પછી બ્રાહ્મણને દક્ષિણા ન મળે; લોકો નિર્ભય થાય તો ધર્મની બીક પણ માણસમાં ન રહે, અનાચાર વધે. આવો બધો વિચાર કરી સમાજના 'ડાહ્યા' લોકોએ પોતાના જ મનના બે વિભાગ કર્યા. બુદ્ધિ, અનુભવ, પ્રયોગ અને તર્કને જોરે સત્યને શોધનાર મન કહે કે સૂર્ય અને ચંદ્રના ગ્રાસ થતા જ નથી. કોઈ એમને ખાતું નથી, કે નથી એ કારણે કોઈ સંકટ ઉત્પન્ન થતું. આ ગ્રહણો તો અનાદિકાળથી ચાલતાં જ આવ્યાં છે. એ કુદરતનો નિયમ જ છે. ન જાણીએ ત્યાં સુધી બીવાનું; જાણ્યા પછી બીકને હસી કાઢવાની. આ જ સાચો માર્ગ છે. આને કહે છે સંસ્કૃતિનો વિકાસ. પણ બીજું મન કહે: જેમને વિષે અત્યંત આદર રાખવાને આપણે બંધાએલા છીએ ને ટેવાયા છીએ તેમણે લખી રાખેલાં પુરાણોનું શું? એ અસત્ય હોઈ શકે? આપણે એ બધું સાચું માનવાને બંધાએલા નથી? એ વૃદ્ધ-નિષ્ઠા, ધર્મ-નિષ્ઠા, શાસ્ત્ર-નિષ્ઠાનું શું થાય?

માણસે નક્કી કર્યું કે તે માટે આપણે એક નોખું મન ઉપજાવી કાઢીએ. સત્ય-નિષ્ઠ મન વૈજ્ઞાનિક જ્યોતિષનું માને અને પ્રગતિ કરે, અને વૃદ્ધ-નિષ્ઠ, પરંપરાનિષ્ઠ, શાસ્ત્રનિષ્ઠ, રૂઢિનિષ્ઠ મન સત્યના વિચારો છોડી દે અથવા એક નવી કાલ્પનિક દુનિયા ઉત્પન્ન કરી એમાં પણ વિશ્વાસ રાખે.

જૂના જમાનામાં જ્યારે વિજ્ઞાનની બલા દખલ કરતી ન હતી ત્યારે સૂર્ય એટલે આપણને દેખાય છે એ સૂર્ય, અને એની પાછળ રહેલો સૂર્યદેવ; ચંદ્ર એટલે આપણને દેખાય છે એ ચંદ્ર ને એની પાછળના ચંદ્રદેવ; બધું સહેલું હતું. પણ વિજ્ઞાને બધું તોડી પાડયું. એટલે, હવે જે દેખાય છે એ સૂર્ય-ચંદ્ર આપણે વિજ્ઞાનને અને સત્યને સોંપી દઈએ, ને સૂર્યલોક અને ચંદ્રલોકની જે પૌરાણિક દુનિયા ઉપજાવી કાઢી એ કાલ્પનિક લોકને કલ્પનામાં જ સત્ય એવાં પુરાણોને સોંપી દઈએ. આમ બે લેવલ ઉપર માણસને જીવતાં આવડવું જોઇએ. જૂના વખતમાં સામાન્ય જનતાને આપણે અજ્ઞાનમાં રાખી અને કહ્યું કે 'જેમ માણસ પશુ ઉપર જીવે છે તેમ વિદ્વાન સામાન્ય લોકો ઉપર જીવે છે.' અભણ માણસ છે જ પંડિતો માટે સર્જાએલો પશુ. (આવાં શાસ્ત્રવચનો મેં વાંચ્યાં છે. આ ટાણે ટાંકી શકતો નથી એ દુ:ખની વાત છે.) આમ લોકવ્યવસ્થા બરાબર ચાલી.

તેમાં વળી એક નવું સંકટ આગળ કરાયું, 'અમારા રાષ્ટ્રીય દોષોને કારણે નહિ પણ કેટલાક લોકોના ધર્મદ્રોહને કારણે અને ખાસ કરીને કળિકાળના પ્રભાવથી જ આપણે ત્યાં વિધર્મીઓ આવ્યા, એમણે આપણને હરાવ્યા, એમનું રાજ્ય કબૂલ કરવું પડયું અને આપણે એમના પશુ થઈ ગયા. આને પરિણામે એ વિધર્મી પરદેશી લોકોના આક્રમણ સામે 'ધર્મ'ને બચાવવાનું નવું કર્તવ્ય ઊભું થયું. ધર્મની વસ્તુઓ બુદ્ધિયુક્ત ન હોય તો યે ગમે ત્યાંથી સાચીજૂઠી દલીલો ઊભી કરીને પણ ધર્મનો બચાવ કરવો જ રહ્યો. આપણા ધર્મની માન્યતા ઉપર પ્રહાર કરી આ વિધર્મી લોકો હરિજનોને (બધાને નહિ પણ અમુક અમુક ઠેકાણે અમુક અમુક સંખ્યામાં) હિંદુ ધર્મમાં અલગ કરી શક્યા છે. એ લોકો આપણા ધર્મની અંદર હતા ત્યારે આપણે એમને ન આપી વિદ્યા, ન આપ્યું સાંસારિક સુખ. આપણે નિયમ કર્યો કે આ અસ્પૃશ્ય લોકોએ પૂર્વજન્મમાં પાપ કર્યાં હોવાથી તેઓ અસ્પૃશ્ય રહ્યા છે. જો તેમને વિદ્યા મળે, સારાંસારાં સાધનો મળે, જો તેઓ ધોળાં કપડાં પહેરવા લાગે તો તેઓ આમ બ્રાહ્મણનિષ્ઠ રહે નહિ, આપણી સેવા કરે નહિ; માટે એમની પણ ધર્મ-નિષ્ઠા સાચવ્યે જ છૂટકો. સત્ય-નિષ્ઠા, પ્રયોગ-નિષ્ઠા વગેરે બધું છોડી દો. જ્યાં સુધી વિધર્મી લોકોનું વિદેશી રાજ્ય છે ત્યાં સુધી ધર્મને બચાવ્યે જ છૂટકો.

આવા એ બે પક્ષો પૂનામાં દિવસ-રાત ચર્ચા ચલાવતા હતા. એવામાં એક દિવસ વગર પૂછયે વગર મુહૂર્ત શોધ્યે સૂર્યગ્રહણ આવ્યું. વિદ્યાર્થીઓ, પ્રિન્સિપલ રૅંગ્લર પરાંજપે (જેઓ વિલાયતથી નવાસવા આવ્યા હતા એમની) પાસે રજા માગવા ગયા. એ બાપડા ધર્મની ગૂઢ વાતો ક્યાંથી સમજે? એમણે કહ્યું: 'આજે ખાસ કશું બન્યું નથી; આજે હું રજા નહિ આપું.' પ્રિન્સિપલ પરાંજપે તો સુધારક પક્ષના અને નરમ દળના. એમનું આ ધર્મવિઘાતક પગલું સહન કરાય જ કેમ?

ધર્મપક્ષના વિદ્યાર્થીઓએ પ્રથમ તો આંતરિક આંદોલન શરૂ કર્યું. તેઓ જાણતા કે હું તિલક પક્ષનો છું, તેથી એમને લગભગ ખાતરી હતી કે હું એમના પક્ષમાં ભળીશ. બધા મારી પ્રચારશક્તિ પણ જાણે. એટલે મને પૂરા વિશ્વાસથી પોતાના પક્ષમાં ખેંચવા માટે આવ્યા. પ્રિન્સિપલ સહેબની જોહુકમી, ધર્મ વિષેનો એમનો અનાદર વગેરે વગેરે બધી વસ્તુ જોશભેર મને સમજાવી ને મારી સહી માગી. એમણે એમ પણ કહ્યું કે, 'અમે લોકમાન્ય તિલક પાસે જઈ આવ્યા છીએ. તેમણે અમારું સમર્થન કરવાનું વચન આપ્યું છે એટલે તમે તો અમારામાં આવશો જ.'

મેં વાત શાંતિથી સાંભળી ને એટલી જ શાંતિથી એમને નિરાશ કર્યા. મૅટ્રિકના દિવસોથી મને ખગોળમાં રસ જાગ્યો હતો એટલે એમની આગળ મેં મારું ખગોળજ્ઞાન પણ ઠાલવ્યું. એમને માટે એ નવું ન હતું; બધું જાણતા. છતાં તેઓ જનતાના લોકધર્મનો પક્ષ કરવા તૈયાર થયા હતા.

પણ મારા જેવાને એમ સહેજમાં જતો કરવા વિદ્યાર્થી નેતાઓ તૈયાર ન હતા. બે-ત્રણ જણ વારાફરતી મને મળવા આવે અને નવીનવી દલીલો કરે: રાષ્ટ્રીય પક્ષમાં ભંગાણ પડવા ન જ દેવાય; અંગ્રેજી રાજ્યમાં રાષ્ટ્રીય પક્ષ કેટલી મુશ્કેલીથી ટકયો છે; અંગ્રેજો આપણને કેટલા બધા હેરાન કરે છે; આપણે જનતાને ખોઈ બેસીશું તો સ્વરાજ્ય ક્યારે જોઇશું? વગેરે વગેરે. ઘરનો માણસ સ્વજન આગળ વાતો કરતો હોય એમ એમણે મને સમજાવવાનો પ્રયત્ન કર્યો.


મેં એમને એટલું જ કહ્યું કે હું જનતાના પક્ષનો છું, પણ જનતાના અજ્ઞાનના પક્ષનો નહિ. આપણે જનતાને હમેશાં અજ્ઞાનમાં રાખી. એ મહાપાપ ધોઈ કાઢવાનો વખત આવ્યો છે. પ્રાયશ્ચિત્તના દિવસોમાં પણ આપણે અજ્ઞાનનો પક્ષ કરવાનું પાપ કરીશું તો ક્યાં જઈશું? મેં મારું માનીતું અંગ્રેજી વાકય એમની આગળ મૂક્યું અને શાંત થયો: Even in penance, planning sins anew.

બીજે દિવસે તિલકના કેસરી છાપામાં પ્રિન્સિપલ પરાંજપે વિરુદ્ધ લાંબો લેખ આવ્યો. અમે થોડા વિદ્યાર્થીઓએ કર્તવ્ય સમજી અમારી સભામાં પ્રિન્સિપલનું સમર્થન કર્યું. વિદ્યાર્થીઓમાંથી ઘણાખરાઓને 'સત્ય'ની પડી ન હતી, 'ધર્મ'ની અને 'જનતા'ની પણ પડી ન હતી. સ્વરાજ્ય બધાને જોઇતું હતું, પણ એને માટે કશું કરવું જોઇએ એ એમને ઊગ્યું ન હતું. એમને એક જ દુ:ખ હતું કે આપણા હક્કની એક રજા ખોઈ બેઠા! મેં એમને પૂછયું કે છુટ્ટી મળી હોત તો શું તમે રાહુ અને કેતુને હરાવવા તપશ્ચર્યા કરી હોત? તેઓ ઇમાનદારીથી કહે: 'ના રે, અમે તો ઘેર બેસીને મઝા કરી હોત.'

(ક્રમશ:)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળનું આત્મકથાનક-૧૦૪



ચિત્રકાર કલ્યાણજીભાઈ શુક્લ
(કલાકાર ચક્રેશ્વર શુક્લના પિતા)

૫૨૪ 'રિટ્રીટ'ની ગૃહશાળા

૧લી એપ્રિલ ૧૯૨૧થી શ્રી અંબાલાલ સારાભાઈના નિવાસ-સ્થાન 'રિટ્રીટ'ની ગૃહશાળામાં મારી નિમણૂક થઈ, પણ ઠરાવ પ્રમાણે મારા નિવાસનું મકાન ધોળાઈને તૈયાર થયું નહોતું તેથી આઠેક દિવસ માટે અન્ય શિક્ષકમંડળ સાથે શહેરમાંથી આવવાનું ઠર્યું. શાળા-ની સર્વ દેખરેખ, જરૂરિયાત અને વહીવટની જવાબદારી અંબાલાલ શેઠે વાસ્તવિકરીતે શ્રી સરલાબેનને જ સોંપી હતી. તેઓ બે-ચાર માસ પહેલાં જ શેઠ સાથે સર્વ પરિવારને લઈ ઇંગ્લૅંડનો પ્રવાસ કરી આવ્યાં હતાં અને ત્યાંની કેળવણીની સંસ્થાઓ જોયા પછી પોતાનાં બાળકોને સરકારી ધોરણે ચાલતી શાળાઓથી મુક્ત અને વ્યક્તિગત શિક્ષણ આપવાનો સંકલ્પ લઈ આવ્યાં હતાં. કરુણાશંકર માસ્તર શિક્ષણ વિષયોમાં તેમના સલાહકાર હતા. તે પણ સાથે ઇંગ્લૅંડ જઈ આવ્યા હતા અને પ્રત્યેક બાળકના માનસ અને વ્યવહારથી સુપરિચિત હતા.

ઇંગ્લૅંડમાં તેમને યુવાન શિક્ષક એડવિન ઇ. સ્ટૅન્ડિંગનો પરિચય થયો. તે આઇરિશ હોઈ તેનામાં અંગ્રેજો જેવી ભારત પ્રત્યે સૂગ નહોતી. અંગ્રેજો તે વખતે ભારતીય પરિવારની નોકરી કરવામાં હીણપ માનતા, પણ સ્ટૅન્ડિંગ ઉદાર મતવાદી હતા. ઇંગ્લૅંડથી જ તેમની પસંદગી કરી મૅડમ મૉન્ટેસોરી પાસે બાળશિક્ષણની તાલીમ લેવા રોકી લીધા હતા અને જ્યારે 'રિટ્રીટ' પરિવાર ભારત આવવા નીકળ્યો ત્યારે તેની સાથે જ પ્રવાસમાં જોડાઈ અમદાવાદ આવ્યા હતા. તેમણે ઘણે ભાગે વિજ્ઞાન અને અંગ્રેજી શીખવવાનું માથે લીધું હતું. તેમના નિવાસ માટે બહાર કોઈ સગવડ નહિ હોવાથી 'રિટ્રીટ' બંગલામાં જ એક ખંડ તેમને સોંપી તહેનાતમાં એક બબરચી આપ્યો હતો.

શાળા માટે બંગલાના કૉમ્પાઉન્ડમાં બાગને એક છેડે હારબંધ બેઠાં એક-ઢાળી છાપરાં આવેલાં હતાં, જ્યાં અમારે જુદા જુદા ખંડમાં પોત-પોતાના વિષયની સામગ્રી-પુસ્તકો વગેરે રાખી, સમય પ્રમાણે જે બાળક આવે તે પ્રત્યેકને અલગ પાઠ આપવાના હતા. સવારના સાડા સાતે પ્રાર્થના માટે સૌ કરુણાશંકર માસ્તરના ખંડમાં મળતા; જ્યાં સંગીત-શિક્ષક શ્રી આપ્ટે તંબૂર રણકાવતા બેઠા જ હોય. એવામાં સૌ બાળકો આવી જાય. શિક્ષકો પણ સાથે જ બેસે. પંડિત વિષ્ણુ દિગંબરે આપેલાં ગીતો 'રચ્યા પ્રભુ તૂને યહ બ્રહ્માંડ સારા' વગેરે સૌ સાથે ગાય. પછી આપ્ટેજી આશ્રમ ભજનાવલીમાંથી એકાદ નવું ભજન ગાય અને અમે ફરી વાર ઝીલીએ. એમ બેચાર રાગોનો ઢાળ અને પરિચય મળે.

આઠ વાગ્યે બે નોકરો નાસ્તાની રકાબીઓ અને ચાની કીટલીઓ લઈ આવે, અને પ્રાર્થના પછી તરત શિક્ષકો સાથે બાળકોને ચા-નાસ્તો મળે. રોજનો આ નાસ્તો ઘણો સમૃદ્ધ પુષ્ટિદાયક રહેતો. એમાં અરધો કલાક જાય. પછી ઘડિયાળ પ્રમાણે પોણા કલાકના હિસાબે બધા પીરિયડ શરૂ થાય. મારા આવવાથી હેડમાસ્તર ચોકસીએ નવું સમયપત્રક ગોઠવી કાઢયું, જેમાં બધાને થોડો ફાજલ સમય મળી ગયો. તેમાં તેઓ એક રૂમમાં સાથે બેસતા અને વિદ્યાર્થીઓની ચર્ચા કરતા. મારે ભાગે તો પાંચે બાળકો માટેના બધા પીરિયડ ભરાઈ ગયા હતા. ગૌતમભાઈ અને લીનાબેનને સાથે લેવાં પડયાં. ભારતીબેન સૌથી ચપળ ગણાતાં. તેમના માટે બધી યોજના અલગ. મૃદુલાબેન અને સુહૃદયભાઇ કોઈક વાર સાથે હોય. મારી જેમ સ્ટૅન્ડિંગનો સમય પણ ભરપૂર રહેતો. વળી તે ઇંગ્લૅંડની રીતે વિદ્યાર્થીઓ આગળ મોટપ કે જ્ઞાન-ગંભીરતા રાખતા નહિ, એટલે બાળકોને બહુ ભાવી ગયા હતા. મેં સાંભળ્યું કે બાળકો તેમના નિવાસમાં પણ પહોંચી જતાં અને તે પણ એક પરિવારજનની જેમ તેમને વિનોદ સાથે શિક્ષણ આપતા.

શેઠ અંબાલાલભાઇનો સિદ્ધાંત હતો કે સારા શિક્ષકોને યોગ્યતા મુજબ વેતન આપી સંતુષ્ટ રાખવા જેથી તેમને ઇતર પ્રવૃત્તિ કરવાની જરૂર રહે નહિ; તે સાથે નોકરીની શરતોમાં પણ એવી ખાસ શરત રહેતી કે તેઓ બહાર કોઈ પણ જાહેર પ્રવૃત્તિ કે ખાનગી ધંધો કરે નહિ. એથી તેમની સર્વ શક્તિઓ તેમના વિદ્યાર્થીઓમાં કેન્દ્રિત થાય. તેમની મિલોમાં કોઈ ગ્રૅજ્યુએટ રાખવાનો હોય તો તેનો દરમાયો રૂ. ૭૫થી શરૂ થતો, પણ આ ઘરશાળામાં કોઈ શિક્ષકને માસિક રૂા. ૨૦૦થી ઓછો પગાર નહોતો. તે કાળે રિટ્રીટ-ગૃહશાળાનો વાર્ષિક ખર્ચ અંદાજે રૂ. ૩૮,૦૦૦ જેટલો થતો હોવાનું મને જાણવા મળેલું. કદાચ શ્રીમંત સયાજીરાવ ગાયકવાડના કુમારો માટે પણ એટલો ખર્ચ થતો નહિ હોય. શિક્ષણનાં ઊંચાં લક્ષ્યો સિદ્ધ કરવા શિક્ષકોને આવા સારા પગાર આ-પવાની પહેલ સારાભાઈ પરિવારે જ કરી હતી.

૫૨૫ ખજૂરીવાળો બંગલો

'રિટ્રીટ' જતાં રસ્તામાં જ પાસે આવેલા, ખજૂરીઓથી ઘેરાએલા એક મકાનનો નીચેનો સળંગ ભાગ સરલાદેવીએ મારા માટે સાફસૂફ કરાવીને તેમાં મારી સૂચના પ્રમાણે કડિયાકામ તથા ધોળામણી કરાવી આપ્યાં. તા. ૮મી એપ્રિલે મેં ત્યાં મારા પરિવાર સાથે વાસ કર્યો. બકુવા પોળનું મકાન મોટા ભાગની ઘરવખરી અને અનાજના સંગ્રહ સાથે અનામત રાખી તાળાં મારી અમે અહીં આવ્યાં હતાં. બીજે જ દિવસે મારાં બાળકોને તેમની શાળાએ પહોંચાડવાની મુશ્કેલી જણાઈ, પણ સાડા દસ વાગ્યે શહેરમાં વસતા શિક્ષકોને મૂકવા જતી મોટી મોટર-માં શેઠના ગૃહમંત્રી–મારા મિત્ર નંદલાલ દલાલનાં બાળકો જતાં, તેની સાથે મારાં બાળકોને મોકલવાની તેમજ સાંજે શિક્ષકોને મૂકીને પાછી વળતી મોટરમાં લઈ આવવાની ગોઠવણ થઈ તેથી નિરાંત અનુભવી.

ખજૂરી-બંગલો શાહીબાગને રસ્તે રેલવે ક્રૉસિંગની આ બાજુ બૉમ્બે ગરાજ સામે આવેલો છે. કૉમ્પાઉન્ડ વિનાનો અને નાનીમોટી ખજૂરીઓના જંગલ વચ્ચે આવેલો આ બંગલો રાત્રે તો સાવ એકાંત-વાસ બની જતો એટલે મારાં પત્નીને બહુ ગભરામણ લાગતી પણ અમારી ઉપરના માળે વસતા સંગીત-શિક્ષક આપ્ટે તથા તેમનાં પત્ની સુભદ્રાબેને ધીરજ આપી; અને તેમને પણ પડોશ મળ્યાનો સંતોષ થયો. તે પતિ-પત્ની રોજ વહેલી સવારે તંબૂરના સ્વરો સાથે સંગીતના નવા નવા રાગોની રિયાઝ કરતાં તેથી મારી સંગીતપ્રીતિ ઉન્નત થઈ. વળી બાજુમાં નીચેની એક છાપરાવાળી પાંખમાં વસતા અંબાલાલભાઈના ઑફિસ-સેક્રેટરી સિ. મૅસ્કરીનસની ઓળખાણ પણ થઈ. એ ગોવાનીઝ પરિવાર બહુ મળતાવડો જણાયો. ધીરે ધીરે બોલચાલ વધી અને પછી તો મિ. મૅસ્કરીનસ મારા બારણા આગળથી પસાર થતાં 'ગુડ મૉર્નિંગ' કર્યા વિના રહે જ નહિ. તેઓ ઘણા વિનોદી અને હસમુખા હતા.



ખજૂરીવાળો બંગલો

અહીં આવ્યા પછી, શ્રી સરલાદેવીની સૂચનાથી મારાં બાળ-વિદ્યાર્થીઓ બબ્બેના સમૂહમાં કે સૌ સાથે વખતોવખત મને મળતાં અને હું મારાં બાકી રહેલાં પેઇન્ટિંગ કરતો તે જોતાં જોતાં અનેક બીજી-ત્રીજી વાતો પૂછતાં. આમાં મારા વિષે વધુ અંગત માહિતી અને પરિચય મેળવવાનો હેતુ પણ સરતો.

હાજી-સ્મારકનું કામ હજી અરધે આવ્યું હતું. બચુભાઇએ મારી સાઇકલની સહાય લઈ ટપાલ તથા પ્રુફો સાથે રોજ સાંજે મળવાનો ક્રમ રાખ્યો. અમદાવાદમાં છપાતાં પાનાં સાથે મૂકવાના લાઇન-બ્લૉક મુંબાઈથી ભાઈ ગુલામહુસેન દ્વારા કરાવી મંગાવ્યાં હતાં. પણ હાફટોન-ફોટો-બ્લૉક અમદાવાદમાં કોઈ છાપી આપે એવું છાપખાનું નહોતું. તે કરાવી લાવવા બચુભાઈ જાતે મુંબાઈ ગયા પણ ત્યાં વિલંબ થાય એવું લાગતાં ગુલામહુસેનને સોંપી ચાલ્યા આવ્યા. પણ બધું છપાઈ રહ્યા બાદ પુસ્તક-બાંધણી વખતે જ તેની જરૂર પડવાની સમજી વિલંબ નિભાવી લીધો. આ જ મહિનાની ટપાલમાં આણંદથી ચરોતર કેળવણી મંડળ દ્વારા 'બાલમિત્ર'નો પ્રથમ અંક બહાર પડયો. મેં કરેલું તેનું રંગીન પૃષ્ઠ-ચિત્ર કલકત્તાથી છપાઈ આવેલું. આમ ગુજરાતમાં પગરણ થયું.

૫૨૬ કલ્યાણજીભાઈ શુક્લ

ખજૂરીવાળા બંગલામાં મારો નિવાસ ગોઠવાયા બાદ હું મારાં વાયદાનાં કામોનો આરંભ કરી રહ્યો હતો તેવામાં મારી જૂની પિછાનવાળા મિત્ર કલ્યાણજીભાઈ શુક્લ આવી ચડયા. તેમણે પોતાની કારકિર્દી મુંબાઈમાં નાટક કંપનીમાં પરદા ચીતરનાર તરીકે શરૂ કરેલી. પછી માદન કંપની સાથે કલકત્તા ગએલા. ત્યાં આલ્ફ્રેડ નાટકમંડળીનાં પરદા તથા દૃશ્યો ચીતરનાર મારા પુરાણા મિત્ર દીનશા ઇરાનીની મુલાકાત થતાં દીનશાજીએ પૂછેલું: 'તમે ગુજરાતી છો છતાં રાવળને ઓળખતા નથી?' એમ કહીને મારી પ્રશંસા કરેલી હશે ત્યારથી કલ્યાણજીભાઇને મારી પ્રતિ આકર્ષણ થએલું. નાટકની નોકરીના ઉજાગરા તથા કુટુંબથી દૂર રહેતાં નડતી જીવનની મુશ્કેલીઓથી કાયર થઈ તેમણે તે નોકરી છોડી ગુજરાતમાં આવી ઊમરેઠમાં જ્યુબિલી ઇન્સ્ટિટ્યૂટ હાઈસ્કૂલમાં ચિત્રશિક્ષકની નોકરી લીધેલી. તેમાં ફાવ્યું નહિ એટલે કુટુંબને વતન હળવદ મૂકવા જતાં એક વાર અમદાવાદ રોકાઇને સપરિવાર મારે ત્યાં આવેલા અને પરિચય કરેલો. પછી જામનગર જઈ ત્યાં પ્યારેલાલની કંપનીમાં શ્રી યશવંતરાવ હાટે સાથે કામ કરવા જોડાયા હતા. પણ આ રઝળપાટના જીવનથી થાકીને સ્થાયી થવાના ઇરાદાથી અમદાવાદ આવી ગમે તે ભોગે મારી પાસે રહેવા ઈચ્છા બતાવી.

મારી પાસે તેમના યોગ્ય કોઈ જગ્યા નહોતી, પણ મારી નજર નીચે મારાં વાયદાનાં કામો પૂરાં કરવા તેમને મદદનીશ તરીકે રાખી લીધા. આ કામ તો થોડા માસમાં પૂરું થવાનું હતું; પછી તેમના માટે શું કરવું તેની ચિંતા હતી. એવામાં એ જ વર્ષના ડિસેમ્બર માસમાં અમદાવાદમાં રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)નું અધિવેશન મળવાનું હતું (જેના પ્રમુખ તરીકે કલકત્તાના દેશબંધુ ચિત્તરંજન દાસની વરણી થઈ હોઈ પ્રજામાં ભારે ઉત્સાહની હવા પ્રકટી હતી) તેના સ્વાગત મંડળમાં મારા મુ. મિત્ર ડૉ. હરિપ્રસાદ નીમાયા હતા. તે એક વાર ખાસ મને મળવા આવ્યા અને કહ્યું કે કૉંગ્રેસના વિશાળ મંડપમાં ચારે બાજુ ધ્વજા અને ફૂલ-પાનની શોભા તો થશે જ, પણ મંડપમાં મૂકવા આજની રાષ્ટ્રભાવના પ્રકટ કરતાં થોડાં મોટાં ચિત્રો હોય તો સારું. મને તરત જ સ્મરણ થયું કે મારી પાસેનાં કામ પતાવી રહેલા કલ્યાણજીભાઈ શુક્લની આમાં કંઈક ગોઠવણ કરી શકાશે, એટલે મેં ડૉક્ટરને કહ્યું કે આપણે ચિત્રોની ભાવના નક્કી કરી શકીએ તો તેનો કલ્પના-આલેખ તો હું કરી આપીશ અને કામ આ કલ્યાણજીભાઈ કરશે. એમને મોટાં નાટક-દૃશ્યો કર્યાનો અનુભવ છે તે ઉપયોગી થશે.

૫૨૭ અમદાવાદ કૉંગ્રેસમાં ચિત્રો

અમે ૩×૬ ફૂટના માપનાં ચિત્રો કરવાનું ઠરાવ્યું. ઘણે ભાગે ચિત્ર-પ્રસંગો આ હતા: (૧) બુદ્ધનો ગૃહત્યાગ, (૨) દેવો માટે અસ્ત્ર તૈયાર કરવા સારુ દધીચિ ઋષિનો દેહત્યાગ, (૩) ભારત માતા, (૪) હિંદુ-મુસ્લિમ ઐક્ય, (૫) હઠીભાઈનું મંદિર, (૬) રાણી સિપ્રીનો મકબરો.

નવેમ્બર માસમાં કલ્યાણજીભાઈ મારા કામથી છૂટા થયા કે તરત મેં તેમના માથે આ કામની જવાબદારી નાખી અને શહેરમાંના મારા બહુઆની પોળના મકાનના નીચેના ચોકમાં કામ કરવાની સગવડ કરી આપી. કહેવું જોઈએ કે કલ્યાણજીભાઇએ જરા પણ મૂંઝાયા વિના લાકડાની પટ્ટીઓનાં ચોકઠાં ઉપર માદરપાટ ચડાવી, નાટકના પરદાની રીતે સરેસના પાણીમાં કોરા રંગો મેળવી, મેં આપેલા આલેખો પર ચોરસ ખાનાં દોરીને છ યે મોટાં ચિત્રો એક માસમાં ઉકેલી આપ્યાં. એ કામ ચાલ્યું ત્યાં સુધી હું રોજ સાંજે સાઈકલ પર શહેરમાં જતો અને તેમના કરેલા કામમાં જરૂરી સુધારા કે ફેરફારો સૂચવી દીવાબત્તી થતાં પહેલાં ઘેર આવી જતો. ડૉક્ટર હરિપ્રસાદ પણ રોજ કલ્યાણજીભાઈનું કામ જોઈ આવતા અને રાષ્ટ્ર-સમુદાયને કલાદર્શનની પ્રેરણા આપવાનો એક પ્રસંગ મળી ગયો તેથી ખૂબ હરખાતા હતા.

આ ચિત્રકામમાં મેં માત્ર દેશસેવાનું જ લક્ષ્ય રાખ્યું હતું. કામનો સર્વ પુરસ્કાર કલ્યાણજીભાઇને અપાવ્યો હતો. તેમને તેમાંથી બે-ત્રણ માસના પગાર જેટલું વેતન મળી રહ્યું તેનો મને મોટો સંતોષ હતો. પણ એમાં મને રોજની આવ-જાનો શ્રમ ઠીકઠીક લાગતો. તેમાં યે છેવટના દિવસે હું પાછો વળતો હતો ત્યાં આકાશમાં અચાનક વાવાઝોડું, વાદળાં અને વીજળીના ચમકારા થયા અને દિલ્હી દરવાજે છોડયો કે તરત છાંટા પડવા શરૂ થયા. મેં સાઈકલ દાબીને મારી તો મૂકી, પણ મારી છાતી પરના ભીના પહેરણ પર ઠંડા પવનની જોરદાર ઝાપટો લાગી તેની અસર મને તે જ રાત્રે જણાઈ.

(ચાલુ)

વાર્ષિક વાઙ્મય-સમીક્ષા

'ગુજરાત સાહિત્ય સભા' તરફની વાર્ષિક વાઙ્મય-સમીક્ષાનું કામ ચાલુ વર્ષે (ઈ. ૧૯૭૦) માટે શ્રી કૃષ્ણવીર દીક્ષિત, નવીનનગર-૨, બીજે માળે, રૂમ નં. ૨૭, ચૅપલ લેન, સાન્ટાક્રુઝ (પશ્ચિમ) મુંબાઈ-૫૪ (એ. એસ.) ને સોંપવામાં આવ્યું છે. તો પ્રકાશકોને વિનંતી કે પોતાના તરફથી પ્રકટ થતાં સર્વ પ્રકાશનો પ્રકટ થાય કે તુરત ઉપર જણાવેલા સરનામે એ સમીક્ષકને મોકલી આભારી કરે.

જીવ બહલાવતી જુગાર-નગરી

લાસ વેગાસમાં

ચન્દ્રવદન મહેતા



અંતરગઠરી-૩૫

નગરીઓનાં પણ નસીબ હોય છે. ફ્લૉરેન્સ માઈકલ ઍન્જેલોને નામે ચડી, સ્ટ્રેટફૉર્ડ શેક્સપીઅરને નામે પંકાઈ, ફ્રૅંકફર્ટ અને વાઈમર ગએટેને નામે પ્રકીર્તિત થઈ, ઉજ્જયિની કાલિદાસને નામે પ્રસિદ્ધ થઈ, એમ કેટલીક નગરીઓને યશકલગી આવી મળે છે. ઘોડ-દોડની રેઈસ માટે, શેરબજારના સટ્ટા માટે, અફીણગાંજાના વેચાણ માટે પણ અમુક નગરો પ્રખ્યાતિને પામ્યાં છે. કોઈ મહાપુરુષના જન્મસ્થાનને લઇને, તો કોઈ ઇતિહાસની ઘટનાઓને લઇને ખ્યાતિ મેળવે છે. દિલ્હી અને રોમ જેવી નગરીઓ જમાનેજમાને કાયાપલટ કરતી રહીને બબ્બે હજાર વર્ષોથી પણ વધારે કાળ જીવતી રહી શકે છે. એમ નેવાડાની લાસ વેગાસનગરી અમુક જ પ્રકારના જુગાર માટે ખ્યાતનામ થએલી છે.

અમુક જ પ્રકારનો એટલે કેવળ સંકુચિત પ્રમાણમાં જ જુગાર, એમ ન માનશો. ઘોડદોડની શરતો નહિ, શેરબજારનો સટ્ટો નહિ. પણ એ સિવાય કલ્પી શકો એટલી જાતના ને એટલા પ્રમાણમાં જુગાર જોતાં તમે અહીં ધરાશો નહિ. લૉસ ઍન્જેલિસથી પશ્ચિમે જતાં એ શહેર આવે. એ પ્રદેશમાં ત્યાંના 'કૅન્યૅાન્સ' પ્રખ્યાત છે. ઊંચી કરાળ ભેખડો, ને ઊંડી જંગી ખાઇઓ. લપસ્યા ને પડયા તો હાડકું શોધ્યું ન જડે, અને છતાં એ પ્રદેશનું આગવું સૌન્દર્ય, લાસ વેગાસમાં થાણું નાખી ખાસ ટ્રેઇન કે ખાસ બસોમાં આ જગમશહૂર કૅન્યૅાન્સ જોવા જઈ શકાય છે.

બે-ચાર મિત્રોની વાતો સાંભળેલી, અને ત્રણ-ચાર દિવસ રજાના આવ્યા, એટલે લાસ વેગાસ જવાની પેરવી કરી. મારા મુકામ ઈસ્ટ લૅન્સિંગથી શિકાગો, અને શિકાગોથી લાસ વેગાસ સીધી જ ફ્લાઈટ. સવારે દસે નીકળો તો ખરે બપોરે ત્યાં, પણ લાસ વેગાસથી વહેલી સવારે નીકળો તો મોડી સાંજે પણ ન્યૂ યૉર્ક પહોંચ્યા તો નસીબ! કારણ? પૂર્વ-પશ્ચિમ દિશાના સમય. વચગાળે ત્રણ કલાક આમ વધે તો આમ ઘટે એવડી સમયની હેરફેર. પરંતુ લાસ વેગાસમાં વળી સમયસંકેત—ઘડિયાળો છે જ ક્યાં? 'રાઉન્ડ ધ કલૉક' વાક્ય અમુક એર લાઈન્સના સંબંધમાં વપરાય છે; 'ટી ડબ્લ્યુ. એ.'નાં હવાઈજહાજો બંને દિશામાં પૃથ્વીની આસપાસ ફરતાં રહે છે, એમ લાસ વેગાસમાં પણ 'રાઉન્ડ ધ કલૉક' વેપાર ચાલુ જ રહે છે. અહીં દિવસ અને રાતનો ફરક રહેતો જ નથી.

આપણે શિકાગો શહેર જોયું, પણ એનું એરપૉર્ટ નથી જોયું. ન્યૂ યૉર્કથી ડિટ્રૉઈટ જુદું, અને ડિટ્રૉઈટથી શિકાગો જુદું. એમાં ડિ ૉઇટ જરા વધારે અટપટું, પણ શિકાગોનું ચોકઠું જો એક વાર મગજમાં બેસી ગયું તો સહેલું. ન્યૂ યૉર્કમાં ત્રણ એરપૉર્ટ. પણ એમાં કેનેડી એરપૉર્ટમાં જરા વચકાયા, તો પાકે રસ્તે પહોંચતાં કલાકો નીકળી જાય, એટલું અટપટું: પ્રત્યેક એર લાઈન્સના જુદા ચોકા. શિકાગોથી લાસ વેગાસ એરોપ્લેન-માંથી ઊતરો, અને હજી મૂળ મકાન પર પહોંચ્યા નથી, ત્યાં તો જુગારની સોડમ આવવી શરૂ થઈ જાય. બહાર ટૅક્સી માટે આવો યા બેત્રણ પગથાર તમારું ભવિષ્યનું બુકિંગ કરાવવા ચાલો, એટલામાં માર્ગમાં સો 'જૅક પૉટ્સ' આવી જાય. મોઢાં વકાસીને ઊભાં જ હોય. દસકો ખોસ્યો અને હાથો ફેરવ્યો તો સિક્કાઓના ઢગલા ખડખડી પડે; યા તમારો દસ સેન્ટનો સિક્કો ગયો સમજવો! દસનાં, પચાસનાં, એક આખા ડૉલરનાં આવાં મશિનો ભોંય ઉપર જડેલાં હાજર જ છે. ક્યાંય ક્યૂ નહિ. એક પર કોઈ ઠસી પડ્યો હોય તો તમે બીજું ત્રીજું ચોથું જે ફાવે તે લઈ લ્યો.

કેમ? ગજવામાં દસના સિક્કા નથી? અરે બહાર તો નીકળો, ટૅક્સી તો કરો, હોટેલમાં તો પહોંચો; પછી જુગાર તો ખડો જ છે ને! શેરબજારમાં એક ચલણી વાક્ય છે, 'વ્યાપાર કદી ઘરડો થતો જ નથી.' અહીં જુગાર સદા જુવાન જ રહ્યો છે, એમ કહી શકાય.

બળ્યું આ શહેર! અહીં રણવગડામાં ક્યાં પણે આવી પડયા—એવું થાય. ટૅક્સીઓ બધી જ એરકંડિશન્ડ ન હોત તો એરપૉર્ટથી હોટેલ પર પહોંચતાં તો પરસેવે રેબઝેબ ને કપડાં ભીનાંભચ્ચ થઈ જવાનાં. ઝાડવું ડીંડવું આમતેમ ક્યાંય જોવા ન મળે. આ બળ્યાઝળ્યા વાતાવરણમાં વળી લીલોતરી કેવી? જંગલ, રણ કે વગડા-જે કહેવું હોય તે કહો. આવી ભરાયા છીએ તો હવે શું થાય? વળી, તારટપાલ કરી પહેલેથી હોટેલ પણ બૂક કરી છે; હવે પાછા ફરીએ તે કેમ પોસાય? ટૅક્સીમાં જોકે એટલો તાપ ન લાગ્યો, પણ ટૅક્સીમાંથી ઊતરી હોટેલમાં દાખલ થવાનાં દસ ડગલાંમાં તો ત્યાંની ગરમીની જાણ થઈ ગઈ. ભારતનું ઉનાળાનું રાજ-સ્થાન તરત યાદ આવી ગયું!

દાખલ થયા, રૂમમાં સામાન ગયો, ચાવીઓ લીધી. હોટેલનું નામ 'સ્ટાર-ડસ્ટ'. હવે અંદર કશું ડેઝર્ટ કે ડસ્ટ જેવું ન લાગે. ઠંડક પૂરતા પ્રમાણ-માં. રૂમ સારા. ટેલિવિસ્ઝન, અફલાતૂન બાથરૂમ, ટેલિફોન અને ત્યાંથી બહાર નીકળ્યા કે દીવાનખાનામાં આવતાં તો આખું અમેરિકા! બંને ખંડો ઉપરાંત ચીના, જાપાની એશિયાઈ, શેખશેખાણીની પંચરંગી વસ્તી! સૌ પોતપોતાની ધૂનમાં. કોઇને તમારી સામે જોવાની પણ ફુરસદ નહિ.

ના, આ શહેરમાં બજાર નથી. કશું ખરીદવું હોય તો તે હોટેલમાંની દુકાનોમાંથી, જોડા; છત્રી, કપડાં—પણ અહીં ખરીદવા કોણ આવે છે? બહારનું જ મોટું દીવાનખાનું લ્યો. બેસવાની પણ જગ્યા નથી. નાનું સ્ટૂલ ક્યાંક હશે. પણ મોટેભાગે ઊભાઊભા જ એકેક જૅક-પૉટની સામે દસદસ સેન્ટનો સિક્કો નાખતા જાઓ. કાં એ જાય, કે કાં દસગણા લઈ આવે. જેવું તમારું ચકરડું ફરે અને નસીબની યારી આપતાં ત્રણ એક જાતનાં ચિતરામણો એક હારમાં આવીને ઊભાં રહે તો; ઢગલો ધન! પણ એમ આવે છે જ ક્યારે? એનો કોઈ વિચાર કરવું નથી.

આવાં દસ દસની હારમાં વીસ-ત્રીસ, ચારસો પાંચસો, ટેબલો. બે-ત્રણ ચકરડાં ફેરવવાનાં. નંબર લાગ્યો તો ધન. વ્હીલની બાજુમાં સિત્તેરેક આંકડાઓમાંથી ગમે તે પાંચ યા દસ ધારીને, તેના પર પૈસા લગાવો. દસેદસ લાગ્યા તો હવે પછી બે વરસ ફર્સ્ટ કલાસ હોટેલોમાં એર લાઈન્સમાં ફર્યા કરો એટલી મોટી રકમ મળે. એમ એકાદ બેને મળી પણ હશે. એનું નામ જાહેરાતમાં વપરાય એટલે આપણે લલચાઈએ. એવાં પાનાંનાં, આંકડાઓનાં, ચકરડાંઓનાં, ચીતરામણોનાં, દડાનાં, લખોટીઓનાં, કલ્પ્યાં કલ્પાય નહિ એટલાં નસીબ અજમાવવાનાં થાનકો જોવા મળે. ભીડ ક્યાંય નહિ; તેમ ક્યાંય ખાલી જગ્યા પણ નહિ.

હજારેક ઓરડાનું આ હોટેલ હશે. ચાનો, કૉફીનો, વ્હિસ્કી-બ્રાન્ડી-નો, મેક્સિકન રમતનો—જુદોજુદો અડ્ડો. દારૂના બાર જુદા, જમવાના ઓરડા જુદા; અને રાતે ગ્રાન્ડ ડાઇનિંગ હૉલમાં. સામે જ થીએટર. ત્યાં ફ્રેન્ક સિનાત્રા કે ડેની કે, કે એવાં જ પ્રખ્યાત નટનટીઓના પ્રોગ્રામ

રજૂ થાય. કમાયા હો તો ખરીદો ટિકિટ; ન કમાયા હો તો અહીં સુધી આવ્યા છો તો એ પણ રહી ન જાય એમ માની ખરીદો ટિકિટ. ના, અહીં ઘડિયાળ નથી, મળસ્કે ચારે આવો કે રાતે બે વાગ્યે હોટેલ ખાલી કરો, ચોવીસે કલાક ચોપડા ને બારણાં ખુલ્લાં. બે મિનિટમાં બિલ પતાવી દે. અહીં સ્વિમિંગ પુલ છે, ગૉલ્ફ રમવાનું લીલુંછમ મેદાન છે, કપડાં સીવી આપનાર દરજી છે, બધું જ અહીં. અહીં આવતાં આપણે રસ્તે તો એકેય ઝાડવું ન જોયું, પણ હોટેલના પોતાના વિસ્તારમાં તો તસુ યે તસુ જમીન લીલીછમ. એને જાતજાતનાં ઝાડ ઉગાડી શણગારી દીધી છે.

બે દિવસ તો શું, પણ અહીં આઠ-દસ દિવસ રહેનારાં પણ આવે છે: અંદર દાખલ થયા કે પછી દસમે દિવસે જ બહાર નીકળે. દિવસ કે રાતભર એને જે પ્રકારનું મનોરંજન જોઇએ તે એને મળ્યા જ કરે: નૃત્ય, સંગીત, શો, જાદુ-કસરતના ખેલ, અને હોટેલો સસ્તાં, બે કે ત્રણ દિવસના રૂમના પ્રમાણમાં નહિ જેવી રકમ. ક્યાંક એક ભાણું મફત, ક્યાંક એક પીણું મફત. બેપાંચ ડૉલરનું મફત ખાઈ જાઓ, પણ આવો; અને રહો. અને રહ્યા એટલે રમવાના. દસ-વીસ કે સો-બસો ડૉલર તો રમવાના જ. એ અમારી કમાણી. અને વળી તમે કમાયા તો ફરી રમવાના, લોભને થોભ છે જ નહિ, આવો અને રહો, અમારાં નાટક-ખેલ જુઓ, તમાશા જુઓ, ખાસ પ્રકારની વાનગીઓ ચાખો.

તમને પરચૂરણ કે સોની નોટના છૂટા કરાવવાની ચિંતા છે? કે તમારા
છે રૂમમાં તમારી બૅગમાંથી યા ખિસ્સાપાકીટથી ખોવાઈ જવાની બીક
ફિસ ..? જરા ય મૂંઝાશો નહિ. જેવા આવો તેવા તમારા પૈસા અમારી ઑ-
લનું ન..માં જમા કરાવી દો. અને રમવા માટે એ નાણાં બદલ અમારા હોટે-
જ નહિ, ..ાણું, અમારી નોટ, અમારાં ટોકનો ખરીદી લ્યો, કે તમારે ચિંતા
બહાર ક..લું. એ નાણાંથી રમ્યે જાઓ, રમ્યે જ જાઓ. એ નાણાંની હોટેલ
અહીં ..લાશી કિંમત નથી, એટલે કોઈ એ નાણું નહિ ચોરે. પણ રમો.
ને વધુ વ..ાં ..થી સવારના થોડા ડૉલર ખોટા કરી—એકાદ વાર થોડું કમાઈ
નહિ, સે..પુરાર ગુમાવી—હું જરા બહાર લટાર મારવા નીકળ્યો. આવાં એક
એમાં ..વી ..ા-બસો હોટેલ. નાનાં રેસ્ટોરાં જુદાં. નાની દુકાનો પણ ખરી.
લાસ વે..ળ ..ીણાં મળે. પણ બધે સંખ્યાબંધ જૅક પૉટ્સ તો ખરાં જ. એકલા
ની ..-વેગાસ નગરમાં અરધો લાખ જૅક પૉટ્સ હોવાં જોઇએ. કદાચ લાખ-
ઊંઘ ..ખ્યા પણ હોય. કોઈ કોઈ હોટેલમાં તો સૂવાના રૂમમાં પણ એ છે.
ગ.. ન આવી તો (અને ઊંઘ શાની આવે? ધન કમાવાની ચિંતા અને ધન
..માવ્યું એની ચિંતા! એટલે અહીં જ્યાં દિવસ નથી, રાત નથી, ત્યાં વળી ઊંઘ શાની આવે?) ત્યાં રૂમમાં પણ બે વાગ્યે ઊઠીને કે મળસ્કે ચાર વાગ્યે પ્રાર્થના કરીને 'હે લક્ષ્મીદેવી! આ ડૉલર નાખું છું–દસ ગણા કરી ઢગલો પાછા આપ!' મોટર છે તમારી પાસે. ચાલો જરા ફરવા. પેટ્રોલ નંખાવી લઇએ, તો પેટ્રોલના પંપ પાસે પણ જૅક પૉટ હાજર છે. નાખો અરધો ડૉલર અને ફેરવો ચકરડું! આ જૅક પૉટ સિવાય અહીં બીજું કશું જોવાનું નથી. દૂર એક નાના બજાર જેવો રસ્તો છે, ત્યાં પણ નાનાં રમકડાં જેવાં જૅક પૉટ જ મળે, બીજું શું મળે વારુ? નાનાં બાળકો માટે પણ જૅક પૉટ: આજથી રમતની ટેવ પડે તો આગળ ઉપર માલેતુજાર થઈ લાસ વેગાસમાં રમવા આવે. આખા નેવાડા ડિસ્ટ્રિક્ટમાં જૅક પૉટનો જ હિસાબ છે. લાસ વેગાસમાં દર શનિ-રવિએ યા દર મહિને યા રોજ કેટલા કરોડની હેરફેર થતી હશે એના આંકડા કાઢનારાઓ પણ છે. આ મશિનમાં ક્યાંક આપણો સિક્કો સલવાઈ ગયો, ને ચકરડું ફર્યું નહિ, તો તરત જ એના સમારકામના જાણકાર ત્યાં ફરતા હાજરાહજૂર તૈયાર છે પણ આ અડીખમ મજબૂત રાક્ષસી જૅક પૉટની બનાવટ જ એવી જાલિમ હોય છે કે એમાં એમ એકાએક બગાડ થવાનો સંભવ જ રહેતો નથી.

આ મશિન આગળ રમવા ઊભા રહેનારાઓમાં મોટા ભાગના વૃદ્ધજનો, અને એમાં મોટે ભાગે ઘરડી ડોશીઓ જોવા મળે છે. શું કરે બીચારી? વૈધવ્ય આવ્યું, અને વર પૈસો મૂકી ગયો છે, અને બીજું કશું કામકાજ કરવાનું છે નહિ, તો રોજ થોડા ડૉલરની કોથળી લઈ બેચાર કલાક અહીં ગાળવામાં ખોટું શું? ત્રણેક કલાક તો ખાવાપીવામાં જાય. બાકી શો જોવામાં. નહિ તો જૅક પૉટ ઉપર દાંડો ફેરવી એકના અગિયાર થયા તો ઠીક છે જે! કોક તો એકી સાથે બબ્બે મશિનોમાં ડૉલરો મૂકી વારાફરતી બંને મશિનો પણ ચલાવે! બેએક કલાકે જમણો હાથ દુખે જરા, તો આ અહીં મસાજ કરનારો (યા કરનારી) પણ હાજર છે: એકાદ ડૉલર પરખાવ્યો તો હાથે ચંપી પણ કરી આપે. અને આખા શરીરની ચંપી કરાવવી હોય તો તેની યે વ્યવસ્થા છે. પણ તમે રમો, બરાબર રમો, વારંવાર રમો. આ જુગાર સ્વચ્છ છે. કોઈ મશિનમાં છેતરપિંડી નથી, યા કોઈ ટેબલ ઉપર, જે રીતે આગળથી ગોઠવ્યાં હોય તે રીતે ગોઠવ્યા બાદ એમાં કોઈ તરકીબ—ટ્રિક નથી. રિવૉલ્વર લટકાવી રાક્ષસી કદના બબ્બે પોલીસ ઑફિસરો છ છ કલાકે બદલાતા આ દરેક હોટેલમાં હાજર રહે છે. કોઈ દોંગાઈ-લુચ્ચાઈ, દગો-લૂંટ કરી ન શકે. જુગાર તો ખરો, પણ સ્વચ્છ જુગાર. જુગારમાં છેતરપિંડી નહિ. નસીબ યારી આપવા તૈયાર હોય તો એમાં કોઈ ખતરો ન નાખી શકે; તમારી ખિસ્સા ખાલી કરવાની તૈયારી હોય તો તમને કોઈ અટકાવી ન શકે.

લાસ વેગાસથી રેડિયો સિટી લૉસ ઍન્જેલસ બહુ દૂર નથી. લાસ વેગાસમાં કંઈક માલેતુજાર નટનટીઓના વ્યક્તિગત યા ભાગીદારીમાં પોતાનાં હોટેલો હશે. મોટાં હોટેલોમાંની સુંદર ભભકાદાર અનેક પ્રકારની તરકીબોવાળી રંગભૂમિ ઉપર કૅની કે યા ગિલસન યા સિનાત્રા જેવા નટો દર શનિ યા રવિવારે ખેલ કરવા, પોતાનાં નાનાં એરોપ્લેનો લઈ કલાકમાં ઊડી આવી, પોતાનો શો રજૂ કરી રાત્રે પાછા ચાલ્યા જતા હોય છે. આ રંગભૂમિમાં ધારો તે ઘડીએ પચાસ-સો નર્તકીઓના નાચવાના કાર્યક્રમ માટે, કે દસપંદર અખાડાબાજોને કુસ્તી કરવાના ચોકા તરીકે, યા ચિત્રવિચિત્ર પરદા સજાવેલા કોઈ જાદુગર માટે, અથવા નાટકના દૃશ્ય માટે ફેરફાર થઈ શકે છે. પ્રેક્ષકો જમતાં હોય ત્યારે પણ નાટક થઈ શકે છે; પ્રેક્ષકો ન જમતાં હોય ત્યારે પણ કંઈનો કંઈ કાર્યક્રમ થઈ શકે. વળી જે દસપંદર 'સ્ટારડસ્ટ' કે 'ફ્રેમોંટ ફેસ્ટિવલ' યા 'ડાયમંડ રિંગ' કે એવાં પ્રખ્યાત હોટેલો છે, ત્યાં શનિની રાતે એકમાં એક આખો પારી(સ)નો કાબારે કે કાસિનોનાં દૃશ્યો રજૂ થતાં હોય તો બીજામાં હાવાઈના કલાબાજો આવીને કંઈક રજૂ કરવાના હોય; અને કોઈ શોખીનોને એવા બેચાર શો એક રાતના ટુકડે ટુકડે જોવા હોય તો એમાંની વિગતોનો સમયવાર કાર્યક્રમ પણ મળી શકે. અહીંથી ઊઠી પણે, એમ પણ જવાની ગોઠવણ થઈ શકે, ને એ પ્રમાણે પણ ટિકિટોની ને વાહનની વ્યવસ્થા ગોઠવી શકાય છે. 'ના મને નથી ગમતું; ના મને તો કંટાળો આવે છે' એવા આળસિયા શબ્દપ્રયોગો અહીં કદી સાંભળવા ન મળે, કારણ કે એકેએક મોટું હોટેલ એક નાનકડી નગરી જ છે. જુગારનો બજાર તો ભરચક પણ તે ઉપરાંત, ઝવેરાતથી માંડી મનમાગ્યું મળે તે ખરીદવાની વૃત્તિ થાય તો તે માટે, નાહવા, તરવા, લૉનમાં ફરવા, કે બેસવાનું મન થાય તો તે માટે, એકલા પડ્યા અને કોઈ સાથે ગપગોળા હાંકવા સોબત જોઈએ તો તે માટે, અને પડ્યાપડ્યા બહાર યા પોતાના રૂમમાં ટેલિવિઝનનો પ્રોગ્રામ જોવો હોય તો તે માટે એમ બધા પ્રકારની વ્યવસ્થા ત્યાં હાજર જ છે.

કોઈ હોટેલમાં ભોજનખંડને 'સુલતાનનું ટેબલ' તો કોઈમાં 'સિંદબાદ ધ સેઈલર' કોઈમાં 'મિરૅકલ હૉમ' તો કોઈમાં 'અલાદીનની શેતરંજી' તો કોઈમાં 'ગોલ્ડન ડસ્ટ' એમ ગણ્યાં ગણાય નહિ એટલાં આફ્રિકા એશિયા યુરોપના દેશોમાંથી ચુનંદાં નામો ચૂંટી જાહેરાતો કરે છે. કોઈ નૉર્વેની, કોઈ પારી(સ)ની, તો કોઈ બલ્ગેરિયાની ખાસ પ્રકારની વાનીઓની જાહેરાતો કરે છે. ટૂંકમાં લાસ વેગાસમાં નારિયેળથી માંડી

ભાવનગરી ભરેલાં મરચાંની વાની માગો તો તે પણ ક્યાંક મળી રહે! જાપાની, ચિનાઈ, ઇન્ડોનેશિયન, મેક્સિકન, બ્રાઝિલિયન વાનગીઓ મળે એ તો દેખીતી વાત. ન મળે ખાંડવી વાટા, મેથીનાં ભજિયાં, ખાટાં ઢોકળાં, કે દાળઢોકળી, પણ જતે કાળે કોઈ સિદ્ધપુરી બ્રાહ્મણ ત્યાં વીશી કાઢે અને ફણગાવેલી લસણવાળી વાલની દાળ પણ જમાડે તો નવાઈ નહિ.

બીજા દિવસની સાંજે અમારા હોટેલના ડાઇનિંગ રૂમમાં હું જમવા ગયો. આ ચોવીસ કલાકમાં બેત્રણ જણા સાથે ઠીક ઓળખાણ થઈ હતી. ભૂખ લાગે, યા વધારે સારી લાગે એ માટેનો વિધિ પતાવી અમે ખાવાની રાહ જોતા હતા. ત્યાં તો તખ્તા ઉપર એક દૃશ્ય તરફ ધ્યાન ગયું;—ના, તખ્તાની પાસેના પહેલા ટેબલ ઉપર. ત્યાં એક ભાઈ પોતાની સાથે બે સુંદર સન્નારી લઈને આવ્યા. ટેબલ આગળ બેઠા ન બેઠા, એટલામાં તે મોઘામાં મોઘો વાઈન ત્રણ બાટલી, મોઘામાં મોઘી ખાવાની છ સાત વાનગીઓનો 'વૅાય'ને હુકમ આપી, મોઢેથી મૅનેજર-ને બૂમો પાડતા બેઠા. અને મૅનેજર દોડતા દોડતા આવ્યા.

'હલ્લો! કેમ છો? યાદ છે ગયે મહિને હું અહીં તમારે ત્યાં જમવા આવ્યો ત્યારે મારી સાથે આવી બે સન્નારીઓ નહોતી, આજે છે.'

'થૅંક યૂ, વેલકમ!'

'...અને મેં શૅમ્પેઇન ઉપરાંત સરસ ખાવાનું મંગાવ્યું, ખાધુંપીધું, ને બિલ આપવાની વાત આવી ત્યારે મેં તમને કહ્યું હતું કે મારી પાસે ફૂટી સેન્ટ પણ નથી.'

'હા, હા, તો આજે તે પૈસા આપવાના છો?'

'ના રે ના; ત્યારે પૈસા નહોતા આપ્યા એટલે તમે તમારા બે ગઠિયા-ઓને બોલાવી મને ઊંચકીને બહાર ફેંકાવી દીધો હતો, યાદ છે ને?

'હા.' 'તો ઠીક, આજે પણ જમ્યા બાદ આપને મારે ફરીથી એ જ તસ્દી આપવી પડશે. હવે મારું ખાવાનું જલ્દી મોકલો.'

દરમિયાન બે ગઠિયા દૂરથી આવતા દેખી, પેલા ભાઈ બાજુના ટે-બલ ઉપર કોઈની વાઈનની બાટલી મૂકેલી તે લઈ, બૈરાંઓને ત્યાં રાખી રફૂચક્કર! હસવાના એ ખળભળાટમાં અમને ખાવાનું પીરસવામાં આવ્યું. અમે સૂપ અને હોરદોરમાંથી સલાડ લઈ ખાવાનું શરૂ કર્યું, ત્યાં પેલા સદ્‌ગૃહસ્થ પાછા દેખાયા. આ વખતે દોડતાંદોડતાં આવી, માઇક્રો-ફોન લઈ તખ્તા ઉપર ઊભા રહી ગયા. એના હાથમાં પેલી વાઈનની બાટલી હતી. તે હલાવતાં બોલ્યા:

'મારા મનમાં કે આ બાટલી હું તમારામાંના કોઈ પર ફેંકું, અને જેને વાગે તેની પાસેથી જૅકપૉટનાં સોગણાં નાણાં લઉં—' પણ એટલામાં મૅનેજરે આવી પાછળથી પેલી બાટલી એના હાથમાંથી લઈ લીધી.

'મારી બાટલી તો ગઈ, પણ હવે હું મારે ખરચે તમને તમારા ટેબલ ઉપર એકેક બાટલી ભેટ મોકલાવું છું. મારા નોકરો આવી તમારા ટેબલ પર મૂકવા માંડશે. જુઓ પણે.' અને નાની નાની વાઇનની બાટ-લીઓ દરેકના ટેબલ પર મુકાવી શરૂ થઈ એ અમે જોતા રહ્યા, અને એ ભાઈ ત્યાંથી ગાયબ થઈ ગયા! હવે પેલી બે સન્નારીઓ માઈક્રોફોન પર આવી. એક કહે: 'હું તો બહુ દુઃખી છું. મારે હવે તો આપઘાત જ કરવો છે. મરું?' બીજી કહે: 'પણ શા માટે, એકાએક?'

તો પહેલી કહે: 'ચાર અઠવાડિયાં પહેલાં મારા કાકા ગુજરી ગયા અને મને વારસામાં દશ હજાર ડૉલર ભેટ આપતા ગયા.' તો બીજી એને કહે છે: 'તો વળી તું દુઃખી શાની? મજા કર; ચાલો આપણે ઉજાણી કરીએ.' તો પહેલી કહે છે 'હા'; પણ ત્રણ અઠવાડિયાં પહેલાં મારા બીજા કાકા ગુજરી ગયા. એનો વારસો પણ મને મળ્યો: પચાસ હજાર ડૉલર.'

તો બીજી કહે છે: 'તો એમાં રડે છે કેમ? હવે તને શાનું દુઃખ છે?' તો પહેલી કહે છે: 'છેલ્લાં બે અઠવાડિયાંથી મારો એક પણ કાકો ગુજર્યો નથી, અને મને કશો વારસો મળ્યો નથી, હું શું કરું?' કહીને એ રડવા બેઠી. ત્યારે બીજીએ એને સલાહ આપી: 'તારા બધા ડૉલર લઈને બ-હારના દીવાનખાનાનાં જા અને આખી રાત જૅકપૉટ પર રમ્યા કર. સવાર સુધીમાં તારું દુઃખ ઠેકાણે પડી જશે.'

દરમિયાન અમે બીજી વાની ખાધી. અને તખ્તા ઉપર પેલા જ આ-પણા સજ્જન આ વખતે ખૂબ જ દારૂ પી નશામાં ચકચૂર બનીને આવ્યા. ત્યાં એની પાછળ એક નાની ટૅક્સી આવી—સ્ટેજ ઉપર! અને આ સાહેબે હાથ કરી ઊભી રાખી. બારણું ખોલી દાખલ થતાં બોલ્યા. 'ડેઝર્ટ ઇન'. શૉફરે એમનો હાથ પકડી બહાર કાઢ્યા. એ ફરી બોલ્યા: 'ડેઝર્ટ ઇન સ્ટેજ.' શૉફરે કહ્યું: 'મહેરબાન! આ જ ડેઝર્ટ ઇન અને આજ એનું સ્ટેજ! તમને ભાન છે ખરું?' તો આપણા મહાજને પાકીટમાંથી પૈસા કાઢતાં

વારતા ૫

વૈતાળ પચ્ચાસી

ઉપાય

વિનોદ ભટ્ટ

અને વડ પરથી મડાને ઉતારી, ખાંધ પર નાખી રાજા વિક્રમે ઝડપથી ચાલવા માંડ્યું એટલે મડાએ ખોંખારો ખાઈને આ વારતા કહેવા માંડી:

'અંધેર નામે કોઈ એક નગરી હતી. તેના રાજાનું નામ શું હતું એની તો ખબર નથી, પણ રાજ્યના કાયદા અનુસાર ત્યાં ખોળના ભાવે ગોળ, ખાંડના ભાવે મીઠું, લાળિયાના ભાવે નેકટાઈ, હાથલારીના ભાવે ચાલણ-ગાડી, સોનાના ભાવે લોખંડ અને મખમલના ભાવે માદરપાટ મળતાં.

આ ભાવોની એકવાક્યતા સ્થિર રહે એ માટે રાજા સદા સજાગ રહેતો ને ઘણી વાર રાત્રે અંધારપછેડો ઓઢીને નગરચર્યા કરવા પણ નીકળતો. તેણે બીજો પણ એક કાયદો કરેલો કે દરેક વેપારીએ દુકાન પર એવાં જ તાળાં મારવાં કે જે રાજાની 'માસ્ટર કી'થી ખૂલી શકે.

આવી એક રાતે મોઢેથી આંગળી પર 'કી ચેઈનમાં માસ્ટર કી' ર-માડતો સીટી વગાડતો રાજા નગરના કાપડ બજારમાં પ્રવેશ્યો. પોતાની 'માસ્ટર કી'થી કેટલીક દુકાનોનાં તાળાં ખોલી અંદર જઈને તેણે સાડીઓ પર ચોડેલ ભાવોની ટીકડીઓ વાંચવા માંડી. રસોડામાં પહેરવાની સાડી અને લગ્નમાં પહેરવાની સાડીના ભાવ સરખા જ હતા. કાપડના ભાવોના સરખાપણા માટે મનોમન આનંદ પામતો રાજા આગળ વધ્યો.

આમ થોડાં બજારો તપાસ્યા બાદ તે પ્રાણીઓ વેચવાના એક વાડામાં દાખલ થયો, જ્યાં મચ્છરથી માંડીને હિપોપોટેમસ સુધીનાં પ્રાણીઓ વેચાતાં હતાં. રાજા એ 'પ્રાણી સ્ટોર્સ' તપાસતો વપાસતો બિલાડી વિભાગમાં ગયો. ત્યાં બિલાડીઓના પૂછડે બાંધેલી ભાવની કાપલીઓ તપાસીને તે હાથી વિભાગમાં ગયો, ને ત્યાં હાથીઓના કાન પર ચોડેલા ભાવ સરખા જ જણાતાં તેને સંતોષ થયો. પણ ત્યાંથી તે પાછો વળતો હતો એવામાં તેની નજર એક ધોળા હાથી પર પડી અને તેના કપાળે લગાડેલા ભાવ વાંચતાં તેના આશ્ચર્ય અને ખેદનો પાર ન રહ્યો; કેમ કે બિલાડી તથા અન્ય પ્રાણીઓના ભાવ કરતાં આ સફેદ હાથીના ભાવ ઘણા ઊંચા હતા. આ જોઈ રાજા ભારે મૂંઝવણમાં પડયો. કેમ કે સફેદ હાથીને સરખી ભાવસપાટીએ લાવવાનો કોઈ માર્ગ તેને સૂઝતો ન હતો.'

વારતાને અહીં અટકાવી વૈતાળે રાજા વિક્રમને પૂછ્યું, 'તો હે વિક્રમ, પ્રજા બિલાડીના ભાવે જ ધોળા હાથી ખરીદી શકે તે માટે રાજાએ શું કરવું જોઈએ?'

'તમામ ધોળા હાથીઓનું રાષ્ટ્રીયકરણ કરી નાખવું જોઈએ.' વિક્રમે તરત જવાબ આપ્યો.

અને, 'વિક્રમ, તારા જેવા મૂર્ખચતુર આજ સુધી મેં જોયો નથી' એમ બોલતું મડું સર્‌ર્‌ર્‌ કરતું ઝાડ પર લટકી ગયું.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર—૧

તાવ

તાવથી તો લગભગ પરિચિત છે. આયુર્વેદની પરિભાષામાં એને 'જ્વર' કહે છે. આહારવિહારમાં અધિક પ્રમાણમાં નિરંતર કુપથ્ય થવાથી તાવનો ઉદ્‌ભવ થાય છે. અગ્નિ મંદ પડી જવાને લીધે અંદરના સ્રોતમાં કાચા રસ-'આમ'નો સંચય થતાં સ્રોતાવરોધ થવાથી પણ તાવ આવે છે. આ સિવાય પણ અનેક પ્રકારે તાવ આવે છે, પરંતુ તેનાં સામાન્ય લક્ષણો નીચે પ્રમાણે છે:

(૧) શરીરનું તાપમાન—ટેમ્પરેચર વધી જાય છે. (૨) ભૂખ મરી જાય છે. (૩) મન અને ઇંદ્રિયો સતત સંતાપ અનુભવે છે. (૪) પરસેવો આવવો બંધ થઈ જાય છે; (૫) અશક્તિ અને થાક વર્તાય છે અને (૬) ખાવાથી માંડી મનોરંજન વગેરે કશામાં રસ પડતો નથી.

ચિકિત્સા: (૧) તાવ આવેલો જણાય કે તુરત જ આહાર લેવાનું બંધ કરવું. તાવમાં લંઘન એ ઉત્તમોત્તમ છે. (૨) પવનનો સીધો ઝપાટો ન આવે તે રીતે સૂઈ સંપૂર્ણ આરામ લેવો. (૩) પીવા માટે ઉકાળીને ઠંડુ કરેલું પાણી પીવું. આટલું કરવાથી ઔષધની જરૂર નહિ પડે; છતાં જો લેવું જ હોય તો 'મહાસુદર્શન ચૂર્ણ' સર્વોત્તમ છે. અગ્નિ પરથી ઉતારીને ચારેક તોલા જેટલું ઊકળતું પાણી લઈ, તેમાં એકાદ તોલો મહાસુદર્શન ચૂર્ણ નાખી વાસણને ઢાંકી દેવું. થોડી વાર પછી તે પાણી ગાળીને ગરમગરમ પી જવાથી તાવ ઊતરવામાં ઘણો ફાયદો થશે. અન્ય ઔષધોમાં મહાસુદર્શન ઘનવટી, મહાસુદર્શનસાર, સંશમની વટી, ત્રિભુવન કીર્તિ રસ, ગળોસત્ત્વ, મહાજ્વરાંકુશ રસ વગેરે લઈ શકાય. બજારમાં આ બધાં તે વાપરવાનાં પ્રમાણ તથા સૂચનાઓ સાથે મળે છે. તાવ ઊતર્યા પછી શરૂમાં હળવો ખોરાક લેવો.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

પાકીટ પડી ગયું, તે શૉફરે ઊંચકી પાછું આપવા માંડયું તો કહે: 'પરચૂરણ તમે રાખો; પણ ફરીથી આટલી ઝડપથી ગાડી નહિ હાંકતા. હું બેઠો નથી તે પહેલાં 'ડેઝર્ટ ઇન' આવી ગયું! અરે એરોપ્લેન પણ આટલું ફાસ્ટ નહિ આવે.' અને પોતાનું પાકીટ લીધા વિના ચાલ્યા ગયા.

અમારી ત્રીજી વાની આવી. અમે લગભગ પૂરી કરી એટલામાં તખ્તા ઉપર એકાએક ઝબકરોશનીમાં એક પલંગ ઊગી નીકળ્યો. સ્ટેજ ફર્યું કે ભોંયરામાંથી ઊપરયો તે અંધારામાં ખબર ન પડી. એમાં એક સુંદર સ્ત્રી મરવા પડી હતી. પાસે એનો વર ઊભો હતો. બાઇએ વરને કહ્યું: 'પતિદેવ! મને લાગે છે કે હું હવે મરી જઈશ; પણ તે પહેલાં મારે એક કબૂલાત કરવી છે. હું તમને વફાદાર નથી.' તો સત્યવાદી વરે તરત જવાબ આપ્યો: 'લે, તું તો ખરી છે! મેં ત્યારે અમસ્તું તને મારી નાખવા ઝેર આપ્યું હશે?'

આમ ચાલ્યા જ કર્યું અને ભોજન પૂરું થયું. ત્યાર બાદ બે કલાકનો અટકયા વિનાનો એમનો રોજિંદો કાર્યક્રમ શરૂ થયો. નાચ, નખરાં, મુજરા, ગીત, સંઘગાન, સ્કિટ, બધું જ ઝપાટાબંધ; વચ્ચે કશા પણ અંતરાય વિના. શો પૂરો થતાં અમે બહારના કૉફીરૂમમાં કૉફી પીવા બેઠા. અમારા સાથીદાર અહીંના વારંવાર આવનાર, અને એમણે પોતાની સ્મૃતિ સંકોરી એક પછી એક નાની ટચૂકડી વાતો કહેવી શરૂ કરી—અમે ત્રણ-ચાર હતાં—એમાં અમને સૌને ઘણી મજા પડી.

એ કહે કે એક વાર આર્ને રોશન અહીં આવ્યો હતો. એણે એવું વિધાન કર્યું કે એની વહુને વાસણો માંજવા-ધોવાનું આળસ, એટલે એની વહુ એને ખાવાનું હાથમાં જ લઈ ખવડાવતી! એડી કૅન્ટર હમેશાં કહેતો: 'ઇરાકમાં પરણ્યા પહેલાં કોઈ પણ સજ્જન કોઈ છોકરીને ઘરની બહાર ફરવા કે જમવા નહિ લઈ જઈ શકે. અહીં અમેરિકામાં પરણ્યા બાદ કોઈ એની વહુને બહાર નથી લઈ જતા!' તે દિવસે ફ્રૅન્ક સિનાત્રાની નાની દીકરી તખ્તા ઉપર આવી હતી. એની સાથે ડેની કે હતો. એની ઓળખાણ આપતાં એ કહે કે 'ડેની કોઈ વિધવાના પહેલી વારના વર જેવો દેખાય છે.' ડેનીએ તરત જવાબ તો આપ્યો હતો, પણ લોકોના ખડખડાટ હસવામાં એ કયાંય ડૂબી ગયો! આર્ચી રૉબિન્સ વારંવાર કબૂલે છે કે 'મારી વહુ જો મારી મા હોત તો કેવો ઘરમાંથી બહાર નાસી જઈ શક્ત?'

'ફન'. ફન શબ્દ માટે ગુજરાતી શબ્દ શોધવા જઇએ તો ગમ્મત શબ્દ વાપરવો પડે; પણ અમેરિકામાં ફનના જાતજાતના અર્થો થાય છે—'લેટ'સ હૅવ ફન', 'ઇટ વૉઝ ફન'. લાસ વેગાસ એ રીતે 'ફન'નું શહેર છે, 'ફની' શહેર નથી. ગમ્મત ઘણી, જ્ઞાન સાથે પણ ગમ્મત મળે: જો જૅકપૉટ ઉપર થોડાંઘણાં ખનખનિયાં બગાડી એટલું જ્ઞાન સંપાદન કરો કે આવો જુગાર રમવો ખોટો છે તો જ્ઞાન સાથે પણ ગમ્મત મળે. પણ જ્ઞાન જોઇએ છે કોને? ત્યાં જૅક-પૉટમાં ડૉલર નાખો ને ચકરડાનો હાથો ફેરવી ત્રણ ચિત્રો એક હારમાં લાવો. આવ્યા તો પોબાર! પણ આપણે ત્યાં એવા આલીશાન મકાનોમાં રહી ગમ્મત નથી કરતા, સામાન્ય ઝૂંપડી કે નાની દુકાન કે ખૂણાના રેસ્ટોરાંમાં મટકા વેપાર યા આંકફરક રમીએ છીએ.

ગમ્મત એ છે કે લાસ વેગાસમાં જુવાન વર્ગ ઓછો હરતોફરતો દેખાય, પણ ઘરડાગોધા યા વગર પરસેવાના પૈસા કમાનારા ઘણા મળે. જ્યારે આપણે ત્યાં આંકફરકમાં કે મટકા વેપારમાં આપણો કિશોર વર્ગ ખૂંપેલો જોવા મળે. લાસ વેગાસ એક જુગારની નગરી છે, ત્યાં જુગાર મોટા પ્રમાણમાં કેન્દ્રિત છે, તો આપણા આખા પ્રદેશમાં મટકા વેપાર પ્રસરેલો છે. એટલે લાસ વેગાસ જનારા પ્રત્યે આપણે ત્યાંના કેટલાક નાકનું ટીચકું ઊંચું કરી, અથવા સુગાળવી આંખે જુએ છે, એમણે એ જાણવું રહ્યું કે ઘેર ઘેર માટીના ચૂલા છે. અમારા પ્રવાસો દરમિયાન અમારા અનુભવમાં ઠેર ઠેર ચૌટે ચોકે લૉટરીઓનાં કાગળિયાં વેચનારા આખા ઇટાલીમાં સૌથી વધારે જોવામાં આવ્યા, પણ જ્યારે અમે મુંબાઈના હવાઈ મથકે ઊતરી સાંજબપોરે મુંબાઈ નગરીમાં લટાર મારવા નીકળીએ છીએ ત્યારે જાતજાતના લોક વિવિધ પ્રકારની લૉટરીમાં આંકની સીરીઝની અક્ષરની આડીઅવળી ગૂંચવણભરી ગણતરી માંડી ટિકિટો ખરીદતા જોઇએ છીએ ત્યારે પણ એ જ વિચાર આવે છે 'ઘેર ઘેર માટીના ચૂલા.' આ થકી આપણે વધારે ઊજળા છીએ કે વધારે કાળા છીએ એવો વિચાર કરવાને બદલે આપણે પણ પંચમહાભૂતની એક જ માટીના માળખા છીએ એમ વિચારવું ઘટે છે.

પણ લાસ વેગાસમાં જુગાર સાથે ભારોભાર મનોરંજન છે; જંગલમાં મંગલ છે; વનવગડાને, અહીં પોતપોતાના અડ્ડાઓમાં લીલીછમ જાજમવાળી અને એરકંડિશનોથી ઠંડીગાર ધરતી બનાવી દીધી છે. એકલા યુનાઇટેડ સ્ટેટ્સની જ પ્રજા ત્યાં રમવા નથી તૂટી પડતી; દુનિયાભરની પ્રજા ત્યાં આવન-જાવન કરે છે. ત્યાંથી ગ્રાન્ડ કૅન્યોન પણ જુએ છે. ભારત કરતાં વિશાળ આ દેશમાં જાતજાતની રંગત જુએ છે, અને જીવ બહલાવે છે. એકાદ બે વિરલા એકના હજાર કરે છે, હજારો વિરલા હજારોના એક કરી નાખે છે! પણ પૈસા સિવાયના એટલા એક ખૂણામાં સ્ટેટ્સનાં જગમશહૂર નટનટીઓને જુએ છે, કાસિનો દ પારી(સ)ની ટોળીના નાચરંગ જુએ છે, ઊંચા પ્રકારનાં મેક્સિકન નૃત્યો, હાવાઈનાં નૃત્યો અને ચિનાઇ ખેલો પણ જુએ છે. યુનાઇટેડ સ્ટેટ્સ ફરવા પણ જાઓ તો લાસ વેગાસની જુગારનગરીને અંજલિ આપવા જજો. ત્યાંથી જ્ઞાનસંપાદન કરવાના આશયથી પણ જજો. થોડા પૈસા ગુમાવશો, પણ 'જીવ્યા કરતાં જોયું ભલું'માં માનતા હો તો જજો, ઘણું જોશો, એટલે ગુમાવેલા પૈસાનો રંજ દિલમાં જરા સરખો પણ નહિ લાગે, પણ જરૂર જજો. (ચાલુ)

આપણાં કિશોર-કિશોરીઓના પ્રશ્નોની નિખાલસ અને તલસ્પર્શી વિચારણા કરતી લેખમાળા

તારુણ્યની તકલીફો

લેખક

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

૩. તારુણ્યનાં તોફાન અને તાણ

તારુણ્ય દરમિયાન જે એક લાગણી અચૂક વિકાસ પામે છે તે 'વિજાતીય આકર્ષણ'. જેવી આર્થિકરીતે પગભર થવાની, તેવી જ જાતીય વૃત્તિઓ સંતોષવાની ઇચ્છા તરુણના જીવનમાં તોફાન અને તાણ વધારનારી, તેમજ વડીલો સાથેના સંબંધો બગાડનારી પણ નીવડે છે. હવે તેને પોતાની રસવૃત્તિઓ, માન્યતાઓ ને ફરજો સ્પષ્ટ થવા માંડે છે. તેને નવાં સાહસો ખેડવાં ગમે છે; અજાણ ભાવિ પ્રતિ જિજ્ઞાસાભરી દૃષ્ટિથી તે જુએ છે; તે સ્વપ્નસેવી બને છે. જોકે પુખ્ત વયની જવાબદારીઓ ઉઠાવવા હજી એ અસમર્થ છે; પરંતુ વડીલો સહાય આપવા તત્પરતા દાખવે છે ત્યારે એને મનમાં માઠું લાગે છે.

તારુણ્ય એ વ્યક્તિનાં વૃદ્ધિ અને વિકાસની ચાલુ રહેતી અવસ્થાવિશેષ છે. બાલ્યાવસ્થાના અંતમાં શરીર-વ્યાપારના ફેરફારોના કારણે નવા આવેશો, પ્રેરણાઓ, રસવૃત્તિઓ, વલણો, આકાંક્ષાઓ ને નવું વર્તન જોવા મળે છે. જીવનમાં કોઈ નવું પરિવર્તન આવતું વ્યક્તિ પોતે અને એનાં આપ્તજનો અનુભવે છે. આ છે તારુણ્યનો કાળ.

સામાન્યતઃ બાર થી અઢાર વર્ષનો આ કાળ બાલ્યાવસ્થા છોડી પુખ્ત વયમાં જવાનો પરિવર્તનકાળ છે. આ પરિવર્તનના ગાળામાં મોટા ભાગના તરુણો જાતીય પરિપક્વતા પામવા ઉપરાંત શારીરિક, માનસિક અને બૌદ્ધિક વિકાસની પૂર્ણતાએ પહોંચે છે. કહેવત છે ને કે 'સોળે સાન ને વીસે વાન'? યૌવનારંભથી માંડી પુખ્ત વયની જવાબદારીઓ ઉપાડવાનો ઉમરનો આ ગાળો અઢાર વર્ષની વયે જ પૂરો થાય એવું પણ નથી; ઓગણીસ કે તેથી યે વધુ ઉમર સુધી એ લંબાય છે. એ જ રીતે જાતીય પરિપક્વતા પામવાનો પણ કાળ વ્યક્તિવ્યક્તિએ અલગ રહે છે. સામાન્યતઃ કન્યાઓમાં જાતીય પરિપક્વતા પામવાનો આરંભ ૧૦ થી ૧૫ની વય દરમિયાન અને કિશોરોમાં ૧૧ થી ૧૬ની ઉમર દરમિયાન થાય છે.

આ જાતીય પરિપક્વતા એટલે પ્રજનનશક્તિ. કોઈ વ્યક્તિ તારુણ્યના આરંભમાં જ આ રીતે પુખ્ત બને છે તો કેટલાક વળી વીસ-એકવીસની વય પછી આ પરિપક્વતા પામે છે. આ જ રીતે તરુણ વયમાં શરીર પણ લગભગ પૂર્ણ ઊંચાઈએ પહોંચે છે; પણ અઢારની વય પછી યે કેટલાકની ઊંચાઈ વધતી જોવા મળે છે ખરી. આ જ અવસ્થામાં માનસિક વિકાસ પણ લગભગ પૂર્ણ કક્ષાએ પહોંચે છે. પરંતુ જિંદગીના ત્રીજા દાયકામાં અને તે પછી પણ કેટલાકની માનસિક શક્તિઓમાં એટલે કે જ્ઞાન, સમજશક્તિ અને બૌદ્ધિક શક્તિઓમાં વૃદ્ધિ ચાલુ રહે છે.

આમ, શારીરિક અને માનસિક વિકાસની સાથે ભય, ક્રોધ, પ્રેમ, આનંદ, શોક, પશ્ચાત્તાપ, આળાપણું વગેરે લાગણીઓની પ્રૌઢતા પણ થોડી વધે છે અને તે તારુણ્ય પછી યે ચાલુ રહે છે. પણ તારુણ્ય દરમિયાન જે એક લાગણી અચૂક વિકાસ પામે છે તે છે વિજાતીય આકર્ષણ. શારીરિક ને માનસિક બંને રીતે તેનો વિકાસ એકબીજા પર આધારિત છે.

તરુણ વ્યક્તિ આવનારી યુવાવસ્થામાં પોતે શું કરશે તેનો નિર્ણય લેવા લાગે છે. તેને પોતાની રસવૃત્તિઓ, ફરજો ને માન્યતાઓની સ્પષ્ટતા થતી જાય છે. પોતાના શિક્ષણ કે વ્યવસાયની પસંદગી પણ તેણે હવે કરવા માંડવાની છે અને તેની એ પસંદગીની અસર તેના સમગ્ર ભાવિ જીવન પર પડનાર છે. ઘણાંને આ જ તબક્કે પોતાના ભાવિ માટે સ્પષ્ટ નિર્ણયો પણ લેવા પડે છે, અને પરિણામનું ભાવિ જાણ્યા વિના આ પસંદગીઓ કરવાની રહે છે; કેમ કે ઉમર વધવા સાથે નિર્ણયો ફેરવવા મુશ્કેલ પડે છે અને નવાં પ્રસ્થાન કરવાની તક પણ રહેતી નથી. એટલે તારુણ્યમાં કરેલી પસંદગી ને નિર્ણયોનું ઘણું મહત્ત્વ છે.

હવે તરુણ પોતાને વિષે વિચારી શકે છે અને જાતે નિર્ણયો પણ લઈ શકે છે. જીવનના હેતુ ને ધ્યેયમાં ને ચારિત્ર્યના ધોરણમાં તેને રસ પડે છે અને જીવનમાં પોતે ભજવવાના ભાગ વિષે પક્વ વિચારદૃષ્ટિ ધરાવતો થાય છે. ઉછેર, ધર્મ, શિક્ષણ, સામાજિક સ્થિતિ ને કૌટુંબિક સંબંધો તથા સામાજિક બળો પણ તેના જીવનમૂલ્યોના ઘડતરમાં ભાગ ભજવે છે.

ધંધાકીય કે શૈક્ષણિક પસંદગી ઉપરાંત હવે લગ્નની પસંદગી કરવાની પણ આવે છે. જો કે આપણે ત્યાં આ બાબતમાં માતાપિતાની પસંદગી હજી મોટો ભાગ ભજવે છે અને ક્યારેક તો યુવાનોએ તેમાં માત્ર હકાર જ ભણવાનો હોય છે, પરંતુ યુવકયુવતીઓની પોતાની પસંદગીનું મહત્ત્વ પણ વધે એ દિશામાં માબાપે આગળ વધવું જરૂરી છે. જ્ઞાતિના વર્તુળમાં જ લગ્ન, અને તે માટે માતાપિતાની સંમતિ જરૂરી ખરી કે કેમ તે સમાજશાસ્ત્રીઓએ વિચારવાનો પ્રશ્ન છે. જો કે આ બાબતમાં આગલા જમાનાનાં બંધનો હવે તૂટતાં જાય છે, છતાં નોકરીધંધો કરતી પરણેલી કે માતા યા પિતા બનેલી વ્યક્તિને યે વડીલો હજી બાળક જ લેખતાં હોય એવી સ્થિતિ પણ રહી છે. પણ પોતાની બાબતોમાં તો પોતે જ નિર્ણય તારવવા એ તરુણો માટે જરૂરી છે.

તરુણના શારીરિક અને માનસિક વિકાસ પર સામાજિક અને સાંસ્કૃતિક બળો પણ મોટો ભાગ ભજવે છે. સમોવડિયાથી પોતાને જુદી પાડતી સાચી કે કાલ્પનિક વિશિષ્ટતાઓની પણ તે હવે જાણ્યેઅજાણ્યે બારીકાઈથી નોંધ લે છે. પોતાની અંગત કે સામાજિક સ્થિતિની ખોટ કે ગૌણતા તેને ખટકતી હોય છે. આ તબક્કે સારા કે નરસા થવાની મહાન શક્યતાઓ તેનામાં ભરી હોય છે. વડીલોની સહાયની અપેક્ષા સાથે તેઓ અમાપ જોમ અને ઉત્સાહપૂર્વક આદર્શ અને મહત્ત્વાકાંક્ષાની પોતાની ધ્યેયલક્ષી કૂચમાં આગે કદમ ભરે છે.

જી. સ્ટૅન્લી હૉલે તારુણ્યને 'તોફાન અને તાણ' (સ્ટૉર્મ ઍન્ડ સ્ટ્રેસ) તરીકે વર્ણવ્યું છે. આ સંક્રમણ કાળમાં તેને ઘણા પ્રશ્નોનો સામનો પણ કરવો પડે છે. માબાપ પર આધાર રાખવો પડતો હોવા છતાં સ્વતંત્ર થવાની તેને ઉત્કટ ઇચ્છા રહે છે. તે સ્વપ્નસેવી બને છે. તેની અને તેની અભિલાષા-મહત્ત્વાકાંક્ષા વચ્ચે મોટું અંતર હોવાથી ઘડીકમાં અસીમ ઉત્તેજના તો ઘડીકમાં અપાર નિરાશાનો તે ભોગ બને છે.

તેને નવાં સાહસો ખેડવાં ગમે છે. અજાણ્યુ ભાવિ પ્રતિ તે જિજ્ઞાસાભરી દૃષ્ટિથી જુએ છે. શ્રી ઉમાશંકરના 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા' કાવ્યમાં આનું ચિત્રણ જોવા મળે છે. માબાપ ને શિક્ષકોને કોક મુદ્દા પર પડકારતા આ "તરુણોને બીજાના જેવા વાળ ન કપાવાય કે તેવાં કપડાં ન પહેરાય તો તેમાં પોતાનો માનભંગ થતો લાગે છે.

વળી, આ કાળમાં અનેક બાબતોમાં તેઓ નિર્ણયોની ભૂલ પણ કરી બેસે છે. પરિણામે લાગણી ઉપર અંકુશ ન રહેતાં ગૂંચવણભરી સ્થિતિમાં આવી પડે છે, જો તેમને આની સમજૂતી ન અપાય તો તેમનો સ્વતંત્રતાનો આગ્રહ ઠગારો નીવડે છે. આર્થિક રીતે પગભર થવાની અને જાતીય વૃત્તિઓ સંતોષવાની ઇચ્છાઓ તરુણના જીવનમાં તોફાન અને તાણ વધારનારી તથા વડીલો સાથેના સંબંધો બગાડનારી પણ નીવડે છે. તારુણ્યનો કાળ જ એવો છે કે તેમાં એ નથી રહ્યો બાળક કે નથી થયો હોતો પુખ્ત માણસ. બાળક પેઠે એની સારસંભાળ લેવાય એ એને ગમતું નથી. એ સ્વતંત્રતા ઝંખે છે, પણ પુખ્ત વયની જવાબદારીઓ ઉપાડવા હજી એ અસમર્થ છે. લાગણીઓ અને અન્ય બાબતોમાં સુમેળ સ્થાપવા એને વડીલોની સહાય અને તેમના આશ્રયની હજી જરૂર છે, પરંતુ વડીલો સહાય આપવા તત્પરતા દાખવે ત્યારે મનમાં એને માઠું લાગે છે.

તરુણોની સમસ્યાઓનું વિવરણ કરતાં 'સાઇકૉલૉજી ઑવ ઍડૉલસન્સ'માં કૉલેએ લાગણીની પક્વતા, વિજાતીય રસવૃત્તિની જાગૃતિ, સામાજિક પ્રૌઢત્વ, બૌદ્ધિક પરિપક્વતા, ઘરના અંકુશમાંથી મુક્તિ, આર્થિક સ્વાતંત્ર્ય, આરામનો ઉપભોગ ને વર્તણૂકના સર્વસામાન્ય સિદ્ધાંતોમાં રસ, એમ આઠ પ્રકારની સમસ્યાઓ વર્ણવી છે. આ બધી બાબતોમાં સુમેળ સાધવામાં થોડા તરુણો સંપૂર્ણ પ્રૌઢતા પામે છે, તો ઘણા સારી શરૂઆત પછી પોતાની અસમર્થતાને કારણે હતાશા ને સંઘર્ષ અનુભવે છે.

વ્યક્તિ તરીકેના પોતાના હક્ક અને જવાબદારીઓ નક્કી કરવા માટે વડીલો અને સમોવડિયાઓ સામે મથતો તરુણ તેમાં થોડોઘણો તરફડાટ અનુભવે છે. અમુક સ્થિતિ અને પ્રસંગોમાં ઉત્કટ ઇચ્છાઓ ને મહત્ત્વાકાંક્ષાઓ આડે અવરોધ દેખાતાં ઘણા લાગણીની ઉગ્ર અશાંતિ અનુભવે છે. એટલે બાળપણથી માંડી પુખ્ત વય થતાં સુધી શાંતિભર્યો અને સફળ અખંડ વિકાસ સાધવા સારુ વડીલોના વર્તનનાં દૃષ્ટાંતની અને તેમના માર્ગદર્શનની તેને અત્યંત આવશ્યકતા રહે છે. જો તેને વડીલોનાં દૃષ્ટાંત અને દોરવણી પૂર્વ-તારુણ્યકાળ દરમિયાન મળી રહે તો તેના સફળ પુખ્ત જીવનનું ઘડતર થાય છે ને જિંદગીમાં અંગત અને સામાજિક સુમેળ સધાય છે. આમ, તરુણોનું ભાવિ ઘડવાની માબાપો અને કુટુંબની મહાન જવાબદારી છે. એટલે તરુણોનો વિકાસ આત્મસંયમી માતાપિતાની દોરવણી નીચે થવો જોઈએ. આમાં તરુણોની સારી ટેવોને પ્રોત્સાહન મળવા સાથે અહિતકારી વલણ અને વર્તનમાં વધારો ન થાય તે જાળવવાથી માંડીને તેનાં આંતરિક સંઘર્ષ ને કુમેળને સુધારવાની જરૂર છે. તરુણોના જીવનનો કુમેળ તેના વડીલોની વિસંવાદિતા, તરુણ માનસને સમજવાની તેમની અશક્તિ, શાળાના માઠા અનુભવો, પડોશ અને સમાજની રોગિષ્ઠ સ્થિતિ, તંદુરસ્ત મનોરંજનનાં અપૂરતાં સાધનો કે સંજોગવશાત્ કોઈ પણ વ્યવસાયમાં ભરાઈ પડવાને કારણે સર્જાય છે. આ ધ્યાનમાં રાખીને વડીલોએ તરુણની માનસિક અને લાગણીની સ્થિરતા જાળવવાની છે. વડીલોની રોકટોક વિના કે વધારેપડતી છૂટથી તરુણ અવશ્ય બગડે જ છે અને તેનો અંગત તેમજ સામાજિક વિકાસ રૂંધાય છે.

તરુણ વયમાં શારીરિક અને માનસિક વિકાસ સાથે કામવાસના ઉદય પામવાથી અને મહત્ત્વાકાંક્ષાઓમાં ફેરફારો થતા હોવાથી ઘણી સમસ્યાઓ ઊભી થાય છે. એમના જીવનને સ્પર્શતી એ સમસ્યાઓ હવે પછી આપણે આગળ વિચારીશું. (ચાલુ)

ઇંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ

ડૉ. પ્રહ્લાદભાઈ શુ. વૈ

૮

કેમ્બ્રિજ
તા. ૩૦-૩-'૭

વહાલાં બાળકો,

કેમ્બ્રિજ તો ઇંગ્લૅન્ડનું વિદ્યાધામ. અહીંની યુનિવર્સિટી ઇ. ૧૨૮૪મ
સ્થપાએલી. આમ સાતસો વર્ષની સંસ્કાર-પ્રણાલિકા ધરાવતું કેમ્બ્રિ
ખુદ ઇંગ્લૅન્ડના લોકો માટે પણ યાત્રાધામ જેવું છે. વિદેશના પ્રવાસીઓ
ઉપરાંત ઇંગ્લૅન્ડના ખૂણેખૂણામાંથી લોકો શનિ-રવિની રજામાં કેમ્બ્રિજ
ની ગલીઓમાં ટોળાબંધ ફરતાં નજરે ચડે. તેઓ પણ અહીંની જુદી
જુદી કૉલેજોમાં ઘૂમે અને જે વિદ્યાધામોએ આ દેશના યુવાનોની કેટલ
યે પેઢીને સન્માર્ગે વાળી છે ને દેશનો દુનિયાભરમાં ડંકો વગાડે તે
વ્યક્તિઓ જેણે કેળવી છે તેની હવા શ્વાસમાં લઈને ગર્વ અનુભવે.

કેમ્બ્રિજની કૉલેજ એટલી આપણી કૉલેજ જેવી કૉલેજ નહિ
કૉલેજનાં મોટાંમોટાં મકાનો ખરાં, પણ એકે ક્લાસરૂમ નહિ, લેબ
રેટરી નહિ કે પ્રિન્સિપલની ઑફિસ પણ નહિ. અહીંની કૉલેજમ
વર્ગો ભરવાના નહિ, પણ વિદ્યાર્થીઓએ માત્ર રહેવાનું. લેક્ચરો (વ્યાખ્ય
નો) બધાં યુનિવર્સિટીમાં ગોઠવાય. લેક્ચરો આપવા માટે યુનિવર્સિટીને
પોતાનો સ્ટાફ ખરો, પણ વિદ્યાર્થીઓ માટે લૅક્ચરોમાં હાજરી આપ
ફરજિયાત નહિ! તો પછી અહીં વિદ્યાર્થી ભણે શી રીતે? અને
ભણતરમાં તેની કૉલેજનો ફાળો શો?—એ સવાલ જરૂર ઊભા થાય.

કૉલેજમાં વિદ્યાર્થી રહે તે ઉપરાંત પ્રોફેસરો અને ટ્યૂટરો પણ રહે
કૉલેજના ટ્યૂટરની કક્ષા અહીં ઘણી ઊંચી ગણાય છે. ટ્યૂટરથી ઊંચ
કક્ષા માત્ર કૉલેજના ફેલોની. ડૉ. જયન્ત નારળીકર કિંગ્સ કૉલેજ
ના ફેલો હતા! કૉલેજના ટ્યૂટર અને ફેલો કૉલેજમાં જ રહે. સાં
વિદ્યાર્થીઓ સાથે જ ભોજન લે. દરેક ટ્યૂટર કે ફેલો સાથે ૪ થી
વિદ્યાર્થીઓ સંકળાએલા રહે. આનો અર્થ એ થયો કે દર ચાર કે પાં
વિદ્યાર્થી દીઠ એક ટ્યૂટર નીમવો જોઈએ. અને ટ્યૂટર પોતાના વિષયને
નિષ્ણાત હોય તથા તે વિષયમાં સંશોધન કરતો હોય. પોતાની નીચેન
વિદ્યાર્થીઓએ શું વાંચવું, કયા પુસ્તકમાંથી વાંચવું વગેરે માર્ગદર્શન
આપે અને તે પ્રમાણે વિદ્યાર્થી વાંચે છે કે નહિ તેનું ધ્યાન રાખે. આવ
માર્ગદર્શન નીચે વિદ્યાર્થીએ જાતે જ ભણવાનું. આપણે ત્યાંની લેક્ચર
નોટ ઉતરાવી ગોખવાની પદ્ધતિ કરતાં જ્ઞાનસંપાદન કરવાની આ સુંદ



કિંગ્સ કૉલેજ - કેમ્બ્રિજ

રીત છે. એ પ્રશ્ન ઊભો થાય કે પાંચ વિદ્યાર્થી દીઠ એક નિષ્ણાત શિક્ષક રોકવો પડે, તો તે કેટલું મોઘું પડે? પણ એમ તો પોલાદનું મોટું કારખાનું નાખવાનું ક્યાં મોઘું નથી પડતું? જેમ પોલાદના કારખાનામાં નાખેલા પૈસા ઊગી નીકળે છે તેમ આવી શિક્ષણ-સંસ્થાઓમાં નાખેલા પૈસા પણ ઊગી નીકળે છે; અને તેથી જ તો ફક્ત ગુજરાત અને કેરળ જેટલી વસતિ ધરાવતો આ દેશ દુનિયાભરમાં દરેક ક્ષેત્રમાં આગળ રહ્યો છે ને!

છેલ્લા અઠવાડિયામાં હું પણ કેમ્બ્રિજમાં પગપાળો ખૂબ જ રખડયો છું, અને આ શનિ-રવિની રજાઓમાં બહારગામથી આવેલા કેટલા યે સહેલાણીઓ મને રસ્તો પૂછે કે ફલાણી કૉલેજ ક્યાં આવી, તો જાણે આ શહેરનો જૂનો નિવાસી હોઉં એમ બેધડક રસ્તો બતાવી શકું એટલો માહિતગાર થઈ ગયો છું.

કેમ્બ્રિજ નામ એલિસબ્રિજ જેવું છે. ગામની વચ્ચેથી કેમ નામની નદી વહે છે. પહેલાં જેમ અમદાવાદમાં સાબરમતી ઉપર એક જ પુલ હતો તેમ અહીં પણ એક જ પુલ કેમ-બ્રિજ હશે અને તે ઉપરથી ગામનું નામ કેમ્બ્રિજ થઈ ગયું. અત્યારે તો કેમ નદી ઉપર ઘણા પુલ છે. નદી સાંકડી અને ઊંડી, તેથી ઝપાટાબંધ પાણી વહે. ઠેર ઠેર નદીમાં હોડી અને લૉંચ દેખાય. હલેસાં મારી નદીમાં નાવ ચલાવવાની તો અહીં શરતો થાય છે, અને કેટલાં યે વર્ષોથી કેમ્બ્રિજ અને ઑક્સફર્ડ યુનિવર્સિટી વચ્ચે દર વર્ષે યોજાતી બોટિંગ રેઈસ તો દુનિયામાં જાણીતી છે.

આજે ૧૨-૨૬ વાગ્યે ટ્રેઇનમાં કેમ્બ્રિજ છોડીશ એટલે ઈંગ્લૅન્ડની યુનિવર્સિટીઓનો મારો સાત અઠવાડિયાંના વસવાટનો કાર્યક્રમ પૂરો થશે. આ ગાળામાં આ દેશની કેટલીક હળવી વાતો ધ્યાન પર આવી. આપણે ત્યાં સામાન્ય રીતે લોકો મંગળવારે વાળ કપાવતા નથી. વાળંદની દુકાનો સામાન્ય રીતે અઠવાડિક રજા મંગળવારે પાળે છે. અહીં પણ કદાચ લોકોને મંગળવારનો બાધ હશે એવું લાગ્યું! મેં કોઈને આ બાબતમાં પૂછ્યું નથી, પણ ન્યૂ કૅસલમાં ફરતાંફરતાં રસ્તામાં એક વાળંદની દુકાને પાટિયું વાંચ્યું: 'વાળ કપાવવાના સાડાચાર શિલિંગ, પણ મંગળવારે ત્રણ શિલિંગ!' તે દિવસે તો ગુરુવાર હતો અને સામે મંગળવારે તો હું ન્યૂ કૅસલમાં રહેવાનો નહોતો તેથી મારાથી મંગળવારનો લાભ ન લેવાયો!

આ દેશમાં ઘણી બધી નદીઓ છે. લગભગ દરેક નાનુંમોટું ગામ નદી ઉપર છે. દેશ સાંકડો ટાપુ છે તેથી નદીઓ લાંબી નથી, પણ બારે માસ વરસાદ પડતો હોવાથી પાણીથી ભરપૂર રહે છે. બંને કાંઠે વહેતી સાંકડી નદી એટલે આપણને તો નાળા જેવું લાગે અને પાણી પણ નાળા જેવું ગંદું. ગામેગામ નાનામોટા ઉદ્યોગો અને કારખાનાં. તેનો ગંદવાડ નદીમાં ઠલવાય, તેથી પણ નદીઓ ગંદી ઘણી. આપણે ત્યાં સાંજે નદી-કિનારે ફરવા જઈએ એમ અહીં જવું ગમે નહિ. હા, ગામ બહાર ખેતરો વચ્ચે નદીનું પાણી નિર્મળ ખરું, પણ ક્યાં યે કોઈ નદીનું પાણી પીવા જેવું નિર્મળ તો નહિ જ. આમ છતાં આ નદીઓ લોકોને ઉપયોગી તો ઘણી છે. દેશનાં મોટાંમોટાં બંદરો—લંડન, ન્યૂ કૅસલ વગેરે નદીઓ ઉપર જ આવેલાં છે. છતાં આ લોકો, આપણી જેમ, નદીઓને માતા કહેતા નથી તે સમજાય તેવું છે.*

લંડનની વાત જોકે જુદી છે. પણ તે સિવાય બીજે બધે મોટરો ઉપરાંત સાઇકલો પણ ઘણી વપરાય છે. અરે નાનાં પૈડાંવાળી બાઇસિકલો પર ડોશીઓ નીકળતી પણ જોવા મળે!

—લિ. કાકાના આશિષ

* પણ ટેઇમ્સ જેવી મોટી નદીઓને 'ફાધર ટેઇમ્સ' કહે છે ખરા. —સં.

ડબ્લિન, તા. ૫-૪-૭૦ ૯

વહાલાં બાળકો,

ઇંગ્લૅન્ડમાં રખડપટ્ટી કરીને હવે ડબ્લિનમાં સ્થિર થઈ ગયાં છીએ. ઇંગ્લૅંડ, સ્કૉટલૅંડ ને વેલ્સ મળીને બનતા ગ્રેઇટ બ્રિટનના ટાપુની પશ્ચિમે આયર્લૅન્ડનો ટાપુ આવેલો છે. આ ચારે પ્રદેશની ભાષા જુદીજુદી હતી. ઇંગ્લૅન્ડની ઇંગ્લિશ, સ્કૉટલૅન્ડની સ્કૉટિશ, વેલ્સની વેલ્શ અને આયર્લંડની આઇરિશ. ઈંગ્લૅન્ડના લોકોનું અને રાજાનું આ બધા પ્રદેશો ઉપર એટલું વર્ચસ્વ છે કે ઈંગ્લિશની હરીફાઈમાં બીજી બધી ભાષા મૃતઃપ્રાય થઈ ગઈ છે. સ્કૉટિશ ભાષા તો તદ્દન વિસરાઈ ગઈ છે. વેલ્શ પણ મરવાની અણી ઉપર છે; અને છેલ્લાં ૪૮ વર્ષથી આયર્લૅન્ડ ઇંગ્લૅન્ડથી સ્વતંત્ર થયું છે એટલે અહીં આઇરિશ ભાષાને પુનર્જીવિત કરવાના પ્રયત્નો શરૂ થયા છે.

આયર્લૅન્ડ અને ઇંગ્લૅન્ડ આમ જુદા દેશ છે. વચ્ચે દરિયો છે, છતાં એકબીજાથી ઘણા પાસે છે. ડબ્લિન અને લંડન વચ્ચેનું અંતર લગભગ અમદાવાદ અને મુંબાઈ વચ્ચેના અંતર જેટલું થાય. આથી, જેમ ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે ખૂબ જ આવવાજવાનો લોકોનો સંબંધ છે તેવું જ અહીં ઈંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ વચ્ચે છે. આયર્લૅન્ડથી ઘણા લોકો ધંધા અર્થે ઈંગ્લૅન્ડ જઈ વસ્યા છે. ઈંગ્લૅન્ડની ઑસ્પિટલોમાં કામ કરતી મોટા ભાગની નર્સો આઇરિશ છે. આયર્લૅન્ડનું અર્થતંત્ર પણ ઇંગ્લૅન્ડ સાથે ગાઢ રીતે સંકળાએલું છે.

આમ, એકબીજા સાથે ગાઢ રીતે સંકળાએલા હોવા છતાં આયર્લૅન્ડની સ્વમાની પ્રજાને ઇંગ્લૅન્ડના રાજાનું રાજકીય વર્ચસ્વ ખૂંચતું હતું. આ મતભેદનું મોટું કારણ તો ધર્મ થયો. ઇંગ્લૅન્ડનો રાજ્યધર્મ તો પ્રૉટેસ્ટન્ટ સંપ્રદાયનો ખ્રિસ્તી ધર્મ છે. (આપણું રાજ્ય બિનધાર્મિક છે, ભારતનો કોઈ રાજ્યધર્મ નથી. પણ આવાં બિનધાર્મિક રાજ્યો દુનિયામાં બહુ થોડાં છે.) ઇંગ્લૅન્ડના ઘણાખરા લોકો પ્રૉટેસ્ટન્ટપંથી છે, જ્યારે આયર્લૅન્ડના લોકો રોમન કૅથલિક છે. મધ્ય યુગમાં ક્રિશ્ચિયન ધર્મના આ બે પન્થો વચ્ચે હાડવેર હતું અને વિધર્મીઓને જીવતા બાળી મૂકવા સુધીના જુલ્મો ધર્મને નામે ક્રિશ્ચિયનોમાં થયા છે. ઇંગ્લૅન્ડના પ્રૉટેસ્ટન્ટ રાજાઓના હાથ નીચે આયર્લૅંડની રોમન કૅથલિક પ્રજાને ઘણા જુલ્મો સહન કરવા પડયા હતા અને તેથી ઇંગ્લૅન્ડની ધૂંસરી નીચેથી સ્વતંત્ર થવાનો અહીં મોટો જુવાળ ઊભો થયો. લગભગ ૧૦૦ વર્ષના આયર્લૅન્ડના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ડૅનિયલ ઓ' કોનેલ, પાર્નેલ, પીઅર્સ, ડિ' વેલેરા વગેરે એ યુદ્ધના આઇરિશ નેતાઓ હતા. એમાંના ડિ'વેલેરા તો હજુ હયાત છે ને અત્યારે આઇરિશ પ્રજાસત્તાકના પ્રમુખ છે.

આઇરિશ પ્રજાના પુરુષાર્થથી પહેલા વિશ્વયુદ્ધ પછી આયર્લૅંડ સ્વતંત્ર થયું, પણ અંગ્રેજોની ભાગલા પાડવાની નીતિ અહીં પણ કામ કરી ગઈ. આયર્લૅંડના ઉત્તર તરફના અલ્સ્ટર વિભાગમાં પ્રૉટેસ્ટન્ટોની બહુમતી છે, એટલે અલ્સ્ટર વિભાગને આયર્લૅંડથી જુદો પાડયો અને તે ઈંગ્લૅન્ડના રાજ્ય સાથે જોડાએલો રહ્યો, જ્યારે બાકીનું આયર્લૅંડ સ્વતંત્ર પ્રજાસત્તાક રાજ્ય બન્યું. આમ ગુજરાત જેવડો આખો દેશ, તેમાંથી પણ ભાગલા પાડી એક-બે જિલ્લા જેવડું 'પાકિસ્તાન (પ્રૉટેસ્ટન્ટિસ્તાન!)' એમણે ઊભું કર્યું! ને આજે પણ એ જુદા પડેલા, ઈંગ્લૅંડની હકૂમત તળેના અલ્સ્ટર પ્રાન્તમાં પ્રૉટેસ્ટન્ટ અને કૅથલિકો વચ્ચેનાં હુલ્લડો થયાં કરે છે; એના મુખ્ય શહેર બેલફાસ્ટમાં તો છાશવારે બૉમ્બધડાકા થયા કરે છે.

આયર્લૅંડ જુદો દેશ ભલે બન્યો, પણ પ્રમાણમાં નાનો હોવાથી તેને દુનિયાભરમાં મોટાં એલચીખાતાં રાખવાં પોસાય નહિં; તેથી પરદેશીને દાખલ થવા માટે વીઝાની વ્યવસ્થા ઊભી કરવી પણ તેને પરવડે નહિ. એટલે પછી ચિ. સ્મિતાને આઇરિશ એમ્બૅસીમાંથી વેળાસર જવાબ ન મળે તેમાં શી નવાઈ? મોટા દેશના ગુલામ રહેવા કરતાં નાના દેશ તરીકે સ્વમાનથી જીવવું એ સત્ય સમજનારા લોકોનો આ દેશ છે.

—લિ. કાકાના આશિષ

પચ્ચીસ વર્ષ પહેલાં





પચ્ચીસ વર્ષ પહેલાંના અંકોમાં આકર્ષણ જમાવી ગએલી, મૂર્તિશાસ્ત્રનો ટૂંકો પરિચય કરાવતી અમૃતલાલ વ. પંડયાની માહિતીપ્રદ લેખમાળાનો આગળ હપતો રસદાયી થશે :

હિંદુ ધર્મમાં ઈશ્વરની સર્જક પાલક અને સંહારક શક્તિઓને બ્રહ્મા, વિષ્ણુ અને શિવ આ ત્રણ દેવોના રૂપમાં કલ્પવામાં આવી છે. આ ત્રણેય દેવો (ત્રિદેવ)નું સંયુક્ત રૂપ તે 'ત્રિમૂર્તિ' કહેવાય છે. ત્રિમૂર્તિની પ્રતિમામાં એ ત્રિદેવોનાં અંગ સંયુક્ત હોય છે. એના બે પ્રકાર છે. પહેલામાં આખી પ્રતિમા ને બીજામાં માત્ર માથાં સંયુક્ત હોય છે. ત્રિમર્તિ ત્રણ માથાં પરથી ઓળખાય છે. પણ ત્રણે દેવોના મુકુટ જુદાજુદા પ્રકારના હોય છે: બ્રહ્મા અને શિવને માથે જટામુકુટ ને વિષ્ણુને માથે કિરીટમુકુટ. બ્રહ્મા ને શિવના મુકુટો સરખા હોવાથી એ બંનેને મુકુટ પરથી ઓળખવા મુશ્કેલ પડે; પણ બ્રહ્માને કાં તો દાઢી હોય છે અથવા ત્રણ મુખ હોય છે તેથી તેમને શિવથી જુદા પાડી શકાય છે.

ત્રિમૂર્તિમાં માથાંઓનો ક્રમ દેવો પ્રમાણે હોતો નથી. ગમે તે દેવ ગમે તે સ્થાને આવી શકે છે; પણ એમાં વચ્ચેની મૂર્તિ મુખ્ય ગણાતી હોઈ તે જે દેવની હોય તેના નામ પરથી તે ત્રિમૂર્તિના પ્રકારો પડે છે. જેમાં બ્રહ્માની મૂર્તિ કે મસ્તક વચ્ચે હોય તે 'બ્રહ્મા-ત્રિમૂર્તિ' કહેવાય છે, વિષ્ણુ વચ્ચે હોય તે 'વિષ્ણુ-ત્રિમૂર્તિ'. રાજપીપળા રાજ્યમાં લીમોદ્રા ગામના પ્રાચીન અવશેષોમાંથી ૮મા શતક લગભગની એક 'શિવ-ત્રિમૂર્તિ' મને મળી આવી હતી. થાન (કાઠિયાવાડ)ના મુનિ બાવાના મંદિરમાં લગભગ ૯મા શતકની એક ભગ્ન 'બ્રહ્મા-ત્રિમૂર્તિ' છે. આખા અંગવાળી ત્રિમૂર્તિઓ જવલ્લે જોવા મળે છે. આ ઉપર છાપેલું રેખાલેખન મદ્રાસના તીરુવોટ્ટીયુરની આખા અંગની મૂર્તિનું છે. તે મૂર્તિ શૈવધર્મીઓની હોવાથી તેમાં શિવને કેન્દ્રસ્થાને રાખી બ્રહ્મા અને વિષ્ણુને તેના અંગમાંથી ફૂટતા દર્શાવ્યા છે.

—અમૃત વ. પંડયા

પોરબંદરનો પથ્થર

હિંદુસ્તાનમાં શિલ્પ-સ્થાપત્યની કીર્તિ તેના શિલ્પીઓ અને કારીગરોને જેટલી આભારી છે, તેટલી જ હિંદ જે તરેહવાર પથ્થરની ખાણો ધરાવે છે તેને પણ આભારી છે. સાંચીના બૌદ્ધ સ્તૂપોથી માંડીને આજનાં મકાનોનાં શિલ્પની ખિલવણીમાં બાંધકામ માટે જોઈતા તરેહ-તરેહના પથ્થરની વિપુલતાનો પણ હિસ્સો છે.

અકબરે બાંધેલા ફતેહપુર-સિક્રીમાં ભારનેરનો લાલ પથ્થર વપરાયો છે. તાજમહાલ મુખ્યત્વે મકરાણાના સફેદ આરસનો છે, તોપણ તેમાં જેસલમીરના પીળા આરસનું, સાંભરના રંગબેરંગી અકીકિયા પથ્થરનું, વિંધ્યાચળના કાળા આરસનું, મોરથૂથી રંગના જયપુરી પથ્થરનું, દક્ષિણ તથા ગ્વાલિયરની ખાણોના લાલ આરસનું કામ પણ વચ્ચેવચ્ચે કરવામાં આવેલું છે. આ ઉપરથી જોઈ શકાશે કે ઘણી જાતોના પથ્થરની ખાણો હિંદમાં આવેલી છે.

હિંદના ભૂસ્તરના ત્રણ વિભાગો પ્રમાણે તેના ભૂતળના ત્રણ વિભાગો મકાનોનાં બાંધકામ માટે પથ્થરો પૂરા પાડે છે. દક્ષિણ ભારતમાં જ્વાળામુખી પહાડ જેવો કાળો પથ્થર, મધ્ય ભાગમાં વિંધ્ય પર્વતની તરેહનો સફેદ-ભૂખરો પથ્થર, ને ઉત્તરમાં ઊંચી જાતની માટીની વિપુલતા હોઈ ત્યાં ઈંટો વપરાય છે. પરંતુ પોરબંદરનો સફેદ ચૂનાવાળો પથ્થર, જેની ખાણો માઇલોના માઇલો સુધી પથરાએલી છે તેમાંથી નીકળેલો પથ્થર મુંબાઈ, કરાચી, મદ્રાસ અને કલકત્તા જેવાં દૂરનાં તથા નજીકનાં હિંદભરનાં નગરોનાં મહેલો, મંદિરો તથા જાહેર મકાનોમાં વપરાયો છે. રંગૂન, કોલંબો ને આફ્રિકાના જુદાજુદા ભાગોમાં પણ એ જઈ પહોંચ્યો છે.

આ પથ્થરો બેસાડવામાં બહુ ચૂનો પણ વાપરવો પડતો નથી. એમ કહેવાય છે કે નવા બાંધેલા મકાન ઉપર એક વરસાદ પડી જાય એટલે પછી પથ્થરોની સાંધો એવી તો જામી જાય છે કે આખું મકાન જાણે એક પથ્થરનું જ બાંધેલું હોય એવું મજબૂત બની જાય છે. એ પથ્થર અનેક પ્રકારે ઉપયોગમાં આવે છે. એનો ચૂનો બને છે. તેની સાથે જોઇતી માટીનું મિશ્રણ કરીને તેને પકવી સિમેન્ટ બનાવી શકાય છે. તે ઉપરાંત કાચ, સાબુ, અને સિલિકેટ ઉદ્યોગોમાં તેનો રાસાયણિક પદ્ધતિએ ઉપયોગ થઈ શકે છે. □

જાપાનના કલારસને વ્યક્ત કરતા

વાંસ

થોડાં વર્ષ પહેલાં આપણા હૅન્ડીક્રાફ્ટ (હસ્તઉદ્યોગ) બોર્ડે એક પ્રદર્શન યોજ્યું હતું—વાંસમાંથી જ બનાવેલી રોજિંદા વપરાશની અને કલામય શોભનની ચીજોનું. એના વૈવિધ્યનું તો આકર્ષણ હતું જ, પણ એ બધી કેવળ વાંસની જ બનેલી હોઈ એનું આશ્ચર્ય પણ હતું. છોકરાઓએ રમવા માટે બનાવેલાં તીર-કામઠાં અને પતંગના ઢઢ્ઢા-કમાનથી માંડી ટોપલા-ટોકરી, પરદા, ઘોડા, આડશ કરવા જડેલાં ખપાટિયાં કે છાપરે જડેલી વળીઓ વગેરે જેવા વાંસના ઉપયોગ આપણે સામાન્યતઃ કરીએ છીએ એ જો પ્રયત્ન કરીએ તો યાદ આવે, અથવા યાદ આવે કૂતરું હાંકવા રાખેલો ડંગોરો કે કપડાં સૂકવવાની દોરી બાંધવા ધોબીએ ખોડેલી કાતર. પણ હસ્તઉદ્યોગને ઉત્તેજન મળવા લાગ્યા પછી વાંસની શોભનકૃતિઓ પણ હવે નજરે ચડવા લાગી છે. છતાં એક એવો દેશ છે જ્યાં વાંસનો ઉપયોગ જેટલો વ્યાપક અને ઉત્કૃષ્ટ રીતે થયો છે એટલો અન્યત્ર ક્યાં યે થયો નથી. એ છે જાપાન. ત્યાંનું મોટા ભાગનું સૌંદર્ય વાંસ વડે વ્યક્ત થયું છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

એશિયાના ઘણા દેશોમાં વાંસ ઊગે છે, પણ જાપાનમાં એની પેદાશ સવિશેષ છે. વાંસનું વન એ જાપાનનું એક લાક્ષણિક દૃશ્ય છે. વાંસ અંગે ત્યાં લગભગ નવસો વર્ષથી એક દંતકથા ઊતરી આવી છે. કહે છે કે:

એક 'ટાકેટોરી-નો-ઓકિના' (વાંસ કાપનારો) જંગલમાંથી વાંસ કાપી લાવી તેમાંથી રોજિંદા વપરાશની ચીજો બનાવી પોતાનું ગુજરાન ચલાવતો હતો. એક દિવસ તેણે એક વાંસમાં અનોખો ઝળહળાટ જોયો. આશ્ચર્ય પામી એણે એ વાંસને જાળવીને કાપ્યો ને જોયું તો હાથના આંગળા જેવડી એક ટચૂકડી કન્યા ત્યાં વાંસની ગાંઠ પર બેઠી હતી. પેલો ઝળહળાટ આ કન્યાનો જ હતો, એટલે એણે એને નામ આપ્યું 'કાગુયા હીમે' (ઝળહળતી કન્યા). કન્યાને એ ઘેર લઈ ગયો ને પંડની દીકરી જેમ




વાંસનાં ફૂલ. વાંસની વિવિધ જાતોમાં બાર-પંદર વર્ષથી માંડી દાયકાઓ પછી એક વાર એને ફૂલ આવે છે અને તે પછી વાંસ મરી જાય છે!

જતનથી ઉછેરવા લાગ્યો. એ પછી જ્યારે એ વાંસ લેવા જતો ત્યારે તેને વાંસના પોલાણમાંથી એક એક સોનામહોર મળતી. થોડા દિવસોમાં તો એ પૈસાવાળો બની ગયો. ત્રણેક મહિનામાં તો પેલી કાગુયાહીમે મોટી ઉમરલાયક કન્યા બની ગઈ. એની સુંદરતા, પવિત્રતા ને માયાળુપણાથી પ્રભાવિત થઈ રાજા સુધ્ધાં અનેક માણસોએ એને પરણવા માગણી કરી જોઈ, પણ કાગુયા હીમેએ એ બધી નકારી, ને એક પૂર્ણિમાની રાત્રીએ જ્યારે ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હતો ત્યારે ઊડતા રથમાં બેસી એ સ્વર્ગમાં ચાલી ગઈ. સૌને થયું કે એ કોઈ માનવી નહિ પણ સ્વર્ગીય આત્મા હશે ને કોઈ ભૂલની સજા ભોગવવા જ પૃથ્વી પર આવી હશે.


આ દંતકથા પરથી પ્રતીત થાય છે કે વાંસ બહુ જૂના કાળથી જાપાનના મનજીવનમાં ઓતપ્રોત થઈ ગયો છે. સદીઓથી ત્યાં ઘર બાંધવાથી



ઉપર: વાંસના છોડ અને તેના વિવિધ ભાગ. જમણી બાજુ: સીલોનના વાંસનું એક ઝુંડ. આ વાંસ રોજ ૧૬-૧૬ ઇંચ વધતા જઈ ૧૨૦ ફૂટ ઊંચા જાય છે. વાંસનાં ઝુંડ એટલાં ગીચ ઊગે છે કે તેમાંથી તોપનો ગોળો પણ પસાર થઈ શકે નહિ!








માંડી રાંધવા સુધીમાં વાંસનો ઉપયોગ થતો રહ્યો છે. છેક સાતમા સૈકાના આરંભમાં બનેલા હોર્યુંજી મંદિરમાં પણ વાંસ વપરાયો છે. તીરકામઠાં, 'શાકુહાચી' (પાવો) ને 'ફ્યુ' (વાંસળી) તથા અન્ય વાજિંત્રો, ચાનાં ઉપકરણો, ફૂલદાનો, ચીતરવાની પીંછીઓ વગેરે ચીજો બનાવવામાં વાંસ અસંખ્ય વપરાયો છે. જેમાંની ઘણી પ્રાચીન ચીજો ય આજે જત[illegible] નથી સંઘરાએલી જોવા મળે છે. અમુક પ્રકારનાં વાસણો પણ વાંસન[illegible] બનાવાતાં હોવાની છેક ઈ. ૭૫૦થી માહિતી મળે છે.


આજે પણ એમાંના ઘણા ઉપયોગો ચાલુ છે ને તેમાં નવા ઉમેરાત[illegible] પણ જાય છે. જાપાને બાંબુ પેપર (વાંસનો કાગળ) અને બાંબુ રૅયૉન પ[illegible] બનાવવા માંડયાં છે. જાપાનના જ નહિ, પૂર્વના દેશોના લોકમાનસમાં



જાપાનમાં વાંસગૂંથણી એ કારીગરી નહિ, કલા ગણાય છે. પાર નહિ એટલી વિવિધ રીતે જાપાની કલાકારોએ તેની અવનવી ભાતો સર્જી છે. આજના રોજિંદા જીવન-વ્યવહારમાં સંખ્યાબંધ યંત્રસર્જિત વસ્તુઓની વચ્ચે વાંસનું એ સદીઓજૂનું કલાકૌશલ એક પ્રકારનો ઉષ્માભર્યો અને કલામય સ્પર્શ આપી રહે છે. અહીં તથા આગલા પાના પર આપેલી એની કેટલીક ભાત કારીગર આંખો વધુ માણી શકશે—અને અપનાવી પણ.

.....નનું સૌંદર્ય એક પ્રકારની પરમ શાંતિ પ્રેરે છે. આવા સૌંદર્યનો સચોટ ખયાલ હમણાં જ જાપાનમાં યોજાએલા વિશ્વમેળા—એક્સ્પો '૭૦માં જોવા મળ્યો. જાપાનના જંગી ઉદ્યોગોના જે મંડપો આ મેળામાં હતા તેમાં માત્સુશિટા પૅવિલિયન એક તળાવને કાંઠે ઉગાડેલા દસ હજાર વાંસની વાટિકા પાસે ઊભો કર્યો હતો! વાંસવાટિકાની એ અડશ-થી મેળાનાં ધમાલધાંધાટ તો દૂર રહેતાં જ હતાં, પણ તેની વચ્ચેની કેડી પરથી આ પૅવિલિયનમાં જનાર માણસને પૂર્વની ચિંતનશીલતાનો પણ અનુભવ થતો હતો.

ખાસ કરીને વિષુવવૃત્તીય અને એની નજીકના પ્રદેશોમાં વાંસના ૪૦ પ્રકારની લગભગ ૭૦૦ જાત થાય છે. એશિયાના વિષુવવૃત્તીય પ્રદેશોમાં વરસાદવાળા વિસ્તારમાં મોટા પ્રમાણમાં વાંસ ઊગે છે. જાપાનમાં વરસાદની બારે માસ કૃપા હોઈ ત્યાં વાંસના ૧૩ પ્રકારની લગભગ





જાપાનની રોજિંદા વપરાશની કેટલીક સુંદર ચીજો. મથાળે આપેલી બાસ્કેટ ત્યાંના આ કલાકૌશલના સર્વોત્તમ કલાકાર શોકાન્સાઈ ઈઝુકાએ ગૂંથેલું છે. આવા કેટલાક નમૂના તો એમની મહિનાઓની મહેનતે બનેલા હોય છે.

૬૬૦ જાત થાય છે જેમાં એક તો તદ્દન શ્યામવર્ણી છે.


જાપાનમાં ઉનાળાના આરંભથી તે પાનખર દરમિયાન મોટા ભાગના વાંસનાં મૂળ જમીનની અંદર જ ચોપાસ ફેલાય છે. બીજે વર્ષે પાનખરથી વસંતમાં એના ફણગા (ટાકે-નો-કો) જમીન બહાર નીકળે છે અને ઝડપથી વધે છે. આમ, ભૂમિગત મૂળ અને જમીન બહાર નીકળેલા ફણગા વારાફરતી દર વર્ષે વધે છે. વાંસના મૂળની જાળ જમીનમાં ફેલાય છે ને તેમાંથી આજુબાજુ નવા નવા ફણગા જમીન બહાર નીકળતા રહે છે. એટલે બહારથી બધા છોડ અલગ અલગ લાગે છે પણ હકીકતે તે અસલ એક જ વાંસવૃક્ષનો વિસ્તાર હોય છે.

વાંસની ઝાડી પાસે બાંધેલું ઘર એ જાપાનના ગ્રામવિસ્તારનું એક લાક્ષણિક દશ્ય છે. વાંસની ઝાડીની પસંદગીનું કારણ એ છે કે એનાં મૂળિયાંની જાળ જમીનમાં પસરીને જે પકડ જમાવે છે તેનાથી ધરતીકંપને લીધે જમીનમાં પડતી ફાટ રોકાય છે, અને વાવાઝોડા સામે પણ વાંસ રક્ષણ આપે છે. અઢી દાયકા પહેલાં અણુબૉંબે આ દેશમાં જે મહાવિનાશ સર્જેલો ને માણુસ જ નહિ, પ્રાણીઓ અને વનસ્પતિ સુધ્ધાંનો નાશ કરી નાખેલો ત્યારે યે એ વિસ્તારના વાંસની એક જાત એ પ્રલયંકર શક્તિની સામે પણ ટકી રહી હતી એટલું જ નહિ, બૉંબ ધડાકાની પાસેના વિસ્તારમાં પણ એની એક બાજુ બળી જવાથી વિશેષ કંઈ નુકસાન એને થયું નહોતું! આમ, વાંસ માત્ર સુંદર જ નહિ આશ્ચર્યજનક રીતે ખડતલ પણ છે.

જાપાનમાં લગભગ ૨,૦૦,૦૦૦ હેક્ટર જેટલા વિસ્તારમાં વાંસ ઊગે છે. જેમાંથી ૪૦ ટકા જેટલી પેદાશ તો ક્યુશુ વિસ્તારમાં જ થાય છે. આમાં 'માડાકે' (phillostachys bambusoides) ૭૦ ટકા, મોસેચિકુ ૨૦ અને બીજી જાતો ૧૦ ટકા જેટલા પ્રમાણુમાં છે. 'સાસા' (bamboo-grass) નામની એની એક ટચૂકડી જાત ત્યાંના ઠંડા વિસ્તારમાં લગભગ ૩ લાખ હેક્ટરમાં ઊગે છે. જાપાનની છેક ઉત્તરે હોકાઇડોના પર્વતીય પ્રદેશ આ સાસાથી જ આચ્છાદિત છે.


અન્ય વૃક્ષો પેઠે વાંસમાં એનો આડછેદ કરીએ તો એની વય દર્શાવતાં વર્ષવલયો હોતાં નથી. એનું થડ સૌ જાણે છે તેમ થોડે થોડે અંતરે ગાંઠ સાથે વચ્ચેથી પોલું જ હોય છે. લાંબા વાંસમાં આવી સિત્તેર જેટલી ગાંઠ જોવા મળે છે! અને એટલે જ તો એ ભારે પવન કે બરફના ભારથી લચી પડવા છતાં ભાગ્યે જ ભાંગે છે. શિયાળામાં બરફીલા પ્રદેશમાં તો બરફના ભારથી એની ટોચ છેક જમીનને અડી જાય એટલા લચી પડે છે, પણ વસંત બેસતાં બરફ ઓગળે કે પાછા ટટ્ટાર થઈ જાય છે, એટલું જ નહિ, એ લચેલી સ્થિતિમાં યે વિકાસ પામી તેઓ થોડા વધુ ઊંચા પણ થઈ ગયા હોય છે! કુદરતની આ યે એક કરામત છે. એની સ્થિતિસ્થાપકતા અને ટકી રહેવાની શક્તિ નવાઈ પમાડે તેવી છે. અસંખ્ય મુસિબતો સામે પણ ટકી રહેતા માનવજીવનનું જ જાણે એ પ્રતીક છે.

જાપાનમાં છેક મુરોમાચી કાળ (૧૩૯૨–૧૫૭૩)થી નવા વર્ષનાં શોભન શણગારની ત્રણ મુખ્ય ચીજોમાં વાંસ પણ (અનુસંધાન પૃ. ૪૯૫)





પ્રેમનું પ્રતિબિંબ] સ્વ. નાલાવાળાનાં બે સુંદર ફોટોસર્જન [શૂળની નજાકત



લાલગઢ પૅલેસ · બિકાનેર તડકા-છાંયાનો બહુ યોગ્ય રીતે લાભ લઈ મહેલના શોભનરાશિને ઉઠાવ આપતું ફોટોચિત્ર

ફોટો : આબિદભાઈ સૈયદ

ચારિત્ર્યનાં ઓજ અને ઓબનાં અધારાં વચ્ચે ગૌરવથી ઊભી રહેતી એક સામાન્ય છતાં અસામાન્ય નારીની વ્યથાકથા આલેખતું **ગુજરાતી ફિલ્મનિર્માણમાં એક સીમાસ્તંભરૂપ કલાસર્જન**

મુખ્ય પાત્રો
કંકૂ:
પલ્લવી મહેતા,
ખૂમો:
કિશોર જરીવાલા

કંકૂ

નિર્માતા-દિગ્દર્શક: કાન્તિલાલ રાઠોડ

મલકચંદ: કિશોર ભટ્ટ, કાળુ: અરવિંદ જોશી

ગામડાના મહેનતકશ જીવનમાં નાનીમોટી ને કડવીમીઠી અનેક મથામણો વચ્ચે પણ કંકૂ અને ખૂમાનો ઘરસંસાર રંગેચંગે ચાલતો હતો, પણ એ સુખ બહુ ટક્યું નહિ. એકાએક ખૂમાનું અવસાન થયું ને કંકૂ નોધારી બની ગઈ. જુવાનીમાં જ વૈધવ્ય, ગામડું ગામ, નાનકડું ખેતર ને મોટુંમસ જીવતર કેમ ખેડાશે-જીવાશે? ઘણાંએ એને બીજું ઘર માંડવા સલાહ આપી, પણ એના હૈયામાં તો ખૂમાની જ સ્થાપના હતી. ખૂમાના દીધેલ ફૂલ જેવા પુત્ર હીરાને આબદાર ને આબરૂદાર બનાવવા હૈયું વજ્જર કરી કંકૂએ ખેતર અને જીવતર ખેડવા માંડયાં.

કરમની કઠણાઈના આ કાળમાં યે બીચારીબાપડી ન બનતાં કંકૂ ગૌરવથી જીવે છે. ગામમાં એનો મોભો છે. પડખેના ગામનો એક ઘરભગ વાણિયો મલકચંદ પણ એને માટે માન ધરાવે છે ને પ્રસંગોપાત્ત કંકૂને સહાય કરતો રહે છે. જેમજેમ એ કંકૂને ઓળખતો જાય છે તેમતેમ મનોમન એ પોતાના એકલવાયા જીવનમાં કંકૂને પામવા ઝંખે છે. એ ગણતરીબાજ છે પણ લાલચુ નથી અને લંપટ પણ નથી.

વર્ષો વીતે છે. હીરાને પરણાવવો છે. કંકૂનું આ ટાણું પણ મલકચંદ સ્વજન જેવો થઈ ને સાચવી લે છે અને આમ એકબીજાની વધુ નજીક આવી જતાં તેઓ એક પળ પોતાના જીવનનો માર્ગ ચાતરી જાય છે. આનું પરિણામ પણ અછતું નથી રહેતું. ગામલોકો તો ઠીક પણ પેટના દીકરાને યે કંકૂ કડવી ઝેર લાગે છે ને એ ઘર છોડી દે છે. મરવા સિવાય કંકૂ માટે હવે બીજો કોઈ આરો નથી.

પણ કંકૂ પ્રત્યે હજી યે ઘણાંને હમદર્દી છે. મરતી રોકી તેઓ રાતોરાત કંકૂને કાળુ સાથે પરણાવી દે છે. કાળુ કંકૂને અને એના સંતાનને યે સ્વીકારે છે અને એક નવી કેડી પર ફરી કંકૂની જીવનયાત્રા આરંભાય છે.

ગુજરાતના જાણીતા લેખક શ્રી પન્નાલાલ પટેલની એક નાનકડા ગામની વસતિના અંતરના ઐક્યની અને એક ગૌરવવંતી નારીની હૃદયવ્યથાને સુંદર રીતે રજૂ કરતી એક વાર્તાનો આ કથાદોર છે. નાટકીય એવું આમાં કંઈ નથી. કંકૂને 'સતી' કે મલકચંદને 'વિલન' બતાવવાનો પ્રયાસ તેમાં નથી. સમગ્ર કથાનક વાસ્તવિક જીવન જેવું જ લાગે છે.



નવપરિણિત કંકૂ (પલ્લવી મહેતા) અને ખૂમો (કિશોર જરીવાલા)

પણ એના પરથી કલાકાર શ્રી કાન્તિલાલ રાઠોડે ફિલ્મ બનાવવાનું સાહસ કર્યું છે અને એ પણ ગુજરાતીમાં ને ફિલ્મમાં કદી નહિ ઊતરેલાં અદાકારોને રાખીને કર્યું છે.

ભારતમાં ફિલ્મસર્જનના અર્ધી સદી વટાવી ચૂકેલા ઇતિહાસમાં ગુજરાતી ફિલ્મનું પ્રકરણ પણ ત્રણેક દાયકા જેટલું તો વિસ્તૃત છે જ, પણ ગણ્યાંગાંઠ્યાં દષ્ટાંતો બાદ કરતાં આજ સુધીની ગુજરાતી ફિલ્મો દુહા, રાસ, બા'રવટિયા, જૂનવાણી માતાપિતા, માર્ગ ભૂલેલા પતિ ને ભક્ત સતીઓ તથા સ્થૂળ હાસ્યમાં જ અટવાતી રહી છે. જોકે હિન્દી ચિત્રોમાં પણ ફિલ્મસર્જનને એક આગવી કલા તરીકે વિકસાવવાને બદલે માત્ર ધંધાદારી દૃષ્ટિ જ અપનાવાઈ છે–તે એટલી હદ સુધી કે 'ફિલમવાળા' એ એક નિમ્ન કક્ષાના લોકોનો સૂચક શબ્દ બની ગયો છે



મલકચંદ (કિશોર ભટ્ટ)



(પ્રેમ)વર્ષાથી ભીનાં ભીનાં કંકૂ અને ખૂમો



હીરિયા (કુંવરજી કાત્રક)નાં લગ્ન ઊજવતી કંકુ



'કંકુ'ના નિર્માતા-દિગ્દર્શક

કાન્તિલાલ રાઠોડ

એમનો અને એમની કલાસાધનાનો વિસ્તૃત પરિચય તો અગાઉ 'કુમાર' અંક ૪૨૭માં આવી ગયો છે. શિકાગોમાં કલાભ્યાસ કરતા હતા ત્યારે નેશનલ ફિલ્મ બોર્ડ ઑવ કૅનેડાના નોર્મન મેક્લેરેનની ફિલ્મોએ એમનામાં પ્રયોગશીલ ફિલ્મનિર્માણનાં બીજ રોપ્યાં. ૧૯૫૬માં ભારત આવી એમણે એનિમેશન અને દસ્તાવેજી ફિલ્મો બનાવવા માંડી અને ભારત સરકારના ફિલ્મ ડિવિઝન માટે, ચિલ્ડ્રન્સ ફિલ્મ સોસાએટી માટે ને યુનાઇટેડ સ્ટેટ્સ ઇન્ફર્મેશન સર્વિસ માટે પણ ફિલ્મો બનાવી આપી. આમાં 'એડવેન્ચર્સ ઑવ એ સ્યુગર ડૉલ'ને બાળકો માટેની શ્રેષ્ઠ ફિલ્મ તરીકે અને 'ફર્લૉવન હોરાઈઝન'ને શ્રેષ્ઠ દસ્તાવેજી ફિલ્મ તરીકે રાષ્ટ્રપતિ પારિતોષિકો મળ્યાં છે. 'ફર્લૉવન હોરાઈઝન' તો ઑસ્ટ્રેલિયા, ફ્રાંસ, જર્મની અને પોલૅન્ડનાં આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવોમાં પણ રજૂઆત પામ્યું છે. 'કંકુ' એ એમનું પ્રથમ કથાચિત્ર છે અને એના દ્વારા એમણે ગુજરાતી ફિલ્મક્ષેત્રે એક સીમાસ્તંભ રોપ્યો છે.





બાજુમાં ૧) આત્મહત્યાનો વિચાર કરતી કંકુ
૨) કંકુ વિષે ચર્ચા કરતા ગ્રામજનો

એટલે એને પગલે પગલે બીતાંબીતાં ડગ માંડતી ગુજરાતી—અને અન્ય પ્રાદેશિક ફિલ્મો પાસે સર્જનાત્મક શક્તિની મોટી આશા રાખવાનો અવકાશ રહેતો નથી. છતાં સાંસ્કારિક ક્ષેત્રે સર્જનશક્તિનો અનેકમુખી વિકાસ સધાયા બાદ પણ તેની સરખામણીમાં ફિલ્મસર્જનમાં—કે જે વિચારવાહનનું અને કલાભિવ્યક્તિનું એક સર્વોત્તમ માધ્યમ છે તેમાં કલાસર્જનની દૃષ્ટિએ બહુ જ ઓછું ખેડાણ જોવા મળ્યું છે.

પ્રાદેશિક ભાષામાં ફિલ્મ ઉતારવામાં ઘણી મર્યાદાઓ પણ નડે છે. જેમાં નાણાંનો અભાવ અને રજૂઆતની મુશ્કેલીઓ મુખ્ય છે. ધંધાદારી દૃષ્ટિને બાજુએ રાખીને જ જે સર્જન થાય છે તેને માટે તો આવા પ્રશ્નો બહુ મોટા અવરોધ બની રહે છે. છતાં યે છેલ્લાં વર્ષોમાં આવાં સાહસો થયાં છે જેમાં બંગાળ, ને કેરાળા આગળ છે. એટલે એમની સરખામણીમાં 'કંકુ' કોઈ નવો જ ચીલો પાડતી નથી, પણ ગુજરાતને માટે આ પ્રકારનો આ પહેલો જ પ્રયાસ છે અને ઘણે અંશે સફળ હોઈ રાષ્ટ્રપતિ ઍવોર્ડ, લૉકાર્નો ફિલ્મ-મહોત્સવમાં રજૂઆત ને છેલ્લે ચિત્રનાયિકા કંકુ—પલ્લવી મહેતાને ઉત્તમ-અભિનય માટે અમેરિકામાં મળેલું માન તેના નિર્માતા-દિગ્દર્શક શ્રી કાન્તિલાલ રાઠોડને માટે ઘણું ગૌરવપ્રદ છે. ગુજરાત પણ ભલે તેમાં ગૌરવ લે, પરંતુ આ ચિત્ર તૈયાર થયા પછી આખું વરસ વીત ગયા છતાં યે રજૂઆતને માટે એને અટવાવું પડતું હોય તો એ ગુજરાતની કદરશનાસીને માટે શોભાસ્પદ તો નથી જ. કરમુક્તિનાં સૂચન કે કરમુક્તિ એ કંઈ સારા ચિત્રનું સાચું મૂલ્યાંકન નથી.

'કંકુ'માં ઘણા પ્રાયોગિક્તા, નવ-વાસ્તવવાદિતા કે આવા ગાડર જેવા આધુનિક સર્જન-પ્રયોગોની શોધ કરવા પ્રેરાય એ સ્વાભાવિક છે, કેમ કે 'કંકુ' કેવળ મનોરંજનાર્થે ઉતારેલી ફિલ્મ નથી. પણ એને આમ અમુક જ પંક્તિમાં મૂકવાની જરૂર ખરી? નાટ્યાત્મક ન હોવા છતાં પ્રેક્ષકોને છેવટ સુધી જકડી રાખે અને સંવાદોમાં સીધા કે આડકતરા ભાષણબાજી ને સૂત્રોચ્ચારોના પ્રયોગોથી દૂર રહીને યે માનવીય મૂલ્યોને સચોટતાથી ને કલાત્મકરીતે રજૂ કરી શકે એ એની સફળતા માટે પર્યાપ્ત નથી? 'કંકુ' એક આવો પ્રયોગ છે, સાહસ છે અને તે સફળ છે.

એની કથામાં ચાલુ ફિલ્મો જેવો મનોરંજક 'મસાલો' નથી. ફિલ્મ જગતના કોઈ નામી અદાકારો પણ તેમાં નથી અને મોટેભાગે અમદાવાદ તથા નવસારી નજીકનાં બે ગામડાંમાં માત્ર પાંસઠ દિવસોમાં જ એનું શૂટિંગ પૂરું થયું છે, છતાં ગુજરાતી કલાની પ્રતિભા અને સામર્થ્યને એણે



પુનર્લગ્ન પછી કંકૂ અને કાળુ (અરવિંદ જોષી)

સફળતાથી પ્રકટ કર્યાં છે. 'કલૉવન હૉરાઇઝન' અને 'એડવેન્ચર્સ ઑવ એ સ્યુગર ડૉલ' જેવાં દસ્તાવેજી ચિત્રો માટે માન અને પુરસ્કાર પામેલા શ્રી રાઠોડનું આ પ્રથમ કથાચિત્ર છે. એમાં પણ એમની પ્રતિભા પ્રકાશી છે. ખૂમાની મૃત્યુશય્યા, અને એના અવસાનને ખિસકોલી અને કંકૂનાં ડૂસકાં દ્વારા ને ત્યાર પછી દીવાની સ્થિર જ્યોત પાસે ભીની આંખે ઊભેલી કંકૂનાં દશ્યો દ્વારા એમણે પ્રસંગની કરુણતાને બિલકુલ નાટકીય બનાવ્યા વિના અસરકારક બનાવી છે. કંકૂના વૈધવ્યને એમણે લગ્નગીતો સંભળાવીને વધુ ઘેરું બનાવ્યું છે. કંકૂ યે અંતે તો માનવ છે. ખેતરમાં કાલાં ફોલતાં ફોલતાં ગળકતા મોરને સાંભળી એનું યૌવન પણ થનગનાટ અનુભવે છે ને બરાબર યોગ્ય પળે જ પાસે બાંધેલા પારણામાં તેનું બાળક રડી પડતાં એ ચોંકી જાય છે. નૈસર્ગિક સ્વાભાવિકતાથી જ એ માર્ગ પરથી ચાતરી જતી ને ફરી હૈયું થામી લેતી કંકૂના આ લાક્ષણિક ચિત્રણ દ્વારા દિગ્દર્શકે ફિલ્મના માધ્યમને બહુ યોગ્ય રીતે પ્રયોજી બતાવ્યું છે. આવું જ સુંદર આલેખન છે કંકૂ અને મલકચંદના મિલનનું. ઘરના એક દૂર ખૂણે, એક માત્ર કંકૂની જ હાજરીમાં, રાતના આછા અજવાળે પૈસા ગણવામાં ભૂલ કરતો મલકચંદ અને કંકૂના બદલાતા મુખભાવો વડે દિગ્દર્શકે બંનેના મનોભાવને વ્યક્ત કરવામાં જે કલાસૂઝ દાખવી છે એ ગુજરાતી ફિલ્મમાં તો પહેલી જ વાર જોવા મળે છે. પુનર્લગ્ન પછી યે બીજો પતિ–કાળુ પોતાની ભૂલ રૂપ બાળકને સ્વીકારશે કે નહિ તેની દ્વિધાને કાળુ દ્વારા કંકૂનું મોં મીઠું કરાવીને જે રીતે નિર્મૂળ કરી બતાવી છે એ પણ એટલી જ માર્મિક રજૂઆત છે. અને આવાં બધાં જ દશ્યોમાં એમણે છાયાપ્રકાશની મદદ વડે ઘણુંઘણું કહી બતાવ્યું છે. કેટલેક સ્થળે તો જાણે ખુદ કૅમેરા દ્વારા જ સંવાદ રજૂ થયો છે. મોટાભાગનું શૂટિંગ આઉટડોર હોઈ કથાનકને યોગ્ય એવી કાવ્યાત્મક પાર્શ્વભૂ આપોઆપ જ મળી ગઈ છે. કલાત્મક સ્પર્શ સાથેની આવી સંયમિત ને સુંદર રજૂઆતમાં શ્રી રાઠોડની કલાસૂઝનો ઓપ સ્પષ્ટ થયા સિવાય નથી રહેતો. અને એથી જ ગુજરાતી ભાષામાં હોવા છતાં 'કંકૂ' સર્વસ્પર્શી બન્યું છે. પ્રાદેશિક ભાષાના ફિલ્મસર્જનમાં એ જરૂર નવી તાઝગી આણે છે અને એથી ગુજરાતી ફિલ્મસર્જનમાં 'કંકૂ' એક સીમાચિહ્ન બની રહે છે.

વાંસ (અનુસંધાન પૃષ્ઠ ૪૯રથી) એક છે. બીજી બે ચીજો તે પાઈન અને જરદાલુનાં વૃક્ષ. રસહીન જેવી જમીનમાં પણ ગૌરવથી ઊગતું અને બારે માસ લીલું રહેતું પાઈન વૃક્ષ, અને વસંતનો આરંભ થતાં જ બીજાં કોઈ પણ વૃક્ષ કરતાં વહેલું મહોરી ઊઠતું જરદાલુનું ઝાડ જાપાનીઓને મન શુકનવંતાં ગણાય છે. વાંસના ગંઠીલા સાંધામાં જાપાનીઓ દર નવા વર્ષે એક નવા તબક્કામાં પ્રવેશતા માનવજીવનનાં સતત વિકાસ અને ઐશ્વર્યની વૃદ્ધિનું પ્રતિબિંબ જુએ છે.


લીલોછમ વાંસ તાજગી અને નાવીન્યની અનુભૂતિ કરાવે છે. એનો દેખાવ જ સુંદર છે એમ નથી, એની કેટલીક લાક્ષણિકતાઓ તો માનવગુણો સાથે સરખાવાય છે. એનો આપબળે થતો વિકાસ, ભારે બરફવર્ષા સામે યે ધીરજથી ટકી રહેવાનું સામર્થ્ય, ભલે બહારથી ન દેખાય છતાં ભૂમિગત મૂળના પ્રસાર વડે સિદ્ધ થતો મજબૂત વિકાસ વગેરે ગુણો માણસને માટે પણ પ્રેરણાદાયી છે ને તેથી જ જાપાનીઓ વાંસને ચાહે છે.

વાંસનો નવો ફણગો જ્યારે જમીન પર માથું કાઢે ત્યારે તેને 'ટાકેની-કો'–વાંસબાળ કહે છે. જન્મથી દસ દિવસ સુધીનો કૂમળો વાંસ ખાઈ પણ શકાય છે. વસંતથી તે વરસાદની ઋતુ સુધીમાં એ દેખાય છે. બે-અઢી માસમાં તો એનો બંધારણીય વિકાસ પૂર્ણતાએ પહોંચે છે. તે પછી એ ગમે તેટલા વધુ જીવે કે એને ગમે તેટલું ખાતર નાખવામાં આવે તો યે તેની જાડાઈમાં ફેર પડતો જ નથી. વાંસની જાડી-પાતળી બધી જાતોને આ એકસરખું લાગુ પડે છે. પેલી દંતકથામાં કાગુયા હીમે ત્રણ જ માસમાં પૂર્ણ સ્ત્રીત્વને પામી હતી એ કથન વાંસના ત્રણેક માસમાં જ પૂર્ણત્વ પામતા વિકાસ સાથે સરખાવવા જેવું છે. ઉનાળાના આરંભમાં કે તે પછીના તુરતના સમયમાં વાંસવનમાં જઇએ તો ત્યાં પુખ્ત વાંસની પાસે જ નવોદિત વાંસને રોજના એક એક વાર જેટલા વધતા જોઇને નવાઈ જ લાગે. આટલો ઝડપી વિકાસ અન્ય કોઈ છોડમાં જોવા મળતો નથી.

પેલી કથામાં વાંસકટો કઠિયારો વાંસમાંથી સોનામહોરો પામી સમૃદ્ધ બની ગયો એ વાંસના અનેકાનેક વ્યવહારુ ઉપયોગનું દ્યોતક લાગે છે. મૂળનાં જાળાંનો ભૂમિગત પ્રસાર અને ભૂમિ બહાર નવાંકૂરોનો વિકાસ એમ અંદર બહાર ચાલતી આ પ્રક્રિયાને સતત જાપાનની પ્રજા માણસની સમૃદ્ધિ મેળવવા માટેની અસીમ મહેચ્છા સાથે જોડે છે. ઉન્નતમુખ ને તાજગીભર્યા નવોદિત વાંસમાં જાપાનીઓ દુનિયાનાં અનેક પરિબળો વચ્ચે માર્ગ કાઢી રહેતા ગૌરવશીલ યૌવનને નિહાળે છે. □

શતરંજનો કોયડો-૧૨

O. FARIA



Help-mate in two with mate
Vertical Cylinder Board

હરીફાઈનો આ છેલ્લો કોયડો છે. આ વખતે 'ફેરી ચેસ પ્રૉબ્લેમ' આપ્યો છે. આ પ્રકારના કોયડાની વ્યાખ્યામાં આપણે જોયું હતું કે તેમાં ૧) ખાસ શરત હોય યા ૨) નવું મહોરું હોય અથવા ૩) રમવાના બોર્ડમાં ફેરફાર હોય છે. આ વખતે પસંદ કરેલા કોયડામાં આ ત્રણે શરતો છે અને તેથી કોયડો વધુ ધ્યાન આપીને સમજવા જેવો છે. પણ એક વખત સમજાઈ ગયા પછી તે એટલો અઘરો નહિ લાગે.

સ્થિતિ : 16/4p3/3kn3/3(nr)N3/p-2p4/Pp1P2B(NR /1K3b2.

કોયડો: બે ચાલમાં હેલ્પમેઈટ.

(વાચકોને યાદ હશે કે હેલ્પમેઈટમાં પહેલી ચાલ કાળો ચાલે અને કાળો અને સફેદ બંને મળીને કાળા રાજાને મ્હાત કરે છે.)

આ કોયડાનાં set-mate છે તેપણ દાખવો.

(આનો અર્થ એકે કાળાની પહેલી ચાલ વિના પણ બે ચાલમાં હેલ્પમેઇટ થઈ શકે છે, એટલે કે પહેલાં સફેદ પછી કાળો અને પછી સફેદની બીજી ચાલે પણ મ્હાત થાય છે.)

બીજી શરતો : (૧) અહીં બોર્ડ નળાકાર છે. તેની KR અને QR પંક્તિને એકબીજીને જોડી હોય તેમ માનવાનું છે. આ સમજવા માટે કાગળ ઉપર બોર્ડ દોરીને પછી તે કાગળ ગોળ વાળીને તેની KR અને QR પંક્તિને જોડી જુઓ (આકૃતિમાં તીરથી એ સૂચવ્યું છે.) હવે KN2 ઉપરનો સફેદ ઊંટ તેની રાબેતાની ચાલ ઉપરાંત KR3 QR4, QN5, QB6, Q7 થઇને K8 સુધી પણ ચાલી શકશે. (સ્પષ્ટતા ખાતર આકૃતિમાં એ પણ દર્શાવ્યું છે.)

(૨) કાળાનો Q5 ઉપર કાળો ઘોડો ઊંધો છાપેલ (સ્થિતિના લખાણમાં તે (nr) લખેલ છે) છે તે કાળો નાઇટ-રાઇડર (Night-Rider) છે. તે ઘોડાની ચાલુ નિયમ મુજબની ચાલની દિશામાં અઢી અઢી પગલાંની એક ઉપરાંત બે કે વધુ ચાલ પણ ચાલી શકે છે. એ જ રીતે સફેદના KR2 ઉપર સફેદ નાઇટ-રાઇડર પણ છે. તે KN4 કે KB6 યા છેક K8 ઉપર જઈ શકે છે. વળી, બોર્ડ નળાકાર હોઈ તે QN3 પર થઈને કાળા નાઇટ-રાઇડરને મારી શકે છે; જો નળાકાર ન હોત તો ફક્ત KB3ના માર્ગે જ મારી શકે. કાળો નાઇટ-રાઇડર Q5 પરથી QN4,KR3,KB2 અને Q1 તેમજ KB4, KR3, QN2 અને Q1ની લાઈનમાં ચાલી શકે છે. આશા છે કે આ સમજણ પછી હવે આ કોયડો અઘરો નહિ લાગે.

ઉકેલમાં બંનેની ચાલ પછી થતો Help-mate તેમજ Set-mate બતાવવાના છે.

ઉકેલ મોકલવાનું સરનામું
Suresh M. Mody, 6/9 Kandhari Colony, Chembur, Bombay 71 AS.
ઉકેલ મોકલવાની છેલ્લી તા. ૩૧-૧-૧૯૭૧
પરદેશમાં વસતા વાચકો માટે ૨૮-૨-૧૯૭૧

કોયડા નં. ૯ (સપ્ટે. ૧૯૭૦)નો ઉકેલ

સ્થિતિ : n1B1N3/7Q/2p1P3/p1-Pk3P/Rb3r2/1P1N4/KBn5/2R5.

કોયડો: સફેદે રમવાનું અને બે ચાલમાં મ્હાત કરવાનું.

ચાવીની ચાલ: 1 B-R6! ૨ ગુણ


ધમકી: નથી. ચાવીની ચાલ Waiting-move છે. ૧ ગુણ

વિકલ્પો : કાળા પાસે ઘણી ચાલ છે. તે દરેક જુદીજુદી ન લખતાં એક જેના પછી એક જ ચાલથી મ્હાત થતો હોય તે-મહોરાની ઘણી ચાલ એક સાથે જોઈશું. ચાલના આવા જુથ માટે વપરાતા શબ્દ Randomની વ્યાખ્યા જોઈ લઈએ. Randomનો અર્થ અચોક્કસ કરી શકાય. કાળા ઊંટને ચાલવા માટે ઘણી જગ્યા છે, પણ તે ગમે ત્યાં ચાલે. સફેદ હાથીને K4નો કાબૂ મળે છે. હવે વજીર K4ના કાબૂ જાળવવાના કામમાંથી મુક્ત થયો છે અને પરિણામે 2Q-Q7 મ્હાત થાય છે. કાળા ઊંટની બધી ચાલ પછી યે આ મ્હાત શક્ય હોત તો 1...B-any; 2Q-Q7 mate લખાત, પણ કાળા ઊંટની એક ચાલ એવી છે જેથી Q-Q7 અટકાવીશકાયછે.આ એકચાલ 1...,B×Pને Correction કહે છે, અને બાકીની બધી ચાલ 1...,B-Random લખીને દર્શાવાય છે.

હવે આપણે બધા વિકલ્પો જોઈએ. તેમાં પહેલા આઠ મધ્યવર્તી વિચારને લગતા છે.

૧) 1..., B-Random; 2Q-Q7 mate (૧) ગુણ ૨) 1...,B×P; 2N×R mate (૦ા ગુણ) ૩) 1...,N-Random;2N×R mate(૧ ગુણ) ૪) 1..., N-Q5; 2B-B4 mate (૦ા ગુણ) ૫) 1..., R-Random on file (પંક્તિ ઉપર અચોક્કસ ચાલ); B-B4mate (૧ ગુણ) ૬) 1..., R-B4; 2Q×R mate (Q-B5) (૦ા ગુણ) ૭) 1..., R-Random on Rank (હરોળ ઉપર અચોક્કસ); 2Q-B5mate (૧ ગુણ) ૮) 1...,R-K5; 2Q-Q7mate(૦ા ગુણ) ૯) 1...,K×P; 2N×R mate(૦ા ગુણ) ૧૦)1...,N-B2;2N×N mate(૦ાગુણ) ૧૧)1...,N-N3;2N-B7 mate(૦ાગુણ)

આ કોયડામાં ચાર Random અને ચાર Correction પછીના મ્હાત વચ્ચે Cyclic સંબંધ છે. A,B,C, અને D ચાર મહોરાં હોય અને W,X,Y અને Z ચાર મ્હાત હોય તો તે સંબંધ નીચે પ્રમાણે દર્શાવી શકાય:



Random Correction

આ મધ્યવર્તી વિચારને Correction Theme કહે છે. અહીં એવાં ચાર જોડકાં બતાવાયાં છે અને તે પછીનાં મ્હાત વચ્ચે cyclic સંબંધ હોવાથી અહીં Four-fold Cyclic Correction દર્શાવાયું છે તેમ કહી શકાય. બ્રિટિશ ચેસ ફેડરેશનની હરીફાઈમાં પ્રથમ ઇનામ મેળવનાર શ્રી પાર્થસારથીથી 'કુમાર'ના વાચકો પરિચિત છે. તેમણે કલાઅંક માટે R આકારનો એક ખાસ કોયડો રચી મોકલ્યો હતો તે વાચકોને યાદ હશે. આ સુંદર કોયડો પણ તેમનો જ રચેલો છે.

ઉકેલ મોકલનારનાં નામ અને તેમણે મેળવેલા ગુણ : ૧) મહેન્દ્ર મહેતા, ભૂજ ૨) મહેન્દ્ર મહેતા, મુંબાઈ ૩) ડૉ. ઇન્દ્રવદન મોદી, ભાવનગર અને ૪) દિલીપ આહલપારા, ભાવનગર; દરેકના ૧૦ ગુણ. ૫) કિરણ શાહ, નડિયાદ ૯½ ગુણ; ૬) ભૂદરભાઈ ચાવડા, વિરમગામ ને ૭) કલ્યાણભાઈ મૂલિયા, વિરમગામ બંનેના ૯ ગુણ; ૮) હેમન્ત આચાર્ય, રાજકોટ ૮½ ગુણ; ૯) ગોપાલ તેરૈયા, અમરેલી, ૭½; ૧૦) નટવરલાલ સૌદેશિયા, અમદાવાદ ૧૧) લક્ષ્મણ હરિરામ, અમદાવાદ ૧૨) એસ. ટી. સોલંકી, અમદાવાદ અને ૧૩) સુમન દોશી, કાલાવડ દરેકના ૭ ગુણ; ૧૪) ધીરુભા ગોહિલ, ટાણા ૬½; ૧૫) મહેન્દ્ર ત્રિવેણી, કલોલ ૬ ગુણ; ૧૬) બિપિન પટેલ, અમદાવાદ ૫ ગુણ; ૧૭) અશોક ભણશાળી અને ૧૮) રાજેન્દ્ર રાવ, રાજપીપળા, બંનેના ૦.

સુરેશ મોદી

અનુસંધાન] ડેવિડ કૉપરફીલ્ડ [પૃ. ૪૬૮થી

આવી હતી. એણે મને જોયો ને એનાં ભવાં ચડયાં. મારી માને તેણે પૂછયું: 'આ છોકરો તમારો?'

'હા.' મારાં એ નવાં આવેલાં ફોઈબા કહે: 'મને છોકરાંનો બહુ કંટાળો છે.' પછી મારા સામું જોઇને પૂછયું: 'કેમ છે?'

મેં કહ્યું: 'સારુ છે; તમે કેમ છો?'

એમનું મોં કટાણું થયું: 'છોકરો રીતભાતે શીખ્યો નથી.'

બીજા દિવસથી એ ફોઈબાએ માને મદદ કરવાને મિષે અમારા આખા ઘરનો કારભાર પોતાને હસ્તક લઈ લીધો. મારાં લેસન લેવાની પણ તેમણે શરૂઆત કરી દીધી. એ 'લેસનો' કદી ભૂલાશે ખરાં? એક સવારે હું ચોપડીઓ લઈને અભ્યાસખંડમાં ગયો. મારી માના મુખ પર ચિંતાભાર હતો. ફોઈબાના મોઢા પર સખ્તાઈ હતી. 'પા' નેતરની સોટી સાથે બેઠા હતા. તેમણે મારાં લેસન લેવા માંડયાં. ગભરાટમાં હું કશા જવાબ આપી શક્યો નહિ. એમના પ્રશ્નોની ઝડીથી વધુ ગૂંચવાતો ગયો...ને મારી મા એકદમ ડૂસકાં ખાતી રોવા માંડી. મર્ડસ્ટોને બહેનને આંખનો અણસારો કર્યો તે મેં જોયો. તેમણે સોટી હાથમાં લીધી. બહેનને કહે: 'ક્લેરાથી આ બધું નહિ ખમાય.' મને કહે: 'ચાલ ઉપર.'

અમે ચાલ્યા. મારી માનાં ડૂસકાં મને સંભળાતાં હતાં. તેમણે મને એક ઓરડામાં લીધો અને બે હાથથી મારું ડોકું મચડવા માંડયું. મેં છૂટવા મથામણ કરી; આટલી વખત માફી આપવાના કાલાવાલા કર્યા. પણ એમણે સડાસડ મને ફટકારવા જ માંડયો. આત્મરક્ષા માટે મેં મરણિયા થઈ એમના હાથે બચકું ભરી લીધું. ને પછી તો તેમણે મને મારી મારીને અધમૂઓ કરી નાખ્યો, ને મને એ જ હાલતમાં ઓરડામાં નાખી બહારથી બારણાં વાસીને ચાલ્યા ગયા. પાંચ દિવસ સુધી હું તાવ, ભય ને પીડાથી ધ્રૂજતો ત્યાં ભોંય પર જ પડયો રહ્યો. રાતે કોક ધીમેથી મને બોલાવતું હોય એમ લાગ્યું. એ પેગોટી હતી. બારણાની તિરાડમાંથી મેં તેને જોઈ. મેં પૂછયું: 'હવે મારો છુટકારો ક્યારે થશે?'

'કાલે સવારે. તારે બહારગામ ભણવા જવાનું છે.'

'માને જોવી છે. એ ક્યાં છે?'

'કાલે સવારે મળશે. પણ હું એટલું કહેવા જ આવી છું કે તું બહારગામ જઇને મને ભૂલતો નહિ. હું તને ક્યારેય નહિ ભૂલું.' એમ કહી તે તેની ભીની આંખ લૂછી ચાલી ગઈ.

મારા પા અને ફોઈબાએ મારા વિષે માને બરાબર ભરમાવી હતી. મેં એને જોઈ: ફિક્કી ને ઉદાસ. રડીરડીને એની આંખ રાતી થઈ ગઈ હતી. હું તેને વળગી પડયો. મારે માટે બહારગામ જવાનો પ્રબંધ થઈ ચૂકયો હતો.

માએ રડતી આંખે મને કહ્યું: 'ડેવી, આવો નઠારો ક્યાંથી થઈ ગયો?' હું કશું બોલ્યો નહિ. મેં બ્રેડ-બટર ખાવાનો પ્રયત્ન કર્યો, પણ મારાં આંસુથી તે ભીંજાઈ ગયાં. ચામાં પણ ટપટપ આંસુ ટપક્યાં.

બારણે ગાડી આવી ગઈ. મારી મા છેલ્લું વહાલ કરવા, વિદાયના બે શબ્દો કહેવા દોડી; પણ મિસ મર્ડસ્ટોને બૂમ મારી, 'ક્લેરા!' મા સ્થિર થઈ ગઈ. એની મૂગી આશિષ લઈ હું ભણવા માટે પરગામ ઊપડયો.

હું 'સાલેમ હાઉસ' પહોંચ્યો. ત્યાં એક શિક્ષક મિ. મેલની મુલાકાત થઈ. તે મને નિશાળના મકાનમાં લઈ ગયા. નિશાળ સાવ વેરાન હતી. મને એ શિક્ષકે કહ્યું: 'વૅકેશન છે એટલે છોકરાઓ પોતાને ગામ ગયા છે. આચાર્ય પણ બહારગામ છે.'

નિશાળમાં ફરતાં ફરતાં એક ઓરડામાં પાટલી પર મેં એક પૂઠું જોયું. તેના પર લખ્યું હતું: 'સાવધ રહો. આ કરડકણો છે.' એકદમ હું ચમક્યો. મેં મિ. મેલને પૂછ્યું: 'અહીં કરડકણો કૂતરો છે?'

તેણે ગંભીરતાથી મને કહ્યું: 'કૂતરો નહિ, પણ એક છોકરો કરડકણો છે. આ પૂઠું તારી પીઠે લટકાવવાનું છે. તારા અભ્યાસનો આરંભ આ રીતે થશે. પણ મારો ઈલાજ નથી.' મારાં ગાત્ર ગળી ગયાં. મારી પીઠે આ હડકાયાનું પૂઠું દરેક જણ વાંચશે એ ખયાલથી જ મારું હૃદય જોરજોરથી ધડકવા માંડયું. હું ફફડી ઊઠયો. મારા દિવસો કેમ વીતશે તેની કલ્પના જ અસહ્ય થઈ પડી.

એક દિવસ મને મિ. મેલ સમાચાર આપી ગયા કે શાળાના આચાર્ય મિ. ક્રીકલ બહારગામથી સાંજે આવી જશે. અને સાંજે એ આવી પણ ગયા. એમની સામે મને ખડો કરવામાં આવ્યો. મને થોડી વાર નીરખી લઈ ને મિ. ક્રીકલ કહે: 'હાં, ત્યારે આ જ એ મહેરબાન છે! એમના જ દાંતની માવજત કરવ ની છે, કેમ?'

તેમનો ભયાનક ચહેરો જોઈ હું કંપી રહ્યો. તેમની આંખો ઝીણી ને ઊંડી હતી. તેમના કપાળ પર મોટી નસો દેખાતી હતી. તેમણે મારો કાન પકડીને મને પાસે ખેંચ્યો. 'તારા પપ્પા–મિ. મર્ડસ્ટોન મારા ખાસ મિત્ર છે. ખૂબ સજ્જન છે. અને હવે તને કહી દઉં, હું કોણ છું. હું ટુકે છું... હું કહું કે આમ થશે એટલે એ થશે જ. માટે બચ્ચા, સાવધાન રહેજે.'

એમ કહીને તેમણે મને તગેડી મેલ્યો. મારા ઓરડામાં આવી કેટલાય કલાકો હું ફફડતો બેસી રહ્યો.

અને નિશાળ શરૂ થતાં મારી દશા બેસી ગઈ. મારે બરડે લટકાવેલું પાટિયું જોઈ છોકરાઓ મને વાંટળાઈ વળ્યા. કૂતરાને થાબડે એમ કેટલાક મને પણ થાબડવાનો ડોળ કરી મારી મજાક કરવા માંડયા. કેટલાક 'છૂ! છૂ!' કહી મને પરેશાન કરવા માંડયા. મારી બેઈજ્જતીનો પાર રહ્યો નહિ. એ વખતે એક છોકરો મારી વહારે ધાયો. તેનું નામ સ્ટીઅરફોર્થ. તેણે મને આ શિક્ષાનું કારણ પૂછયું. પછી મને કહે: 'ફિકર નહિ. આવી સજાને હસતાં હસતાં ખંખેરી નાખવાની! હું તારી સંભાળ રાખીશ.' મને સહારો મળી ગયો. થોડા વખતમાં જ અમારી મૈત્રી જામી ગઈ.

નિશાળ શરૂ થઈ કે તરત મિ. ક્રીકલ વર્ગવાર ફરીને છોકરાઓને ચમકારો બતાવી ગયા. મારા વર્ગમાં આવ્યા. મને કહે: 'તને બચકું ભરતાં આવડે છે તો મને ય આવડે છે. તારા દાંત તીણા છે તો જો આ સોટીના દાંત પણ કેવા તીણા છે!' એમ કહી એમણે મને નેતરની સોટી ફટકારી. 'સોટી કેવી કરડે છે, હાં?' કહી બીજી ફટકારી. વાક્યે વાક્યે એ સોટીનો ચમકાર બતાવવા જ ગયા. હું મોટેથી રડી પડયો.

આમ ને આમ નિશાળના દિવસો વીતવા માંડયા. રજાઓ ક્યારે પડે તેની હું આતુરતાથી વાટ જોવા માંડયો. આખરે એ શુભ દિવસ આવ્યો. હું ઘરઆંગણે ઊતર્યો. મા અથવા તો ફોઈબા ક્યાંક બારીમાંથી મને જોતાં હશે એનો ફડકો મારા મનમાં હતો. પણ કોઈ દેખાયું નહિ. હું દબાતે પગલે ઘરમાં ગયો. મારી માનો અવાજ મેં સાંભળ્યો. હું ત્યાં ગયો. મા શગડી પાસે બેઠી હતી. તેણે મારો નાનો–નવો–ભાઈ હૈયા સરસો રાખેલો હતો. મને જોઇને માનું હૈયું ભરાઈ આવ્યું. મને તેણે ચૂમી કરી ગળે લગાડયો. મિ. અને મિસ મર્ડસ્ટોન બહારથી ફરીને આવ્યાં ત્યાં સુધી અમારો આ આનંદ ટક્યો.

ફોઈબાએ મને જોયો ને એમને ફાળ પડી: 'કેટલા દિવસોની રજા પડી છે', એ પ્રશ્નથી તેમણે આરંભ કર્યો અને પછી રોજ મારા પાછા જવાના દિવસો એ ગણતાં જ રહ્યાં. મને પણ રજાઓ માણવાનો બહુ ઉમળકો ન રહ્યો. આખરે રજાઓ પૂરી થઈ. ફોઈબાએ સંતોષપૂર્વક ચાનો છેલ્લો કપ મારી સામે ધર્યો અને કહ્યું: 'રજાઓ હવે પૂરી થઈ!'

હું નિશાળે પાછો આવી ગયો. માર્ચમાં મારી વર્ષગાંઠ પણ આવી ગઈ. એ પછી એક દિવસ મને આચાર્ય મિ. ક્રીકલે બોલાવ્યો. તેમનાં પત્ની પણ સાથે બેઠાં હતાં: મિસિસ ક્રીકલે થોડીવાર મારી સામે સ્થિર નજર કરીને પૂછયું: 'તું ઘેરથી આવ્યો ત્યારે તારે ત્યાં બધાં સાજાંસમાં હતાં?' અને જરાક અટકીને પૂછયું: 'તારાં મમ્મી સાજાં હતાં?'

મને ધ્રુજારી આવી ગઈ. હું કશો જવાબ દઈ શક્યો નહિ. એ ફરી અને કહેવા લાગ્યાં : 'તારાં મમ્મી બહુ માંદાં થયાના સમાચાર આવ્યા છે...' મારા ગાલ પર થઈને આંસુની ધારા વહેવા લાગી. તેમણે વળી કહ્યું : 'તેમની માંદગી ગંભીર છે...' હું સમજી ગયો. 'તે અવસાન પામ્યાં છે–' જરા થોભીને તેમણે મને સમાચાર કહી દીધા. હું ધ્રુસકેધ્રુસકે રોઈ પડયો. આખા જગતમાં હું હવે એકલો, અનાથ બની ગયો.

હું ઘેર પહોંચ્યો ત્યારે પેગોટીએ મને કહ્યું : 'મા કદી સાજાં રહ્યાં જ નથી! દિવસે દિવસે એમનું શરીર સુકાતું જ ચાલ્યું. એ હમેશાં ગભરાએલાં જ રહેતાં અને મે'ણાં ટોણાં સહન કરી શકતાં જ નહિ. છેલ્લી રાતે તે મને કહી ગયાં : 'પેગોટી, જો આ મારું બેબી પણ મારી પાછળ મરી જાય તો મારી ગોદમાં જ તેનું દફન કરવાનું તેમને કહેજે.' પેગોટીએ આંખો લૂછી કહ્યું : 'અને માની વાણી સાચી પડી!'

દફનવિધિ પત્યો કે તરત મિસ મર્ડસ્ટોને પેગોટીને નોકરીમાંથી છૂટા થવાની નોટિસ આપી. એક દિવસ મિ. મર્ડસ્ટોને મને બોલાવીને કહ્યું : 'ડેવિડ, જો, હું કંઈ શ્રીમંત નથી. તારા ભણતરનું ખર્ચ મને હવે પોસાય તેમ નથી. એટલે તું હવે નોકરી માટે લંડન જા. તને પેટ પૂરતું મળી રહેશે. તારું ત્યાં રહેવાનું ખર્ચ થશે તેટલું હું આપીશ, ખાવાખરચી તારી.' મિસ મર્ડસ્ટોને ટાપશી પૂરી : 'તારી આટલી સગવડ અમે સાચવીશું. એટલે તારા પર બોજો નહિ પડે. તું નિરાંતે નોકરી કરી શકીશ.'

હું લંડન પહોંચ્યો. દસ વર્ષની વયે હું નાનકડો મજૂર બન્યો. દારૂની એક દુકાનમાં મારે કામ કરવાનું હતું. મારી સાથે બીજા ત્રણચાર કિશોરો હતા. મિ. મિકોબર નામના એક ગૃહસ્થના ઘરમાં મારે રહેવાનું નક્કી થયું. એમની સાથે એમનાં પત્ની અને બાળકો હતાં. મિસિસ મિકોબર મને મારા વસવાટ માટેનો ઓરડો બતાવતાં કહેવા લાગ્યાં : 'નાછૂટકે ઘર ભાડે આપવું પડયું છે, કારણ મિસ્ટર મિકોબર સખત નાણાંભીડમાં છે. જો લેણદારોનો તગાદો ઓછો નહિ થાય તો અમારું શું થશે એ હું જાણતી નથી. પથ્થરમાંથી કંઈ લોહી મળવાનું નથી, તેમ મિકોબર પાસેથી હાલ તો લેણદારોને એક પૈસો ય મળે તેમ નથી.'

લેણદારો મિકોબર પાસે કડક ઉઘરાણી કરતા ત્યારે એ ચોધાર આંસુએ રડી પડતા. પણ એ લોકો વિદાય થાય કે તરત જ પાછા સ્વસ્થ થઈ નવો 'પ્લાન' ગોઠવવા બેસી જતા. 'ભાગ્યનું પાંદડું ફરે એટલી વાર છે' એ એમનું માનીતું સૂત્ર હતું. મિસિસ મિકોબર પણ લેણદારો આવે ત્યારે વારંવાર હિસ્ટીરિયામાં હોય અને સાંજે નિરાંતે ભોજન પર ઝપાટો મારતાં હોય.

મિકોબરના કુટુંબમાં હું હળી ગયો. તે મારી સારી કાળજી રાખતાં. હું કસરથી મારું ગુજરાન ચલાવતો. પરંતુ એક દિવસ મને ખબર પડી કે મિકોબર તેમના સમગ્ર પરિવાર સાથે લંડન છોડીને પ્લીમથ જવાના છે. કદાચ ત્યાં ભાગ્યનું પાંદડું ફરે તો! એમનો સહવાસ મેં ખોયો. નોકરીથી હું ત્રાસી ગયો હતો. મેં ભાગી જવાનો નિશ્ચય કર્યો. મારે મારા જન્મ વખતે અમારે ઘેર પધારેલાં મોટાં ફોઈબા મિસ બેટ્સીને મળવું હતું. મહામુશીબતે તેમનું સરનામું મેં મેળવ્યું અને ખિસ્સામાં માત્ર સાડા ત્રણ પેન્સની મૂડી સાથે હું દારૂની દુકાનમાંથી ભાગી છૂટયો.

રસ્તો વિકટ હતો. હું ભૂખે મરવા માંડયો. મારાં કપડાં વેચીને પેટ ભર્યું. ઘાસની ગંજીમાં રાત વિતાવતો. મારાં મોટાં ફોઈબાને ગામ હું પહોંચ્યો ત્યારે ભૂખ અને થાકથી હું અધમૂઓ હતો. ગામમાં થોડીક દુકાનો હતી. હું પૂછપરછ માટે એક દુકાનમાં પેઠો. કોઈ બાઈ ત્યાં ચોખા ખરીદતી હતી. મેં તેને મિસ બેટ્સી વિષે પૂછયું. મારા સદ્‌ભાગ્યે એ મારાં ફોઈબાની જ કામવાળી નીકળી. એની સાથે હું મિસ બેટ્સી ટ્રૉટવૂડને ઘેર પહોંચ્યો. ઘરમાંથી એક સ્ત્રી બહાર નીકળી. એકદમ મને આંગણામાં ઊભેલો જોઈને ધૂરકી : 'બહાર, બહાર નીકળ, અહીં કેમ પેઠો?' હું એકદમ તેમની પાસે ગયો. તેમનો સ્પર્શ કરી નમ્યો–કરગર્યો : 'ફોઈબા, આપ કૃપા કરીને મને સાંભળો...' મારા સંબોધનથી ફોઈબા ચોંક્યાં. મેં કહ્યું : 'ફોઈબા, હું તમારો ભત્રીજો...ડેવિડ કૉપરફીલ્ડ. મારા જન્મની રાતે તમે મારે ત્યાં આવેલાં. મારી માને મળેલાં. એ મરી ગઈ. હું ખૂબ દુ:ખી થઈ ગયો છું. મારું કોઈ નથી. એટલે તમારે સહારે આવ્યો છું... ઠેઠથી ચાલીને આવ્યો છું...' એમ કહી હું ધ્રુસકેધ્રુસકે રડી પડયો.

ફોઈબા આ વાત સાંભળી ચકિત થઈને ત્યાં જ બેસી પડયાં. મારા સામું ટીકીટીકીને જોવા માંડયાં. પછી એકદમ ઉતાવળે ઊઠયાં. મને પણ ઘરમાં લીધો. મને નવડાવ્યો-ધોવડાવ્યો. હું જરા તાજો થયો ત્યાં એકદમ ફોઈબાએ ગર્જના કરી : 'જેનેટ...વળી પાછાં ગધેડાં...' હું ફફડી ઊઠયો. ઘરને આગ લાગી હોય તેવા ગભરાટથી તેમની કામવાળી ગધેડાંને હાંકવા દોડતી આવી. ફોઈબા પણ દોડયાં...અને ગધેડાંને કાન પકડીને હાંકી મેલ્યાં. એમને ગધેડાં મેદાનમાં પેસે તેની ખૂબ જ ચીડ હતી. આખો દિવસ તે એની રખેવાળી કર્યા જ કરતાં. થોડીથોડી વારે 'જેનેટ... ગધેડાં' એવો ફોઈબાનો 'ઍલાર્મ' સંભળાયા જ કરતો!

નાહીને હું ઘસઘસાટ ઊંઘી ગયો. જાગ્યો ત્યારે નાસ્તો તૈયાર હતો. ફોઈબાએ જાતજાતના પ્રશ્નો પૂછીપૂછીને મારી બધી વાત સમજી લીધી.

બીજે દિવસે સવારે નાસ્તાના ટેબલ પર ફોઈબાએ મને કહ્યું : 'તારા બાપને તારા સમાચાર લખી દીધા છે.' હું એકદમ થડકી ઊઠયો : 'ફરી પાછો તમે મને ત્યાં મોકલી દેશો?' 'જોઈએ...હવે'

ફોઈબાના પત્રનો જવાબ જલદીથી આવી ગયો. મારા 'પા' અને એમનાં બહેન મારાં ફોઈબા સાથે રૂબરૂ વાતચીત કરવા આવતાં હતાં. બીજે દિવસે હું બેઠો હતો, મારાં ફોઈબા કશુંક કામ લઈને બારી પાસે બેઠાં હતાં. ત્યાં અચાનક તેમની ગર્જના સંભળાઈ : 'જેનેટ...ગધેડાં...'

હું ચોંકી ઊઠયો. મેં બારીમાંથી જોયું તો મિસ મર્ડસ્ટોન સવારી કરીને એમનું 'પવિત્ર' મેદાન ખૂંદતાં આવતાં હતાં. ફોઈબા એકદમ બહાર દોડયાં : 'નાલાયકો, વગર રજાએ ઘૂસી જાઓ છો?' એમણે તો જેનેટને બૂમાબૂમ મારવા માંડી. મિસ મર્ડસ્ટોન ને મારા 'પા' ગધેડાં પરથી ઊતરી સીધાં ઘરમાં પેસી ગયાં. ફોઈબાના રૂઆબથી બંને જણાં ડઘાઈ ગયાં હતાં. થોડી વારે ફોઈબા તેમને મળ્યાં : 'તમે જ મિ. મર્ડસ્ટોન, કેમ?'

'હા...હું જ.' ફોઈબાએ સીધી વેધક નજરે તેમની સામે જોઈ કહેવા માંડયું : 'ખોટું લાગે તો માફ કરજો, પણ એ બીચારા અનાથ છોકરા પર તમે ખૂબ જુલમ કર્યો છે.' મિસ મર્ડસ્ટોન વચ્ચે બોલી ઊઠયાં : 'મારો ભાઈ આ લગ્નમાં પડયો જ ન હોત તો વધારે સુખી થાત...'

મિ. મર્ડસ્ટોન કહે : 'મિસ ટ્રૉટવૂડ, આ છોકરો ભાગી છૂટેલો છે. તમે તેનાં લક્ષણ જાણતાં નથી. અમને તો એણે હેરાનપરેશાન કરી મેલ્યાં.'

'એમ કે?' ફોઈબાએ આશ્ચર્યનો ડોળ કરતાં કહ્યું. 'હા.' મિ. મર્ડસ્ટોન કહેવા માંડયાં : 'તેમ છતાં હું તેને પાછો લઈ જવા આવ્યો છું, એ તૈયાર છે? જો એ અમારી સાથે પાછો આવવા માગતો ન હોય તો હવે પછી એને માટે અમારા ઘરનાં બારણાં સદા ય બંધ છે.'

ફોઈબાએ મને પૂછ્યું : 'ડેવિડ, જવું છે તારે?'

મેં એકદમ કરગરીને કહ્યું : 'ના ફોઈબા...ના.'

ફોઈબાએ મને પોતાની પાસે ખેંચ્યો ને મર્ડસ્ટોનને સંભળાવી દીધું : 'હવે તમે જઈ શકો છો. આ છોકરો મારી પાસે જ રહેશે...' અને પછી એકાએક ફોઈબા મિસ મર્ડસ્ટોન તરફ ધસ્યાં : 'જો હવે પછી તેં મારા મેદાનમાં ગધેડાં સાથે પ્રવેશ કર્યો તો તારી ખો ભુલાવી દઈશ, યાદ રાખજે!'

મિસ મર્ડસ્ટોન એક અક્ષરે બોલ્યા વિના એમના ભાઈનો હાથ પકડી મોં ચડાવીને ચાલ્યાં ગયાં.

થોડા દિવસ પછી એક સાંજે મારાં ફોઈબાએ મને પૂછયું : 'તને નિશાળે જવાનું ગમશે? કૅન્ટરબરીમાં મઝાની સ્કૂલ છે.' મેં હા પાડી.

એ મને બીજે દિવસે કેન્ટરબરી લઈ ચાલ્યાં. ત્યાં તેમણે તેમના એક ઓળખીતા મિ. વીકફીલ્ડને મારી સોંપણી કરી. મિ. વીકફીલ્ડનો માયાળુ સ્વભાવ મને ગમ્યો. એની એક દીકરી હતી—મિસ એગ્નિસ. તેની સાથે મારો પરિચયવિધિ થયો. ફોઈબા મને ત્યાં મેલીને પાછાં જવા માંડયાં. એમનો સાદ ગળગળો થયો: 'દીકરા, ખૂબ ખૂબ ભણજે ને નામ ઉજાળજે. ભગવાન તારું ભલું કરો!'

વીકફીલ્ડ મને નિશાળના આચાર્ય ડૉ. સ્ટ્રૉંગ પાસે લઈ ગયા. મારી ઓળખાણ કરાવી: હું નવી નિશાળમાં દાખલ થયો. થોડા જ દિવસોમાં તો હું ત્યાં હળી ગયો. અભ્યાસમાં અને રમતમાં મારી કીર્તિ પ્રસરી ગઈ.

મિ. વીકફીલ્ડની ઑફિસમાં ઉરિયા હીપ કરીને એક જુવાન હતો. એ કાયદાનો અભ્યાસી હતો. એક વાર તેણે મને ઘેર ચા પીવાનું આમંત્રણ આપ્યું. હું ત્યાં ગયો. ચા પીતાં અમે વાતો કરતા હતા ત્યાં એકાએક કોઈ માણસ બારણા આગળથી પસાર થયો. તેની નજર ઓચિંતી મારા પર પડી. એ અંદર ધસી આવ્યો: 'અરે, કોણ ડેવિડ કૉપરફીલ્ડ?'

એ સજ્જન તે મિકોબર. બહુ ઉમળકાથી તેણે મારા ખબરઅંતર પૂછ્યા અને મિસ્ટર અને મિસિસ હીપની સંમતિ લઈને મને પોતાને ત્યાં ખેંચી ગયો. એક નાનકડા હૉટેલમાં તેણે રૂમ રાખી હતી. એ લોકો પ્લીમથ ગએલાં, પણ ત્યાં ભાગ્યનું પાંદડું ફર્યું નહિ એટલે પાછાં ત્યાંથી આ સ્થળે આવ્યાં હતાં. મને કહે: 'અમે અહીં આવ્યાં તો છીએ પણ હૉટેલનું બિલ ચડી ગયું છે...બહુ મુશ્કેલી છે...લંડનથી એક રકમ આવવાની છે તેની રાહ જોઇએ છીએ.' મિકોબરે વાત કરતાં આંખો લૂછી. બીજે દિવસે તેણે મને ભોજનનું આમંત્રણ આપ્યું. હું ત્યાં ગયો. ત્યાં ઉરિયા હીપ પણ હતો. મિકોબરનો તેની સાથેનો ઘરોબો જોઈ મને નવાઈ લાગી. મિકોબર એ દિવસે ખૂબ આનંદમાં હતો. છેક સાંજ સુધી અમે જલસા કર્યા. મને મિકોબર દંપતીએ ભાવભીની વિદાય આપી. બીજે દિવસે સવારમાં મને એક પત્ર મળ્યો. તે રાતે લખાએલો હતો:

મારા નવજવાન દોસ્ત,

બાજી ઊંધી વળી ગઈ છે—બધું ખતમ થઈ ગયું છે. લંડનથી રકમ આવી નહિ...હવે સર્વનાશ...આ કદાચ અમારો છેલ્લો પત્ર જાણજે.

ભિખારી હાલતમાં—મિકોબર.

નિશાળના દિવસો પૂરા થઈ ગયા. હું એકાદ પ્રવાસ કરી આવું તેવી મારાં ફોઇબાની ઇચ્છા થઈ. હું લંડન જવા તૈયાર થયો. એ પહેલાં મિ. વીકફીલ્ડ ને તેમની દીકરી એગ્નિસની વિદાય લેવા હું કેન્ટરબરી પહોંચ્યો. મને જોઇને એગ્નિસ અત્યંત પ્રસન્ન થઈ. મને પણ તેનો મધુર સ્વભાવ ખૂબ ગમ્યો. તેણે હળવેથી મને કહ્યું: 'મારે એક વાત તને કરવી છે. મારા પપ્પામાં તને કશો ફેરફાર લાગે છે? તે ખૂબ નશો કરે છે. તેમનો સ્વભાવ બદલાતો જાય છે. ઉરિયા હીપનો ડોળો તેમના ધંધા પર છે. મને ખૂબ ફિકર થાય છે.'

એગ્નિસની ચિંતા જાણી મારું હૃદય પણ ભારે થયું. હું તેની વિદાય લઈ નીકળ્યો. રસ્તામાં મને ફોઇબાનો પત્ર મળ્યો. મારે તેમને જરૂરી કામે મળવાની તેમાં સૂચના હતી. હું તેમને મળ્યો. તેમણે ભોજન વગેરે પતાવ્યા પછી મને પૂછયું: 'તને વકીલનો વ્યવસાય ગમે ખરો?'

મેં હા કહી. બીજે જ દિવસે તે મને સ્પેન્લો ઍન્ડ જૉર્કિન્સની ઑફિસે લઈ ગયાં. તેમની દેખરેખ હેઠળ મને તેમણે વકાલત શીખવા મૂક્યો. મારે માટે તેમણે તત્કાળ ભાડાનું મકાન શોધી કાઢયું ને સારી એવી રકમ પણ ખર્ચ માટે મને આપી અને મારું સુ-ભાગ્ય વાંછીને વિદાય થયાં. હું નવા મકાનમાં એકલો, રૉબિન્સન ક્રુઝોની મનોદશા અનુભવી રહ્યો.

એક સવારે એગ્નિસનો પત્ર આવ્યો. તેની મને મળવાની ઇચ્છા હતી. હું તરત તેને મળ્યો. તેણે મને બાતમી આપી ચિંતા પ્રગટ કરી: 'ઉરિયા હીપ પેંધો પડયો છે. મારા પપ્પાનો એ ભાગીદાર થવાની ખટપટમાં છે.'

એગ્નિસના મુખ પર ભારે ચિંતા હતી. ઉરિયા હીપ પ્રત્યે મને ખૂબ રોષ ચડયો. એગ્નિસે મને શાંત કર્યો: 'પપ્પા નબળા પડતા જાય છે, હવે તો તે એને જોતાં ગભરાય છે અને ઉરિયા તેમને ફસાવતો જાય છે.' એમ બોલતાં એગ્નિસની આંખોમાં આંસુ આવ્યાં. મેં પ્રેમપૂર્વક એગ્નિસને પંપાળી એનાં આંસુ લૂછયાં.

ઉરિયા હીપ વિષે ત્યાર પછી કેટલાય દિવસ મને કશી માહિતી મળી નહિ. એક વાર મિ. સ્પેન્લોએ મને બેત્રણ દિવસ માટે તેને ઘેર મહેમાન બનવાનું આમંત્રણ આપ્યું. મને તે તેની સાથે જ લઈ ગયો. એની એક દીકરી હતી: ડોરા. સ્પેન્લોએ અમારો એકબીજાને પરિચય કરાવ્યો. ડોરાની મુખમુદ્રા મોહક હતી. અને સાથેસાથ પહેલી નજરે જ હું એના પ્રેમમાં પડયો! મારું હૃદય ડોરાનું કેદી બની રહ્યું. હું ડોરાની મોહિનીમાં લુબ્ધ હતો ત્યાં કોઇકનો પરિચિત અવાજ મેં સાંભળ્યો: 'હું એ કૉપરફીલ્ડને ઓળખું છું.' મેં અવાજની દિશામાં નજર નાખી. ઓહ! આ તો મારાં સાવકાં ફોઇબા, મિસ મર્ડસ્ટોન!

મેં તેમના ખબરઅંતર પૂછયા. મિ. સ્પેન્લોએ મા વિનાની ડોરા એકલી મૂંઝાય નહિ તેટલા સારુ મિસ મર્ડસ્ટોનને શિક્ષિકા તરીકે અને ડોરાને સોબત આપવા માટે રોકયાં હતાં. મિસ મર્ડસ્ટોન મને એકાંતમાં મળ્યાં ત્યારે મને કહે: 'કૉપરફીલ્ડ આપણે ગઈગુજરી ભૂલી જઈશું?'

મને એ ભૂલી જવામાં કશો વાંધો નહોતો.

ડોરા સાથેના એ બેત્રણ દિવસના સહવાસમાં મારું મન કોળી ઊઠયું. અમે ખૂબખૂબ વાતો કરી, હર્યાંફર્યાં. ડોરા એક સવારે બગીચામાં મને કહે: 'ઘરમાં જરા ય ગમ્યું નહિ એટલે અહીં ચાલી આવી. મિસ મર્ડસ્ટોન એવી વાહિયાત બાઈ છે! એની સોબત ભારે કંટાળાજનક છે. મારા પપ્પાએ આ બાઇને મારા શિક્ષણ માટે ને સોબત માટે કેમ પસંદ કરી તે જ મને તો સમજાતું નથી.'

ડોરા સાથેના સુખી દિવસો સ્વપ્નની જેમ સરી ગયા. હું પાછો મારા વ્યવસાયમાં ડૂબ્યો; પરંતુ ડોરા ચિત્તમાં અંકાઈ ગઈ હતી.

થોડા દિવસ પછી મિ. સ્પેન્લોએ ડોરાની જન્મતિથિ નિમિત્તે મને આમંત્રણ આપ્યું. ડોરાને મનપસંદ પુષ્પછડી મેં ખરીદી. એ ભેટ આપતી વેળા ડોરાના મુખ પર મેં આનંદની જે સુરખી જોઈ તે હું કદી ભૂલી શકું તેમ નથી. ડોરાની જન્મતિથિની મહેફિલ માણ્યા પછી મારું સમગ્ર હૃદય ડોરામય બની ગયું. મારા દિવસો ભારે બેચેન બની ગયા. અંતે હું તેને એકાંત-સંકેતે મળ્યો. તેની સમક્ષ મેં પ્રેમનો એકરાર કર્યો ને તે મારી ભુજામાં સમાઈ ગઈ. અમે બંનેએ પરસ્પર લગ્નના કોલ દીધા.

સ્વપ્નોની મિજબાની માણતો હું મારા મુકામે પાછો ફર્યો ત્યારે મારાં ફોઇબા મિસ ટ્રૉટવૂડ આવીને બેઠાં હતાં. અમે ઉમળકાથી ભેટયાં. ફોઇબાએ ચા પીધા પછી મને કહ્યું: 'હું શા માટે આવી છું તે ખબર છે તને? દીકરા, હું લૂંટાઈ ગઈ—મારું સર્વસ્વ લૂંટાઈ ગયું! હું ચીંથરેહાલ થઈ ગઈ.' ફોઇબાની વાત સાંભળી હું દિઙ્મૂઢ બની ગયો. એ મારે ગળે વળગીને આંસુ સારી રહ્યાં. પછી જરા સ્વસ્થ થઇને મને કહે: 'દીકરા, તારે માટે જ મારો જીવ બળે છે. પણ કંઈ નહિ. આપણે મુસીબતોનો મુકાબલો કરીશું.'

ફોઈબાને મેં આરામ માટે બધી સગવડ કરી આપી, પણ મારાં સપનાંની સજાવટમાં ભંગાણ પડયું. હું બેચેન બનીને પથારીમાં પડયો. રાતે હું ચમકીને જાગ્યો. ફોઈબા બેઠાં થઈ ગયાં હતાં ને કંઈક ગણગણતાં હતાં: 'બીચારો છોકરો!' મને ફોઇબા માટે ખૂબ મમતા જાગી. મારા સ્વાર્થ પર ખીજ ચડી. ફોઇબા મારા ઉજ્જ્વળ ભાવિની ચિંતામાં ઉજાગરો વેઠતાં હતાં ને હું મારાં સપનાં ખંડિત થયાં તેના સ્વાર્થે રોતો હતો.

બીજે દિવસે સવારે હું ઘરમાંથી નીકળતો હતો ત્યાં મારી મનોહર

મૂર્તિ એગ્નિસનાં દર્શન થયાં. મેં ઉમળકાથી તેનો સત્કાર કર્યો. એ મારાં ફોઇબાના સમાચાર પૂછવા આવી હતી. સાથે એના પપ્પા અને ઉરિયા હીપ પણ હતા. એ બંને હવે ભાગીદાર બની ગયા હતા. એગ્નિસે આ બધી ભાગીદારીની રામકહાણી મને કહી. મને ઉરિયા હીપ ઉપર ભારે ગુસ્સો આવ્યો. એગ્નિસ કહે: 'હું એ ઉરિયા હીપ સાથે પપ્પાને એકલા મૂકવા માગતી નથી. એટલે હું પણ સાથે આવી. અને હવે અમારા ઘરની સિકલ તો જોજે! ઉરિયા હીપ ને તેની મા અમારી સાથે રહેવા આવ્યાં છે!'

'હેં!' હું ચમકી ઊઠયો. એગ્નિસ મારાં ફોઇબાના ખબરઅંતર પૂછવા માંડી, એ દરમ્યાન તેના મુખ પરની ફિકાશ છાની રહી નહિ. એની ચિંતા હું બરાબર સમજી શકયો. ત્યાં અચાનક એગ્નિસના પપ્પા મિ. વીકફીલ્ડ ઉરિયા હીપની સાથે આવ્યા. ઉરિયાને જોતાં જ મને ધિક્કાર આવ્યો. તેણે નિરાંતે મારી સાથે હાથ મિલાવ્યા.

થોડા દિવસ વીત્યા. એક પ્રસંગે મારા જૂના મિત્ર મિકોબરનો ફરી ભેટો થઈ ગયો. ઉમળકાથી મને એ કહે: 'કૉપરફીલ્ડ, હવે તો હું ઉરિયા હીપની સાથે કામ કરું છું. તેનો કર્મચારી બની ગયો છું.' હું આ સાંભળીને ડઘાઈ ગયો. મારો અચંબો નિહાળી મિકોબરને ભારે મઝા પડી.

હું એકવીસ વર્ષનો થયો. હવે હું મારાં ફોઇબા સાથે નાનકડા મકાનમાં રહેવા માંડયો હતો. મારી આવક હવે ઠીકઠીક હતી. સામયિકોમાં લેખો પણ લખતો અને આમદાની મેળવતો. મારાં સ્વપ્નાં ફરી સાકાર થવા માંડયાં હતાં. ડોરા સાથેના લગ્નના દિવસની હું વાટ જોઈ રહ્યો હતો. ફરી સ્વપ્નોની મહેફિલ મેં રુઝવવા માંડી હતી. એ સોહામણો દિવસ આખરે ઊગ્યો. મારાં ફોઇબા, મારી પેઢીના સાથીદારો ને મિત્રોની સાથે હું દેવળમાં ગયો...ત્યાં...બસ...બધું હજુ પણ મને સ્વપ્ન જ લાગે છે...હું ને ડોરા જોડાયાં...મારી ડોરા,...વહાલી ડોરા, મારી પાસે વહાલ કરતી મસ્તીભરી આંખે પૂછી રહી: 'હવે તો ખુશ થયો ને? મને પરણીને પસ્તાયો તો નથી ને!'

એક સવારે ટપાલમાં મને મિકોબરનો પત્ર મળ્યો. એ વાંચીને હું ચકિત થયો. તેણે બીજે દિવસે સાંજે મને કોઈ જરૂરી કામે મળવાનું સૂચવ્યું હતું. હું તેને મળ્યો ત્યારે એના મોઢા પર નૂર નહોતું. મેં પૂછયું: 'આપણા મિ. હીપના શા સમાચાર છે?' એ કહે: 'દોસ્ત કૉપરફીલ્ડ, એના સમાચારની વાત છોડ. એ માણસ મહાખંધો છે.'

મિકોબરને લઈને અમે મારાં ફોઈબાના મકાને ગયાં. એમણે હવે જુદું નાનું કૉટેજ રાખ્યું હતું. ડોરાની તબિયત નાજુક હતી એટલે ફોઈબાના મકાને જવાનું સગવડભર્યું હતું. મારા જૂના સાથીદાર મિકોબરનો ફોઇબાને મેં પરિચય કરાવ્યો અને તે ખૂબ ખુશ થયાં.

મિકોબર એકદમ ગળગળો થઈ ગયો. એની આંખમાં આંસુ ઊભરાયાં. મેં ચકિત થઈને પૂછયું: 'પણ વાત શી છે? શું થયું?'

ખુરશી પરથી ઊભા થઇને રૂમાલથી આંસુ લૂછી તે આવેશમાં બોલવા માંડયો: 'વાત શી છે એમ પૂછો છો? અરે, વાત શી નથી એમ પૂછો. ભયાનક બદમાશી થઈ છે, છેતરપીંડી થઈ છે, દગાબાજી થઈ છે. અને એ કરતૂકો કરનારો પેલો ઉરિયા હીપ છે!'

મારાં ફોઈબાએ આવેગમાં હાથ મસળ્યા. અમે બધાં મિકોબરની વાત સાંભળી સ્તબ્ધ બની ગયાં. મિકોબરને મારી જિંદગીમાં આવો ઉશ્કેરાએલો મેં જોયો નહોતો. મેં તેને શાંત પાડવાનો પ્રયત્ન કર્યો, પણ એ વધુ ઉશ્કેરાયો. અમારો એક પણ શબ્દ સાંભળવા તે તૈયાર નહોતો. 'એની બાજી ખુલ્લી પાડીને જ જંપીશ. સાપ છે સાપ, એ ઉરિયા હીપ. દગાખોર સાપ છે. એનાં કાવત્રાં મેં પકડી પાડયાં છે. જુઠ્ઠો લબાડ હીપ!'

મેં તેને ટાઢો પાડવા માંડયો પણ મને હડસેલીને તે ખૂબ ગુસ્સામાં બહાર નીકળી ગયો. અમે મૂઢ જેવાં ઊભાં જ રહી ગયાં. થોડી વાર પછી એક જણ મારફત તેની ચિઠ્ઠી આવી. એકાદ અઠવાડિયામાં કૅન્ટરબરીમાં અમારે તેને મળવાની તેમાં સૂચના હતી.

અમે તેની સૂચનાનુસાર કૅન્ટરબરીમાં મળ્યાં. એ એની ઑફિસમાં કશું લખતો હતો. મેં પૂછયું: 'કેમ છો? મિસ વીકફીલ્ડ (એગ્નિસ) અંદર છે?' એ કહે: 'મિ. વીકફીલ્ડ માંદા છે. પણ તમે અંદર આવોને!' એમ કહી તે અમને અંદર ઘરમાં લઈ ગયો. ઉરિયા હીપે અમને—મને, ને મારાં ફોઈબાને—જોઈ ને એકદમ મોં કટાણું કરી નાખ્યું. પણ તરત જ પાછો તે હસમુખો થઈ ગયો. મને કહે: 'અરે કૉપરફીલ્ડ તમે! અહિંયા? આવો અણધાર્યો આનંદ તો કદી કલ્પ્યો નહોતો!'

એનો શિષ્ટાચાર મને જરાય રુચ્યો નહિ. તેણે મિકોબરને કહ્યું: 'તમે જરા મિસ એગ્નિસને ખબર આપો—માને પણ કહેજો. મા તમને જોઇને જરૂર આનંદ પામશે.'

એગ્નિસ આવી. અમને જોઈ પ્રસન્ન થઈ ગઈ. ઉરિયા હીપ તીરછી નજરે તેને નિરાળી રહ્યો હતો. મિકોબરને હજુ અમારી સાથે જ ઊભેલો જોઈ તેણે કહ્યું: 'મિકોબર, તમે હવે તમારે કામે જાવ.'

પણ મિકોબર ખસ્યો નહિ. ફરી વાર ઉરિયા હીપે તેને ટોકયો: 'તમે હજુ કેમ અહીં ઊભા છો? મેં તમને જવાનું કહ્યું તે સાંભળ્યું કે નહિ?'

'હું અહીં જ ઊભો રહેવા માગું છું.' મિકોબરે દૃઢતાથી કહ્યું. ઉરિયાના મુખ પરથી નૂર ઊડી ગયું. એ મિકોબરની સામે જોઈ રહ્યો. પછી કહે: 'ભલે, તમે નહિ જાઓ તો હું જઈશ. મારે તમારી હાજરી જોઈતી નથી. તમે પછી મને મળજો.' એમ કહી તે ઊઠયો. મિકોબર એકદમ ઉશ્કેરાયો: 'આ જગતમાં કોઈ શઠમાં શઠ હોય તો આં રહ્યો—હીપ!'

ઉરિયા હીપ ખુરશીમાં ફસડાઈ પડયો. એનો અવાજ ઢીલો પડી ગયો. એ કહે: 'એમ ત્યારે, મારી સામે તમે કાવત્રું ઘડયું છે, એમ? ઠીક, સંભાળજો. તમે કંઈ આમાંથી કશું ખાટવાના નથી. મિકોબર, તમે બહાર જાઓ, હું થોડી વારમાં જ તમને મળીશ.' મેં મિકોબરને કહ્યું: 'તમે અહીં જ રહો, એને હવે બરાબર સીધોદોર કરો.'

ઉરિયા હીપનો અવાજ સાવ મંદ પડી ગયો. અમને કહે: 'તમને આ બધું શોભે છે? મિસ બેટ્સી ટ્રૉટવૂડ, તમે આ લોકોને સમજાવો ને રોકો. એગ્નિસ, તને તારા પિતા માટે જરા પણ લાગણી હોય તો આ ટોળીમાં ભળીશ નહિ. જો તું એમાં ભળીશ તો તારા પિતા ખતમ થઈ જશે એ યાદ રાખજે. અને મિકોબર, તમને તો હું મસળી નાખીશ, મસળી! હજુ વિચાર કરી લેજો.'

આ ધમાલ ચાલતી હતી ત્યાં ઉરિયા હીપનાં મા આવી પહોંચ્યાં. મિકોબરે હીપની દગાખોરી અને છેતરપીંડીને પ્રગટ કરતો દસ્તાવેજ પોતાના ખિસ્સામાંથી કાઢયો અને પછી મોટેથી તેનાં કરતૂકો વિષેનો કાગળ વાંચવા માંડયો: 'હીપ દગાખોર છે, ધુતારો છે. મિ. વીકફીલ્ડની માંદગીનો લાભ લઇને હીપે તેની પાસે આ દસ્તાવેજ પરાણે કરાવી લીધો છે. વીકફીલ્ડને તેણે પોતાના સકંજામાં લીધા છે. તેમના હિસાબકિતાબ, દસ્તાવેજો, બધું પડાવી લઈને બીજા લોકોનાં નાણાં હજમ કરવા માટે તેમની પર દબાણ કરી રહ્યો છે.'

ઉરિયાનાં મા એકદમ ચોંકી ઊઠયાં. 'ઊરી! ઊરી! નાદાન ના બન. માફી માગ ને સમાધાન કરી લે.' અને એ સન્નારી અમને કરગરવા માંડયાં. 'તમે ઊરિયાને બચાવી લેજો. એ સદ્‌ગૃહસ્થ છે. તમે એને મુદત આપો. એ બધું ચૂકતે કરી આપશે. એની મૂર્ખામી તમે માફ કરો.'

એ સન્નારી પૂરું બોલી રહે તે પહેલાં તો મારાં ફોઇબા એકાએક ઉરિયા હીપ પર ધસી ગયાં અને એનો કૉલર મજબૂત પકડીને એને ખેંચ્યો. 'મને તો ઓળખે છે ને? લાવ, મારી મિલ્કત. કાઢ!' અને એ એગ્નિસ તરફ વળ્યાં: 'દીકરી, મૂંઝાઇશ નહિ. અત્યાર સુધી હું ભ્રમણામાં હતી કે મારી તમામ મિલકત તારા પપ્પા પાસે છે. એટલે હું ચૂપ હતી. પણ બદમાશે મારી મિલકત હજમ કરી છે એ વાત આજે જ મેં જાણી. હું

એની પાસેથી મારી બધી મિલકત કઢાવીને જ જંપીશ.'

ઉરિયા ઠંડોગાર થઈ ગયો. કાપે તો લોહી ના નીકળે એવો એ ફિક્કો પડી ગયો. મને એ કહે: 'કૉપરફીલ્ડ, આ બધું તારું જ કારસ્તાન છે. તને હું પહેલેથી જ ધિક્કારું છું. તું હમેશનો મારી પાછળ પડેલો છે...'

થોડા દિવસ પછી મિકોબરને ઘેર અમને સમાચાર મળ્યા કે ઉરિયા હીપ પાસેથી અમારી તમામ મિલકત પાછી મળી છે. મારાં ફોઇબાએ અમારી પેઢીના ટ્રેડલ્સને પૂછ્યું: 'સાચેસાચ?' ટ્રેડલ્સે કહ્યું. 'હા, મિકોબરે એની ગરદન એવી પકડી કે બધું પરત કર્યા વિના એનો છૂટકો જ ન થયો.'

ફોઇબાની આંખોમાંથી મિકોબર પ્રત્યે ઉપકારની લાગણીઓ વરસી રહી અને ઉરિયા એના કરમની શરમથી છાનોમાનો ગામ છોડી ભાગી છૂટયો એવા સમાચાર થોડા દિવસો પછી અમે સાંભળ્યા.

હવે વળી પાછાં...હું અને ડોરા...એની જ સ્મૃતિ છે–કેટલા દિવસો એ બીમાર રહી તેની ગણત્રી રહી નથી. એની માંદગી ચાલ્યા જ કરતી. મારી ડોરા ફરી બગીચામાં દોડાદોડ કરતી હોય એવું દૃશ્ય જોવાનું ભાગ્ય મને હવે ક્યારે ય મળે તેમ લાગતું ન હતું.

એક સાંજે ડોરા પથારીમાં પડી હતી. પાસે જ હું બેઠો હતો. મારી સામે તેણે સ્મિત પલકાવ્યું. મેં કહ્યું: 'વહાલી ડોરા!'. 'ડેવિડ!' તે બોલી: મારે એગ્નિસને મળવું છે. તેને મળવાની ખૂ...બ ખૂબ ઇચ્છા છે.'

એગ્નિસને પત્ર લખીને મેં તરત બોલાવી લીધી. ડોરાની પાસે બેસીને મેં, ફોઇબાએ અને એગ્નિસે તેના મનને પ્રફુલ્લ બનાવી દીધું. એક આખો દિવસ ને સાંજ સુધી એગ્નિસ અમારે ત્યાં રહી. ડોરાને ખૂબ સંતોષ થયો.

મને ડૉક્ટરોએ કહી દીધું કે ડોરા બચશે નહિ. મારી વહાલી ડોરા એકદમ મને મૂકીને મૃત્યુ પામે એ હું કેમ માની શકું? ના, ના. જરૂર જીવશે...જરૂર જીવશે. મારી આંખોમાં આંસુ ઊભરાયાં. ડોરા મારે કંઠે વળગી રહી. 'અરે અરે, ડેવી, તું રડે છે... મૂરખ છોકરો!'

તે મને પંપાળતી રહી. મને કહે: 'ડેવી, એક વચન આપ...તું નીચે જા ને એગ્નિસને મોકલ. મારે તેની સાથે ખૂબ અંગત વાત કરવી છે.'

એગ્નિસ ડોરા પાસે ગઈ. હું આંસુ સારતો નીચે બેસી રહ્યો.

સમય કેમ વીતતો રહ્યો તેનું સ્મરણું નથી. હવે ડોરા મારા જીવનમાં નથી, સૂનકાર છવાઈ રહ્યો છે. બધું...બધું સ્મરણમાંથી સરી જાય છે. હું પરદેશ જવાની તૈયારી કરું છું, મારી આંખો ભરાઈ આવે છે. હવે કોણ મારું સ્વજન?

ઇટાલી, સ્વિટ્ઝરલૅન્ડ અને બીજા પ્રદેશોમાં ખૂબ રખડીને હું ઇંગ્લૅન્ડ પાછો આવી ગયો છું. હા, હું ઇંગ્લૅન્ડમાં પાછો ફર્યો ત્યારે ગાઢ અંધકાર હતો. વરસાદ વરસતો હતો. મારાં ફોઇબા અને મારી જૂની પ્રેમવાળી ઘઈ પેગોટી હાજર હતાં.

રાતે એકાંતે ફોઇબાએ મને સૂચવ્યું: 'તું કૅન્ટરબરી જા. એગ્નિસને મળ. એવી મીઠડી છોકરી છે...!'

'એગ્નિસે કોઈ પ્રેમી શોધ્યો છે ખરો?' મેં પૂછ્યું.

ફોઇબા કહે: 'કોઈ નહિ. એકવીસ પ્રેમીઓ મળે તેમ છે. તું પરદેશ ગયો પછી ક્યારની એ પરણી શકી હોત...'

'ચોક્કસ, કેમ નહિ? પણ હજી કોઇ તેને પસંદ પડયું નથી?' 'કદાચ પ્રેમ જ...' કહેતાં ફોઇબા વહાલભરી નજરે નીરખી રહ્યાં.

હું એગ્નિસને મળ્યો...એ સત્કારવા સામી આવી...મેં તેને વહાલથી જકડી દીધી. 'એગ્નિસ...!' તેની આંખો ઢળી ગઈ...અમે નિરાંતે બેઠાં...ઘણી ઘણી વાતો કરી...

એ પછી હું વારંવાર, લગભગ દર અઠવાડિયે તેને મળતો. તે અત્યંત પ્રસન્ન દેખાતી. શિયાળાની સાંજે એકવાર તે સાવ એકલી હતી, પુસ્તક લઇને બેઠી હતી. મને જોઈ તે દોડી આવી. વાતો કરતાં કરતાં હું તેને નીરખી રહ્યો હતો. એનું ધ્યાન તેમાં ગયું: 'કૉપરફીલ્ડ, શા વિચારમાં છો?'

મેં કહ્યું: 'તે કહેવા માટે જ હું આવ્યો છું. તારા હૃદયમાં કશુંક રહસ્ય તેં સંતાડયું છે, મને નહિ કહે તું?' એગ્નિસ કંપી ઊઠી. તેની આંખો લજ્જાભારે નમી ગઈ. મેં ફરી કહ્યું: 'એગ્નિસ, તને આમ સોરાતી નથી જોઈ શકતો. તારા દુઃખે મારે દુઃખી થવું છે.'

એગ્નિસ ફરી કંપી ઊઠી: 'આજે...નહિ...એ વાત...ફરી કોઈ વાર...' થોડી વારે એ સ્વસ્થ થઈ મને કહે: 'તને હું ક્યારેક દુઃખમાં ડૂબેલી લાગી હોઇશ...પણ હવે હું એ લાગણી પાર કરી ગઈ છું. અને મારા હૃદયમાં કંઇક રહસ્ય હશે તો તે હું પ્રગટ કરી શકું તેમ નથી. એ મારા અંતરમાં ગોપાએલું જ રહેશે.'

એ જવા માંડી પણ મેં એની કમરે હાથ વીંટાળી દીધા: 'ના એગ્નિસ, તને હું જવા નહિ દઉં. ડોરા મારી હતી. તે વિદાય થઈ ગઈ. હવે તારા વિના મારું કોણ? હું પરદેશ ભટકયો, પણ તારું સ્મરણ કરતો રહ્યો. પાછો આવ્યો તે પણ તને પામવા માટે જ'.

એગ્નિસ મૃદુતાથી મને ભેટી રહી: 'ડેવિડ, સાચે જ મારા સુખનો પાર નથી...પણ એક રહસ્ય મારે તને પહેલેથી જ કહી દેવું જોઇએ...' હું આશંકિત બની રહ્યો. એ મધુર લજ્જાથી કહી રહી: 'મેં પણ આખી જિંદગી તને જ પ્યાર કર્યો છે'.

અમે સુખના ઘેનમાં ડૂબી ગયાં...અને પખવાડિયામાં પરણી પણ ગયાં. લગ્ન પછી એગ્નિસ મને વહાલથી સંબોધતી કહે: 'હજી મારે એક રહસ્ય તને કહેવાનું છે! ડોરાની મૃત્યુવેળા યાદ છે? તે મને એકાંતે મળી હતી. મને તેણે જીવનની છેલ્લી વિનંતી કરી હતી...કે મારે તેના મૃત્યુ પછી તેનું સ્થાન સ્વીકારવું...' એમ બોલતાં એ રડી પડી. મારા ખભા પર તેણે મસ્તક ઢાળી દીધું. ડોરાનું સ્મરણ કરતાં મારી આંખો પણ ભીની થઈ ગઈ. અમે રડયાં...પણ ખૂબ સુખમાં હતાં... □

મોટી મોટી મુરાદો (અનુસંધાન પૃષ્ઠ ૪૭૨થી) એ વારંવાર લગ્નનો પોશાક ધારણ કરતી અને મેડા પર એકાકી ઓરડામાં રહેતી.

એની સાથે એસ્ટેલા નામની એક કમનીય કિશોરી રહેતી હતી. ગંદી ગરીબ લુહાર-કોઢમાંથી અહીં આવેલા પિપને તો સ્વર્ગાનુભવ થયો! એસ્ટેલા સાથેના એના આનંદમાં બીજી પણ મુરાદો ઉમેરાઈ. પરિણામે પિપની મુલાકાતો વધી પડી ને પછી તો નિર્મર્યાદ બની! હેવિશામની તાલીમ પ્રમાણે એસ્ટેલા પિપને પજવતી ને પિપને એમાં પરમ આનંદ લાગતો. હેવિશામ એસ્ટેલાને ઉત્તેજતી જ રહી. પિપ લુહાર-કોઢમાં પ્રણયસ્વપ્નો ઘડવા લાગ્યો. સાથેસાથે ધનિક થવાના પણ એને કોડ જાગ્યા.

એમાં એક વાર લંડનના એક વકીલ જૅગર્સ ત્યાં આવ્યા. એ પિપને લંડન લઈ જઈ શિક્ષણ આપી સંપત્તિવાન સજ્જન બનાવવાનો એક પ્રસ્તાવ લઇને આવ્યા હતા. પિપને લાગ્યું કે પોતાને સુંદર એસ્ટેલાનો જીવનસાથી બનાવવાની લાયકાત કેળવવા હેવિશામે જ આ યોજના ઘડી કાઢી હશે. પિપ જૅગર્સની સાથે લંડન ગયો. ત્યાં એને હેવિશામનો દૂરનો ભત્રીજો હર્બર્ટ પૉકેટ સાથીદાર તરીકે મળી ગયો. ઉચ્ચ શિક્ષણ અને ભદ્ર જીવનની તાલીમ લેતો પિપ કૈં કૈં મુરાદો ઘડવા લાગ્યો. એને તો હવે જ્યારે જ્યારે પૈસાની જરૂર પડે ત્યારે માત્ર જૅગર્સનો સંપર્ક જ સાધવાનો રહેતો. હર્બર્ટે એને કુ. હેવિશામના લગ્નપ્રસંગની કરુણ કહાણી પણ કહી સંભળાવી. જોતજોતામાં તો પિપ લંડનવાસી વરણાગિયો થઈ ગયો. ત્યાં એક બડાઇખોર દંભી બેન્ટલી ડ્રમલ સાથે એને મૈત્રી થઈ.

એક વાર ગરીબ ગામડિયો બનેવી જો ગાર્ગેરી પિપને મળવા લંડન આવ્યો. એ અસંસ્કારી માણસની ઓચિંતી મુલાકાતે પિપને અસ્વસ્થ કરી મૂકયો. પણ જોએ સંદેશો આપ્યો કે હેવિશામ પિપને ઝંખે છે. આથી પિપ બનેવી સાથે વતન પાછો ફર્યો. એ હેવિશામને ત્યાં ગયો ત્યારે એણે અને એસ્ટેલાએ નોંધ્યું કે પિપ તો શ્રીમંત અને ભદ્ર થઈ ગયો હતો. એસ્ટેલા પણ હવે એક સુંદર લગ્નોદ્યતા યુવતી થઈ ગઈ હતી. હેવિશામે

એને કહ્યું કે તારે હવે એસ્ટેલાને ચાહવી જોઈએ; એ લંડન આવે ત્યારે મળવુંહળવું જોઈએ. પિપ તો રાજીના રેડ થઈ ગયો. એને હવે ખાતરી થઈ ગઈ કે હેવિશામે જ એને પોતાનું ભવિષ્ય સુધારવા લંડન મોકલ્યો હતો.

લંડન પાછા ફરીને એણે બધી બિના મિત્ર હર્બર્ટ પૉકેટને કહી. સમજુ અને જાણભેદુ હર્બર્ટે એસ્ટેલાની મોહિનીમાંથી છૂટવા પિપને સમજાવ્યો, પણ વ્યર્થ! એસ્ટેલા લંડન આવી અને પિપની મુલાકાતો વધી પડી. પરંતુ અંતે સમજાયું કે એ તો કેવળ મૃગજળ જ છે, કારણ કે એસ્ટેલા ધૂર્ત ડ્રૂમલને ચાહવા લાગી હતી. પિપની આકાંક્ષાને આઘાત લાગ્યો.

ત્યાં જ એક બનાવ બન્યો. પિપની ૨૧મી વર્ષગાંઠનો દિવસ હતો. એ આનંદને પ્રસંગે પેલો નાસી ગએલો કેદી આવી પહોંચ્યો. એનું નામ હતું ઍબલ મૅગવિચ, પરંતુ પોતાની જાતને છુપાવવા માટે એ 'પ્રોવિસ' નામ ધારણ કરીને ફરતો હતો. એણે અત્યાર સુધીનું રહસ્ય જાહેર કરી દીધું કે પિપને લંડન ખાતે છાની મદદ કરનાર આશ્રયદાતા પોતે જ હતો. પિપને સમજાઈ ગયું કે હેવિશામને એ અત્યાર સુધી પોતાની આશ્રયદાતા માનતો હતો તે કેવળ ભ્રમ જ હતો. પ્રોવિસે એ પણ ઉમેર્યું કે પોતે આજે પિપને સુખી જોવા આવ્યો હતો. હવે પોતે નાસી જવું જોઈએ, કારણ કે કૅમ્પેસન નામનો બીજો એક દુષ્ટ એની પાછળ પડેલો છે. હર્બર્ટે પિપને કહ્યું કે હેવિશામનો પેલો દગાબાજ પ્રેમી તે જ આ કૅમ્પેસન!

પ્રોવિસ લંડનથી વિદાય લે તે પહેલાં પિપ હેવિશામને મળવા ગયો: ત્યાં એણે જાણ્યું કે એસ્ટેલા તો ડ્રૂમલ સાથે લગ્ન કરવાની હતી. એસ્ટેલાએ પણ કઠોરતાથી સ્પષ્ટતા કરી દીધી કે પોતે કદાપિ પિપને સાચો પ્રેમ કર્યો નહોતો; એ તો માત્ર દેખાવ અને દંભ જ હતો. એણે એ પણ જાણ્યું કે કૅમ્પેસને હેવિશામને દગો દઈ એનું જીવન ઉજાડયું હતું તેથી એસ્ટેલા દ્વારા અનેક પુરુષોનાં જીવન ઉજાડી એ વૈરતૃપ્તિનો આનંદ લઈ રહી હતી! પોતાની એક મુરાદનું મુરદું ત્યાં મૂકી પિપ લંડન પાછો ફર્યો.

લંડન ગયા પછી એણે પ્રોવિસને સહીસલામત રીતે ભગાડી દેવાની તૈયારીઓ કરી. એક નક્કી કરેલા દિવસે એઓ સ્ટીમર પર પહોંચ્યા. ત્યાં જ કૅમ્પેસનની બાતમીથી એક પોલીસ ટુકડી આવી પહોંચી. કૅમ્પેસન અને પ્રોવિસ વચ્ચે ભારે ઝપાઝપી થઈ, એમાં કૅમ્પેસન દરિયામાં ઊથલી પડીને ડૂબી ગયો. ઘાયલ થએલો વૃદ્ધ પ્રોવિસ પકડાઈ ગયો. એના પર મુકદ્દમો ચાલ્યો ને દેહાંતદંડ થયો. પણ એને ફાંસી મળે તે પહેલાં જ એ મૃત્યુ પામ્યો. પિપને આથી અસહ્ય આઘાત લાગ્યો.

આ તરફ હેવિશામના ઘરને ભારે આગ લાગી. પિપે ત્યાં જઈ એમને બચાવી તો લીધી, પણ અગનજ્વાળામાં એ એવી ઝપટાઈ ગઈ હતી કે કણસતી કણસતી મૃત્યુ પામી. પ્રોવિસની મુલાકાત પછી પિપને પણ કેટલીક ચોંકાવનારી હકીકતો જાણવા મળી હતી. એને ખબર પડી ગઈ હતી કે પ્રોવિસ—ઍબલ મૅગવિચ—જ એસ્ટેલાનો પિતા હતો; પરંતુ આ વાત ઍબલે જૅગર્સ સિવાય કોઈને કરી નહોતી. જૅગર્સનું ઘર સંભાળનાર વૃદ્ધ બાઈ જ એસ્ટેલાની માતા હતી.

જીવનની અનેક મુરાદોનાં મડાં વચ્ચે આમ શ્વસી રહેલો પિપ એક વાર ગંભીર માંદગીમાં પટકાઈ પડયો. હર્બર્ટ ત્યારે એક પેઢીનો ભાગીદાર ને મૅનેજર બની કૈરો ચાલ્યો ગયો હતો. ત્યારે પેલા પ્રેમાળ બનેવી જો ગાર્ગેરીએ આવી માંદા પિપની ચાકરી કરી એને સાજો કર્યો. પશ્ચાત્તાપથી પીડાતો પિપ મરેલી મુરાદો સાથે ગાર્ગેરીની ગરીબ કોઢમાં પાછો ફર્યો. એની હવે છેલ્લી મુરાદ હતી કે જો ગાર્ગેરીનું ઘર સંભાળનારી પોતાની પ્રથમ પ્રેમિકા બિડી સાથે લગ્ન કરી સુખથી રહેવું. પણ ત્યાં તો એણે જુદું જ જોયું. શ્રીમતી ગાર્ગેરીના મૃત્યુ બાદ ઘર સંભાળી રહેલી બિડી ગાર્ગેરી સાથે પરણી ચૂકી હતી! એ મુરાદ પણ તૂટી પડી!

પિપ હવે લંડન પાછો ફર્યો અને થોડા જ વખતમાં એ હર્બર્ટ પૉકેટ પાસે કૈરો પહોંચી ગયો. ત્યાં બન્ને મિત્રોએ ભાગીદારીમાં ધંધો શરૂ કર્યો અને એ ખૂબ કમાયો. અગિયાર વર્ષ બાદ ફરી એ લંડન પાછો ફર્યો ને ત્યાંથી પોતાના વતનમાં જો ગાર્ગેરીને મળવા ગયો. વળી, ત્યાં ગયો જ હતો તો હેવિશામના મકાનની મુલાકાત લેવાની પોતાની ઉત્કંઠાને રોકી ન શકયો. ત્યાં વિધવા થએલી એસ્ટેલાને ચોગાનમાં ફરતી એણે જોઈ. દુષ્ટ ડ્રૂમલ સાથેના લગ્નથી એસ્ટેલા દુ:ખી થઈ ગઈ હતી અને બન્ને અલગ થઈ ગયાં હતાં. ડ્રૂમલ બે વર્ષ પહેલાં જ મૃત્યુ પામ્યો હતો. સંજોગોના સકંજામાંથી છૂટેલી એસ્ટેલા પશ્ચાત્તાપના પાવકમાં પ્રજળીને પાવન થઈ હતી. કિશોરાવસ્થાના અધૂરા કોડ પૂરા કરતો હોય તેમ પિપ એસ્ટેલાના હાથમાં હાથ પરોવી ત્યાંથી ચાલી નીકળ્યો. એની એ મુરાદ અંતે બર આવી ખરી!

આ તો માત્ર કથાદોર છે, પણ ડિકન્સની આ કૃતિ હેવિશામ અને પ્રોવિસના પક્ષે અનુક્રમે વેર અને વહાલની કથા છે, ઉપેક્ષા અને ઉપકારની કથા છે, ધિક્કાર અને ધૃતિની કથા છે, અહંકાર અને આહુતિની કથા છે, તો ગાર્ગેરીના પક્ષે સ્નેહ ને સ્વાર્પણની કથા છે. પૉકેટ અને પિપના પક્ષે નિઃસ્વાર્થ મૈત્રી અને નિર્વ્યાજ મમતાની વાર્તા છે, જૅગર્સના પક્ષે મિતભાષીત્વના મહિમાની દાસ્તાન છે તો પિપ અને એસ્ટેલાના પક્ષે નિર્દંભ નેહ અને ક્ષમાના ક્ષાત્રત્વની કહાની છે. અને પિપ એકલાને પક્ષે મુરાદોની મહેલાતોના પતનોત્થાનની હર્ષશોકભરી કથની છે! □

ફ્રાન્સની ક્રાન્તિને કેન્દ્રમાં રખાએલી રંગદર્શી કથા

૪ બે નગરની કથા

પાત્રો

એવરમૉન્ડ—ફ્રાન્સનો અત્યાચારી ઉમરાવ
ચાર્લ્સ ડાર્ને—ઉમરાવનો ભત્રીજો
ડૉ. મૅનેટ—ફ્રાન્સનો એક ડૉક્ટર
લ્યૂસી—ડૉ. મૅનેટની પુત્રી; ચાર્લ્સની પત્ની
જર્વિસ લૉરી—ટેલ્સન બૅંકનો અધિકારી
જેરી ક્રન્ચર—ટેલ્સન બૅંકનો હમાલ
સિડની કાર્ટન—વકીલનો કારકુન, લ્યુસીનો ભગ્નહૃદયી પ્રેમી
કુ. પ્રૉસ—લ્યૂસીની વફાદાર આયા
જૉન બરસાદ—પ્રૉસનો ભાઈ
મિ. ડિફાર્જ—દારૂની દુકાનનો માલિક
શ્રીમતી ડિફાર્જ—ડિફાર્જની ક્રાંતિકારી પત્ની
ગૅસ્પર્ડ—ફ્રાંસનો એક ગરીબ ઇન્સાન
ગેબેલ—ઉમરાવનો વફાદાર નોકર

ઈ. ૧૭૭૫ની ૨૩મી નવેમ્બર ને શુક્રવારની એ રાત. ટપાલ લઈ જતી ડોવર તરફની એક ઘોડાગાડી 'શૂટર્સ'ની ટેકરીનું સીધું ચડાણ ચડી રહી છે. ત્યાં જ એકાએક ગાડી થોભાવી અંદર બેઠેલા ટેલ્સન બૅંકના એક અધિકારી જર્વિસ લૉરીને બૅંકના હમાલ જેરી ક્રન્ચરે સંદેશો આપ્યો: ડોવરમાં એક છોકરીની તમે રાહ જોજો.

ગાડી ઊપડી ને સવારે તો એ ડોવરની 'રૉયલ જ્યૉર્જ' હોટેલના પ્રાંગણમાં આવીને ઊભી રહી. એ હોટેલમાં પેલી છોકરી કુ. લ્યૂસી મૅનેટની લૉરીને મુલાકાત થઈ. લૉરીએ જણાવ્યું કે તારા પિતા જે અઢાર વર્ષથી ખોવાયેલા હતા એમને શત્રુઓએ કેદ કરીને ફ્રાંસના બાસ્ટીલના વિખ્યાત કેદખાનામાં ગોંધી રાખ્યા હતા. હવે છૂટીને એ પારી(સ)માં પોતાના એક જૂના નોકર ડિફાર્જને ત્યાં રહે છે. એ પોતાનું નામ પણ ભૂલી ગયા છે. એમને છાનામાના ફ્રાંસમાંથી સહીસલામત બહાર લઈ જવાના છે. લ્યૂસી તો પિતાને મૃત્યુ પામેલા માનતી હતી. પિતાના આ એકાએક સમાચાર સાંભળી એ અત્યાનંદમાં બેભાન જેવી થઈ ગઈ.

છેવટે પારી(સ)ના એક ગંદા ગરીબ લત્તામાં આવેલી ડિફાર્જની દારૂની દુકાને લૉરી ને લ્યૂસી આવી પહોંચ્યાં. લૉરીએ ડિફાર્જને કાનમાં લ્યૂસીની ઓળખ આપી. ત્રણે ઉપરના કાતરિયામાં ગયાં. જોયું તો અકાળે વૃદ્ધ થઈ ગએલો, સફેદ વાળ ને લાંબી દાઢીવાળો એક પુરુષ બેઠો બેઠો જોડા સીવી રહ્યો છે. એ જ હતો લ્યૂસીનો પિતા ડૉ. મૅનેટ. ડિફાર્જે એને પોતાનું નામ બોલવા કહ્યું, પણ એ તો પોતાની જેલની કોટડીનો નંબર બોલ્યો! પુત્રીને પણ ન ઓળખી શક્યો. પિતાની આ અવદશા જોઈ લ્યૂસીની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં. આખરે લૉરી અને લ્યૂસી ડૉ. મૅનેટને લઈ ફ્રાંસ છોડી લંડન ચાલ્યાં ગયાં.

આ તરફ ક્રાંતિકારીઓના અડ્ડા જેવી ડિફાર્જની દુકાન પાસે પારી(સ)માં એક ગમખ્વાર બનાવ બની ગયો. ઍવરમૉન્ડની ગાડી ગેસ્પર્ડ નામના એક ગરીબના છોકરાને કચડી ચાલી ગઈ. ઉમરાવ ઘેર પહોંચ્યો ત્યાં તેનો ભત્રીજો ચાર્લ્સ આવીને બેઠો હતો. એણે પોતાનો નિર્ધાર જણાવી દીધો કે ગરીબો પરના ઉમરાવોના આવા અત્યાચારથી પોતે વાજ આવી ગયો છે અને આ બધી લોહિયાળ સત્તા ને સંપત્તિ છોડી પોતે ઈંગ્લૅંડમાં સામાન્ય મનુષ્ય તરીકે રહેવા માગે છે. આમ કહી તે ઈંગ્લૅંડ ચાલ્યો ગયો.

પાંચ વર્ષ બાદ ઇંગ્લૅંડમાં જાસૂસીના આરોપસર ફ્રાંસના ઉમરાવ એવરમૉંડની સૂચનાથી તેના ભત્રીજા ચાર્લ્સ ડાર્ને પર કેસ ચાલે છે. એની વિરુદ્ધ જૉન બરસાદની સાક્ષી ઊભી કરવામાં આવી છે. લ્યૂસી ઇંગ્લૅંડ આવતી હતી ત્યારે એની જ નૌકામાં ચાર્લ્સ હતો. આથી લ્યૂસી અને ડૉ. મૅનેટ એના પક્ષે છે. તેમનો વકીલ એક યુક્તિ કરે છે. તેનો ક્લાર્ક સિડની ચહેરેમહોરે ચાર્લ્સને મળતો છે. વકીલ એ બેમાંથી ચાર્લ્સ કોણ તે ઓળખી બતાવવા બરસાદને કહે છે. એમાં સાક્ષી તૂટે છે ને ચાર્લ્સ છૂટે છે. સિડની નેકદિલનો પણ દારૂની લતમાં ફસાએલો છે. ચાર્લ્સ સામાન્ય માનવીની જેમ શ્રમ કરી જીવી રહ્યો છે. બંને લ્યૂસીના પ્રેમમાં પડે છે.

ચાર્લ્સ ડૉ. મૅનેટને મળી લ્યૂસી તરફનો પોતાનો પ્રેમ જાહેર કરી લગ્નનો પ્રસ્તાવ મૂકે છે. મૅનેટ એને સંમતિ આપે છે. આ બાજુ સિડની લ્યૂસી પાસે એના હાથની માગણી કરે છે. લ્યૂસી તેનો અસ્વીકાર કરી એને સુધરવા કહે છે. સિડની છૂટા પડતાં પોતાના સાચા પ્રેમની પ્રતીતિરૂપ વચન આપે છે: 'તમારે માટે ને તમે જેને પ્રિય ગણો છો તેને માટે હું મારો જાન સુધ્ધાં આપીશ'. લ્યૂસી અને ચાર્લ્સનાં લગ્ન થઈ જાય છે.

હવે ફ્રાન્સમાં ક્રાંતિની જ્વાળા ધૂંધવાવા લાગી છે. ગેસ્પર્ડે પુત્રના મૃત્યુનો બદલો લેવા પેલા ઉમરાવનું ખૂન કરી નાખ્યું છે. તે માટે એને ફાંસી દેવાઈ છે. આથી ક્રાંતિકારીઓ આવેશમાં આવી ગયા છે. શ્રીમતી ડિફાર્જે તો અત્યાચારી અમાનુષી ઉમરાવોની એક યાદી તૈયાર કરી નાખી છે, જેમાં ઉમરાવ એવરમૉન્ડનું નામ મોખરે છે. હવે સૌ ક્રાંતિના દિવસની રાહ જુએ છે. અંતે ઈ. ૧૭૮૯ના જુલાઈની ૧૪મીએ ક્રાંતિ ભભૂકી ઊઠે છે. સ્ત્રીપુરુષોનાં ધાડેધાડાં શસ્ત્રો લઈ બાસ્ટીલના કેદખાના પર ધસી જાય છે. ત્યાં ૧૦૫ નંબરની જે કાળી કોટડીમાં ડૉ. મૅનેટને કેદ કરવામાં આવેલા તેમાંથી એક કાગળ ડિફાર્જ કબજે કરે છે. પેલા ઉમરાવના બંગલામાંથી એના જૂના નોકર ગેબેલને કેદ પકડવામાં આવે છે. આખું ય ફ્રાંસ ક્રાંતિમાં ઘેરાઈ જાય છે. છેવટે નવું પ્રજાસત્તાક સ્થપાય છે.

અહીં ઇંગ્લૅન્ડમાં લૉરીને ત્યાં બૅંક પર 'ભૂતપૂર્વ ઉમરાવ' (ચાર્લ્સ) પરનો એક કાગળ આવ્યો હોય છે. લૉરીને મળવા મિષે આવેલો ચાર્લ્સ એ પત્ર લઈ એકાંતમાં વાંચે છે. ક્રાંતિકારીઓના પંજામાંથી પોતાને મુક્ત કરાવવાનો જૂના નોકર ગેબેલનો એ હૃદયદ્રાવક પત્ર છે. ચાર્લ્સ તરત ત્યાંથી જ પોતાની પત્ની ને સસરાને પત્રો લખી લૉરીને લઈ સીધો ફ્રાંસ ઊપડી જાય છે. ઈ. ૧૭૯૨ની પાનખરમાં એ ફ્રાંસ પહોંચે છે કે લાગલો જ એ પકડાઈ જાય છે, અને નવા પ્રજાસત્તાકના કાયદા પ્રમાણે દેશ છોડી નાસી જનાર દેશદ્રોહી તરીકે એને 'લા ફૉર્સ'ના કેદખાનામાં પૂરવામાં આવે છે. ચાર્લ્સના પત્રો મળતાં લ્યૂસી અને મૅનેટ પણ પારી(સ) પહોંચે છે ને લૉરીને મળે છે. એ લ્યૂસીને સમજાવીને બૅંકની બાજુમાં મૅનેટે રાખેલા મકાનમાં મોકલી દે છે, અને મૅનેટને કહે છે કે તમે તમારી બળવાખોરો પરની લાગવગ વાપરીને ચાર્લ્સને કદાચ છોડાવી શકો. મૅનેટ જાય છે ને ચાર દિવસે પાછા ફરી કહે છે: લોકો તો ચાર્લ્સના માથાની માગણી કરતા હતા, પરંતુ મારી દરમિયાનગીરીથી તે હાલ પૂરતો બચી ગયો છે; છતાં આવતી કાલે તેનો મુકદ્દમો તો ચલાવશે જ. બીજે દિવસે કેસ ચાલે છે ત્યારે ચાર્લ્સ પોતાના બચાવમાં સાફ દિલથી કહે છે કે મેં તો ગરીબોની હમદર્દી માટે જ ફ્રાંસ છોડયું હતું. ઉમરાવોના અત્યાચારોનો હું વિરોધી છું. આજે તમારામાંના એક ગરીબ ગેબેલને બચાવવા હું ઈંગ્લૅન્ડથી જાનની બાજી લગાવીને અહીં આવ્યો એ શું મારો ગુનો છે? મૅનેટ પણ ચાર્લ્સની સાક્ષી પૂરે છે. સચ્ચાઈના રણકાવાળી એમની નિખાલસ વાણીથી લોકમત ફરી જાય છે અને ચાર્લ્સને નિર્દોષ જાહેર કરવામાં આવે છે. છતાં ય એને હજુ ફ્રાંસ છોડવાનું ફરમાન નથી.

ચાર્લ્સ છૂટીને ઘેર જઈ પત્ની લ્યૂસી સાથે મીઠી વાતે વળગ્યો છે ત્યાં જ ક્રાંતિકારી દેશભક્તો એને ફરી પકડવા આવે છે; કારણ કે ક્રાંતિકારીઓના સેનાની જેવા મિ. અને મિસિસ ડિફાર્જે એની સામે બીજું ભારે તહોમત મૂક્યું છે! ફરી મુકદ્દમો ચાલે છે, તેમાં ડિફાર્જે એની વિરુદ્ધમાં બાસ્ટીલના કેદખાનાની મૅનેટવાળી કોટડીમાંથી મળી આવેલો પત્ર રજૂ કરે છે. પત્રમાં મૅનેટની કરુણ કથની હતી: ચાર્લ્સના બન્ને કાકાઓએ પોતાના એક ગણોતિયાની પત્નીને બદદાનતથી ઘરે ફસાવી હતી. પોતાની એ બહેનનું રક્ષણ કરવા જતાં સત્તર વર્ષના એના ભાઇને સખત ઘાયલ થવું પડ્યું હતું. પેલી બહેન બીમાર પડી ગઈ હતી. ડૉ. મૅનેટને એ ભાઇબહેનની દવા કરવા લઈ જવામાં આવેલા, પરંતુ એ બંને બચ્યાં નહિ. ડૉ. મૅનેટને મૂગા રાખવા એમને સોનામહોરની એક થેલી પરાણે બઝાડવામાં આવેલી પણ મૅનેટે તો આ હકીકત જણાવતો પત્ર રાજાના પ્રધાનને લખ્યો જ. આથી ઉમરાવે ધૂંધવાઈ, દગો કરી ડૉ. મૅનેટને બોલાવી એ ઓરડીમાં નજરકેદ કરી દીધેલો. આ અત્યાચારની કથા સાંભળી લોકો ફરી ઉશ્કેરાયા અને ચાર્લ્સને દેહાંતદંડની સજા થઈ!

દરમિયાનમાં લ્યૂસીની વફાદાર આયા પ્રૉસ એક વાર ડિફાર્જની દુકાન પાસે બરસાદને જોઈ ગઈ. એ તો હતો એનો ખોવાએલો ભાઈ સૉલોમન! બરસાદે એને ચૂપ રહેવા કહ્યું. ત્યાંથી પસાર થતો લ્યૂસીનો પૂર્વપ્રેમી સિડની આ સાંભળી ગયો અને એણે બદલામાં ચાર્લ્સને બચાવવાની યોજનામાં સહાયભૂત થવાનું બરસાદ પાસેથી વચન લીધું. સિડની ડિફાર્જની દુકાનમાં ગયો ત્યારે શ્રીમતી ડિફાર્જ વગેરે ફ્રેંચ ભાષામાં ચર્ચા કરતાં હતાં કે લ્યૂસી અને તેની પુત્રીને પણ સજા થવી જોઇએ. સિડની આથી ચોંકી ઊઠયો. એણે લૉરીને જઈ બધી વાત કરી અને બીજે દિવસે બપોર પહેલાં મૅનેટ, લ્યૂસી અને તેની પુત્રીને સહીસલામત ઇંગ્લૅન્ડ રવાના કરવાની યોજના કરી.

પછી સિડની બરસાદને લઈ જેલમાં ગયો અને બરસાદની સહાયથી ચાર્લ્સની કોટડીમાં પ્રવેશ મેળવી, ચાર્લ્સને સમજાવી, એનાં કપડાં, બૂટ વગેરેની પોતાના સાથે અદલાબદલી કરી લીધી. પછી પોતે ચાર્લ્સને પત્ર લખાવવા લાગ્યો. દરમિયાનમાં પોતાની છાતી પાસે રાખી મૂકેલા ઝેરી વાયુથી એણે ચાર્લ્સને બેભાન બનાવી દીધો, અને બરસાદ બેભાન ચાર્લ્સને લઇને જેલ બહાર નીકળી ગયો.

ચાર્લ્સ જેવા દેખાતા સિડની પર હવે કેસ ચાલ્યો. અને જ્યારે તેને ફાંસી દેવાતી હતી ત્યારે જ બરાબર ચાર્લ્સ, લ્યૂસી મૅનેટ તથા પોતાની પુત્રીવાળી ઇંગ્લૅંડ જતી નૌકામાં પગ મૂકતો હતો! આમ પોતાના પ્રાણની આહુતિ આપી શુદ્ધ પ્રેમી સિડની કાર્ટને લ્યૂસીને એક વાર આપેલું વચન પાળી બતાવ્યું! □

પરીક્ષાની પૂર્વતૈયારી

પ્રલિમ પૂરી થયા પછી એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓને ઘેર બેસીને વાંચવા માટે લગભગ ચાળીસેક દિવસ મળતા હોય છે, અને લગભગ બધી જ માધ્યમિક શાળાઓ ફેબ્રુઆરીના આરંભમાં અગિયારમા ધોરણના વિદ્યાર્થીઓને વિદાય આપી દેતી હોય છે. વાર્ષિક પરીક્ષા માર્ચની પંદરમી કે વીસમીની વચ્ચે શરૂ થાય છે, એટલે ઓછામાં ઓછા પાંત્રીસેક દિવસનો ગાળો તો ઘેર બેસીને તૈયારી કરવા માટે મળે જ છે. એ જ રીતે કૉલેજના વિદ્યાર્થીઓને પણ કૉલેજની છેલ્લી પરીક્ષા અને વાર્ષિક પરીક્ષાની વચ્ચે બે થી ત્રણ અઠવાડિયાં જેટલો સમય મળતો હોય છે. આ સમય એ રિવિઝન માટેનો ખરેખરો સમય છે. હવે ક્યાંય જવાનું નથી, એટલે આખોય દિવસ તમારો છે. જે વિદ્યાર્થીઓ નિયમિત રહીને પદ્ધતિસર કામ કરે છે તેઓ આટલા ગાળામાં ખરેખર સારું કામ ખેંચી શકે છે અને પોતાની તૈયારીને પોતાને સંતોષ થાય અથવા આત્મવિશ્વાસ પેદા થાય એટલી હદે પહોંચાડી શકે છે.

આ સમય દરમિયાન ધ્યાન રાખવા જેવી બાબતોની વિગત હું નીચે આપું છું. એમાંના કેટલાક મુદ્દાઓની ચર્ચા પાછલાં પ્રકરણોમાં વિગતવાર કરી છે એટલે અહીં લંબાણ ન કરતાં ટૂંક નિર્દેશ જ બસ થશે:

૧) પહેલી વાત એ કે હવે તમે જે કંઈ કરો તે તબિયત સાચવીને કરો. ખાવાપીવામાં, ઊંઘવા-જાગવામાં ને હરવાફરવામાં ચોક્કસ નિયમો પ્રમાણે વર્તો, કે જેથી કરીને શારીરિક અને માનસિક સ્વસ્થતા જળવાઈ રહે. સહેજ પણ મુશ્કેલી લાગે તો તરત જ ડૉક્ટરની સલાહ લો ને એમનાં સૂચનો પ્રમાણે વર્તો. એક પણ દિવસ કે એક પણ કલાક નકામો જાય તે હવે પાલવે તેમ નથી.

૨) રિવિઝનનો સમય રિવિઝન માટે જ છે. નવું હવે કશું વાંચવાનું ન હોય. વર્ષ દરમિયાન જે કામ થયું છે તેને એક વાર ધ્યાનપૂર્વક જોઈ જવાનું છે. તમારાં પાઠ્યપુસ્તકો અને નોટો તપાસી લો. વધારાનાં પુસ્તકો, નોટો ને ગાઇડો બધું વેગળું મૂકી દો. ઓછામાં ઓછી ને જરૂર જેટલી વસ્તુઓ જ ટેબલ પર રાખો. બધાં જ પુસ્તકો ને બધી જ ગાઇડો સારી છે, પણ હવે કશું નવું વાંચવાનું ન હોય. તમને વિશ્વાસ હોય કે તમે જે સવાલ-જવાબ તૈયાર કર્યા છે તે તમારા અધ્યાપકના માર્ગદર્શન પ્રમાણે કર્યા છે, તો પછી બીજી આળપંપાળ છોડી દો.

૩) વધારે પુસ્તકો, ને વધારે નોટો, ને વધારે વિવેચનો જોઈને ગભરામણ થાય છે. જુદા જુદા લેખકોએ એક જ વિષય ઉપર જુદાંજુદાં દૃષ્ટિબિંદુથી લખ્યું હોય છે. વાત તો એકની એક જ હોય છે. એ બધું જોઈને તો મનને એમ થાય કે આટલું બધું હું ક્યારે વાંચી રહીશ? કેટલીક વાર એવું પણ લાગે છે કે અમુક લેખકનો અભિપ્રાય આવો છે, પણ મારી નોટમાં તો મેં કંઈક બીજું જ લખ્યું છે. તો પછી હવે શું થશે?

કશું જ નહિ થાય. ખાતરી રાખો કે તમારી બીક ખોટી છે. ખરી રીતે અભિપ્રાય તો એકનો એક હોય છે, પણ રજૂઆત જુદી હોય છે. અને ધારો કે અભિપ્રાય જુદો હોય, તો એમાં થઈ શું ગયું? શાળામાં કે કૉલેજમાં જે અભિપ્રાય તમારા અધ્યાપકે આપ્યા છે તેને જ મહત્ત્વ આપો. શંકા પડે તો તરત એમની પાસે પહોંચી જાઓ. બધા જ વિદ્વાનો પ્રત્યે આપણને માન છે, પણ તમે એ બધાયને સાંભળશો તો ઊલટા ગૂંચવાશો ને વધારે ગભરામણ થશે. અને બધું છેવટની ઘડીએ તો ન જ પાલવે. આમે ય તમારી પાસેથી કોઈ બધાંજની આશા રાખતું યે નથી.

માટે ખોટી ગભરામણ છોડી દો. વાંચવામાં પુસ્તકોનો વધારો ન કરો. પાઠ્યપુસ્તક અને તે પર તૈયાર કરેલી તમારી અભ્યાસનોંધ હોય એટલે બસ. દરેક વિષય પરની એકાદ સારી ગાઇડ હોય તો વાંધો નથી. પણ ગાઇડ વિષયને સરળતાથી સમજવા માટે છે, ગોખવા માટે નથી. જવાબો લખતી વેળા તો પોતાની નોંધોનો જ ઉપયોગ કરવાનો.

૪) ટાઈમ ટેબલ એવી રીતે ગોઠવો કે બધા જ વિષયોનું રિવિઝન વારાફરતું આવ્યે જ જાય. કોઈ પણ એક વિષયને વધારે સમય ન આપો. બધા જ વિષયો આવરી લેવાવા જોઈએ ને લગભગ આખો જ અભ્યાસક્રમ એક વાર નજર નીચેથી નીકળી જવો જોઈએ. તમારી પાસે જે સમય છે અને જે શક્તિ છે તેનો સરખો ભાગ દરેક વિષયને મળવો જોઈએ. સાત કે આઠ વિષય તૈયાર કરવાના હોય તે વખતે એક કે બે વિષયને પકડીને બેસી રહ્યે ન ચાલે. તમને કોઈ વિષય વધારે ગમતો હોય તો એ વિષે વેકેશનમાં વાંચી શકાય છે.

૫) પરીક્ષા લખીને આપવાની છે. આજની પરીક્ષાઓમાં સુઘડ અક્ષરે ઝડપથી લખવાની શક્તિ એ ઘણી અગત્યની વસ્તુ છે. કૉલેજ છોડીને ઘેર બેઠા એટલે ભાષણો લખવાનાં બંધ થયાં. કેટલાક વિદ્યાર્થીઓ તો આ દિવસોમાં વાંચવાંચ જ કરે છે, પણ ખાસ લખતા કશું નથી. પરિણામે હાથ બંધ થઈ જાય છે ને પછી પરીક્ષામાં દરરોજના ૭ કલાક લખવાનું આવે છે ત્યારે મુશ્કેલી પડે છે. લખવાનો મહાવરો રોજ રાખવો જ જોઈએ. દરરોજ ઓછામાંઓછું દોઢેક કલાક લખવું જ જોઈએ; જેથી કરીને પરીક્ષામાં પેપર લખતા હોઈએ એવું જ લાગે.

કોઈ પણ એક સવાલ લો. એનું મુદ્દાસર મનમાં મનન કરો ને પછી તેને વિગતવાર લખો. આ રીતે દરરોજના ચારથી પાંચ સવાલો લખવાનું રાખો, તો દોઢેક કલાકની લખવાની તાલીમ મળે, હાથ છૂટો રહે, ઝડપ ઓછી ન થાય ને બીજી બાજુથી રિવિઝન પાકું થાય.

૬) સાંજના ફરવા જાઓ તે વખતે તમારા જેવા જ વિષયો લીધા હોય તેવા બે મિત્રો સાથે હોય તો સારું. કોઈ ખેતરમાં કે નદીકાંઠે બેસીને બે-ત્રણ પ્રશ્નો ભેગા મળીને ચર્ચો. ઘેર આવીને એનો સાર લખી નાખો. આ રીતે કરેલું રિવિઝન તમે કદાપિ નહિ ભૂલો.

૭) ગભરામણ તો સારામાં સારા વિદ્યાર્થીઓને પણ થાય છે, બાર મહિનાનું વાંચેલું, સાંભળેલું ને વિચારેલું બધું જ મગજમાં ભેગું થયું હોય છે એટલે આપણને એમ લાગે છે કે નાનાસરખા મગજમાં આ બધું શી રીતે યાદ રહેશે? પણ જે ચીજો સમજીને વાંચી હોય છે ને એક-બે વાર રિવાઈઝ થઈ હોય છે એ પરીક્ષાના હૉલમાં યાદ આવ્યા વિના રહેતી જ નથી. મૂંઝવણ તો પરીક્ષા શરૂ થતાં પહેલાં લાગે છે. એક પેપર પૂરું થયા પછી બધી બીક જતી રહે છે ને આખો મૂડ બદલાઈ જાય છે.

૮) પરીક્ષાનું એક અઠવાડિયું ચાલે એટલાં કપડાં, પેનો, ઘડિયાળ ને કંપાસબૉક્સની તમામ વસ્તુઓ ચારેક દિવસ અગાઉથી સજ્જ કરી રાખો. કોઈ પણ તદ્દન નવી વસ્તુનો પરીક્ષાના દિવસોમાં ઉપયોગ નહિ કરો. પહેરેલી વસ્તુ જ પહેરો ને વાપરેલી વસ્તુ જ વાપરો એટલે ભરોસો પડે. જે કપડાં પહેરવાથી તમે વધારે આનંદમાં રહી શકતા હો અને વધારે હળવાશ ને સ્ફૂર્તિ અનુભવી શકતા હો તે જ પહેરો. અકળામણ થાય એવું નવું કશું ન પહેરતા. શારીરિક હલનચલન સરળ રહેવું જોઈએ. પરીક્ષા વખતે કોઈ નવો અખતરો નહિ કરવો, પણ હંમેશની પદ્ધતિનો જ ઉપયોગ કરવો જેથી કશું જોખમ જ નહિ.

૯) પરીક્ષાના સ્થળે ત્રીસથી ચાલીસ મિનિટ વહેલા પહોંચવાનો આગ્રહ રાખો. બે પેપરો આપવાના હોય તો બે ટેક્સ્ટ ને એના પરની બે નોટો થેલીમાં ઘાલીને લઈ જવી. સમજી લ્યો કે વધારે મોહ હવે નકામો છે. ત્યાં બેલ વાગતાં પહેલાં અર્ધો કલાક મળે તો અગત્યના સવાલો પર નજર નાખી જવી. આનાથી બધું એકદમ યાદ આવી જાય છે.


ચાલો ત્યારે—હવે પરીક્ષાના હૉલમાં. (ચાલુ)

સાંપ્રત ચિત્રકારો

ગઈ કાલ કરતાં આજ અને આજ કરતાં આવતી કાલ અલગ છતાં એકબીજી સાથે સંકળાએલી છે. ગઈ કાલની અનુભૂતિ આજે જોવા ન મળે ને આજની અનુભૂતિ આવતી કાલે કોઈ નવું સ્વરૂપ પણ ધારણ કરે. સમયની સાથે બધું જ પલટાતું રહે છે. બધાં જ ક્ષેત્રની પેઠે કલામાં પણ આ જ જોવા મળશે. અને એમાં સર્જકનો આત્મા જનસામાન્ય કરતાં કંઈક વિશેષ અનુભૂતિ ધરાવતો હોઈ એ કંઈક વધુ કહી શકે છે. એ કથનનો માર્ગ અને માધ્યમ ભિન્ન પણ હોઈ શકે, પણ કથનમાં કંઈ તથ્ય હોવું જોઈએ.

પોતાની અનુભૂતિને એવી કળા દ્વારા વ્યક્ત કરવા મથતા અમદાવાદના નવોદિત કલાકારોના એક જૂથ-'કૉન્ટેમ્પરરી પેઇન્ટર્સ' સર્વશ્રી અમિત અંબાલાલ, અમૃત પટેલ, આત્મારામ, ગિરીશ ખત્રી, ઈશ્વર સાગરા, કિશન કામળે, નાગજીભાઈ ચૌહાણ, મહેન્દ્ર પટેલ ને વિનોદ પારૂલનાં ચિત્રો તથા શરદ શેઠ અને બાબુભાઈ સોરાઈનાં શિલ્પોનું એક પ્રદર્શન હમણાં થયું. આ વૃંદમાં શૈલીનું બંધન ન હોઈ રજૂ થએલી કૃતિઓમાં વિષય ને શૈલીનું વૈવિધ્ય હતું.

આ સાથે એમાંની પાંચ કૃતિઓ આપી છે. પ્રદર્શનમાં આત્મારામની સરળતા, ગિરીશ ખત્રીના રંગ અને આકારનું વૈવિધ્ય, ઈશ્વર-સાગરાનું આગવું પાત્રાલેખન નોંધપાત્ર હતું. શિલ્પમાં સહજ પ્રાપ્ય વસ્તુઓના આકારનો સુંદર સુમેળ સાધી શરદ શેઠે રજૂ કરેલું મોબાઈલ (લટકતી ગતિશીલ કૃતિ) તથા વિકૃતિકરણ વડે ભાવાભિવ્યક્તિની અતિશયોક્તિભર્યા બાબુભાઈ સોરાઈનાં શિલ્પ પણ ધ્યાનપાત્ર જણાયાં.






મથાળે ઇમેઇજ (અમૃત પટેલ), ડાબી બાજુ ફુગ્ગાવાળો (ઇશ્વર સાગરા), નીચે ડાબી બાજુ: ફલાઉન (અમિત અંબાલાલ)





જમણી બાજુ : બાબુભાઈ સોરાઈ અને શરદ શેઠનાં શિલ્પ







વાણિજ્યના બીજા વર્ષમાં અભ્યાસ કરતા અમદાવાદના એક વિદ્યાર્થી પરમાર બચુભાઈ વિઠ્ઠલભાઇએ આપમેળે હાથ અજમાવી હજામતની બ્લેડ વડે કાગળમાં કોરેલી ચાર કૃતિઓ

સ્વ. ઊનવાલા અને સ્વ. નાલાવાલાનાં ફોટોચિત્રો

'ફોટોગ્રાફી એ વિજ્ઞાનના અમુક નિયમોને આધીન છબી પાડવાની માત્ર ટેક્નિક નથી, પરંતુ કલાકારના હાથમાં એ એક અનુપમ માધ્યમ બની રહે છે.' આ વિધાનની પ્રતીતિ હમણાં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના ઉપક્રમે અમદાવાદમાં યોજાએલા સ્વ. જે. એન. ઊનવાલા તથા સ્વ. એન. જે. નાલાવાલાનાં ફોટો-ચિત્રોનું પ્રદર્શન જોતાં સહજ થતી હતી.

મુંબાઈના આ બંને ફોટો-કલાકારોની ખ્યાતિ દેશના સીમાડા વટાવી દૂર દેશાવર સુધી પ્રસરેલી હતી અને બંનેએ પોતપોતાની રીતે તથા એકબીજાના સાથમાં ફોટોગ્રાફીને કલાના સ્વરૂપે પહોંચાડીને એના વિકાસ-પ્રસારમાં આપણે ત્યાં એક અનેરું કાર્ય કર્યું છે. 'કુમાર'ના જૂના વાચકો આ બંનેની કલાથી પરિચિત છે જ. આ અંકમાં એમની આ પ્રદર્શનમાંની કેટલીક કૃતિઓ આપવા સાથે એ પ્રસંગની પત્રિકામાંથી એમના પરિચયની તારવણી અહીં આપી છે.

જહાંગીર નવરોજી ઊનવાલા

છેલ્લી અર્ધી સદીના દુનિયાના લગભગ દરેક આંતરરાષ્ટ્રીય ફોટોપ્રદર્શનમાં સ્થાન અને માન પામનાર ફોટોકલાકાર જે.એન. ઊનવાલાનું નામ



ભારતીય ફોટોકલાકારોમાં સૌથી મોખરે અને ગુરુસ્થાને છે. ચાળીસ વર્ષમાં આઠસો જેટલાં પ્રદર્શનોમાં ૨૭૫૦ ફોટોચિત્રો ને ૧૩૩ રંગીન સ્લાઇડો રજૂ કરી છસો ઉપરાંત ઇનામો મેળવનાર સ્વ. ઊનવાલાને ઈ. ૧૯૩૫માં 'અમેરિકન ઍન્યુઅલ ઑવ ફોટોગ્રાફી'ના તંત્રીઓએ દુનિયાના તેજસ્વી ફોટોકલાકારોમાં ચોથું સ્થાન આપેલું.

એક વૈભવશાળી પારસી કુટુંબમાં ૧૮૯૬ની ૨૦ સપ્ટેમ્બરે–જરથુષ્ટ્રના જન્મદિવસે એમનો જન્મ થએલો. મૅટ્રિક થતાં સુધીમાં તો આ લાડમાં ઊછરેલા નબીરાએ ચિત્રકાર, નાટકકાર અને સંગીતકાર તરીકે નામના મેળવેલી, પણ ફોટોગ્રાફી એમની સૌથી વધુ લોકપ્રિય કલા નીવડી.


દુર્ભાગ્યે એ અરસામાં જ અકસ્માત આગને કારણે પિતાની સમગ્ર ઑફિસ બળી ગઈ, એના આઘાતથી પક્ષાઘાત પામી પિતાનું અવસાન થતાં કુટુંબ આર્થિક રીતે ફના થઈ ગયું. કુટુંબના નિભાવ અર્થે યુવાન જહાંગીરને કૉલેજ છાડી શેરદલાલનું કામ સ્વીકારવું પડ્યું, જે એમણે 'મેસર્સ આર. પી. ઑફ ઍન્ડ સન્સ' નામની એક પેઢીમાં ૩૫ વર્ષ સુધી એકનિષ્ઠાથી અદા કર્યું. દિવસભરની 'લીયા દીયા'ની એ વ્યાવસાયિક ધમાલ પછી મળતા અવકાશમાં યે એમણે પોતાની ફોટોસાધના જારી રાખી એટલું જ નહિ, એમાં અજોડ સિદ્ધિ પણ પ્રાપ્ત કરી.

ફોટોગ્રાફીનાં બધાં પાસાં એમને હસ્તગત હતાં, છતાં પોર્ટ્રેટ–તસ્વીરો એમને વધુ પ્રિય હતાં. પોતાના પાત્રની લાક્ષણિકતા ને વ્યક્તિત્વને ફોટોમાં ઉતારવાની એમની હથોટી અજબ જ હતી. એમનાં ચિત્રોમાં ક્ષતિ શોધી પણ જડે નહિ એટલું એમનું કામ ચોક્કસ રહેતું.

પાછલી અવસ્થામાં એમની કલાના એક ચાહક, 'ઑનલુકર'ના માલિક જહન્ગુ સીરવાઇએ એમને અદ્યતન સાધનોથી સુસજ્જ એક સ્ટૂડિયો વસાવી આપેલો, જ્યાં એમણે ફોટોગ્રાફીમાં 'કૉમર્શીઅલ આર્ટ'ના અનેક અવનવા અખતરા કરી અદ્ભુત ફોટોચિત્રો બનાવેલાં. એક વાર એક મિત્રની ટીકાના પ્રત્યુત્તર રૂપે સિનેમેટોગ્રાફી પર પણ હાથ અજમાવ્યો અને એમણે સર્જેલી સાત સુંદર ફિલ્મોએ પરદેશની હરીફાઇઓમાં ચૌદ ઇનામો પ્રાપ્ત કરેલાં.

ગ્રેટબ્રિટનની રૉયલ ફોટોગ્રાફીક સોસાએટીએ એમને પોતાના માનાર્હ ફેલો બનાવી એમની

બાજુમાં આપેલું રેખાંકન છે તો તીણા કર્કશ અવાજો સાથે કંઈ ભાંગતા-ફોડતા ભુતાળવા યંત્રનું, પણ સમય અને સંજોગો વચ્ચે ભીંસાતા-પીસાતા આજના માનવજીવનનું જાણે દ્યોતક લાગે છે. ગયા માસમાં કલાકાર શ્રી બી. એચ. પટેલનાં ચિત્રોનું એક પ્રદર્શન નવી દિલ્હીમાં યોજાએલું તેની આમંત્રણ-પત્રિકા પરનું આ એમનું એક રેખાંકન છે. શ્રી પટેલ મુંબાઈ અને પછી લંડનમાં ચારુ તથા કારુ કલાનો અભ્યાસ કરી આવ્યા બાદ ખાદી-ગ્રામોદ્યોગમાં પ્રદર્શક તરીકે ને ત્યાર બાદ હાલ સરકારી તંત્રમાં કલાકાર તરીકે કામ કરી રહ્યા છે. દેશવ્યાપી કલાપ્રદર્શનોમાં રજૂ થતી એમની કૃતિઓમાંની કેટલીક દેશ અને પરદેશના જાહેર તથા ખાનગી સંગ્રહોમાં સંઘરાઈ છે.





સ્વ. ઊનવાલા (ફોટો · નાલાવાલા)

ફોટોસિદ્ધિનું બહુમાન કરેલું.

ફોટોકલાના એ ઓલિયા ચાહકે એના અભ્યાસ, વિકાસ ને પ્રચારાર્થે ઈ. ૧૯૩૨માં 'ધી કૅમેરા પિક્ટોરિયાલિસ્ટ્સ ઑવ બૉંબે' નામે એક ક્લબ સ્થાપી હતી ને તેના દ્વારા દેશનાં મુખ્ય મુખ્ય શહેરોમાં ફોટોગ્રાફીના રાષ્ટ્રીય ને આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો યોજીને આ કલા પ્રત્યે લોકોને અભિમુખ બનાવવામાં ઘણો મોટો ફાળો આપ્યો હતો. આ દરમિયાન ઘણાખરા ફોટોપ્રદર્શનમાં તેઓ પરીક્ષક પણ નીમાતા રહેલા. એમની ફોટોક્લબે વિવિધ ફોટોપ્રદર્શનોમાં હજારો ઇનામો લીધાં છે. મુંબાઈની 'ધી ફોટોગ્રાફિક સોસાએટી ઑવ ઇંડિયા'ના પણ તેઓ બે વખત પ્રમુખ ચૂંટાયા હતા.

સ્વભાવે મૃદુ, નિખાલસ, દયાળુ ને મિલનસાર તેઓ નવા કે જૂના ફોટોગ્રાફરને હમેશાં સહાયરૂપ બની રહેતા ને કોઈ પણ જાતનો પરદો રાખ્યા વિના પોતાની આગવી કારીગરીની એમને વિસ્તારથી સમજ આપતા.

ઈ. ૧૯૬૩માં ખવાઈ ગએલાં આંતરડાની બીમારીને કારણે ૨૩ ઑક્ટોબરે એમનું અવસાન થતાં ભારતીય ફોટોગ્રાફીનો એક અનુપમ યુગ પૂરો થયો છે.

નગીનદાસ જેકિશનદાસ નાલાવાલા

સ્વ. નગીનદાસ નાલાવાલા ફોટોગ્રાફીમાં નિસર્ગનાં દૃશ્યચિત્રોના એક અનન્ય ભક્ત અને નિષ્ણાત હતા. ઈ. ૧૯૦૨માં એક ગુજરાતી શ્રીમંત વૈષ્ણવ કુટુંબમાં એમનો જન્મ થએલો. પિતાની ઇચ્છા તો એમને કાપડના પેઢીગત વેપારમાં જોડવાની હતી પણ નગીનદાસે પુસ્તકો વાંચીવાંચીને ફોટોકલાનો જાતે અભ્યાસ કરી એ દિશામાં જ આગળ વધવાનું વિચારી ઓગણીસ વર્ષની વયે 'ધી કૉન્ટિનેન્ટલ ફોટો સ્ટોર્સ' ખોલી ફોટોગ્રાફીના માલસામાનના વેચાણ તથા તેના ફોટોગ્રાફીના રસિયાઓને માર્ગદર્શન આપીને બહોળું સમધર્મી પરિચિતમંડળ વિકસાવ્યું. એમને ત્યાં જ 'ધી કૅમેરા પિક્ટોરીઆલિસ્ટ્સ ઑવ બૉમ્બે'નો જન્મ થયો અને ત્યાં જ મુંબાઈના ખ્યાતનામ ફોટોરસિયાઓ એકઠા થઈ એકબીજાની ફોટોકૃતિ વિષે ચર્ચા-વિવેચના કરતા અને અહીંથી જ અવનવાં સૂચન સુધારણા પામ્યા બાદ તૈયાર થએલાં ફોટોચિત્રો દેશપરદેશનાં ફોટોપ્રદર્શનોમાં રજૂ થઇને ચંદ્રકો ને પારિતોષિકો જીતી લાવતાં.




કુળગૌરવ અને અન્ય હેતુઓથી પ્રેરાઇને ઓગણીસમી સદીના આરંભમાં મૃત પતિની સાથે તેની વિધવાને ફરજિયાત સતી બનાવવાનું એક અનિષ્ટ હિંદુસ્તાનમાં અને ખાસ કરીને બંગાળામાં ઘણું વ્યાપક હતું. લૉર્ડ વિલિયમ બેન્ટિકે તેના પર પ્રતિબંધ મૂક્યો (જુઓ 'આ માસ ઇતિહાસમાં'). સમાજસુધારણાની દિશામાં એનું આ એક અતિ મહત્ત્વનું કાર્ય લેખાય છે. અને એથી કલકત્તામાં એના સ્મારકની ગોળ ફરતી પાદપીઠ પર સર રિચાર્ડ વેસ્ટમૅકોટે એનું જ સુંદર શિલ્પાંકન કર્યું છે. એમાં ચિતા તરફ ઘસડાતી અસહાય વિધવા, તેનાં ક્રંદન કરતાં બાળકો, બ્રાહ્મણ પુરોહિતને 'સતી'ને રોકવા વિનવતો પુરુષ ને એ વિનતિને નકારતા પંડિત પુરોહિતનું હૃદયદ્રાવક અંકન છે. (ફોટો : ભારતી ગણાત્રા)

આમ, જીવનપર્યંત ફોટોકલાની સેવા કરી તેના પ્રસાર અને વિકાસમાં સહાયરૂપ બની રહેલા નગીનદાસ પોતે પણ ઉચ્ચ કક્ષાના ફોટોગ્રાફર હતા. ઝાડ, પાન, ફળફૂલ, પ્રાણી, પંખી કે નદી-દરિયાનાં ચિત્રો પ્રતિ એમને વિશેષ ભાવ હતો. પોતાની તીક્ષ્ણ કલાદૃષ્ટિ અને અજબ કાબૂભરી ફોટોટૅક્નિક વડે એમણે સર્જેલાં ફોટોચિત્રોએ પણ સંખ્યાબંધ ચંદ્રકો ને હજારો રૂપિયાનાં ઇનામો પ્રાપ્ત કરેલાં.

ઈ. ૧૯૬૮ની ૨૪મી મેએ પોતાના વ્યાવસાયિક કામથી પરવારી તે નાટક જોવા ગએલા ત્યાં એકાએક હૃદયશૂળ ઊપડતાં ઘેર પાછા ફર્યા અને બીજે દિવસે સવારે એમનું અવસાન થયું.

વિવાહિત છોકરી સખીને—પોતાના ભાવિ પતિ વિષે : અરે, એની સાથે હું જ્યાંજ્યાં ગઈ ત્યાં બધે એણે એમ જ કહ્યું કે પોતે એક સૌથી સુંદર છોકરી સાથે પરણવાનો છે.

સખી : બાપ રે! શી બેશરમી! એ એમ કહેતો'તો ને છતાં તું એની સાથે જ ફર્યા કરી?



દર વર્ષની પેઠે આ વર્ષે પણ નૂતનવર્ષાભિનંદન નિમિત્તે અનેક જાણીતા ને અજાણ મિત્રો તથા વાચકોએ 'કુમાર' પ્રત્યેની પોતાની લાગણી અને શુભેચ્છાઓ વ્યક્ત કરતાં નાનાવિધ અભિનંદનપત્રો મોકલ્યાં છે જેમાંનાં થોડાં : મથાળે ડાબી બાજુથી અનુક્રમે રમેશ સોની, જલેન્દ્રકુમાર દવે - વડોદરા (આ વર્ષના રાજ્ય કલાપ્રદર્શનમાં એમને ૧૦૦૦ રૂ.નું પ્રથમ ઈનામ મળ્યું છે—અમારાં અભિનંદન.) દિનેશ અને એનિતા શાહ-મુંબાઈ, ઇન્દ્ર દુગડ-કલકત્તા અને તેની નીચેનું કાર્ડ પ્રતાપ જાડેજા-રાજકોટ ને છેડે નિરંજન દલાલ. નીચે બીજી હારમાં : ભરત પંચાલ-નડિયાદ, દેવજીભાઈ વાજા-પોરબંદર, વૃંદાવન સોલંકી-જૂનાગઢ, રમેશભાઈ નાયક-અમલસાડ અને વ્રજ મિસ્ત્રી-અમદાવાદ. આ ઉપરાંત પણ બીજા અનેક મિત્રો અને વાચકોએ પણ આમાં સાથ પુરાવ્યો છે જેમાંના ઘણા તો 'કુમાર'ના પરિચિત કલાકારો છે. એ અન્ય 'કુમારપ્રેમી'ઓમાં જેઓ નામી કલાકારો નથી તેવાઓએ કરી મોકલેલી કાલીઘેલી પણ પ્રેમભરી કૃતિઓમાં પ્રકાશ દવે (સિક્કા)એ રંગમાં બોળેલા દોરા વડે કરેલા લયવળાંકાની ભાત, ઊજમશી પરમાર (ગાંધીનગર)ની લોકભરત જેવી આલેખના, દોલુભાઈ રાણા (સુરેન્દ્રનગર)નું બ્લેડ વડે તૈલરંગ લગાડી કરેલું ગોવાલણીનું ચિત્ર વગેરે નોંધપાત્ર છે. પોતાને હાથે જ કંઈ કરીને મોકલવાના આ સૌના આગ્રહ પાછળની 'કુમાર' પ્રત્યેની એમની આત્મીયતા માટે ધન્યવાદ.

શબ્દકથા : ઇંદુ, રાજા, મયંક

'ઇંદુ'નો મૂળ અર્થ ચંદ્ર નથી. ઋગ્વેદમા 'ઇંદુ' એટલે 'ટીપું, બિંદુ'—ખાસ કરીને 'સોમરસનું ટીપું'. રસનું ટીપું ગોળ અને ચળકતું હોય, એટલે તેના ઉપરથી, અવકાશમાં રહેલા ગોળ ચળકતા બિંદુ જેવો ચંદ્ર પણ 'ઇંદુ' કહેવાયો.

ચંદ્રનામોમાં એક નામ 'રાજા' પણ છે! 'રાજા' એટલે 'ચંદ્ર'. હેમચંદ્રે અભિધાનચિંતામણિમાં 'રાજા'ને ચદ્રવાચક તરીકે નોંધ્યો છે, અને 'ભામિનીવિલાસ' જેવાં કાવ્યોમાં તે વપરાયો પણ છે. સંસ્કૃતમાં 'રાજ્' એટલે 'પ્રકાશવું' છે, તેની સાથે આ 'રાજા'ને જોડી શકાય ખરો. પણ પ્રકાશમાં તો સૂર્ય ચડિયાતો હોવાથી તેને તે વધુ લાગુ પડવો જોઇએ. એમ લાગે છે કે ઋગ્વેદનાં સૂક્તોમાં 'સોમ'ને વારંવાર 'રાજા' કહ્યો છે, એટલે સોમ અને ચંદ્રની એકતા સ્થપાતાં, ચંદ્રને પણ 'રાજા' કહેવાનું વલણ પાછળથી ઉદ્‌ભવ્યું હોય.

ચંદ્રને લગતી પુરાણકથાઓ અને કવિસમયોને આધારે તેનાં વિવિધ અભિધાનો ને ઉપાધિઓ ઉદ્‌ભવેલાં છે. ખાસ કરીને ચંદ્રમાં દેખાતા કાળાશપડતા ધાબા કે કલંક અંગે લોકોએ અને કવિઓએ વિવિધ કલ્પનાઓ કરેલી છે, અને તે હરણ કે સસલું હોવાની માન્યતાને આધારે 'મૃગાંક' ('મયંક'), 'શશી', 'શશાંક', 'શશધર' ('શશિયર') વગેરે નામો ઉદ્‌ભવ્યાં છે. પણ ગુજરાતીમાં ઊતરી આવેલાં (અને હવે તો સાહિત્યભાષામાં જ વપરાતા) 'મયંક' અને 'શશિયર'નો સંબંધ હરણ ને સસલા સાથે રહ્યો નથી.

એક સસ્કૃત સુભાષિતમાં ચંદ્રમાં રહેલા કલંકને ઉદ્દેશીને કરાએલી કેટલીક કલ્પનાઓ એકઠી મૂકવામાં આવી છે, અને અંતમાં કવિએ પોતાની જ એક રોચક કલ્પના રજૂ કરી છે : 'ચંદ્રમાં ઇંદ્રનીલના ચૂર્ણ જેવું જે શ્યામ છે, તે ધાબું હોવાની કોઈક શંકા કરે છે, તો કોઈક માને છે કે સમુદ્રમાંથી ચંદ્રનો ઉદ્‌ભવ થયો ત્યારે તેને જે થોડોક કાદવ ચોંટી રહ્યો તે જ કલંક છે; કેટલાક તે હરણ હોવાનું કહે છે, તો કેટલાક તેને પૃથ્વીના પડછાયા તરીકે ખપાવે છે. પણ અમે તો કહીએ છીએ કે તે બીજું કાંઈ નથી, પણ રાતભર ચંદ્રે જે ઘોર અંધકાર પીધો તે જ ચંદ્રના ઉદરમાં કાળા ધાબા રૂપે કળાય છે!'

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

નવી પેઢીની કવિતા

લાવતા પાંચ કાવ્યસંગ્રહો

(ધીરુભાઈ પરીખ)

૧ 'સતત'

'વતનની ધૂળથી માથું ભરી લઉં આદિલ
અરે આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે.'

નાજુક સંવેદનાની આવી વેધક અભિવ્યક્તિ સાધતા આ શેરને સંગ્રહની પ્રથમ ગઝલમાંથી ચૂંટીને અર્પણ તરીકે મૂક્યો છે, ત્યાંથી તે છેક અઠ્ઠાવનમા પૃષ્ઠ પર પૂરી થતી ગઝલો સુધીમાં 'સતત'* આવી જ ચોટદાર અભિવ્યક્તિનું સાતત્ય જારી રાખે છે એમાં કવિ આદિલ મન્સૂરીની ગઝલસિદ્ધિ પ્રતીત થયા વિના રહેતી નથી. ગઝલનો મિજાજ અહીં પૂરા જતનથી વ્યક્ત થયો છે. એમાં જોવા મળતું ઇબારતથી માંડીને ઇંગિતો સુધીનું વૈવિધ્ય કૃતિઓને આસ્વાદ્ય બનાવે છે. અહીં મુખ્યત્વે અશ્રદ્ધાનો સૂર ને ગૂઢાનુભૂતિ આગળ તરી આવે છે. આજના માનવીમાં, આજની સભ્યતામાં, અરે માનવીની આ ભાષામાં પણ કવિને અવિશ્વાસ છે :

'માણસને જોઈ જોઈ ધરાઈ ગઈ નજર,
મૃગજળ નિહાળી હોઠ પલળતા નથી હવે.'

'વાણીનું રણ સતત હજી ફેલાતું જાય છે,
ઊંચકીને ક્યાં લગી હું ફરું ભાર શબ્દનો.'

તો કવિનો આશાવાદ પણ એટલી જ તીવ્રતાથી વ્યક્ત થાય છે :

'નવાં વિશ્વો પડ્યા છે આવરણમાં,
જીવનની શક્યતાઓ છે મરણમાં.'

અથવા

'પ્રસંગોના કાદવમાં ખરડાય છે,
જુઓ જિંદગીનું કમળ તો જુઓ.'

'અહમ્ બ્રહ્માસ્મિ'ની વાત કેવી નાવીન્યપૂર્ણ રીતે અહીં આવી છે—

'જતું રહ્યું ભર્યું બ્રહ્માંડ બાદબાકીમાં,
હિસાબ માંડતાં સરવાળે તો રહ્યો છું હું.'

પૃ. ૧૪ અને ૧૫ પરની ગઝલોની જેમ કેટલેય સ્થળે નવીન કલ્પનામંડિત અભિવ્યક્તિ પણ આકર્ષક બની શકી છે. રણ, સૂરજ અને અંધકારનાં કલ્પનો કવિના માનીતાં કલ્પનો છે. અંધકારનું નિરૂપણ તો એમણે વિવિધ રીતે કરેલું છે. અંધકારના સર્પ (પૃ. ૯), અંધકારની ભીંતો (પૃ. ૧૦), અંધકારનું કણસવું (પૃ. ૨૯), ઊંડાણ અંધકારનું (પૃ. ૪૮), અંધકારનું કાટ ચડેલું પતરું (પૃ. ૭૧), સ્પર્શક્ષમ અંધકાર (પૃ. ૭૨), અંધકારના ઢગલા (પૃ. ૭૪), અંધકારના વીંછી (પૃ. ૮૪) વગેરે અનેક રીતે અંધકાર નિરૂપાયો છે જે કલ્પનાની મનોહર તાજગી દર્શાવે છે. એમની ગઝલોમાં ભાવોની સચ્ચાઈ અને નાવીન્યપૂર્ણ ચોટદાર અભિવ્યક્તિ ભાવકને ઘાયલ કરી જાય છે. 'અપૂર્ણતા' (પૃ. ૨૮), 'તેજસ' (પૃ. ૪૯), 'બ્રહ્માંડ' (પૃ. ૫૬), 'ગ્લાસ' (પૃ. ૪૭), 'સિલ્ક' (પૃ. ૨૯) વગેરે સંસ્કૃત અને અંગ્રેજી શબ્દોનો એમણે ગઝલમાં ખૂંચે નહિ તેવો ઉપયોગ કરી બતાવ્યો છે.

પરંતુ એમની ગઝલોના મુકાબલે કાવ્યો એટલાં બધાં આકર્ષક બનતાં નથી. એની નીપજ આકાર અને અભિવ્યક્તિની આધુનિકતાના પ્રવાહના પરિણામરૂપ હોવાનું અછતું રહેતું નથી. જોકે એમાંના આજની નગરસંસ્કૃતિ પરના કટાક્ષો વેધક નીવડ્યા છે. પૃ. ૬૯ પરની રચના આનું ઉદાહરણ છે. 'સળગતાં સૂર્યનાં શહેરો', 'અન્ધકાર', 'સૂરજ' વગેરે કૃતિઓ સુંદર કલ્પનાચિત્રો ખડાં કરવાની શક્તિનો પરિચય આપી જાય છે. 'પર્વતએરૂનું ગીત' જેવી રચનામાં વાતાવરણની નવીનતાભરી અભિવ્યક્તિ આકર્ષક છે. 'અવાજના આ ટુકડા', 'ભીંત ઉપર' જેવી કૃતિઓ અભિવ્યક્તિના નાવીન્યને માટે ઉલ્લેખપાત્ર છે. તો 'રાતની કાળી ડાળ પે', 'પીળી કવિતા' જેવી સામાન્ય કૃતિઓ પણ અહીં મળી રહેશે. 'ઐતરેય ઉપનિષદ્' જેવું તેર પૃષ્ઠોનું લાંબું કાવ્ય વિચાર અને તેના નિરૂપણની દૃષ્ટિએ આધુનિકતાનો સંસ્પર્શ પામીને આવે છે. એકંદરે આ સંગ્રહની ગઝલો જેટલી સંતર્પક છે તેટલાં કાવ્યો નથી.

(*'સતત'–આદિલ મન્સૂરી–પ્ર. વોરા ઍન્ડ કં. ગાંધી માર્ગ, અમદાવાદ-૧, રૂ. ૩)

૨ 'કોમલ રિષભ'

કવિ રાજેન્દ્ર શુક્લના ૧૧૨ પૃષ્ઠના આ પ્રથમ કાવ્યસંગ્રહમાં રજૂ થએલાં ગીતો, ગઝલો, અને છંદોબદ્ધ તથા અછાંદસ રચનાઓમાં સંગ્રહના નામ* પ્રમાણે જ, ભાવોની કોમળ અભિવ્યક્તિ થએલી છે. વેદના પણ અહીં ઘૂંટાઈને કોમળ સ્વરૂપે પ્રગટ થાય છે. એમનાં ગીતો (પૃ. ૧૭, ૧૮, ૨૧ વગેરે)માં મુખ્યત્વે સૌંદર્યલક્ષી નિરૂપણનું દૃષ્ટિબિંદુ રહ્યું છે. પૃ. ૨ અને ૮ પરની ગીતરચનાઓમાં સૌંદર્યદૃષ્ટિ સાથે ભાવના ઊંડાણનું સાયુજ્ય રચનાઓને ઊંચી કક્ષાની બનાવે છે. પૃ. ૭ પરની રચનામાં છે તેમ જૂના લોકઢાળમાં નવી અભિવ્યક્તિથી ચારુતા સર્જાવી છે. 'પ્રત્યાયન' (પૃ. ૧૦), 'અનિદ્રા' (પૃ. ૧૧) જેવી કૃતિઓમાં ભાવયુક્ત ચારુક્તિઓ પણ નોંધપાત્ર છે. થોડા પણ

મુચિત અલંકારો કાવ્યોમાં સચોટતાને ઉપ-રક થયા છે. પૃ. ૨૧ પરની એક ઉત્પ્રેક્ષા–
'પણ મને પડછાયાનું જ એવું તો ખચાણ,
ચોમાસુ કો નદી તણું નહોય જાણે તાણ!'
. આ ઉપમા —
'નિકટ નદીના સમથળ જળ શા
હળવા સરે શબ્દ હોલાંના.'

કવિની શબ્દશક્તિ પણ અનેક સ્થળે પ્રતીત યા વગર રહેતી નથી. પૃ. ૧૪ પરનો કાવ્યખંડ ર્ણાનુપ્રાસ અને યમકયોજનાથી કેવું તાદૃશ ચેત્ર ઊભું કરે છે! 'ખાલી ખંડેરોમાં ખડ-ખડતો શ્વાસ' (પૃ. ૪), 'અફીણકાંકરી ખરડ મરડ ઘૂંટે છે.' (પૃ. ૪૪) જેવી પંક્તિઓમાં વિ સ્વને પણ સરસ રીતે શબ્દબદ્ધ કરે છે.

ગઝલોમાં પણ ચોટદાર અભિવ્યક્તિ આ-સ્વાદ્ય બની રહે છે. એમાં મુખ્યત્વે ઘૂંટાએલી રુણતા જ ધ્યાન ખેંચે છે. પૃ. ૫૩, ૫૪, ૬૭, ૧, ૮૫ પરની ગઝલો કવિ-મિજાજનું પ્રતિ-બિંબ બની રહે છે. અહીં એમણે મૌનનો મહિમા કર્યો છે. મૌન અને અંધકાર કવિના પ્રિય વિષયો છે. મૌનની અભિવ્યક્તિઓ પણ ાજગીભરી અને આકર્ષક છે.

તને, મૌનને આંબવું બહુ કઠણ છે,
બિચારા અવાજો, ડસી જાય નળિયાં.

ꝏ

કોઈ કહે–વાણીનાં આ ખળકતાં પૂર,
હું તો કહું–હળુ હળુ ઓગળતું મૌન.

. ૫૧–૫૨ ઉપર રજૂ થએલી ગઝલી બાર-માસીનો નવતર પ્રયોગ નોંધપાત્ર બન્યો છે. એમાંની અભિવ્યક્તિઓ પણ ચોટદાર છે. વળી ગઝલના સ્વરૂપમાં બારમાસી રચીને સ્વરૂપ-નાવીન્ય પણ સર્જ્યું છે.

છંદોબદ્ધ કાવ્યોમાં એમની પ્રશિષ્ટ અભિ-રુચિ જણાય છે. 'રોમાંચ' જેવી કૃતિમાં પ્ર-શિષ્ટ ઇબારતમાં રોમૅન્ટિક મિજાજનું પણ નિ-રૂપણ થએલું છે. છંદ અને ભાષા પરનું એમનું પ્રભુત્વ અહીં અછતું રહેતું નથી. 'અવાજ', 'લોકવાયકા', 'રોમાંચ' વગેરે સિદ્ધ કૃતિઓ ગણાવી શકાય. પ્રૌઢી અને પ્રયોગને રજૂ કરતી સંગ્રહની રચનાઓ કવિની ભાવિ શક્યતાઓ-નાં એંધાણ આપી જાય છે. * 'કામલરિષભ'–રાજેન્દ્ર શુક્લ, પ્રં૦ ઉપર મુજબ રૂ. ૩.

૩ 'ક્યાં?'

ગીતકવિ રમેશ પારેખના આ પ્રથમ કાવ્ય-સંગ્રહનાં ૧૨૦ પૃષ્ઠમાં મહદંશે ગીતરચનાઓ રજૂ થએલી છે. એમનાં ગીતોમાં શૃંગાર (સં-યોગ અને વિપ્રલંભ) મુખ્ય વિષય છે. પણ વિષય કરતાં યે એની રજૂઆત જ એનું આ-ગવું વ્યક્તિત્વ ઊભું કરે છે. સૌરાષ્ટ્રની તળપદી બાનીનો કવિ-અનુભવ અહીં સુપેરે અને સ-હજતાથી વ્યક્ત થયો છે. બોલીની વિવિધ છટા-ઓને ગીતમાં ઢાળીને કવિએ નિજી સૌંદર્ય-સૃષ્ટિ ઊભી કરી છે. આ પંક્તિઓમાં વેદના કેવી ઘૂંટાઇને અવતરી છે:

પાણીથી ફાટફાટ છલકાતાં તો ય
ચીતર્યાં તળાવ કેમ પીવાં?

ꝏ

પગરવની કૈં તરસ લઇને સૂની કેડી ફરતી.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



કુ. યુથિકા રૉય

જન્મ: હાવડા જિલ્લામાં આમટા મુકામે, ચૈત્ર માસમાં. વય લગભગ ૪૮ વર્ષ. માતા સ્નેહલતા ને પિતા સત્યેન્દ્રનાથ પાસેથી સંગીતનો વારસો મળ્યો. ભારત, આફ્રિકા ને સીલોનમાં અઢી-ત્રણ હજારથી યે વધુ સંગીત-કાર્યક્રમો આપ્યા છે. એમની લગભગ ૩૦૦ જેટલી રેકર્ડ ઊતરી છે. ગાંધીજી, પં. નેહરુ, સરોજિની નાયડુ વગેરે એમના ગાનનાં ચાહક હતાં. બિલકુલ આડંબરરહિત સાદાઈ ને ગૌરવથી તેઓ ગાય છે. ફક્ત ભજનો ગાય છે માટે જ નહિ પણ સાદું, સૌમ્ય અને પ્રભુઅર્પિત જીવન ગુજારે છે એથી એમને આજનાં મીરાંબાઈ કહી શકાય. એમનાં બહેન મલ્લિકા રૉય ગિટારવાદન ને ભાઈ કાલિપાદ તબલાંવાદન માટે પ્રસિદ્ધ છે.

૧ સંગીતક્ષેત્રે તમે ભજનો તરફ જ કેમ વધુ ઢળ્યાં?

ઉ. એની પ્રેરણા પાનાર મારાં બા. નાનપણમાં એમનાં મધુર મીઠાં ભજનો હું મુગ્ધભાવે સાંભળતી. પછી તો હું પણ ગાવા લાગી. જીવનનું વલણ પણ ભક્તિભાવ તરફ ખરું. ઈશ-સાન્નિધ્યની ઉપાસનાની ઊર્મિએ એને વધુ પ્રોત્સાહન આપ્યું.

૨ મીરાંબાઈનાં ભજનોમાં તમને શી વિશિષ્ટતા લાગે છે?

ઉ. મીરાંબાઈના ચારિત્ર્યના શુદ્ધ સંસ્કારનું મને વધુ આકર્ષણ છે. વળી, મીરાંની ભાષાની મંજુલતા, સંગીતની ગેયતા ને તેમાં-થી પ્રકટ થતી લાગણી—સ્ત્રીસહજ વિવશતા મને ગમે છે. મીરાંનાં કૃષ્ણભક્તિનાં પદોની તોલે કોઈ ન આવે.

૩ ભજનોની મસ્ત દશામાં તમને ઈશ-સાન્નિધ્યની ઝાંખી થાય છે?

ઉ. સૂર એના સત્ય સ્વરૂપે બ્રહ્મ છે. સૂરમાંથી બ્રહ્મભાવ તરફ જવા યથાશક્તિ પ્રયાસ કરું છું. સાચું કહું તો સંગીતની મસ્ત દશામાં હું મને જ ભૂલી જઉં છું—મને સાંભળતા શ્રોતાવર્ગને પણ. આ ઊર્ધ્વગામી મનોદશામાં જ ઈશની ઝડપી, અસ્પષ્ટ છતાં ચમકભરી ઝાંખી થઈ જાય છે.

૪ તમને કોનાં કોનાં કયાં કયાં રાગરાગિણી વિશેષ ગમે છે?

ઉ. વિશ્વદેવ ચટ્ટોપાધ્યાય સંગીતક્ષેત્રે મારા ગુરુ. એમનો શંકરાભરણ ને ગૌડ મલ્હાર મને ગમે છે. ઉસ્તાદ અબ્દુલ કરીમખાંની ભૈરવી ઠુમરી 'જોગી મત જા', નજાકતઅલી અને સલામતઅલી તથા ભીમસેન જોશીના દરબારી કાનડા.

૫ તમને પોતાને વધુ ગમતા રાગ?

ઉ. મને બધા રાગ ગમે. શુદ્ધ શાસ્ત્રીય સંગીત જોઇએ. છતાં ભૈરવી, યમન, મારુબિહાગ, છાયાનટ, દરબારી કાનડો, માલ-કૌસ અને તિલક કામોદ તરફ પક્ષપાત ખરો.

૬ બંગાળનાં હોઈ તમને બંગાળી ગીતો પણ ગમતાં જ હશે. એમાં કયો પ્રકાર વધુ ગમે?

ઉ. સૌથી વધુ તો કીર્તન. બાઉલ ગીતોમાં પણ મજા આવે. ભટિયાલી (નાવડીવાળાનાં ગીતો) પર પણ હું મુગ્ધ. રવીન્દ્ર-નાથ ટાગોર, 'નજરૂલ ગીતિ' ને અતુલ પ્રસાદનાં ભક્તિસભર ગીતો પણ મને ગમે છે.

૭ તમારો શૉખ?

ઉ. સંગીતનો. રોજ સવારસાંજ ત્રણેક કલાક રિયાઝ કરું. આ ઉપરાંત, એકાંત શાંત સ્થળ, કુદરતમાં ફરવું ને નવાં નવાં સ્થળો જોવાં પણ ગમે. ખાવામાં આપણો શુદ્ધ શાકાહારી ખોરાક જ લઉં છું. વિવેકાનંદ, બંકિમચંદ્ર, શરદચંદ્ર ને રવીન્દ્રનાથનાં પુસ્તકો વાંચવાં મને ગમે છે.

૮ તમે પોતે ગીતોની સ્વરરચના કરી છે ખરી?

કુ યુથિકા રૉય

ઉ. 'નયના બન ગયે નીર', 'મૈં કુંજ ગલી કી કોયલ હું', 'મૈં બિરહન બૈઠી જાગું, જગત સબ સોએરી આલી', 'પતિયાં મૈં કૈસે લિખું' વગેરે ગીતોની સ્વરરચના મારી છે.

* બંગાળીમાં 'ય'નો 'જ' જેવો ઉચ્ચાર કરાય છે માટે યુથિકાનું 'જ્યુથિકા' થયું છે. —સં.

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૧૪]

કરાવનાર · જલન માતરી



બરકતઅલી વીરાણી 'બેફામ'

ગુજરાતી ગઝલની શરૂઆતનો તબક્કો નબળો જરૂર હતો, પણ પછી એવા શાયરો બહાર આવ્યા છે જેમણે એને વેદના અને વિચાર બંને દૃષ્ટિએ ઊંચી કક્ષાએ મૂકી દીધી છે. આજે તો ગુજરાતી ગઝલકારોના શે'રોને સાંભળીને ઉર્દૂના વિદ્વાનો પણ દાદ આપી ઝૂમી ઊઠે છે.

ગુજરાતી ગઝલની શાનમાં આવો વધારો કરનારા શાયરો પૈકી એક આગળપડતા કવિ છે શ્રી 'બેફામ'. મૂળ નામ બરકતઅલી ગુલામહુસેન વીરાણી. ભાવનગર નજીકના સિહોર પાસેના ઘાંઘળી ગામે ૧૯૨૩ની ૨૫ નવેમ્બરે જન્મ. મૅટ્રિક સુધીનો અભ્યાસ. ઈ. ૧૯૪૬થી આકાશવાણીના મુંબાઈ કેન્દ્ર પર સેવા આપી રહ્યા છે. તખલ્લુસ પ્રમાણે ગઝલોનું તેઓ બેફામરીતે જ સર્જન કરતા રહ્યા છે. જેટલી સુંદર ગઝલ એટલો જ કર્ણપ્રિય એમનો અવાજ છે. મુશાયરામાં જ્યારે તેઓ પોતાની ગઝલ ગાઈ સંભળાવે છે ત્યારે મહેફિલ મસ્ત બનીને ડોલતી હોય છે.

શ્રી 'બેફામ'ની ગઝલમાં મક્ત્આનો શે'ર (જે શે'રમાં શાયરે પોતાના તખલ્લુસનો ઉપયોગ કર્યો હોય તે) મોટા ભાગે મરણ ઉપર જ હોય છે. અને તે એવા કે જે ખરેખર અમર રહેવાના છે. ગઝલનાં આગળપડતાં લક્ષણ—દર્દ અને ચિંતન બંને એમના શે'રમાં હોય છે. 'માનસર' ગઝલ-સંગ્રહ પ્રસિદ્ધ થઈ ગયો છે. આગામી સંગ્રહ 'ઘટા' પ્રસિદ્ધ થવાની તૈયારીમાં છે.

જિંદગીનો રસ્તો માત્ર 'ઘરથી કબર સુધી' જ હોવા છતાં યે કેટલું થાકી જવાયું એવો આશ્ચર્ય સાથે સવાલ પૂછી રહેલા, સનમનાં હૈયાંમાં વસવા માટે થોડીક જગ્યા મળી જતાં આખા વિશાળ વિશ્વમાં સંકડામણ અનુભવી રહેલા, જીવનની લાજ ઢાંકવા માટે મોત પહેલાં જ કફન પહેરવા ઇચ્છતા, સૂર્ય રોજ પ્રકાશે છે તે છતાં ગરીબોના જીવનમાં અંધારું જોઈ વ્યથિત હૈયે 'સૂરજના ડાઘમાંથી તો અમને કિરણે નથી મળતાં ને?' એવો સવાલ કરી રહેલા, આખું જીવન ફકીરીમાં ગાળ્યું હોવા છતાં કફન નીચે બે હાથ ખાલી લઇને જતી વખતે સિકંદર હોવાનો દાવો કરતા ગઝલ-ગૌરવ શ્રી 'બેફામ'નાં ચોટદાર શે'રો રજૂ કરતાં ગૌરવ અનુભવું છું.

મરણ

છૂટયો જ્યાં શ્વાસ ત્યાં સંબંધ
સૌ છૂટી ગયા 'બેફામ'
હવા પણ કોઇએ ના આવવા
દીધી કફનમાંથી.

∞

જીવન માફક નથી મારું મરણ
પણ સંકુચિત 'બેફામ'
કે હું આ આખી ધરતીને જ
સમજું છું કબર મારી.

∞

જીવન કરતાં વધુ સંતોષ છે 'બેફામ' મૃત્યુમાં,
હતાં મોટાં મકાનો એમને નાની મઝારો છે.

∞

જગતમાં યે જીવનભર એ રીતે
રઝળ્યા છીએ 'બેફામ',
બની શકશે તો માટીમાં
મળી જઈ ઘર બની જાશું.

∞

જગા નહોતી ચમનમાં ને
જનાઝા પર ફૂલો પામ્યા,
ગનીમત છે-જીવન કરતાં મળ્યું
સારું મરણ અમને.

કફન રૂપે નવો પોશાક પહેરે છે બધા 'બેફામ',
મરણ પણ જિંદગીનો આખરી તહેવાર લાગે છે!

∞

કબરને જોઇને દુઃખ એ જ થાય છે 'બેફામ',
તમારે મરવું પડયું આટલી જગા માટે!

∞

મોતનીયે બાદ આ 'બેફામ' નિંદા આપની?
આપ દુનિયામાં અમર ના હોત તો સારું હતું!

∞

રડયાં 'બેફામ' સૌ મારા મરણ પર
એ જ કારણથી
હતો મારો જ એ અવસર ને
મારી હાજરી નહોતી.

∞

હવે 'બેફામ' રસ્તો રોકનારા પણ જવા દે છે,
હવે કોઈ જનાઝા જેમ નીકળતો રહું છું હું.

∞

'બેફામ' તોય કેટલું થાકી જવું પડયું?
નહિ તો જીવનનો માર્ગ છે ઘરથી કબર સુધી.

∞

દુનિયાના ભેદભાવનો આરો નહિ મળે,
ઘર શું કે એકસરખી મઝારો નહિ મળે.

∞

ઉપયોગી નહોતી વસ્તુઓ જીવનની મોતને,
પહેરેલ વસ્ત્રમાંથી કફન થઈ શકાયું નહિ.

'બેફામ' મારા મોત ઉપર સૌ રડે ભલે,
મારા જનમ ઉપર તો ફક્ત હું જ રોઉં છું.

∞

આ બધા 'બેફામ' જે આજે રડે છે મોત પર,
એ બધાંએ જિન્દગી આખી રડાવ્યો છે મને.

જિંદગી

સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાએલી ઇમારત એના નકશામાં નથી હોતી.

∞

જીવનનો કૈફ કઈ રીતે મળે
આ દંભી દુનિયામાં?
કોઈ પીતું નથી, સૌ એ ફક્ત
હોઠે લગાડે છે!

∞

અમારી જિંદગીમાં કેમ છે
દિવસે ય અંધારું?
સૂરજના ડાઘમાંથી તો નથી મળતાં
કિરણ અમને?

∞

ફરક છે એ જ તો જીવન અને
જીવનના શ્વાસોમાં,
કદી ના ગૂંગળામણ ગઈ,
સદા જો કે હવા આપે.

∞

વિશ્વને લઈ જાય છે 'બેફામ' જેઓ મંઝિલે,
જિંદગીમાં એ બધા રસ્તે રઝળતા હોય છે.

∞

શું મળે મરતાં સુધી એ માનવીને દુઃખ વિના?
જન્મતાં જેને જગે પહેલું રૂદન કરવું પડયું.
એ રીતે કંઈ બંધ મુઠ્ઠી રાખીને જીવવું પડયું
હું દુઆ પણ હાથ ફેલાવ્યા વિના કરતો રહ્યો.

∞

કોઈ દી એને જગતમાં જિંદગી મળતી નથી,
બહુ અભાગી વસ્ત્ર એ છે જે કફન થઈ જાય છે.

∞

જગના અનુભવોથી જીવન થઈ શક્યું નહિ
પથ્થર જમા થયા ને સદન થઈ શક્યું નહિ.

ખુદા

ખુદા ને આદમી વચ્ચે તફાવત છે બહુ થોડો:
બનાવ્યું છે જગત એકે, અને બીજો બગાડે છે.

∞

તફાવત છે બધો એના ખુદા હોવાના દાવામાં,
કે માનવને રૂપે નમરૂદ ને મન્સૂર એક જ છે.

∞

ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી,
કે સારા હોય છે એની દશા સારી નથી હોતી.

∞

તેં ખુદા, કેવું કર્યું મારી દુવાઓનું પતન?
માગું છું માનવ કને જે કંઈ જરૂરત છે મને.

હકીકત

શિકારીને કહો કે કેદ કોઈને નથી ગમતી,
કે અહીંયાં તો ઊડી જાય છે ખુશ્બૂ પણ સુમનમાંથી.

∞

ઊડે એને ય પાડે છે શિકારીલોક પથ્થરથી,
ધરા તો શું, અહીં ખાલી નથી આકાશ ઠોકરથી.

હીં તદબીર પણ આધાર રાખે છે મુકદ્દર પર,
ફેસાં વ્યર્થ છે જ્યારે હવા બદલાઈ જાયે છે.
ફા માનવ વિષેની માન્યતાની વાત શી બેફામ?
હીં તો ધર્મ બદલાતાં ખુદા બદલાઈ જાયે છે!

જગી સૌ મેળવે છે અન્યનાં પ્રસ્વેદથી
ત ખીલવા કાજ ઝાકળથી પલળતાં હોય છે!
શ્ય જોવાં હોય તો મારા પાપની સામે ન જો,
ય જ્યોતિ ત્યાં ધુમાડા પણ નીકળતા હોય છે.

તિ મળવાથી કંઈ મંઝિલ મળી જાતી નથી,
કે વ્યક્તિને હું પર્વત પર રખડતી જોઉં છું.

લનઝંખનાની પણ આવી જ નાવીન્યપૂર્ણ ક્તઓ આ રહી:

ચંદનની સૂનમૂન સૂતી હું ડાળ
મને લૂબઝૂબ વાયરે ઝુલાવો.

રિયાઉં શમણે આવ્યા'..., 'હવે આંખોનું મ નહીં આંખો', 'સોનલ, તમે...', 'સૈયર ડી ખણે ને—', 'તારો મેવાડ મીરાં છોડશે,' ક લીલું ચટ્ટાક', 'કાંધ રે દીધી ને દેન દીધાં' ગેરે ગીતરચનાઓ ઉત્તમ છે. સર્વત્ર દૃષ્ટાંતો, મા, રૂપક અને ઉત્પ્રેક્ષાનો તાજગીભર્યો ઉપ- ગ ભાવને વધુ ચોટદાર બનાવે છે. દા. ત.

'શેરી તો સાવ ફૂંક વિનાનો વાંસ
તમે પંચમની ફૂંક સમું આવો.'

આ બધાંમાં કવિની લયસૂઝ અને બાની- ભુત્વ નોંધપાત્ર બની રહે છે. ભાવ પ્રમાણે કા કે પ્રલંબ, દ્રુત કે વિલંબિત, લોકગીત કે જનના લય એ આસાનીથી પ્રયોજી શકે છે. ારેક તો એવું પણ બને છે કે લય અને બાનીના રમાં ભાવ ક્યાંય પાછળ રહી જાય છે. આમ મગ્રતયા આ ગીતો લયના કેફની કવિતા બની કે છે અને થોડી રચનાઓ વાંચ્યા પછી બાકીની ચનાઓ કવિના નામ વગર પણ આ જ કવિની શે એમ કળી જતાં વાર લાગતી નથી. આમ ય-બાનીનાં આ સિદ્ધિ–પ્રયોગ કવિ પ્રતિભા- ા મૌલિકતાની સાથે સાથે મોટી મર્યાદા પણ ની જાય છે. એકંદરે આ ગીતો સપાટી પરની દર તરંગલીલા જ બની રહે છે.

આ સંગ્રહમાં રજૂ થએલી ગઝલો ખાસ ંધપાત્ર સિદ્ધિ દાખવતી નથી. લાંબી રચના- ામાં 'તમે ઘેર આવ્યાં ને, સોનલ...'. 'આ- શું' અને 'તારા સોરઠ દેશે કોઈ દંતકથા-શો ?' સફળ કાવ્યકૃતિઓ બની શકી છે. શબ્દની ાવી સૌંદર્યસિદ્ધિ અને રિદ્ધિ આસ્વાદ્યા પછી ણુ કવિની જ એક ગઝલના અંતિમ શે'રમાં ાભિવ્યક્ત થએલો વિશાદ જ આપણને પણ ર્શી જાય છે કે:

હે કવિતા, ક્યાં પરોવીશું તને
શબ્દનાં મોતી ફટકિયાં નીકળ્યાં.

યાં?' પ્રકાશક ઉપર મુજબ. રૂ. ૩ (ચાલુ)

કસોટી

ધ્યેયનિષ્ઠ હિંમતવાન જીવનના પ્રતીક સમાં

સ્નેહલતાબહેન મહેતા

જ્ઞાન મેળવવા માટે કોઈ જ ઉમર બાધક નીવડતી નથી એ કથનને શ્રીમતી સ્નેહલતા- બહેન શશિકાન્તભાઈ મહેતાએ સત્ય ઠરાવ્યું છે. પોતાની ૫૯ વર્ષની વયે એમણે 'બાળા- શંકર ઉલ્લાસરામ કંથારિયા–એક અધ્યયન' એ વિષય પર મહાનિબંધ લખી મુંબાઈ વિશ્વ- વિદ્યાલયની પીએચ. ડી.ની ડિગ્રી મેળવી છે એ હકીકત ગુજરાતના નારીગૌરવને વધારનારી છે. મસ્ત કવિ બાળાશંકર કંથારિયા માતૃપક્ષે એ- મના વડદાદા થાય તે પણ એક યોગાનુયોગ છે.

ઉચ્ચ સંસ્કારી નાગર કુટુંબમાં જન્મેલાં સ્નેહલતાબહેનનું લગ્ન પણ તેવા જ ઉચ્ચ ભદ્ર નાગર કુટુંબમાં થયું હતું. તેમના પતિ શ્રી શશિ- કાન્તભાઈ એન્જિનીઅર હતા. તેમની એકમાત્ર પુત્રી સુરભિબહેન નાગ પણ બૅરિસ્ટર-ઍટ- લૉ થએલાં છે અને અત્યારે પૂનામાં સામાજિક ક્ષેત્રે પ્રશસ્ય કામ કરે છે. તેમને બે પુત્રો છે.

ઈ. ૧૯૨૯માં લગ્ન થયા પછી સ્નેહલતાબહે- ને ગૃહિણી તરીકેની પોતાની સઘળી જવાબ- દારીઓ અદા કરવાની સાથોસાથ ખંત અને શ્રમપૂર્વક અભ્યાસ કરતાં રહીને ઈ. ૧૯૩૩માં મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. વચમાં પાછો થોડાં વર્ષનો ગાળો પડી ગયો અને પછી એ જ રીતે ૧૯૪૯માં મુંબાઈ વિશ્વવિદ્યાલયની બી. એ.ની ડિગ્રી મેળવી. ત્યાર બાદ ૧૯૫૯માં એમ. એ. થઈને ૧૯૬૫માં શ્રી જ્યોતીન્દ્ર દવેના માર્ગ- દર્શન નીચે ઉપર્યુક્ત મહાનિબંધ શરૂ કર્યો. એ માટેનું સાહિત્ય ઘણું વેરવિખેર હોવાથી તે એકત્ર કરવા માટે એમને અમદાવાદ, નડિયાદ, વડોદરા, સૂરત આદિ સ્થળે ફરવું પડયું. ત્યાં ઈ. ૧૯૬૬માં એમના પતિ શશિકાન્તભાઈનું હૃદયરોગથી અચાનક અવસાન થયું. એ કારમો આઘાત હતો; પરંતુ કઠણ મન કરીને એ જીરવી–એના શોકને ભૂલવા માટે—વિદ્યાભ્યા-



આપણે ત્યાં ભરતકામ પરંપરાઓથી ઊતરી આવ્યું છે, પણ ગૂંથણકળા તો, કહેવાય છે કે, બે સૈકાથી પરદેશથી આવેલી છે. તેમ છતાં આંધ્રપ્રદેશનાં ગામડાંઓમાં એ આજે એટલી સમરસ થઈ ગઈ છે કે પશ્ચિમ ગોદાવરીપ્રદેશમાં તો એ ત્યાંના નારીસમાજના એક ગૃહઉદ્યોગ સમ બની ગઈ છે અને શહેરોમાં વેચાવા જાય છે. એનું ભાતવૈવિધ્ય એ નારીઓની પોતાની જ કલ્પનાની સરજત છે. આ ઉપર એવો એક નમૂનો આપ્યો છે. બીજા નમૂના હવે પછી.



સંગ જારી રાખવાનું નક્કી કર્યું. અધૂરામાં પૂરું જ્યોતીન્દ્ર દવે મુંબાઈ છોડી કચ્છ ગયા એટલે પ્રા. રમેશ જાનીના માર્ગદર્શન તળે કામ આગળ લેવું પડયું. આમ અનેક મુશ્કેલીઓ, જોઈતી સામગ્રી મેળવવામાં વિટંબણાઓ, ક્વચિત્ અવગણના-અપમાન ખમીને વિવિધ સામાજિક જવાબદારીઓ માથે ઝઝૂમતી હોવા છતાં ૧૯૬૮માં તેમણે પોતાનું સંશોધનકાર્ય પૂરું કર્યું.

સ્વભાવે માયાળુ, હસમુખાં અને હિંમતવાન હોવાંની સાથે સૌમ્યમૂર્તિ સ્નેહલતાબહેન સંગીત, ચિત્રકળા અને ફોટોગ્રાફી પર પણ સારો કાબૂ ધરાવે છે. ગુજરાતી ઉપરાંત મરાઠી, બંગાળી, અંગ્રેજી અને હિંદી ભાષાઓ પર એમનું સારું પ્રભુત્વ છે. મુસાફરીનાં શોખીન હોઈ તેમણે આખા ભારતની અને બ્રિટનની સફર પણ કરી છે. સતત પરિશ્રમ બાદ આ ઉચ્ચતમ ડિગ્રી પ્રાપ્ત કર્યા પછી પણ હજું એમની જ્ઞાનપિપાસા અદમ્ય જ રહી છે ને નવાં ક્ષેત્રો ખેડવા ચાહે છે. ધ્યેયનિષ્ઠા, ખંત, પરિશ્રમ અને હિંમતવાન જીવનના પ્રતીક સમાં શ્રી સ્નેહલતાબહેનને અભિનંદન.

આરોગ્યવચન

ये शीतलेन सलिलेन विपिष्य सम्यक्
चिचोत्थ बीज सहितांरजनीं पिबंति।
तेषां भवति न कदाचिदपीह देहे
पीडाकरा जगति शीतलिका विकारा॥

શીતલ, પાતલ, જ્ઞાનગત, અલ્પાહાર, અરોષ,
એટલા ગુણ ના હોય તો સ્ત્રીમાં મોટો દોષ.

ગૃહિણીનું બજેટ

પહેલાંના જમાનામાં જ્યારે આખું કુટુંબ સંયુક્ત હતું ત્યારે ઘરની આવક-જાવકની ભાંજગડ ઘરના વડીલને શિરે રહેતી. ઘરના વડીલ જ એમાંથી ખાધાખોરાકી, કપડાંલત્તાં તથા સરઅવસરે થતો ખર્ચ મુકરર કરે. પરંતુ હવે મોટે ભાગે સૌ પોતપોતાનું કમાતાં થયાં છે, સ્ત્રીવર્ગ પણ પોતાની કમાણી ઉપર જીવે છે, ત્યારે વધતી જતી મોંઘવારીમાં કુટુંબનો ઘરોબો વહેવડાવવામાં હરેક ગૃહિણીએ કાળજી રાખવી જરૂરી છે. એમાં ખાધાખોરાકી, કપડાંલત્તાં ઉપરાંત વર્ષ દરમિયાનની મુસાફરી, મનોરંજન કાર્યક્રમો, ભાડાં કે રીપેરિંગ, વીમો, ઈન્કમટૅક્સ તથા અડીભીડી ટાણે રીઝર્વમાં રકમ રાખવાની જોગવાઈ ઇત્યાદિનો સમાવેશ કરવાનો હોય છે. વળી કોઈકનું દેવું હોય તો તે ચૂકવવાની જોગવાઈ પણ જોઈએ. આ બધાંનો વિચાર કરીને ચતુર ગૃહિણી બજેટ ઘડે છે. હોશિયાર દરજી કપડું માપીને કાપ મૂકે અને ફૅશન કરે તેવું જ આ બજેટિંગનું છે.

બજેટ ન કરવાથી અણધાર્યાં ખર્ચ આવી પડતાં સામાન્ય ગૃહિણી ચિંતાતુર બની જાય છે. એકાએક ઘરનું સમારકામ અનિવાર્ય બને, ઘરમાં મોટી માંદગી આવી પડે કે હવાફેર માટે જવા સિવાય બીજો ઇલાજ ન હોય તો પહેલાંથી તેની જોગવાઈ કરી રાખવાથી છેવટની ઘડીએ મોં વકાસવાનો વખત આવતો નથી. ગમે એવી મુશ્કેલી આવે તો પણ આવક કરતાં જાવકનું પલ્લું નમે નહિ, ઉપરાંત બની શકે તો જે કાંઈ પાનપાંદડું હોય તેની બચત થાય એવું બજેટ ઘડવું એ મધ્યમ વર્ગની બહેનો માટે પડકાર રૂપ છતાં અનિવાર્ય કર્તવ્ય છે.

આપણા દાદાજીઓ ને દાદીમાઓ તો જુદીજુદી થેલીઓમાં ટીપેટીપે રકમનો સંગ્રહ કરતાં સાંભળ્યાં છે. તરતહેવાર પ્રસંગે અમુક થેલીનું મોં ખોલે, લગ્ન કે સીમંત પ્રસંગે વળી બીજીનું, મરણ પ્રસંગે વળી ત્રીજીનું, એમ વ્યવહાર ચાલતો. તે વેળા આજની જેમ આર્થિક ફુગાવાના અને ફૅશન તથા દેખાદેખીથી આ ખોટા ખર્ચમાં નાણાંના ફુવારા ઊડતા નહોતા એટલે તેને સાચવીને વાપરવા તરફ વૃદ્ધજનો બહુ તકેદારી રાખતા. આજના કપરા કાળમાં બજેટનું મહત્ત્વ મધ્યમવર્ગ માટે ઘણું ભારે છે, ત્યારે જૂના જમાનાની દાદીમાની પેલી થેલી ફરી યાદ કરવા જેવી લાગે છે. વળી આપણે ત્યાં સીઝનોની પણ કાંઈ કમી નથી. લગ્નગાળાની સીઝન, કેરીની સીઝન, પતંગ-ભમરડાની સીઝન, તરતહેવારોની બારે માસની સીઝન, અને માંદગીની પણ સીઝન! એટલે આ સીઝન સીરીઝને પહોંચી વળવા યથાશક્તિ નાણું રીઝર્વમાં રાખવાની ફરજ થઈ પડે છે.

આ બધું ઝંઝટ માગી લે તેવું છતાં હસ્તગત કરવું જરૂરી છે. ન કરે નારાયણ ને ઘરનો કર્તા-હર્તા ઊપડી જાય તો હિસાબકિતાબ, લોન, ટૅક્સ કે રીફન્ડમાં કશું ન સમજનાર ગૃહિણી વિહ્વળ બની જાય કે કોઇને હાથે બની જાય તો તેમાં તેણે પોતાની જ ઉદાસીનતાને દોષ દેવો રહ્યો.

(ઉજાસ) —ઑપ્સી એન્જિનીઅર

જ્યારે બળિયાના-શીતળામાતાનાં વાવર ચાલતા હોય ત્યારે આમલીના કચૂકાનું ચૂર્ણ અને હળદરનું ચૂર્ણ સરખે ભાગે લઈ એકાદ ચમચી ચૂર્ણ ઠંડા પાણીમાં આપવામાં આવે તો શીતળાનો વિકાર થતો નથી. બૃહન્નિઘંટુ રત્નાકર નામે ગ્રંથમાં આપેલો, બાળકને બચાવવા માટેનો આ તદ્દન સાદો સરળ ઉપાય દરેક માબાપે સાચવી રાખવા જેવો છે.


દેવોને પણ ઈર્ષા આવે એવાં બે સ્મિત સ્ત્રી કરે છે: વાતચીત શરૂ થતાં પહેલાં પ્રિયતમને જોવા મળતું પ્રિયતમાનું સ્મિત, અને પ્રથમ બાળકને જોઇને માતાના મુખ પર પ્રકાશતું સ્મિત.

શિયાળામાં ખાવાનાં શાકભાજી તથા ફળફૂલનો માસવાર કોઠો

માસ	શાકભાજી	ફળફૂલ	મસાલા
કારતક	રીંગણાં, તૂરિયાં (ઘીસોડાં), ગલકાં	સીતાફળ	રાઈ, અજમો મરી, કોથમીર
માગશર	રીંગણાં, ટમાટાં, ગાજર, મૂળા, કોળુ	શેરડી	,,
પોષ	ગાજર, મૂળા, ટમાટાં, રીંગણાં	જામફળ	જીરું, આદુ, હળદર, મરી
માહ	કૅાબીજ, ટમાટાં ગાજર	જામફળ, ચણીબોર, મોટાં બોર	આદુ, હળદર, જીરું

કવિશ્રી બોટાદકર જન્મ-શતાબ્દી સમિતિનાં પ્રકાશનો


સત્પ્રણયના ગાયક બોટાદકર (સવાઇલાલ પંડયા), બોટાદકર–શતાબ્દી અંજલિગ્રંથ (સં. અનંતરાય રાવળ, ભગુરાય અંજારિયા, જમુભાઈ દાણી), બોટાદકરની કાવ્યસરિતા (સં. અનંતરાય રાવળ), રાસતરંગિણી. પ્રચારાર્થે આખા સેટના રૂ. ૮–૨૫નાં બદલે રૂ. ૫. એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૨.



માઈન-લેયર્સ એના વિવિધ પ્રકારો છે, પણ કામ મુખ્યત્વે સંરક્ષણની દૃષ્ટિએ દરિયામાં મહત્ત્વનાં સ્થાનોએ સુરંગોની જાળ પાથરવાનું કરે. આવી જ રીતે સુરંગો શોધીશોધીને જળમાર્ગ સલામત બનાવવા માટે **માઈન-સ્વીપર્સ** પ્રકારનાં ખાસ જહાજો પણ હોય છે.



સબમરીનનો પ્રકાર તો જાણીતો છે. પાણીની અંદર રહીને કામગીરી બજાવી શકવાની તેની ક્ષમતાને કારણે એને અનેક પ્રકારનાં યુદ્ધકાર્યોમાં પ્રયોજવામાં આવે છે, જેમાં યુદ્ધકાફલાની આગળ જઈને જલમાર્ગની સલામતી તપાસવાથી માંડી શત્રુદળ પર છૂપા હુમલા કરવા સુધીની કામગીરી આવી જાય છે.



એરક્રાફ્ટ્સ કૅરીઅર્સ: નૌકા યુદ્ધમાં સહાયક બની શકે તેવાં નાનાં યુદ્ધવિમાનોને દરિયા વચ્ચે પહોંચાડવા ને ત્યાં તેમને ચડવાઊતરવાની સગવડ આપવાની આ પ્રકારનાં જહાજોની નેમ છે. આ માટે એની લંબાઈ વિશેષ હોય છે. પણ આ જહાજોને કેટલીક મર્યાદાઓ નડે છે. એક તો વિમાનોને ચડવાઊતરવા માટે અનુકૂળ પવનની દિશામાં જ અને અમુક જ ઝડપથી ચલાવવું પડે છે. આથી કેટલીક વાર એ કાફલાથી છૂટું પણ પડી જાય છે. એનું લાંબુ કદ અને મથાળા પરનું વિશાળ તૂતક શત્રુપક્ષને નિશાન લેવા માટે ઘણું અનુકૂળ બની રહે છે. વળી, ખરાબ હવામાન, ધુમ્મસ અને અંધકારમાં એનો ઉપયોગ મુશ્કેલ બની જતો હોઈ તેના પર બહુ આધાર રાખી શકાય નહિ.





ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર?
નાની એવી જાતક વાતનો મચવીએ નહિ શોર.
આપણે ના કંઈ રંક, ભર્યોભર્યો માંહ્યલો કોશ અપાર,
આવવા દો જેને આવવું, આપણે મૂલવશું નિરધાર:
આભ ઝરે ભલે આગ, હસીહસી ફૂલ ઝરે ગુલમ્હોર
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર?—રાજેન્દ્ર શાહ

સ્વ. શારદાબહેન મહેતા

"**પેટે** અવતાર લેવાની ઇચ્છા થાય તેવાં સન્નારી શારદાબહેન છે."—વર્ષો પહેલાં આપણા રાષ્ટ્રપિતા ગાંધીજીએ આ એક જ વાક્યમાં શારદાબહેનનો પરિચય આપી દીધો હતો.

ગુજરાતી નારીના સ્વતંત્ર વ્યક્તિત્વવિકાસની ક્ષિતિજોના વિસ્તારનો મંગલ પ્રારંભ કરનાર ગુજરાતનાં પ્રથમ સ્ત્રી-ગ્રૅજ્યુએટ વિદ્યાબહેન અને શારદાબહેનની ભગિનીબેલડીનાં અવશેષ અને ગુજરાતમાં નારીશિક્ષણનાં દ્વાર ખુલ્લાં મૂકનાર પ્રખર સમાજસુધારક શારદાબહેનનો મંગલ જીવનદીપ ગઈ ૧૬ નવેમ્બરે બુઝાઈ ગયો.

આજે તો કન્યા કૉલેજમાં જાય એ જ નહિ, સહશિક્ષણ પણ નવાઈ નથી રહ્યું; પણ સિત્તેર વર્ષ પહેલાં એ સમય હતો જ્યારે સ્ત્રી ચાર દીવાલ વચ્ચે જ હવા લઈ શકતી, ત્યાં શિક્ષણ દુર્લભ અને સહશિક્ષણ તો કલ્પનાતીત હતું. એવા એ કાળમાં ગુજરાતના તત્કાલીન સમાજના વિરોધ છતાં, અને બાળ વયે લગ્ન થઈ ગયાં છતાં, એ બંને બહેનોએ મક્કમ રહી અભ્યાસ ચાલુ રાખ્યો. વર્ગમાં વિદ્યાર્થીઓ ઠેકડી ઉડાવે, નનામા કાગળો લખે, પાટલી પર અસભ્ય લખાણો લખે, એક યા બીજી રીતે અનેક પજવણી કરે, પણ આ બંને બહેનોએ તેનો મક્કમતાથી સામનો કર્યો અને બી. એ. પાસ કરી પ્રથમ ગુજરાતી સ્નાતિકાઓનું માન મેળવ્યું.

બી. એ. થયા પછી શારદાબહેને ગૃહસ્થાશ્રમની દીવાલો વચ્ચે પુરાઈ ન રહેતાં અનેક પ્રવૃત્તિઓ આદરી. પતિ ડૉ. સુમન્ત મહેતા જૂના વિચારોથી મુક્ત અને પ્રગતિવાદી હતા. તેઓ વિદેશમાં અભ્યાસ કરી આવ્યા બાદ વડોદરાનરેશના એ. ડી. સી. નીમાતાં શારદાબહેનને પતિ સાથે વડોદરા-નરેશના પ્રવાસમાં જવાની જે તક મળી તેમાં ભારતનાં લગભગ બધાં મુખ્ય શહેરો જોવાનો તથા પ્રાંતપ્રાંતના રાજકીય તેમજ સામાજિક અગ્રેસરોનાં પરિચયનો લાભ મળેલો. આથી સમાજસુધારણા, સ્વદેશપ્રીતિ અને સ્વાતંત્ર્યભાવનાના વિચારો તેમનામાં રોપાયા ને દૃઢ થયા.

પ્રવાસ દરમિયાન તેમણે જોયું કે બાળલગ્ન અને સ્ત્રીસમાજની નિરક્ષરતા એ આપણા સમાજનાં બે મોટાં દૂષણો છે. સમાજમાં નારીસંસ્થાઓ તે કાળે નહિવત્ હતી એટલે પ્રથમ એ દિશામાં તેમણે સેવાકાર્યનાં પગરણ માંડયાં ને વડોદરામાં 'મહારાણી ચીમનાબાઈ સ્ત્રીસમાજ'-ની સ્થાપના કરી. ત્યાર બાદ ભગિની-સમાજની સ્થાપના થઈ તેના પણ તેઓ જ પ્રથમ પ્રમુખ થયાં અને એ સંસ્થાની પત્રિકાનું સંપાદન પણ કેટલોક વખત કર્યું. આના અનુસંધાનમાં ગુજરાતનાં શહેરોમાં મહિલા સમાજો, કન્યાવિદ્યાલયો અને સામાજિક સુધારણાની સંસ્થાઓની સ્થાપના તથા સંચાલનમાં તેઓ આગળપડતાં રહેતાં આવ્યાં, ને ગુજરાતની નારીના સામાજિક તથા શૈક્ષણિક જીવનના વિકાસની જવાબદારીઓ સામે ચાલીને પોતાને માથે વહોરી લઈ, મુશ્કેલીઓથી નાસિપાસ થયા વગર એ સર્વને પાર પાડતાં રહ્યાં.

ભારતમુક્તિ સંગ્રામનાં દુંદુભિ વાગતાં ડૉ. સુમન્ત પર પણ એ ચળવળની અસર પડી અને જનસેવાર્થે તેમણે વડોદરાનરેશની નોકરી છોડી અમદાવાદમાં સ્થિર થવાનો નિર્ણય લીધો. બધું સમેટી તેઓ અમદાવાદ આવ્યા એટલે શારદાબહેને પોતાની પ્રવૃત્તિને ત્યાં વેગ આપ્યો અને અમદાવાદની પ્રથમ મહિલા કૉલેજ 'લાલશંકર ઉમિયાશંકર મહિલા વિદ્યાલય'ની સ્થાપના કરી. શરૂઆતમાં તો પછાત વિચારના ગુજરાતી સમાજની ફક્ત ત્રણ જ વિદ્યાર્થિનીઓ એ કૉલેજમાં જોડાઈ, પણ શારદાબહેન હિંમત ન હાર્યાં. આજે એ બીજ ફૂલીફાલી વિશાળ વૃક્ષરૂપે પાંગર્યું છે.

સ્વાતંત્ર્ય આંદોલનમાં જોડાવા રાષ્ટ્રપિતાની હાકલ પડી ને ગાંધીજીપ્રેર્યાં શારદાબહેને એ આંદોલનમાં પણ મોખરે રહી, ગુજરાતની નારીશક્તિ પણ પોતાનો યત્કિંચિત્ ફાળો આપી



ડૉ. સુમન્ત મહેતા અને શારદાબહેન વૃદ્ધાવસ્થામાં

શકે છે તે દાખવ્યું. સાથે જ ગુજરાતની નારીમાં નવી કર્તવ્યભાવનાનો ઉદય થયો. ત્યાગ, સાહસ ને લોકકલ્યાણનો કાર્યક્રમ દૂર રહીને નહિ, લોકસંપર્કથી તેમણે અમલમાં મૂકયો, જે નવો હતો પણ ઉપકારક સાથે જ આત્મવિકાસક હતો. સ્વદેશભાવનાની અસરે રંગાતાં શારદાબહેને ન કેવળ વિદેશી વસ્તુઓ ત્યાગી સ્વદેશી અપનાવી, પરંતુ સરકારી નોકરી અને પતિના વિદેશના સંસ્કારોને લીધે તથા તત્કાલીન સમાજના ઉચ્ચ વર્ગના ધોરણે રહેણીકરણી અંગ્રેજી હોવા છતાં શારદાબહેને ખાદી અપનાવી ને આજીવન ખાદીધારી રહ્યાં. સાથે જ બારડોલી સત્યાગ્રહ સમયે શરીર પર માત્ર કાનની હીરાજડિત બુટ્ટી તથા સોનાની બંગડી જ પહેરતાં તે સુવર્ણ પણ ત્યાગ્યું.

હવે એમનું કાર્યક્ષેત્ર સીમિત ન રહ્યું. અમદાવાદ, સૂરત, નવસારી, વડોદરા ઇત્યાદિ સ્થળોએ તેઓ એક યા બીજી રીતે અનેક સંસ્થાના સર્જનમાં આગળ રહ્યાં. ગૃહજીવન અને જાહેરજીવન એ બન્ને આજે પણ સાથે ગાળવાં મુશ્કેલ છે, ત્યારે એ કાળે શારદાબહેન એક તરફ મક્કમતાથી નારીકેળવણીનાં સોપાન સર્જી રહ્યાં તો બીજી તરફ ગૃહજીવનમાં ડૉ. સુમન્ત સાથે ખભેખભો મિલાવી આદર્શ ગૃહિણી તથા બાળકોમાં ઉચ્ચ સંસ્કારનાં પ્રેરક આદર્શ માતા બની રહ્યાં અને ગૃહજીવન ઉજાળ્યું.

માસિકોમાં લેખો લખવા, રમતગમતના મેળાવડા યોજવા કે એકાદ વાર કોઈ શાળાની મુલાકાત લઈ એકાદ ભાષણ ઠપકારી દેવું, એમાં જ જ્યારે બાળકેળવણીની ઇતિશ્રી ગણાતી એવા એ કાળે શારદાબહેને તત્કાલીન વિદ્યાધિકારી જમશેદજી દલાલના સૂચનથી પુરાણમાંથી ટૂંકી વાર્તાઓ ચૂંટી કાઢીને 'પુરાણની બાળબોધકવાર્તાસંગ્રહ' નામે પુસ્તક તૈયાર કર્યું. ગુજરાતી ભાષાનું એ કદાચ પ્રથમ બાળસાહિત્ય પ્રકાશન હતું. ત્યારપછી રમેશચન્દ્ર દત્તની અંગ્રેજી નવલકથાનો અગ્રજા વિદ્યાબહેન સાથે રહી 'સુધાહાસિની' નામે ગુજરાતી અનુવાદ કર્યો. નારીજીવનનાં વિકાસક શારદાબહેને 'ભારતમાં નારીની સ્થિતિ' નામે એક અન્ય અનુવાદ પણ મોટાંબહેન સાથે કર્યો છે. ઉપરાંત ફ્લૉરેન્સ નાઇટિંગેલનું ચરિત્ર તથા 'બાળકનું ગૃહશિક્ષણ' એ બે પુસ્તકો પણ તેમણે લખ્યાં છે.

ગાંધીજીએ ગુજરાતમાં થાણું નાખી સ્વાતંત્ર્યની ચળવળ ઉપાડી ત્યારે તેના મુખપત્ર તરીકે શંકરલાલ બૅંકર તથા ઇંદુલાલ યાજ્ઞિકના 'નવજીવન' માસિકને તેમણે સાપ્તાહિકના રૂપમાં ફેરવ્યું. એ શરૂઆતના કાળમાં એ પત્રોનાં મુદ્રણ, રવાનગી વગેરે કાર્યો પણ સૌ સ્વયંસેવાથી હાથોહાથ કરતાં, ત્યારે શારદાબહેને એ પત્રોની ગડી વાળી, રૅપર લગાવી, સરનામાં કરી રવાના કરવાની કામગીરી સંભાળેલી.

વળી વચ્ચે એમણે મુંબાઈ યુનિવર્સિટીની સૅનેટની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવેલી. અને પ્રથમ સ્ત્રી પ્રતિનિધિ તરીકે ચૂંટાઈ આવેલાં. એ પછી તો એ યુનિવર્સિટીની સિન્ડીકેટ (કાર્યવાહક સમિતિ)માં પણ તેઓ ચૂંટાયાં. ત્યાં પણ એમણે જૂઠી કીર્તિની લાલસા અને માનમરતબો તથા સત્તા મેળવવાની હુંસાતુંસી જોઈ, પક્ષપાત ને પૂર્વગ્રહ જોયા અને અકળાયાં. શારદાબહેનનું ધ્યેય જુદું જ હતું. કેળવણીના ચોક્કસ ધ્યેય પ્રમાણે વિદ્યાર્થી આલમનું ઘડતર યોગ્ય રીતે કેમ થાય એ જ એમની ભાવના હતી. એટલે ભવિષ્યમાં કંઈક વધુ કાર્ય કરવાની આશાએ તેમણે ફરી ઉમેદવારી નોંધાવી ને વિદ્યાર્થિનીઓ માટે હૉસ્ટેલ, નારીકેળવણીના વધુ પ્રચારાર્થે પગલાં, મેડિકલ કૉલેજમાં વધુ સ્ત્રીઓ જોડાય એ અંગેની કાર્યવાહી ઇત્યાદિ ઘણા પ્રશ્નો અંગે ઠરાવો રજૂ કરેલા, પણ ત્રણચાર સભ્યો સિવાય સૌ બેપરવા રહેતા. આથી નિરાશ થઈ તેઓ છૂટાં થયાં.

રાજકીય જાગૃતિ મધ્ય અને દક્ષિણ ગુજરાત જેટલી ઉત્તર ગુજરાત તરફ ન હતી તેથી ડૉ. સુમન્તે અમદાવાદ નજીક કડી પ્રાંતના શેરથા ગામે એક આશ્રમ સ્થાપેલો. ગોળમેજી પરિષદમાંથી ગાંધીજી પાછા આવ્યા બાદ મળેલી કૉંગ્રેસની બેઠકે સરકાર સાથે સમાધાનની આશા છોડી ત્યારે સરકારે સઘળી રાજદ્વારી સંસ્થાઓ ગેરકાયદે જાહેર કરી તેમાં ડૉ. સુમન્ત પર પણ વૉરન્ટ નીકળ્યું અને તેમને સજા થઈ. તેમના જેલવાસ દરમિયાન શારદાબહેને સ્વાતંત્ર્ય-ચળવળનાં કામ જારી રાખ્યાં. અમદાવાદમાં દારૂના પીઠાની હરરાજી અટકાવવાનાં પિકેટિંગથી માંડી શેરથામાં કન્યાશાળા અને સીવણવર્ગની સ્થાપના સુધીનાં અનેક સેવાકાર્યોમાં તેઓ પ્રવૃત્ત રહ્યાં. રાષ્ટ્રીય ભાવનાથી ઊભરાતા અમદાવાદમાં એક પણ સ્વદેશી વસ્તુ ભંડાર નહોતો ત્યાં 'આપણા ઘરની દુકાન' નામે સ્વદેશી ભંડાર શરૂ કર્યો જે પાછળથી 'ખાદીમંદિર'માં રૂપાંતર પામ્યો.

જે કાળે પુરુષો પણ બહુ ઓછું શિક્ષણ પામતા ત્યારે સ્ત્રીશિક્ષણનો વિક્રમ નોંધાવી, ગુજરાતના રૂઢ સમાજમાનસ તરફનાં કષ્ટો સહન કરી, ગુજરાતની નારીના શિક્ષણનાં પ્રણેતા વિદુષી નારી ને મમતામયી માતા બની રહેલાં શારદાબહેને મહિલા-ઉન્નતિની જવાબદારીઓ પૂર્ણતઃ પાર પાડવા કમર કસી હતી. અમદાવાદની વનિતા વિશ્રામ હાઇસ્કૂલના માનાર્હ અધિષ્ઠાત્રી શારદાબહેન આજની કેટલીયે નારીસંસ્થાની પૂર્વજ સમી સંસ્થાઓનાં સ્થાપક હતા. આજીવન ખાદીધારી, સાદાઈની મૂર્તિરૂપ સંનિષ્ઠ સમાજસેવિકા શારદાબહેન જતાં સ્ત્રીકેળવણીની જ્યોતનાં પ્રગટાવનાર વાત્સલ્યમૂર્તિ માતા ગુજરાતે ગુમાવ્યાં છે. અઠ્યાશી વર્ષ સુધી પોતાની શિખાનો સ્થિર પ્રકાશ પાથરી જનાર એ દીપની જ્યોતના ઋણને ગુજરાત કદી પણ ભૂલી શકશે ખરું?

અંક-રહસ્ય

૩, ૭, ૧૫—એ ત્રણ સંખ્યાઓના જૂથનું અવલોકન કરવાથી જુદાંજુદાં વિચિત્ર પરિણામોનું દર્શન થશે:

પહેલી સંખ્યાના બમણા કરતાં ૧ વધુ બીજી સંખ્યા છે અને; બીજી સંખ્યાના બમણા કરતાં ૧ વધારે જેટલી ત્રીજી સંખ્યા છે. વર્ગ સંખ્યા આવે છે ($૩+૭+૧૫=૨૫=૫^{૨}$).

જૂથમાંની પહેલી અને ત્રીજી સંખ્યા ક્રમિક સંખ્યાના સરવાળા બરાબર છે. (૩=૧+૨); (૧૫=૧+૨+૩+૪+૫) અને વળી વચલી સંખ્યા બે પાસપાસેની સંખ્યાના ઘનના તફાવત જેટલી છે. ($૨^{૩}—૧^{૩}=૭$)

જૂથમાંની ગમે તે બે સંખ્યાનો ગુણાકાર કરવાથી આવતી સંખ્યાઓ ક્રમિક સંખ્યાના સરવાળા બરાબર થાય છે. જુઓ:

૩×૭=૨૧=(૧+૨+૩+૪+૫+૬)

૩×૧૫=૪૫=(૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯)

૭×૧૫=૧૦૫=(૧+૨+૩+૪+......+૧૪

હવે ઉપર્યુક્ત ત્રણે ક્રમિક સંખ્યાના સરવાળા બરાબર થતી સંખ્યાઓનો સરવાળો કરવાથી પણ ક્રમિક સંખ્યાઓનો સરવાળો આવે છે.

૨૧+૪૫+૧૦૫=૧૭૧=(૧+૨+૩+૪+૫+......+૧૮) મતલબ કે

૧૭૧ એ ૧ થી ૧૮ સુધીની ક્રમિક સંખ્યાઓનો સરવાળો છે. એટલે કે (૩×૭)+(૩×૧૫)+(૭×૧૫)=૧૭૧ એ ૧ થી ૧૮ સુધીની તમામ ક્રમિક સંખ્યાઓનો સરવાળો થશે.

–એમ.એન. ખત્રી


'લ્યુનાખોદ-૧': રશિયાની એક વધુ મોટી સિદ્ધિ

અવકાશ-સંશોધન ક્ષેત્રે રશિયાએ ફરી એક વાર પહેલ કરી બતાવી છે. ગઈ તા. ૧૦મી નવેમ્બરે 'લ્યુના-૧૭' નામનું એક અવકાશયાન એણે ચંદ્ર પ્રતિ છોડયું જે તા. ૧૫મીએ ચંદ્રની કક્ષામાં દાખલ થઈ તા. ૧૭-મીએ ભારતીય સ્ટાં. ટાઈમ સવારે ૯ ક. ૧૭. મિ. ચંદ્ર પર 'સી ઑાવ રેઈન્સ ' નામના વિસ્તારમાં ઊતર્યું. અગાઉ બે માસ પહેલાં 'સી ઑાવ ફર્ટિલિટી'માં જ્યાં 'લ્યુના-૧૬' ઊતરેલું ને આપમેળે ૩-૫ ઔંસ જેટલી માટી લઈ પૃથ્વી પર પાછું આવેલું ત્યાંથી ૧૪૦૦ માઈલ વાયવ્યે આ વિસ્તાર છે. ચંદ્રનો એ સૌથી જૂનામાંનો એક જાણીતો અને હજી સુધી વણખેડાએલો તથા સૌથી મોટો ગોળાકાર સપાટ પ્રદેશ છે. વિજ્ઞાનીઓ માને છે કે તેના તળમાં અત્યંત દળદાર-વજનદાર પદાર્થ દબાએલો હશે, કેમ કે તે વિસ્તારમાં ગુરુત્વાકર્ષણનું ખેંચાણ વધુ હોવાનું અનુભવાયું છે.

લ્યુના-૧૭ ચંદ્ર પર ઊતર્યા પછી લગભગ ત્રણેક કલાક બાદ તેના પરથી 'લ્યુનાખોદ-૧' નામક એક યાન ચંદ્રની ધરતી પર ઊતર્યું. દેખાવે કોઈ મોટા જીવડા જેવું વિચિત્ર આ ચંદ્રયાન પૃથ્વી પરથી મળતા સંકેતો અનુસાર ચંદ્રની ધરતી પર આપમેળે બધી કામગીરી કરે છે એ રશિયાની એક અજબ સિદ્ધિ છે. તેમાં ગોઠવેલી ટી. વી. આંખ વડે પૃથ્વી પરથી તેની ચારે બાજુ જોઈ શકાય છે, અને એ રીતે તેને કઈ દિશામાં જવું તે અહીંથી નક્કી કરી તે પ્રમાણે રેડિયો સંકેત વડે સૂચવાય છે. લ્યુના-ખોદને ચાલવા માટે બંને બાજુ મળી કુલ આઠ પૈડાં છે ને તે દરેક પૈડાનું સંચાલન સ્વતંત્ર છે. કદાચ એકાદ પૈડું કામ કરતું અટકી પડે તો એને યાનથી છૂટું પાડી શકાય તેવી તેની રચના છે. આમ હકીકતે કુલ ચાર પૈડાં તો વધારાનાં જ છે. આ ઉપરાંત પણ શકય એવા અકસ્માતો ટાળવાની બીજી પણ ઘણી ગોઠવણો તેમાં છે.

લ્યુના-૧૭થી છૂટું પડી લ્યુનાખોદે પહેલી યાત્રા લગભગ ૬૦ ફૂટની કરી. આ પછી તો ૬૦૦ ફૂટ જેટલે દૂર જઈ મોં ફેરવી એણે પોતાને ચંદ્ર પર લાવનાર યાનના ફોટો પણ લીધા અને એક નાના ક્રેટરમાં ચડઊતર કરી તે પણ પાર કર્યું. પરંતુ આથી યે વધુ તો એ પૃથ્વી પરથી સૂચના મળે મળે ત્યારે ચંદ્રની ધરતી પરથી માટી-પથ્થર ઉપાડી, ઍક્સ-રે સ્પેક્ટ્રો-મીટર વડે તેનું પૃથક્કરણ કરીને પૃથ્વી પર તેનું પરિણામ જણાવે છે. કૉસ્મિક રેની હાજરી પણ એ તપાસી શકે છે તેમજ જમીન પરની સખ્તાઈ પણ માપે છે. વળી, ચંદ્રની સપાટીના ત્રિપરિમાણ ચિત્રો પણ લે છે જે ચંદ્રના નકશા બનાવવા માટે ઉપયોગી છે.

લ્યુનાખોદ પર ફ્રાંસનું બનાવેલું ૧૪ કોણ દર્પણ પણ મૂકાયું છે જે



હરિઃ ૐ આશ્રમ તરફથી
બીજી પારિતોષિક યોજના

- 'કુમાર'માં પ્રકટ થતાં જીવનચરિત્રો માટે દર માસે અપાતા રૂ. ૫૦ના પારિતોષિકના પુરસ્કર્તા નડિયાદના શ્રી હરિઃ ૐ આશ્રમ તરફથી દર માસે રૂ. ૫૦નું પારિ-તોષિક આપવાની એક બીજી યોજના માટે અમને એક વર્ષના રૂ. ૬૦૦ આપવામાં આવ્યા છે.
- 'કુમાર'માં અગાઉ શ્રી મુકુંદરાય પારાશર્યની કલમથી માનવ્યના ઉદાત્ત ગુણો અને ચારિત્ર્યની તેજસ્વિતા પ્રબોધતી પ્રેરણાત્મક અને લોકઉત્થાનકારક 'સત્યકથા-ઓ'ની લેખમાળા આવતી. તેનાં કેટલાંક વ્યક્તિ-પ્રસંગ-ચિત્રો હજી અપ્રસિદ્ધ રહ્યાં છે. તેને, તેમજ ત્યાર બાદ એ જ પ્રકારનાં વ્યક્તિ-ઘટના-ચિત્રો અન્ય કોઈ લેખક તરફથી લખાઈ આવે તો તેમાંથી 'કુમાર'ના તંત્રીને યોગ્ય લાગીને જે ઘટનાઓ છપાય તેના લેખકને પણ દર માસે રૂ. ૫૦નું પારિતોષિક આપવામાં આવશે.
- બેત્રણ ટૂંકી ઘટનાઓ હશે તો તે લેખકોની વચ્ચે પારિતોષિકની રકમ વહેંચી આપવામાં આવશે, કોઈ ઘટના રૂ. ૫૦ના પૂરા પારિતોષિકને પાત્ર ન લાગે તેને ઓછી રકમ પણ આપી શકાશે.
- આ લોકોત્થાનકારક કથા-પારિતોષિકની જાહેરાત પણ પ્રથમ યોજનાની જાહેરાતની ઢબે જ 'કુમાર'ના પ્રત્યેક અનુગામી માસના અંકમાં કરવામાં આવશે.
- ઘટનાઓ છાપવા—ન છાપવાનો તેમજ પારિતોષિક ની રકમના નિર્ણયનો અધિકાર 'કુમાર'ના તંત્રીને રહેશે.

દ. ફ્રાંસ અને ક્રીમિયામાંથી મોકલેલા લેસર કિરણોને પરાવર્તિત કરે છે. ઍપોલો-૧૧ દ્વારા આવું જ એક પરાવર્તક ચંદ્ર ધરતી પર મુકાએલું. આના વડે ચંદ્ર અને પૃથ્વી વચ્ચેનું ચોક્કસ અંતર જાણી શકાય છે. આ પ્રકારના પ્રયોગ વડે ભવિષ્યમાં ચંદ્ર પર મૂકવા ધારેલા આવાં આપમેળે કામ કરતાં સાધનો ને યાનોના સંચાલનની સંભવિતતાની ચોકસાઈ કરવાનો પણ ઉદ્દેશ હોઈ શકે. લ્યુનાખોદની વચ્ચે ૧૮° સેન્ટી. જેટલા ઉષ્ણતામાન ને ૭૮૦ મિ. મિ. પારાનું દબાણ ધરાવતા એક સીલબંધ ભાગમાં એની સંશોધન-સામગ્રી ગોઠવાએલી છે. સૂર્યપ્રકાશમાંથી જ શક્તિ મેળવવાની હોઈ વચ્ચે બે સપ્તાહની ચંદ્રરાત્રિ દરમિયાન આ યાનની કામગીરી બંધ રહ્યા બાદ ફરી તેની સફર અને સંશોધન ચાલુ થઈ ગયાં છે. જો આ જ રીતે એ ચંદ્રની ભૂમિ પર ટકી રહે તો આ એક યાન વડે રશિયા ચંદ્ર પરનો માઇલોનો વિસ્તાર પૃથ્વી પર રહીને તપાસી શકશે. લ્યુનાખોદની આ સફળતાથી માણસ મોકલ્યા વગર ચંદ્રથી યે આગળ અન્ય ગ્રહ પર પણ આવા યાન મોકલી તેમને વિષે ઘણી વધુ માહિતી પ્રાપ્ત કરી શકાશે. છેલ્લા બેએક માસમાં પૃથ્વી ફરતા ઉપગ્રહો મૂકવાથી માંડી લ્યુના-૧૭ સુધીમાં રશિયાએ બાવીસ જેટલા અવકાશપ્રયોગો કર્યા છે. એ પરથી અંદાજી શકાય કે તે કોઈ વિસ્તૃત કાર્યક્રમ હાથ ધરવાની તૈયારી કરી ર છે

ભારતમાં ગુનાખોરી

કાયદો, વ્યવસ્થા અને તે અંગે નાગરિક તથા પોલીસ કઈ રીતે વધુ ઉપયોગી થઈ શકે તેનું માર્ગદર્શન કરતી 'જનતા ઔર પોલીસ' નામની પ્રગટ થએલી સત્તાવાર પુસ્તિકામાં જણાવ્યા પ્રમાણે ભારતમાં—

દર ચાર સેકંડે	એક ગંભીર ગુનો
દર કલાકે	એક ખૂન
દર વર્ષે	રૂ. ૧૯ કરોડની કિંમતની ચોરી
દર વર્ષે	૭ લાખ માનવીની અટકાયત
દર વર્ષે	૧ લાખ અકુદરતી જાનહાનિ

થાય છે. સામે પક્ષે નાગરિકના રક્ષણાર્થે દર ૧૫૦૦ નાગરિકે માત્ર એક જ પોલીસ છે. જોકે અન્ય રાષ્ટ્રો પણ પોલીસની તંગી અનુભવે છે. છેલ્લા એક દસકામાં ગુનાના પ્રમાણમાં ૩૬ ટકાના વધારો થયો છે.

ખનિજ તેલમાંથી ખોરાક

ઈ. સ. ૨૦૦૦ની સાલમાં—ત્રણેક દાયકા પછી દુનિયાની વસતિ અત્યાર કરતાં બમણી—લગભગ છ અબજ જેટલી થશે એવું નિષ્ણાતો કહે છે. પણ આજે યે અર્ધોઅર્ધ એશિયાવાસી ભૂખે મરે છે.

પોષણક્ષમ આહાર મેળવવા માટે બે પ્રશ્નો મહત્ત્વના છે: ખોરાકની ઉપલબ્ધતા અને એનાં પોષણમૂલ્ય. કેવળ કેલરીના ધોરણે જ એ કામ ચાલતું હોય તો રોજ દોઢ રતલ ખાંડ ખાઇને કે બે રતલ ભાત ખાઇને માણસ જીવી શક્ત. પણ શરીરની વૃદ્ધિ તથા પોષણ માટે કાર્બોહાઇડ્રેટ ઉપરાંત નાઇટ્રોજનયુક્ત ઍમિનો ઍસિડ્સ પ્રોટીનની ખાસ જરૂર છે.

ઍમિનો ઍસિડો આઠ છે—આઈસેલ્યુસિન, લ્યુસિન, ફ્રીએમિન, ટ્રિપ્ટોફેન લેલિન, લાઈસિન, મિથિઓનિન અને ફિનાઈલેલેમિન. સામાન્યતઃ તો એક વ્યક્તિ માટે રોજનું ૭૦ ગ્રામ પ્રોટીન બસ થઈ રહે, જો એમાંનો અર્ધો ભાગ મિથિઓનિનથી ભરપૂર હોય તો. દુનિયામાં ભૂખમરો ટાળવા માટે કંઈ નહિ તો આટલું લક્ષ્ય તો રાખવું જ જોઈએ. જ્યાં ખોરાક પ્રમાણમાં સંતોષજનક છે એવા અમેરિકામાં કે દુનિયના અન્ય દેશોમાં વ્યક્તિ દીઠ રોજની ૯૦ ગ્રામ પ્રોટીનની વપરાશ ગણવામાં આવી છે. એથી ઊલટું એશિયામાં વ્યક્તિ દીઠ ૪૫ ગ્રામ પ્રોટીનની વપરાશ જ અંદાજાઈ હોઈ એશિયાવાસીઓના આહારમાં મિથિઓનિન, લાઈસિન અને ટ્રિપ્ટોફેનની ઊણપ રહે છે. આ સંજોગોમાં માનવસર્જિત ખોરાક ઉપયોગમાં લીધા વિના ચાલવાનું નથી. આવતાં ૨૫ વર્ષમાં તો એવો કૃત્રિમ ખોરાક માનવીને કોઠે પડી ગયો હશે.

આ માટે પ્રથમ તો 'યીસ્ટ' જેવું એકકોષી નત્રિલ (સિંગલ સેલ પ્રોટીન), જે 'એસ.સી.પી.'ના ટૂંકા નામે જાણીતું છે તે બનાવવું પડે છે. એ માટે સેલ્યુલોઝ, સ્ટાર્ચ, પેટ્રોલિયમ યીસ્ટ, કોલસો ને બેક્ટેરિયાનો ઉપયોગ કરવામાં આવે છે. અત્યારે પેટ્રોલિયમ કંપનીઓ આવો પદાર્થ પેટ્રોલિયમમાંથી ઉત્પન્ન કરવા માટે ઉદ્યુક્ત થઈ રહી છે. પણ જન્મજાત સંસ્કારોથી ટેવાએલા લોકો આ પ્રકારનો કૃત્રિમ ખોરાક સ્વીકારે એ માટે એમનું માનસ કેળવવાના ભગીરથ પ્રયાસો કરવાના રહે છે. બંગાળના છેલ્લા દુષ્કાળ વખતે ત્યાંના લોકો ભૂખે પીડાતા રહ્યા, પણ ચોખાને બદલે ઘઉંનો ખોરાક ન અપનાવી શક્યા! એટલે આહાર માટે જે તે સમાજમાં વપરાતા મુખ્ય ખોરાક જોડે આવો નવીન પદાર્થ ઉમેરીને અથવા તો કૃત્રિમ ખોરાકને રૂપ, ગંધ તથા સ્વાદમાં પ્રચલિત ખોરાક જેવો બનાવીને આ ધ્યેય હાંસલ કરી શકાય.

આ ક્ષેત્રમાં ખનિજ તેલ અગત્યનો ભાગ ભજવે છે. યીસ્ટના કલ્ચર વડે હાઇડ્રોકાર્બનના ઉપસ્તરો (સબસ્ટ્રેટ્સ) ઉપર એકકોષી પ્રોટીનોનું સર્જન કરી શકાય છે, એ શોધે આ પદ્ધતિએ પ્રોટીનનું સંશ્લેષણ કરવાનો નવો માર્ગ ખુલ્લો કર્યો છે. ને દુનિયાની પ્રોટીનની માંગ સંતોષી શકાય એવી શક્યતા ઊભી કરી છે. આમાં ખૂબી તો એ છે કે આને માટે ઋતુ પર આધાર રાખવો પડતો નથી કે ખેડ માટે જમીનની જરૂર પડતી નથી. કારખાનાંઓમાં જ મોટા પાયા ઉપર પ્રોટીન પેદા કરી શકાય એમ છે.

યીસ્ટના ઉત્પાદનના પ્લાંટમાં લેવામાં આવતો મૂળ પદાર્થ (સ્ટાર્ટિંગ મટીરીઅલ) પેટ્રોલિયમ રીફાઈનરીમાં જ તૈયાર કરવામાં આવે છે અને તેમાંથી 'પેટ્રોયીસ્ટ'નું સંવર્ધન કરવા માટે તેને જુદા પ્લાંટમાં લઈ જવામાં આવે છે. યીસ્ટ બનાવવા માટે હાલ ફર્મેન્ટેશનની જે પ્રદ્ધતિ છે તેને લગભગ મળતી જ પ્રક્રિયા કરવામાં આવે છે. 'કૅન્ડીડા' તથા 'ટૉરુલા' પ્રકારના બૅક્ટેરિઆનું હાઇડ્રોકાર્બનો (પૅરેફિનો) ઉપર ફર્મેન્ટેશન કરી શકાય છે એ શોધ અહીં ઉપયોગમાં લેવાય છે. પ્રથમ તો આ પ્રકારનાં બૅક્ટેરિઆના સ્ટ્રેનોનો જથ્થો ખૂબ કાળજીપૂર્વક એકત્ર કરાય છે. બાયોએન્જિનિયરિંગ નામની ટેકનોલૉજી જે હવે ઘણો વિકાસ પામી રહી છે તેનો અહીં ઉપયોગ થાય છે. આ વિજ્ઞાન ઘણું અટપટું છે અને તેનો સફળ વિનિયોગ કરવા માટે અનેક પ્રશ્નો હલ કરવા પડયાં છે. મુકરર સમયમાં પૂરો પાક ઊતરે એ માટે યોગ્ય કાળજી રાખવી પડે છે. આ માટેના પ્રાથમિક પ્રયોગો આસામમાં જોરહાટની 'રીજીઓનલ રીસર્ચ લૅબોરેટરી'માં કરવામાં આવ્યા હતા. એ 'પ્રોસેસ' વડે રોજનું એક ટન પેટ્રો-પ્રોટીન ઉત્પન્ન કરી શકાય છે.

આ માટે ગૅસ ઓઈલ તથા નાઇટ્રોજન, ફૉસ્ફરસ, પોટાશિયમ અને અન્ય ક્ષારોને જરૂરી યીસ્ટના સ્ટ્રેન સાથે મેળવીને એને 'ફર્મેન્ટર'માં દાખલ કરવામાં આવે છે. ખનિજ તેલ અને ધારણ કરનાર પાણીના મિશ્રણનું પછી સારી પેઠે મન્થન કરવામાં આવે છે અને એ માટે તેમાં શુદ્ધ હવા દાખલ કરાય છે એટલે એ ક્રિયામાં જરૂરી ઑક્સિજન પણ મળી રહે છે. દ્રાવણનું કૉન્સેન્ટ્રેશન, ઉષ્ણતામાન, એસિડિટી વગેરે બાબતો ઉપર બરાબર નિયંત્રણ રખાય છે, આથી આવેલાં દ્રવ્યોને એ પછી મુક્ત કરવા માટે 'સેપરેટર' નામના સાધનમાં લઈ જવામાં આવે છે, જ્યાં ઉપરના ભાગમાં યીસ્ટ-તેલનો થર જામે છે અને તેની નીચેના સ્તરમાં પાણી રહે છે. તાત્પર્ય કે પાણી ઉપર આ પદાર્થ તરે છે. આ પાણીમાં બીજાં દ્રવ્યો ઉમેરીને ફરી પાછું તેને ફર્મેન્ટરમાં લઈ જઈને ઉપયોગમાં લેવામાં આવે છે. યીસ્ટ-તેલના મિશ્રણવાળા પદાર્થને પછી કાં તો સેન્ટ્રીફ્યુજમાં અથવા તો દ્રાવણ વડે નિષ્કર્ષણ (સોલ્વન્ટ એક્સ્ટ્રેશન)ની પદ્ધતિથી તેલથી જુદો પાડવામાં આવે છે. છેવટ આ પદાર્થની નિર્વાત (વેક્યુમ) સુકવણી કરીને સૂકું 'પેટ્રો-યીસ્ટ' મેળવવામાં આવે છે.

જોરહાટ (આસામ)માં આ પ્રૉજેક્ટ ૧૯૬૬માં 'ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ પેટ્રોલિયમ' (દહેરાદૂન) તથા 'સેન્ટ્રલ ફૂડ ઍન્ડ ટેકનોલૉજીકલ રીસર્ચ લૅબોરેટરી' (મૈસૂર)ના સહકારથી 'રીજીઓનલ રીસર્ચ લૅબોરેટરી'માં ફ્રાન્સની 'ફ્રેન્ચ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પેટ્રોલિયમ'ના માર્ગદર્શન હેઠળ સ્થાપવામાં આવ્યો હતો. પહેલાં તો રોજ ૫૦ કિલોગ્રામ પ્રોટીન તૈયાર કરી શકાય એવો 'પાયલોટ પ્લાંટ' નાખવામાં આવ્યો હતો. હવે રોજના એક ટન જેટલી ઉત્પાદનક્ષમતાવાળો પ્લાંટ વ્યાપારી ધોરણે રીફાઈનરી નજીક કોયલી પાસે ઊભો થઈ રહ્યો છે. પેટ્રો-યીસ્ટના નમૂનાઓ પરીક્ષણ માટે ફ્રાન્સ મોકલાયા હતા અને યોગ્ય જણાયા હતા. અંકલેશ્વર તથા કલોલનાં તેલક્ષેત્રોમાંથી નીકળેલું તેલ આ માટે વપરાશે.


આમ ભવિષ્યમાં જગતની ખોરાકવિષયક વિકટ સમસ્યાનો ઉકેલ લાવી શકાશે એમ લાગે છે. ઉત્તરોત્તર એને લગતી બાયો-એન્જિનિયરિંગ ટેકનોલૉજી વિકાસ પામતી જશે અને આ પદાર્થની કિંમત પણ ઘટશે એવી આશા અસ્થાને નથી. આ બનાવટી ખોરાક ભવિષ્યે કુદરતી ખોરાકની તુલનામાં ઓછો નહિ ઊતરે એવી આશા પણ સેવી શકાય.

—'રેયોન ન્યૂઝ'માં પદ્મકાંત ર. શાહ

આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં


તા. ૪, ૧૮૨૯: લૉર્ડ વિલિયમ બેન્ટિકે કાયદો કરીને હિંદમાં સતી થવા પર પ્રતિબંધ મૂકયો. સતી થવાની ભાવના ભલે ઉચ્ચ હશે પણ કાળાનુક્રમે તેમાં યે મિથ્યાભિમાન પ્રવેશ્યું અને કુળગૌરવને નામે સેંકડો સ્ત્રીઓને એમના મૃત પતિની સાથે જીવતી બાળી મૂકવાનો એક ચાલ જ પડી ગયો. અસલ આ રિવાજ કયાંથી અને કયારથી શરૂ થયો તે સ્પષ્ટ નથી, પણ ઇ. સ. પૂર્વે ચોથી સદીમાં પંજાબમાં રાવિતટના પ્રદેશોમાં તેનો ઘણો પ્રચાર હતો. તક્ષશિલામાં પણ આ ચાલ હતો એવી નોંધ છે. આ પ્રાચીન શહેર પર વાયવ્ય માર્ગે ભારતમાં આવેલી વિદેશી સંસ્કૃતિની ઘણી અસર હતી. પરલોકમાં મૃત પતિ કે માલિકની પાછળ તેની પત્ની(ઓ) અને ગુલામ સ્ત્રીઓને જીવતી બાળવા કે દાટવાની એક રસમ છેક પૂર્વ યુરોપથી મધ્ય એશિયા સુધીમાં મોટા પ્રમાણમાં પ્રચલિત હતી. આફ્રિકન જાતિઓમાં અને મીસરમાં પણ આવો ચાલ હોવાની નોંધ છે. ભારતમાં આ વિચાર સંભવતઃ બહારથી આવ્યાનું મનાય છે. પણ તે સમગ્ર દેશમાં ને બધા વર્ગ કે બધી જાતિમાં હોવાની જાણ નથી. વિજયનગરના તેલુગુ રાય પાછળ તો સેંકડો સ્ત્રીઓ બળી મર્યાની નોંધ છે. ઈ. ૧૮૧૮માં રોહિલખંડ સાથે બંગાળા પ્રાંતમાં જ ૮૩૯ સતીઓ નોંધાઈ છે જેમાં ૫૪૪ તો માત્ર કલકત્તા પાસેના પ્રદેશની જ હતી. ૧૮૨૮માં આ જ પ્રદેશમાં ૪૬૩ સતી થઈ જેમાંની ૩૦૯ કલકત્તા નજીકની હતી. અને લગભગ એક અનિષ્ટ બની ગએલા આ રિવાજ સામે ઉગ્ર વિરોધ પણ તે પ્રદેશમાંથી જ ઊઠયો જેમાં અગ્રણી તરીકે રાજા રામમોહન રાયનું નામ વિખ્યાત છે. સમાજમાં અને કદાચ હિંદુ સૈન્યમાં મોટો ઉહાપોહ જાગશે એ ડરથી અંગ્રેજો સતી થવા પર પ્રતિબંધ મૂકતાં અચકાતા હતા પણ પછી ઉચ્ચ અમલદારો, અગ્રગણ્ય નાગરિકો વગેરેનો તેમના પક્ષમાં અભિપ્રાય થતાં અંતે ૧૮૨૯ના એક રેગ્યુલેશન મુજબ મૃત પુરુષની પાછળ તેની વિધવાને જીવતી બાળવી કે તે માટે ફરજ પાડવી યા કોઈ ઔષધ દ્વારા તેની મતિ ભમાવવાને 'ખૂન' બરાબરનો ગુનો ગણી એ બદલ મોતની સજા કરવા સુધીની જોગવાઈ કરવામાં આવી. ત્યાર બાદ છેલ્લો નોંધનીય બનાવ ઈ. ૧૮૭૭-માં નેપાલ નરેશ જંગબહાદુરની રાણીઓના સતી થવાનો છે.

તા. ૬, ૧૭૮૨: હૈદરઅલીનું અવસાન. જે સમયે ગાયકવાડ, સિંધિયા અને ભોંસલે જેવાં ત્રણત્રણ સરદારો મરાઠામંડળને તથા દેશને છેહ દઈ



ચૂકયા હતા અને નિઝામ ઉલ મુલ્ક પણ કંપનીના પ્રપંચમાં ફસાઈ પડયો હતો ત્યારે દક્ષિણમાં એક માત્ર હૈદર અંગ્રેજોને હાંકી કાઢવા લડી રહ્યો હતો. એનાં એ પરાક્રમો પર મીટ માંડી નાના ફડનવીસ અંગ્રેજો સાથેની સંધિને ટાળી રહ્યો હતો ને હૈદરના ભયથી ઈસ્ટ ઇંડિયા કંપનીના શેરના ભાવ ગગડતા થઈ ગયા હતા ત્યારે કમરમાં થએલા એક અસાધ્ય ગૂમડાને કારણે અર્કોટના કિલ્લામાં હૈદરનું મૃત્યુ થયું. એક સાધારણ ફકીર કબીલાના જમાદાર ફતેહમહમ્મદનો આ તદ્દન નિરક્ષર પુત્ર મૈસૂરની સેનામાં જોડાઈ આપબળે આગળ વધી રાજ્યના કર્તાહર્તા સમી 'દૈવ'ની પદવી પામી અંતે 'સુલતાન હૈદરઅલી શાહ' બન્યો. બુદ્ધિમત્તા, દૂરદર્શિતા ને નીતિજ્ઞતા તથા શાસન સંબંધેની ઊંચા પ્રકારની યોગ્યતા ધરાવનાર એણે અંગ્રેજો સામે લડવામાં જ જિંદગીનો મોટો ભાગ વિતાવ્યો છતાં યે તેણે પોતાના રાજ્યની સીમા વિસ્તારી એટલું જ નહિ તેની પ્રજા માટે અનેક રીતે યોગ્ય શાસન કરી સુંદર રાજવ્યવસ્થા પણ સ્થાપી હતી. એના સમયમાં એ એકની જ પાસે મોટું નૌકાદળ પણ હતું. વીરતા અને યુદ્ધકળામાં એ પોતાના સમયમાં અદ્વિતીય હતો.

તા, ૯, ૧૬૦૮: પોતાની ધ્વનિગર્ભ વિચારપ્રગલ્ભ અને ભાવોન્નત કવિતાના ગુણે અંગ્રેજી સાહિત્યમાં શૅક્સપીઅરથી તરતના બીજા મહત્તમ કવિની ગણના કમાનાર કવિ જ્હૉન મિલ્ટનનો જન્મ.



તા. ૧૨, ૧૬૪૨: ઍબલ ટાસ્માને ન્યૂઝીલૅન્ડ ટાપુઓ શોધ્યા. સ્પેનિશ કાફલાની મોટી હાર પછી તેનો લાભ લઈ સ્વતંત્ર થએલા હોલૅન્ડે પણ દરિયાખેડ કરવા માંડી ને છેક ઇસ્ટ ઇંડિઝ ટાપુઓ સુધી પોતાનું વર્ચસ્વ વધાર્યું. દક્ષિણમાં કોઈ એક મોટો જમીનવિસ્તાર હોવાની વાતો પરથી એ દિશામાં નવો મુલક શોધવા ને મળે તો ત્યાંથી સોનુંરૂપું લાવવા ગવર્નર વાન ડાયમેને ટાસ્માનને મોકલ્યો. દક્ષિણમાં ને પછી થોડા પશ્ચિમમાં જઈ ત્યાંથી પૂર્વમાં વળતાં ટાસ્માન એક ટાપુ પર પહોંચ્યો, જે આજે ટાસ્માનિયાના નામે જાણીતો છે. ત્યાંથી પૂર્વમાં એને બીજા બે મોટા ટાપુ જડયા જેને તેણે ન્યુ ઝીલૅન્ડ નામ આપ્યું. ત્યાંથી આગળ ઉત્તરમાં ટોંગા અને પછી ફિજી ટાપુઓ થઈને પાછો બટેવિયા પહોંચ્યો. પાછો ફર્યો ત્યારે એ સોનુંરૂપું ન લાવ્યો એ શાસકોને રુચ્યું તો નહિ, પણ સફરના એકે એક સ્થળના એણે કરેલા ચોકસ નકશાઓએ એ સમગ્ર વિસ્તારની ઘણી વધુ માહિતી આપી. વળી એ પોતાનાં બંને વહાણ ને માણસોને સલામત પાછા લાવેલો તે પણ મહત્ત્વનું હતું. પણ ડચ લોકોએ સોના વિનાના એ વિસ્તારમાં બહુ રસ લીધો નહિ ને લગભગ એક સદી વીતી ગઈ ત્યાર પછી કૅપ્ટન કૂકે ટાસ્માનના કાર્યને આગળ વધાર્યું.

તા. ૩૦, ૧૯૨૨: યુ. એસ. એસ. આર.ની સ્થાપના. ઈ. ૧૯૧૭ની ક્રાંતિ વડે ઝારશાહી નાબૂદ કર્યા પછી શરૂમાં તો મૉસ્કો અને લેનિનગ્રાદની આસપાસના થોડા પ્રદેશ પર જ નવી સ્થપાએલી મજૂર સરકારની હકૂમત હતી. ફિન્લૅન્ડ, એસ્ટોનિયા, લૅટવિયા, લીથુઆનિયા ને પોલૅન્ડ વિદેશી મદદ લઈ સ્વતંત્ર બની બેઠાં હતાં, જ્યારે અન્ય વિસ્તારોમાં યે આંતરવિગ્રહ ચાલ્યો હતો પણ તેમાં રશિઅન સોવિએતોનો વિજય થતાં સાઈબીરિયા તથા મધ્ય એશિઆમાં અલગ ને સ્વતંત્ર સોવિયેત સરકારો રચાઈ. પણ પછી સમાન ધ્યેયને કારણે છેવટે 'યુનિયન ઑવ સોશ્યલિસ્ટ સોવિયેત રીપબ્લિક'ની સ્થાપના થઈ ને આગળ જતાં થોડાં ફેરફાર પછી રશિયા, શ્વેત રશિયા, યુક્રેન, કૉકેસસ પારનો પ્રદેશ, તુર્કમીનિસ્તાન, ઉઝબેકિસ્તાન અને તાજીકિસ્તાન એમ કુલ સાત સંયુક્ત પ્રજાસત્તાકોનો એક સંઘ રચાયો.

જુલ્ફ કેરા વાળ સમ છે ભાગ્યની ગૂંચો બધી;
માત્ર એને યત્ન કેરી કાંસકી ઓળી શકે.

—શૂન્ય પાલનપુરી—

વિદ્વાન તેટલા જ આખાબોલા મહારાષ્ટ્રના ઇતિહાસાચાર્ય રાજવાડેને એક વિદ્યાર્થીએ એમ. એ. પાસ કર્યા પછી માર્ગદર્શન માગીને 'હવે મારે શું કરવું' એમ પૂછતાં રાજવાડેએ જવાબમાં લખ્યું: 'હવે તમારે મરી જવું જોઇએ. જે વ્યક્તિ એમ. એ. થતાં સુધી પણ જીવનમાં પોતે શું કરવું તે નક્કી ન કરી શકે તે દુનિયામાં શું કરી શકવાની હતી?'

∞

અનેકાર્થી શબ્દ: **લાલ** = રાતું; રંગીલો કે બાંકો માણસ; છોકરો કે પુત્ર; લાડીલો બાળક; ગંજીફાનાં પાનાંની એક ભાત; માણેક; ચોપાટની રમતમાં પાકેલી સોગઠી; પક્ષીની એક જાત; લાલસા; અભિલાષા; કાઠિયાવાડી ઘોડીની એક જાત, શિયાળામાં કરમાઈ જતું એક ફૂલ; સુખી.

∞

કહેવતોના અર્થ: 'ભેંશનાં શીંગડાં ભેંશને ભારે'–કોઈ માણસ કે પ્રવૃત્તિમાં કશા અવગુણ કે દોષ હોય તેને, પોતાનું કાર્ય–કે સ્વાર્થ–સાધતી વેળા લક્ષમાં ન લેતાં અવગણવાનો ભાવ દર્શાવવા આ કહેવત વપરાય છે. 'ભેંશનાં ...ભારે; આપણે શું? આપણે તો દૂધથી કામ છે ને?' એને મળતી બીજી કહેવત: "આપણે 'મમ-મમ'થી કામ છે કે 'ટપ-ટપ'થી?"

∞



આકૃતિમાં ઉપલે ખૂણે બતાવ્યા પ્રમાણે બે મોટા બૂચમાં વચ્ચે વેહ અને પડખામાં આંકો પાડી, તે ગરમ પાણીની કીટલીના આંકડિયામાં ભરાવી દેવાથી કીટલી નમાવીને પાણી કાઢતી વેળા ઢાંકણાને પડી જતું અટકાવશે.




ખોટી વાત: દારૂ પીવાથી ઠંડીમાં ગરમાવો આવે છે એ માન્યતા ખોટી છે. ડૉક્ટરો જણાવે છે કે દારૂ લોહીની નસોને છેક ચામડીની નજીકના ભાગને પહોળી બનાવી દે છે અને તેથી શરીરની ગરમી ચાલી જાય છે. દારૂ વડે ગરમી મેળવવાના ભ્રમમાં ઠંડીના જે સંજોગોમાં ઘણા માણસો થીજીને મરી જાય છે એવા જ સંજોગોમાં દારૂ નહિ પીનારા બચી ગયા છે!

∞

ગણિતગમ્મત: કોઈ પણ સંખ્યા લો. તેના ઘન કરો. આ ઘનમાંથી, લીધેલી સંખ્યા બાદ કરો. જે આવે તેને લીધેલી સંખ્યા વડે ભાગો. તેમાં ૧ ઉમેરો. હવે જે સંખ્યા આવે તેનું વર્ગમૂળ કાઢશો તો તમારી ધારેલી સંખ્યા આવી રહેશે. (મ. ના. ખત્રી)

∞

દુનિયાનાં ઢોરની જાતનાં સૌથી મોટા કદનાં ને સૌથી નાના કદનાં ઢોર બંને હજી જંગલી દશામાં છે. ઈસ્ટ ઈન્ડીઝ ટાપુઓમાં થતા ૭ ફૂટ ઊંચાઈના 'ગૌર' અને સેલિબિસ ટાપુ(બોર્નિયો પાસે)માં થતા માંડ ત્રણેક ફૂટ ઊંચાઈનાં 'આનોઆ' આનાં ઉદાહરણ છે.



જગવિખ્યાત સંગીતકાર બેટહોફેન (બીથોવન)ની બીજી જન્મશતાબ્દીએ ૧૬મી ડિસેમ્બરે ભારતે બહાર પાડેલી ટિકિટ

અથાણું

અમેરિકાના પ્રમુખ ટાફ્ટ અતિ જાડા હતા. એક વાર તે ઘોડે બેસી ચૂંટણીપ્રવાસ કરતાં અકસ્માત્ ઘોડા પરથી પડી ગયા, પણ સદ્ભાગ્યે તેમને કંઈ ઈજા થઈ નહિ. તેમણે ઉપપ્રમુખને આ ખબર જણાવતો તાર કર્યો: 'ઘોડા પરથી પડી ગયો છું, પણ કંઈ ઈજા થઈ નથી.'

રમૂજી ઉપપ્રમુખે વળતો તાર કર્યો: 'આનંદ થયો. ઘોડાની તબિયત કેવી છે?'

∞

'મોં હજી વધુ પહોળું કરો.' દાંતના દાક્તરે દર્દીને કહ્યું ને પછી અંદર નજર નાખતાં બોલી ઊઠ્યો, 'બાપ રે! આટલું મોટું પોલાણ મેં જિંદગીમાં નહોતું જોયું...આટલું મોટું પોલાણ મેં જિંદગીમાં નહોતું જોયું...'


'તે હશે; એમાં બબ્બે વાર બોલવાની જરૂર?'

'કેમ, બે વાર બોલ્યું છે? આપે તો, સાહેબ, પહેલી વારના બોલનો આ પોલાણમાંથી આવેલો પડઘો સાંભળ્યો હશે.'

∞

ઘર મેં મીરચી હૈ ના મસાલા હૈ,
મહેંગવારીને માર ડાલા હૈ!
તેલ સક્કર પે લગ ગયે તાલે,
ગેહું ચાવલ મેં ભી ઘોટાલા હૈ!
આજ જીતે હૈં ચને ખા ખા કર,
ક્યા ખબર કલ ક્યા હોનેવાલા હૈ!
દૂધ ભી આજ બન ગયા પાની,
હો ન હો દાલ મેં કુછ કાલા હૈ!
અસલી ઘી કી તો બાત જાને દો,
ડાલડા બંધ હોને વાલા હૈ!
રંગ હોલી કા પડ ચૂકા ફીકા,
ઔર દીવાલી મેં કમ ઉજાલા હૈ!
આદમી આદમી કો ખાયેગા,
એક દિન વો ભી આને વાલા હૈ!

–રાહી (અમદાવાદ)



અંક ૫૫૩ થી ૫૬૪ ઈ. સ. ૧૯૭૦

૪૭મા વર્ષનું સાંકળિયું

ચિત્રો

પૂર્ણરંગી ચિત્રો

એકરંગી, વૂડકટ, ઇત્યાદિ

ફોટોગ્રાફ

શિલ્પસ્થાપત્ય

કાવ્યો

જીવનચરિત્ર ચરિત્રરેખા

વાર્તા

લઘુકથા

લેખો ઇતિહાસ, ભૂગોળ, પુરાતત્ત્વ

બીજા લેખો

વિભાગીય લેખો

કળાવાર્તા

પરિચય

કંકાવટી

ચિત્રબોધ

બીજા વિભાગો

સાહિત્યસંપર્ક અવલોકનો, લેખો



રંગોળી (લીનોકટ : મધુકર શેઠ)

CALENDAR 1971

	JAN.	FEB	MAR	APR	MAY	JUNE
S	31 3 10 17 24	7 14 21 28	7 14 21 28	4 11 18 25	30 2 9 16 23	6 13 20 27
M	4 11 18 25	1 8 15 22	1 8 15 22 29	5 12 19 26	31 3 10 17 24	7 14 21 28
Tu	5 12 19 26	2 9 16 23	2 9 16 23 30	6 13 20 27	4 11 18 25	8 15 22 29
W	6 13 20 27	3 10 17 24	3 10 17 24 31	7 14 21 28	5 12 19 26	2 9 16 23 30
Th	7 14 21 28	4 11 18 25	4 11 18 25	1 8 15 22 29	6 13 20 27	3 10 17 24
F	1 8 15 22 29	5 12 19 26	5 12 19 26	2 9 16 23 30	7 14 21 28	4 11 18 25
S	2 9 16 23 30	6 13 20 27	6 13 20 27	3 10 17 24	1 8 15 22 29	5 12 19 26

	JULY	AUG	SEPT	OCT	NOV	DEC
S	4 11 18 25	1 8 15 22 29	5 12 19 26	31 3 10 17 24	7 14 21 28	5 12 19 26
M	5 12 19 26	2 9 16 23 30	6 13 20 27	4 11 18 25	1 8 15 22 29	6 13 20 27
Tu	6 13 20 27	3 10 17 24 31	7 14 21 28	5 12 19 26	2 9 16 23 30	7 14 21 28
W	7 14 21 28	4 11 18 25	1 8 15 22 29	6 13 20 27	3 10 17 24	1 8 15 22 29
Th	1 8 15 22 29	5 12 19 26	2 9 16 23 30	7 14 21 28	4 11 18 25	2 9 16 23 30
F	2 9 16 23 30	6 13 20 27	3 10 17 24	1 8 15 22 29	5 12 19 26	3 10 17 24 31
S	3 10 17 24 31	7 14 21 28	4 11 18 25	2 9 16 23 30	6 13 20 27	4 11 18 25

વ્યવસ્થાપક 'કુમાર' - અમદાવાદ તા. ____________

વિ. ઈ. ૧૯૭૧ના ગ્રાહક તરીકે મારું નામ ચાલુ રાખશો.

આ સાથે મારું માહે ____________ થી ____________ સુધીના ____________ માસનું લવાજમ રૂપિયા ____________ નીચેની રીતે મોકલું છું : ☐ મનીઑર્ડરથી ☐ ચેકથી ☐ પોસ્ટલ-ઑર્ડરથી ☐ એજન્ટ દ્વારા. ☐ તે માટે જાન્યુઆરીનો અંક મને વી.પી.થી મોકલશો.*

[*જે રીતે લવાજમ મોકલતા હો તે ખાનામાં ✓ આવી નિશાની કરશો.]

☐ મારું નામ કમી કરશો.

ગ્રાહક નંબર ____________ નામ ____________

પૂરું સરનામું ____________

____

____

લવાજમ દેશમાં રૂ. ૧૭–૦૦ પરદેશમાં રૂ. ૨૮ કે શિલિંગ ૩૦